Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતનો ઇતિહાસ-૨

૨૬.૨

૪૧ ગ
૧૫ (૨)

ગુજરાત વિધાસભા : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या..... ४१ ग/१५८(ख)

पञ्जिका संख्या..२.६० २१

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है, कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



स्टाक प्रमाणीकरण ११८४-११८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection,.Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેમણ હાજી સુલેમાન શાહમહમદ લોધિયા ગ્રંથમાળા, આંક ૨૬

ગુજરાતનો ઇતિહાસ

ભાગ ૨ જો

[દિલ્હીની મુસ્લિમ સત્તા નીચે સુધી]

લેખક

પ્રો. મૌલાના સૈયદ અબુઝફર નદવી

અરબીના અધ્યાપક–ભો. જે. વિદ્યાભવન

ઉર્દૂમાંથી અનુવાદક

પ્રો. ડૉ. છોટુભાઇ ર. નાયક, એમ. એ., પીએચ. ડી.

ફારસીના અધ્યાપક–ભો. જે. વિદ્યાભવન

ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ

CHECKED 1973

Initial

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
જેઠાલાલ જી. ગાંધી
સહાયક મંત્રી,
ગુજરાત વિદ્યાસભા,
ભદ્ર, અમદાવાદ

મુદ્રણ ૧ લું
પ્રત ૨૦૦૦

ઈ. સ. ૧૯૪૯
વિ. સં. ૨૦૦૫

કીમત સભ્યો માટે એક રૂપિયો
અન્ય માટે દોઢ રૂપિયો

મુદ્રક
જયંતી વેલાભાઈ દલાલ
વસંત મુદ્રણાલય,
ઘીકાંટા, અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેમણ હાજી સુલેમાન શાહમહમદ લોધિયા ગ્રંથમાળા

પરિચય

મુસલમાન કોમમાં સાંસારિક રીતરિવાજોમાં સુધારો થાય, નીતિની વૃદ્ધિ થાય અને સામાન્ય જ્ઞાન તથા વિદ્યાનો પ્રચાર થાય એવાં પુસ્તકો ઇનામ આપીને રચાવવા માટે કાઠિયાવાડના ધોરાજી ગામના વતની અને વેપારઅર્થે દક્ષિણ આફ્રિકાના કેપટાઉનમાં રહેતા તથા "પૃથ્વી પ્રદક્ષિણા" નામના પુસ્તકના કર્તા મેમણ હાજી સુલેમાન શાહમહમદ લોધિયાએ રૂા. ૨૫૦૦)ની ત્રણ ટકાની સરકારી પ્રોમિસરી નોટો સન ૧૯૦૩માં સોસાયટી હસ્તક સોંપી હતી. ફંડની આવકમાં વધારો થાય એ માટે સોસાયટીએ એ જ સાલમાં સદરહુ નોટો વેચી એનાં અમદાવાદ મ્યુનિસિપાલિટીનાં સવાચાર ટકાનાં રૂા. ૨૨૦૦)નાં ડિબેન્ચરો લીધાં છે. એના વ્યાજમાંથી "મેમણ હાજી સુલેમાન શાહમહમદ લોધિયા ગ્રંથમાળા"ના નામથી આજ સુધીમાં નીચે પ્રમાણે પુસ્તકો રચાવી સોસાયટીએ છપાવી પ્રસિદ્ધ કર્યાં છે:

પુસ્તક	લેખક	કીમત
૧. મુસલમાનોની રાજકીય તેમજ વિદ્યા સંબંધી ચડતીનો ઇતિહાસ અને તેમની પડતીનાં કારણો	મહેબૂબઅલિમિયાં ઈમામઅલિ કાદરી	૦–૨–૦
૨. ઇસ્લામની ભરતી ઓટ	નનામિયાં રસૂલઅમિયાં	૦–૮–૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩.	સર સૈયદ અહમદનું જીવનચરિત્ર	મહેબૂબઅલમિયાં ઈમામઅલ્લી કાદરી	૦–૮–૦
૪.	મિરાતે સિકંદરી	આત્મારામ મો. દીવાનજી	૧–૦–૦
૫.	અયામા	અમીરમિયાં હમદૂમિયાં ફારૂકી	૦-૧૦-૦
૬.	મિરાતે સિકંદરી ચો. ૨ ખં. ૧	દી. બ. કૃષ્ણલાલ મો. ઝવેરી	૧–૦–૦
૭.	,, ,, ખં. ૨	,,	૧–૦–૦
૮.	,, ,, ખં. ૩	,,	૧–૦–૦
૯.	,, ,, ખં. ૪	,,	૧–૦–૦
૧૦.	ગુજરાતીઓએ લખેલા ફારસી ગ્રંથો	,,	૧–૦–૦
૧૧.	ગુજરાતનો ઇતિહાસ, ૧	મૌ. અબુઝફર નદવી	૨–૦–૦
૧૨.	ઉમર ખય્યામ	અનુ. અબ્બાસ મુલ્લાં નઝરઅલી રાજકોટવાળા	૨–૦–૦
૧૩.	ગુજરાતનો ઇતિહાસ, ૨	મૌ. અબુઝફર નદવી	૧–૮–૦

ગુજરાત વિદ્યાસભા
અમદાવાદ, તા. ૨૩–૭–૪૯

જેઠાલાલ જીવણલાલ ગાંધી
સહાયક મંત્રી

સૂચના

ગ્રંથની પ્રસ્તાવનારૂપ "લેખકના બે બોલ" અને "ગુજરાતનો ઇતિહાસ તૈયાર કરવામાં લીધેલાં પુસ્તકોની યાદી" **ગુજરાતનો ઇતિહાસ**—૧, નાં અનુક્રમે શરૂનાં ૫ અને ૯ પાનાં ઉપર જોવા વિનંતિ છે. —**અનુવાદક**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકરણ ૧ લું

દિલ્હીની સત્તા નીચે ગુજરાત

વિષય	પૃષ્ઠ
અલ્લાઉદ્દીન ખલજી	૩
જલાલુદ્દીન ફીરોઝશાહ ખલજીનો સિક્કો	૪
ગુજરાતની ફતેહ	૬
મલેક કાફૂર હઝાર દીનારી	૩૮
સુલતાન અલાઉદ્દીનના સિક્કા	૪૨
ગુજરાતનો પહેલો નાઝિમ	૪૨
મલેક સંજર	૫૮
અલાઉદ્દીનના સમયની કેટલીક ખાસિયતો	૬૩
અનાજની સોંઘવારી	૬૪
લાંચ અને કેદી ચીન્હે	૬૫
કુત્બુદ્દીન મુબારકશાહ	૬૬
ખલજી વંશ	૬૯
કુત્બુદ્દીન સુલતાન ખલજીના સિક્કા	૬૯
ખુસરોખાન ગુજરાતી	૭૧
ખુસરોખાન ગુજરાતીનું અવસાન	૮૨
ખુસરોખાનની હારનાં કારણો	૮૪
ગુજરાત વિશે માર્કો પોલો નામના મુસાફરનો અભિપ્રાય	૮૭
તગલક વંશ	૯૦
મલેક ગાઝી ગિયાસુદ્દીન તગલક	૯૪
મલેક ગાઝી ગિયાસુદ્દીન તગલકના સિક્કા	૯૫
સુલતાન મોહમ્મદશાહ તગલક	૧૦૦
ગુજરાતમાં બળવાનાં કારણો	૧૦૨
મલેક મોહમ્મદ શરફુલ મુલ્ક અલપખાન	૧૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષય	પૃષ્ઠ
મલેક નજ્જા ગુજરાતનો નાઝિમ મલેક મુલ્કમલ તિલન્ગી નાયબ નાઝિમ	૧૧૭
શેખ મુઈઝુદ્દીન બિન અલાઉદ્દીન અયોધ્યાથી નાઝિમ, મલેક મુઝાફ્ફર ગુજરાતનો નાયબ નાઝિમ	૧૨૧
નિઝામુલ્મુલ્ક જૂના બહાદુર તર્ક	૧૩૧
સુલતાન મોહમ્મદ તગલક વિશે જુદી જુદી હકીકતો	૧૩૧
પીરમ એટની જીત	૧૩૮
મોહમ્મદ તગલકના સિક્કા	૧૪૫
સુલતાન ફીરોઝશાહ તગલક	૧૪૮
ગુજરાતનો નાઝિમ ઝફ્ફરખાન	૧૬૦
તાહિર ઉસ્માન જાફ્ફરી	૧૬૮
દરિયાખાન (ઉર્ફે ઝફ્ફરખાન બીજો)	૧૭૦
શમ્સુદ્દીન દામગાની	૧૭૩
મલેક મુફ્ફર્રહ સુલતાની (ખિતાબ ફરહતુલ્મુલ્ક)	૧૭૫
મલેક યાકૂબ સિકંદરખાન	૧૭૮
ફીરોઝશાહના સમયના સિક્કા	૧૮૧
ગિયાસુદ્દીન તગલક બિન ફતહખાન બિન ફિરોઝશાહ	૧૮૧
સુલતાન અબૂ બક્ર ઝફ્ફરખાન તગલક બિન ફીરોઝશાહ	૧૮૨
ફતહખાનના સિક્કા વિશેની સમજૂતી	૧૮૩
નાસિરુદ્દીન મોહમ્મદશાહ તગલક	૧૮૪
ઝફ્ફરખાન ગુજરાતનો નાઝિમ	૧૮૫
સિકંદરશાહ તગલક	૧૯૦
સુલતાન નાસિરુદ્દીન મહમૂદ તગલક	૧૯૦
નુસ્રતશાહ તગલકનો સિક્કો	૧૯૬
અમીર તૈમૂરની રવાનગી પછીના હિંદુસ્તાનના આપખુદી ઉમરાવો	૧૯૮
તગલક ખાનદાન	૧૯૯
તગલક વંશ	૨૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતનો ઇતિહાસ

ભાગ બીજો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧ લું

દિલ્હીની સત્તા નીચે ગુજરાત

: ૧ :

અલાઉદ્દીન ખલજી

અલ્લુજ કોમ વિશે ફરિશ્તાએ જેવું લખ્યું છે લગભગ તેવું જ બદાયૂનીએ પણ લખ્યું છે. 'ખલ્જ' અસલ 'કલ્જ' હતું, જેનો અર્થ તુર્કી ઝબાનમાં "તલવાર" થાય છે. લોકોએ 'ક' નો 'ખ' કરી "કલ્જ" નું "ખલ્જ" બનાવ્યું. અને નૂહના પુત્રોમાંના એકનું નામ 'ખલ્જ" હતું, જેમાંથી "ખલજી" કોમ થઈ. ખલજી કોમ અસલ તુર્કી નસલથી હતી. તે કોઈ ન જાણે એવા જૂના સમયમાં તુર્કસ્તાનથી નીકળી, અફઘાનિસ્તાનના ઈલાકામાં વસી હતી. લોહીના મેળાપથી તેમને અફઘાની બનાવી દીધા. એ એક બહાદુર કોમ હતી. અને તેથી આપણે જોઇએ છીએ કે મહમૂદ ગઝનવીની ફોજમાં એ કોમના માણસો જુદા જુદા હોદ્દા ઉપર હતા. ગોરીના સમયમાં પણ ખલજી લોકો જુદા જુદા હોદ્દા ઉપર નજરે પડે છે. અને આસ કરીને બંગાળા અને બિહારનો વિજેતા એક ખલજી જ (મોહમ્મદ બિન બખ્તિયાર ખલજી) છે જેણે પોતાની બહાદુરીથી દુનિયાને હેરતમંદ બનાવી દીધી હતી. એક મસ્ત હાથીને પોતાની મજબૂત ગદાથી પાછા હઠવાની ફરજ પાડી. અને ફક્ત અઢાર સવારોથી બંગાળાનું પાયતખ્ત "નદિયા" જીતી લીધું.[૧] તેના પછી શમ્સુદ્દીન અલ્તમશ અને ગિયાસુદ્દીન બલબનના સમયમાં પણ જુદી જુદી જગ્યાએ સૂબેદારી માટે ખલજીની નિમણૂક થતી. મલેક ફીરોઝ બિન યઘ્રિશ[૨] ખલજી પંજાબના સમાના જિલ્લાની છાવણીનો

---

૧. રિયાઝુસ સલાતીન તારીખે બંગાલ, પૃ. ૬૩

૨. અસલ તુર્કી શબ્દ ઇઘ્રિશ છે. અરબીમાં યઘ્રિશ થયું. તુર્કી અને હિંદીના મેળાપથી જે પેદા થયા તે આ નામથી ઓળખાતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાયબ સિપાહસાલાર હતો. ગિયાસુદ્દીન બલબનના જમાનામાં તેણે મોગલો સામે એવી બહાદુરીથી મુકાબલો કર્યો કે મોગલોને હિંદમાં રહેવું મુશ્કેલ થઇ પડ્યું. મુઇઝુદ્દીન કૈકોબાદના શરૂઆતના સમયમાં તે શાહી તબેલાનો અમલદાર હતો અને આખરી સમયમાં સિપાહ-સાલાર થયો. જ્યારે નિઝામુલ્મુલ્ક વજીરને મુઇઝુદ્દીને પોતાના બાપ નાસિરુદ્દીન બગરાખાન બંગાળાના હાકેમની સલાહથી ઝેર અપાવી મારી નખાવ્યો ત્યારે સલ્તનતનું કામ અવ્યવસ્થિત થઇ ગયું અને ખુદ મુઇઝુદ્દીન કૈકોબાદ અડચણોમાં આવી પડ્યો હતો, અને સલ્તનતનું કામ કરી શકતો નહતો, તેથી તેણે મલેક ફીરોઝ બિન યબ્રિશ બલજી નામના સિપાહસાલારને 'શાઇસ્તાખાન'નો ખિતાબ આપી વિઝારત સોંપી. આ બનાવ મુઇઝુદ્દીનના અવસાન પૂર્વે ફક્ત થોડા મહિનાનો છે. (હિ. સ. ૬૮૮–ઇ. સ. ૧૨૮૯)

જલાલુદ્દીન ફીરોઝશાહ બલજીનો સિક્કો

(એક બાજૂ)	(બીજી બાજૂ)
અસ્સુલ્તાનુલ્ આઝમ	અલઇમામ
જલાલુદ્દદુનિયા વદ્દીન	અલમુસ્તઅસિમ
અબુલ મુઝફ્ફર ફીરોઝશાહ	અમીરૂલ્મુમિનીન
અસ્સુલ્તાન	

આ ચાંદીનો સિક્કો દિલ્હીમાં ઇ. સ. ૧૨૮૮ (હિ. સ. ૬૯૧) માં પાડવામાં આવ્યો.

ઈ. સ. ૧૨૯૦ (હિ. સ. ૬૮૯) માં કેટલાક તુર્કી અમીરોએ કૈકોબાદને નકામો ગણી શમ્સુદ્દીન કૈકાઉસ નામના કૈકોબાદના નાના પુત્રને શાહી તખ્ત ઉપર બેસાડવાની ઇચ્છા કરી, પરંતુ મુશ્કેલી એ હતી કે ફીરોઝ બલજી નામના સિપાહસાલારના હાથમાં સત્તા હતી તેણે તુર્કી ઉમરાવોની સલાહથી આ કાંટો રસ્તામાંથી ફેંકી દેવાની ઇચ્છા કરી. બલજીને પણ આની બબર પડી ગઈ અને પૂરી ફોજી તાકતથી આ કામ કર્યું. સફળ રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીલોખળી (દિલ્હીમાં) જઈ શમ્સુદ્દીન કૈકાઉસ પર કાબૂ હાંસિલ કર્યો અને તુર્ક અમીરોને જોર અને દોલતથી તાબે કરી દીધા. મુઇઝુદ્દીનના મરણ પછી કેટલાક મહિના બાદ પોતે તખ્તે શાહી ઉપર કદમ રાખી જલાલુદ્દીન ફીરોઝશાહ નામ રાખ્યું. તેનો ભત્રીજો અલાઉદ્દીન બિન નસીરુદ્દીન (કેટલાક ઇતિહાસકારોએ શિહાબુદ્દીન લખ્યું છે) જે તેનો જમાઇ પણ થતો હતો તે પોતાની સાસુ મલેકા જહાનથી નારાજ થઈ પોતાની જાગીર "કળા માણેક"માં જતો રહ્યો. ત્યાંથી ફક્ત ૧૦૦૦૦ સવાર લઈ દેવગળી (હાલનું દોલતાબાદ, દક્ષિણમાં) ઉપર હુમલો કર્યો અને દોલતાબાદથી બેશુમાર દોલત લઈ પાછો આવ્યો. દોલતના અદળકપણાએ એને અભિમાની બનાવી દીધો અને શાહી તખ્ત પોતાને લાયક સમજી પોતાના કાકા જલાલુદ્દીન ખલજીને છેતરપિંડીથી મારી નાંખ્યો અને શાહી તાજ શિર ઉપર ધારણ કર્યો. ચૈસાના જોરે દિલ્હી પર્યંત લશ્કર સાથે તે પહોંચી ગયો અને મન્જનીક મારફત સોનું ફેંકી દિલ્હીવાળાઓને તાબે કરી લીધા. દિલ્હી પહોંચી શાહી તખ્ત ઉપર બેઠો હિ. સ. ૬૯૫ (ઈ. સ. ૧૨૯૫)ના ઝુલ્હજ્જની ૧૨મીએ પહેલો દરબાર "સીરી" (પુરાણા દિલ્હી)માં ભર્યો,[૧] જેમાં ઉમરાવોના મનસબમાં વૃદ્ધિ કરવામાં આવી અને લોકોને ઇનામો આપવામાં આવ્યાં. જેમકે તારીખે ફીરોઝશાહીના કર્તા ઝિયા બર્નીના કાકા અલાઉલ્મુલ્કને અયોધ્યાના હાકેમ તરીકે અને તેના પિતા મુવય્યીદુલ્મુલ્કને મુરાદાબાદના વહીવટદાર તરીકે નીમવામાં આવ્યા. અલમાસ બેગ (સુલતાન અલાઉદ્દીન ખલજીના ભાઈ)ને "ઉલૂગખાન," મલેક નુસ્રત (સુલતાન અલાઉદ્દીન ખલજીના બનેવી) જલયરીને "નુસ્રતખાન," ઝફરુદ્દીન મલેક યૂસુફ (સુલતાન અલાઉદ્દીન ખલજીના ભાણેજ)ને "ઝફરખાન," મલેક સન્જર (સુલતાન અલાઉદ્દીન ખલજીના સાળા)ને

૧. બદાયૂની અને તબકાતે બહાદુરશાહીમાં હિ. સ. ૬૯૫ના ઝુલ્હજ્જ મહિનાની ૧૯મી છે અને ફરિશ્તામાં હિ. સ. ૬૯૬ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અલપખાન" અને "ઐન માહરૂ"ને "ઐનુલ્મુલ્ક"ના ખિતાબો આપવામાં આવ્યા.

ગુજરાતની ફતેહ

સુલતાન અલ્લાઉદ્દીન ખલજીએ તખ્તનશીનીને ત્રીજે વર્ષે ગુજરાત ફતેહ કરવાનો ઇરાદો કર્યો. ગુજરાતની ફતેહનાં કયાં કયાં કારણો હતાં તે કોઈ પણ પુરાણા ઇસ્લામી ઇતિહાસમાં નથી, પરંતુ મિરાતે મોહમ્મદીના ગ્રંથકારે પોતાના ગુજરાતના ઇતિહાસમાં નીચેનું કારણ જણાવ્યું છે, કે બે નાગર ભાઇઓ "માધવ" અને "કેશવ" રાજાના વજીર હતા. "માધવ"ની સ્ત્રી અતિ ખૂબસૂરત હતી, તેથી રાજાએ બળજબરીથી તેને મહેલમાં દાખલ કરી લેવાની ઇચ્છા કરી. ખુદ "માધવ" બહાર ગયો હતો. જ્યારે આ ખબર તેના ભાઇ કેશવને થઈ ત્યારે તેણે રાજાના માણસો સાથે લડાઈ કરી અને આખરે તે લડાઇમાં તેણે પોતાના જાનનો ભોગ આપ્યો. "માધવ" જ્યારે બહારથી પાછો આવ્યો અને તેને આ વાતની ખબર પડી ત્યારે દિલ્હી જવું તેને ડહાપણભરેલું અને સલામતી-વાળું લાગ્યું. દિલ્હી પહોંચી તેણે સુલતાન અલાઉદ્દીનને ગુજરાત જીતવા માટે ભંભેર્યો અને તેમાં તે કામિયાબ થયો.[૧] ટૂંકમાં હિ. સ. ૬૯૭ (ઈ. સ. ૧૨૯૭)ની શરૂઆતમાં સુલતાન અલાઉદ્દીન[૨] ખલજીએ "માધવ" વજીરની વિનંતિથી ગુજરાતની ફતેહ માટે અલ-માસ બેગ ઉલૂગખાન અને મલેક નુસ્રતખાનને હુકમ આપ્યો. ઉલૂગખાન પંદર હજારની એક બળવાન ફોજ લઈ ગુજરાત તરફ

---

૧. મિરાતે મોહમ્મદી પૃ૦ ૩૪, ગુજરાતી ઇતિહાસોમાં જણાવવામાં આવ્યું છે કે વજીરને તેણે કાશ્મીરી ઘોડા ખરીદવા માટે મોકલ્યો હતો, પાછા ફરતાં પોતાની સ્ત્રી વિશેની હકીકતની ખબર પડતાં તે દિલ્હી ચાલ્યો ગયો.

૨. બદાયૂની હિ. સ. ૬૯૮ અને મિરાતે અહમદી હિ. સ. ૬૯૬ લખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રવાના થયો તેમાં હિંદુસ્તાની ફૌજ ઉપરાંત સિંધીઓની મોટી સંખ્યા હતી અને નવમુસ્લિમ મોગલ (તાર્તરી) પણ ત્રણ હજારની સંખ્યામાં શામેલ થઈ ગયા હતા, જેના અમલદારો "મોહમ્મદશાહ", "તમર બેગ" અને "કત્લગબેગ" હતા. તેઓ કૂચ પર કૂચ[1] કરતા કરતા અણહીલવાડ (નહરવાલા) પાટણ પહોંચ્યા. એમ જણાય છે કે માળવા અને આબુના રાજાઓની તાકત તૂટી ગઈ હતી, તેથી બલજી ફૌજને રોકવાની તાકત રહી ન હતી. વા તો માધવ વજીરે તેને પહેલેથી જ ખુશ કરી દીધો હતો અને તેથી કંઈ પણ અટકાવ વગર ફૌજ પાટણ (નહરવાલા) પર્યંત પહોંચી ગઈ અને દરમિયાનમાં કોઈપણ ઉલ્લેખયોગ્ય બનાવ બેશ આવ્યો નહિ, પરંતુ "તીર્થકલ્પ"ના ગ્રંથકાર જિનપ્રભસૂરિ કહે છે કે ફૌજ આબુ થઈને નહિ, પરંતુ મેવાડ, ડુંગરપુર અને મોડાસા થઈ અસાવલ પહોંચી અને ગુજરાતની સંયુક્ત ફોજોએ તે જ જગ્યાએ મુકાબલો કર્યો. ટૂંકમાં રાજા પણ માથે ઝઝૂમતી મુસીબતથી બેખબર ન હતો, તેણે પણ કાફી તૈયારી રાખી હતી. ૩૦,૦૦૦ સવાર, ૮૦,૦૦૦ પાયદળ અને ૩૦ જંગી હાથીઓએ જંગના મેદાનમાં મુકાબલો કર્યો.[2] એ રાજા વાઘેલા વંશનો આખરી રાજા હતો. એનું નામ "કરણ વાઘેલા" હતું. લડાઈ બન્ને બાજૂથી અસરકારક થઈ અને હરેક ટુકડીએ મરદાનગીને ન્યાય આપ્યો, પરંતુ કોઈની પણ જીત ન થઈ. આ લડાઈ લાંબો વખત ચાલી. આખરે ઘણી રસાકસી બાદ હિ. સ. ૬૯૮ (ઇ. સ. ૧૨૯૮)ના જમાદીઉલ અવ્વલની ૨૦ મી તારીખને બુધવારને દિવસે લગભગ ૧૬ મહિના પછી ઉલૂગખાન ફતેહમંદ થયો.[3] રાજા કરણ વાઘેલો પાટણથી ભાગી ગયો અને તેનું તમામ લશ્કર મેદાનમેદાન થઈ ગયું. ઉલૂગખાને સત્વર નહરવાલાનો કબજો લીધો. અને એ જ કારણથી કરણ રાજા

૧. ઝફરૂલવાલા, તારીખે હુસ્સામખાન (પૃ૦ ૭૬૬)ના આધારે, ભા ૨.લંડન
૨. બદાયૂની પૃ૦ ૧૮૯, કલકત્તા. ૩. ઝફરૂલવાલા ભાગ ૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના મહેલમાંથી કંઈ પણ ચીજ લઈ શક્યો નહિ. એટલે સુધી કે પોતાની વહાલી રાણી કમળાદેવીને પણ સાથે લઈ જવાનો મોકો મળ્યો નહિ. મહેલનો તમામ સામાન અસબાબ અને લોકો શાહી ખજાના સાથે લૂંટમાં આવી ગયાં અને વાઘેલા ખાનદાનના રજપૂતો હંમેશ માટે સલ્તનત ખોઈ બેઠા. કરણ હારી જઈ સૌરાષ્ટ્રમાં ચાલ્યો ગયો અને ત્યાંથી ફોજ જમા કરવાનો પ્રયત્ન રાખતો હતો. તે સોમનાથમાં હતો ત્યારે ઉલૂગખાન આવી પહોંચ્યો અને સોમનાથ જીતી લીધું. આ એક હારથી કરણ રાજા એટલો ગભરાયો કે ફરીથી તેના પગ જંપ્યા નહિ, અને ગુજરાતને કેદલી સલામ કરી સીધો દેવગઢ (દોલતાબાદ, દક્ષિણ)માં રાજા રામદેવ પાસે મદદની આશાએ પહોંચ્યો. પરંતુ રાજા રામદેવના સંજોગો પણ બહુ પ્રતિકૂળ હતા. તે અલાઉદ્દીન ખલજીથી આમ પણ ડરેલો રહેતો હતો, તે કરણ વાઘેલાને મદદ કરી પોતાને શા માટે મુસીબતમાં નાખે? ન છૂટકે નિરાશ થઈ તે બાગલાણ ચાલ્યો ગયો અને ત્યાં જ પોતાની જિંદગીની આઠ સાલ ખતમ કરી. બાગલાણ (બાઘેલાણ) હાલમાં નાસિક જિલ્લામાં "સતાના" નામથી મશહૂર છે. અહીંનો રાજા વીરમજી શાહજહાંના સમયમાં મુસલમાન થઈ ગયો હતો અને તેને 'દોલતમંદખાન'નો માનનીય ખિતાબ મળ્યો હતો.[૧] ઉલૂગખાન અન્નમાસ બેગે અણહીલવાડ પાટણનો બંદોબસ્ત કરી કરણ વાઘેલાની પૂંઠ પકડી અને અસાવલનો કબજો લીધો.[૨] તે હાલના અમદાવાદની નજીકમાં તે સમયે એક રોનકદાર શહેર હતું. ઉલૂગખાન કરણની પાછળ સોમનાથ પહોંચી[૩] નહરવાલા પાછો આવ્યો અને સોમનાથની મૂર્તિ દિલ્હી મોકલી દીધી, જે દીવાને આમ નજીક લાંબા સમય

૧. મિરાતે મોહમ્મદી, પૃ૦ ૩૪

૨. ઝફરૂલવાલા, પૃ૦ ૭૭૫, ભા–૨.

૩. બદાયૂનીએ સોમનાથ વગેરે જગ્યાએ કરણ પાછળ ગયો એમ લખ્યું છે. કરણ હાર ખાઈ તાકત વધારવાને કાઠિયાવાડની આસપાસ ફરતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પર્યંત પડી રહી હતી. એ મૂર્તિ "સોમનાથ"ના નામથી બનાવવામાં આવી હતી અને એ સામાન્ય લોકોનું આશ્રયસ્થાન બની હતી. ઉલૂગખેગ ત્યાં એક મસ્જિદ બંધાવી પાછા આવ્યો.[૧] આ બાજુ નુસ્રતખાને ખંભાતનો રસ્તો લીધો. એ તે સમયે ગુજરાતનું મશહૂર બંદર હતું. તે વેપારીઓથી ભરચક હતું. નુસ્રતખાન હુમલો કરી શહેરમાં ઘૂસી ગયો અને ત્યારપછી તમામ ખંભાત તેણે લૂંટી લીધું. ત્યાં મુસલમાન માલદાર વેપારીઓ રહેતા હતા, તેથી લૂંટનો પુષ્કળ માલ હાથ આવ્યો. તેમાં એક ગુલામ હતો જેનું નામ કાફૂર હતું તે આગળ ચાલતાં 'મલેક કાફૂર હઝાર દીનારી'ના નામથી મશહૂર થયો. તેના શેઠ પાસેથી તેને બળજબરીથી છીનવી લેવામાં આવ્યો હતો.[૨] નુસ્રતના હાથ નીચેનાં માણસોએ બાકીના તમામ ગુજરાત ઉપર સત્તા મેળવી. અને આવી રીતે ધોધાથી માધવપુર સુધીનો સૌરાષ્ટ્ર યાને સારો ગુજરાત જીતી લીધાં. ઉલૂગખાન અલપખાનને નાઝિમ અને માધવને વઝીર બનાવી ગુજરાતનો બંદોબસ્ત કરી દિલ્હી[૨] વાપસ ગયો. પરંતુ કેટલાક ગુજરાતી ઇતિહાસોમાંથી એમ માલૂમ પડે છે કે ઉલૂગખાન ખાન સરવર ગોરીને[૩] પોતાનો નાયબ બનાવી પાછો આવ્યો અને તેણે નાયબ તરીકે ત્રણ વર્ષ કામ કર્યું, તે જ અરસામાં ગુજરાતીઓએ એક મહાન બળવો કરી આઝાદ થઈ જવાનું પસંદ કર્યું; પરંતુ ઝબરદસ્ત ફોજી તાકત વડે એ ફસાદ દાબી દેવામાં આવ્યો અને અલપખાનને સૂબો બનાવી મોકલવામાં આવ્યો. એમ કહી શકાય કે ગુજરાતની ફતેહ પછી ત્રણ વરસ પછી અલપખાન આવ્યો. માધવ વઝીર માટે લખવામાં આવ્યું છે કે તે નહરવાલાની ફતેહ પછી ઉલૂગખાનના લશ્કરના મોખરે સોમનાથ

---

૧. બદાયૂની પૃ૦ ૧૯૦, ભાગ ૧

૨. ફરિશ્તા ભા. ૧. ૩. મિરાતે મોહમ્મદી પૃ. ૩૪-૩૫. મિરાતે અહમદીના પરિશિષ્ટમાં છે કે ખાન સરવર ગોરીને પાયણનો નાઝિમ બનાવવામાં આવ્યો. તેણે તેના નામથી એક તળાવ બંધાવ્યું, જે આજ પર્યંત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો હતો અને ઉલૂગખાનના પહોંચતાં પહેલાં તેણે લડાઈ શરૂ કરી દીધી હતી, અને તે જ જંગમાં તે માર્યો ગયો હતો. આવી પરિસ્થિતિમાં ખુશ્રાસો ફક્ત આ જ હોઈ શકે કે માંધવને દીવાની વઝીરપદ સુપ્રત કરવામાં આવ્યું, પરંતુ તે આ હોદ્દાનો ફાયદો ઉઠાવી શક્યો નહિ. પાછા ફરતી વખતે લશ્કર જલોર નજીક પહોંચ્યું ત્યારે ઉલૂગખાને લૂંટના માલનો પાંચમો[૧] ભાગ અલગ કરવાને બદલે લોકો પાસેથી માલ વસૂલ કરી લેવાનું શરૂ કર્યું, અને તેમાં એટલી બધી સખ્તાઈ કરી કે સિપાઈઓ લાઈલાજ થઈ ગયા. ખાસ કરીને નવમુસ્લિમ મોગલો જેઓ લૂંટના લોભે લડાઈમાં શામેલ થયા હતા અને જેની ગળથૂથીમાં લૂંટમાર હતી તે કેવી રીતે એ બરદાસ્ત કરી શકે? તેમનો સરદાર મોહમ્મદશાહ હતો તેણે વેર લેવાની ઇચ્છા કરી. પોતાના ખ્યાલના વૈરવૃત્તિવાળા નવમુસ્લિમ મોગલો જે લગભગ ૩૦૦૦ની સંખ્યામાં હતા તેમને જમા કરી નુસ્રતના ભાઈ મલેક અઝીઝુદ્દીન જે ઉલૂગખાનનો અમીર હતો તેના ઉપર હુમલો કરી મારી નાખ્યો અને શોર મચાવીને ઉલૂગખાનના ડેરામાં ઘૂસવાની ઇચ્છા કરી. ઉલૂગખાન મોકળો જોઈ બહાર નીકળી આવ્યો અને જેમ સંભવિત લાગ્યું તેમ નુસ્રતખાનના તંબૂમાં પહોંચ્યો. સુલતાન અલાઉદ્દીનનો ભાણેજ જે ઉલૂગખાનના તંબૂમાં બેખબર સૂઈ રહ્યો હતો તેને બળવાખોરોએ ઉલૂગખાન સમજી મારી નાખ્યો. ટુકમાં તમામ લશ્કરમાં હિલચાલ મચી ગઇ. તમામ માલ અને અસબાબ લૂંટાઈ જાય એવી પરિસ્થિતિ હતી, પરંતુ અનુભવી નુસ્રતખાને સત્વર સિપાહીઓ જમા કરી લીધા અને બળવાખોરોને ચગદી નાખવાનું કામ શરૂ કર્યું. બળવાખોરોએ ગભરાઈને નાસભાગ કરી મૂકી. ઘણા માર્યા ગયા અને કેટલાકને ગિરફતાર કરવામાં આવ્યા.

---

૧ મુસલમાનોમાં એવો કાનૂન છે કે જંગ પછી જમા કરવામાં આવ્યો હોય તેવા લૂંટના માલનો પાંચમો ભાગ શાહી ખજાનામાં લેવામાં આવે છે અને બાકીનો સિપાહમાં વહેંચી કાઢવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરદારે રણથંભોરના રાજા પાસે જઈ આશ્રય લીધો. અને અલાઉદ્દીનની રણથંભોરની ફતેહનું આ જ કારણ થયું. આ તોફાનથી નુસ્રતખાને સિપાહીઓને તંગ કરવાનું મોકૂફ રાખ્યું અને તમામ માલ અને દોલત લઈ દિલ્હી પહોંચ્યો. બાદશાહે મોગલ સિપાહીઓનું તોફાની વલણ ધ્યાનમાં લઈ અને પોતાના ભાણેજનું વેર લેવાની ઇચ્છાથી તમામ નવમુસ્લિમ મોગલોને કતલ કરવાનું ફરમાન કર્યું. મલેક નુસ્રત વઝીરે ગુજરાતની લૂંટમાંથી બે ચીજો પેશ કરી : એક રાજા કરણની રાણી "કમળાદેવી" અને બીજો મલેક કાફૂર ગુલામ. બંને સુંદરતામાં એકબીજાનાં હરીફ હતાં. એ જ કારણથી બાદશાહની નજરને બંને મંજૂર રહ્યાં. કમળાદેવીને કાયદેસર રીતે બાદશાહની બેગમ બનાવી મહેલમાં દાખલ કરવામાં આવી અને મલેક કાફૂરને આસ્તે આસ્તે મલેક નાયબનો માનનીય હોદ્દો મળ્યો. કમળાદેવી જો કે શાહી હરમમાં દાખલ થઈ આનંદથી રહેતી હતી, તેમ છતાં પણ દીકરીના સ્મરણથી તેના આનંદમાં કડવાશ રહેતી હતી. ઈ. સ. ૧૩૦૬ (હિ. સ. ૭૦૬) માં મલેક કાફૂર જ્યારે એક બળવાન લશ્કર લઈ દક્ષિણ ફતેહ કરવાને માટે ગયો ત્યારે રાણીએ સુલતાન અલાઉદ્દીન ખલજી પાસે જઈ નમ્રતાપૂર્વક અરજ કરી કે તમારા છત્ર નીચે હું હરેક રીતે કંઈ કહેજે છું, પરંતુ એક દુઃખ છે જે મારા આત્મા માટે કાનસની ગરજ સારે છે. હું આશા રાખું છું કે મારી વિનંતિ કબૂલ રાખવામાં આવશે. હુકમ થયો કે અરજ કરો. રાણીએ કહ્યું કે મને બે પુત્રી હતી, જેમાંની એક મરણ પામી છે અને બીજી નાની ૧૩ વરસની છે તે તેના પિતા પાસે બાગલાણમાં છે; તેના વગર મારું જીવન કડવું છે અને તેની જુદાઈ મને સાલે છે. સિપાહસાલાર મલેક કાફૂરને હુકમ આપવામાં આવે કે તે પુત્રી દિલ્હીમાં પહોંચાડવામાં આવે. સિપાહસાલારને ફરમાન કરવામાં આવ્યું, વળી ગુજરાત અને માળવાના નાઝિમને તે બાબતમાં બનતી મહેનત કરવાની સલાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવામાં આવી. ગુજરાતના નાઝિમે બાગલાણમાં સંદેશો મોકલ્યો કે છોકરીને મને હવાલે કરો; પરંતુ ગુજરાતના રાજા કરણ વાઘેલાએ અપમાન સમજી તેનો ધિક્કાર કર્યો. તે પહેલાંનો બનાવ એવો છે કે જ્યારે દેવગઢની સહાય માટે રાજા ગુજરાતમાં પહોંચ્યો હતો, ત્યારે રામદેવના પુત્રે તે છોકરીની સાથે લગ્ન માટે સંદેશો પાઠવ્યો, પરંતુ રામદેવ મરાઠો હતો અને ગુજરાતનો રાજા રજપૂત હતો. રજપૂત પોતાને મરાઠાઓથી ચડિયાતા અને મરાઠાઓને નીચા ગણતા હતા, તેથી કરણ વાઘેલાએ તેને પણ નકારમાં જવાબ આપ્યો હતો.[૧] હવે દેવળદેવી માટેની માગણી અલાઉદ્દીન તરફથી કરવામાં આવી ત્યારે રાજા સમજ્યો કે પુત્રીને મારી પાસે રાખીશ તો તેને જરૂર છીનવી લેવામાં આવશે, તેથી મુસલમાનોને આપવી તેના કરતાં રાજા રામદેવના પુત્રને આપવી દરેક રીતે ઇષ્ટ છે. આ બાજૂ ગુજરાતનો નાઝિમ એક બળવાન લશ્કર લઈ બાગલાણ પહોંચ્યો અને લાગલાગટ હુમલા કરી રાજા કરણને પરેશાન કરી દીધો. બે મહિના પર્યંત જેમ બન્યું તેમ રાજા કરણ લડાઈ લડતો રહ્યો. એ દરમિયાન રાજા રામદેવના પુત્ર સંગલદેવે (શંકરદેવે) પોતાના પિતાની પરવાનગી વિના તેના ભાઈ બીમદેવને ઘણી કીમતી ભક્ષિસો સાથે રાજા કરણ પાસે મોકલી એવો સંદેશો પાઠવ્યો કે (ગુજર) રજપૂતો જોકે તુર્કસ્તાનથી જ આવ્યા છે અને તુર્કની કોમના જ છે તેમ છતાં ધાર્મિક અંતર ભેદને લઈને એક બીજા સાથે મેળાપ બાંધો બહુ મુશ્કેલ છે, તેથી પુત્રીનો વિવાહ મારી સાથે કરી રવાના કરવી બહેતર છે, જેથી કરીને ઝઘડો બંધ થઈ જશે અને તુર્કો કૂચ કરી જશે. રાજા કરણે દેવગઢથી કોઈ સહાયની આશાએ દેવળદેવીને બીમદેવને સોંપી દીધી, અને તે અજાણ્યા રસ્તે દેવગઢ ગયો. આ બાજૂ ગુજરાતના નાઝિમને આ વાતની ખબર પડી ત્યારે બહુ બેકરાર થઈ ગયો કે એ પરીને શયતાન ઉઠાવી લઈ ગયો તો તો હું

૧. ફરિશ્તા અલાઉદ્દીનનું બ્યાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદશાહ સામે મોંહું બતાવવા લાયક ન રહ્યો. આમ વિચાર કરી કરણ વાઘેલા ઉપર એવો સખ્ત હુમલો કર્યો કે બીચારો તમામ સામાન છોડી હેરાન પરેશાન બની નાસી છૂટયો, અને દેવગઢનો રસ્તો પકડયો. ગુજરાતના નાઝિમે પણ તેની પૂંઠ પકડી, અને તે દેવગઢથી એક દિવસના રસ્તા જેટલે અંતરે આવી પહોંચ્યો, પરંતુ ધ્યેયનું મોતી હાથ આવ્યું નહિ, હેરાન થયો પણ શું કરે? લગભગ નિરાશ થઇ ગયો. નદી કિનારે દેવગઢ પાસે પડાવ નાખ્યો હતો ત્યાર ઈલોરાની ગુફા જોવા ચારસો સિપાઈઓ રજા લઇ રવાના થયા, તેવામાં દૈવયોગે હિંદુઓની ફોજ ત્યાં નજરે પડી અને ભૂલથી એમ સમજ્યા કે રામદેવની ફોજે અમારા ઉપર છાપો મારવાનો ઈરાદો કર્યો છે. ખરેખર એ ફોજ ભીમદેવની હતી, જે દેવળદેવી સાથે અજાણ્યે પહાડી રસ્તે થઈને દેવગઢ પાસે આવી પહોંચી હતી. એકદમ લડાઇ માટે સજ્જ થઈ તીરંદાઝી શરૂ કરી દીધી, અને ફોજનું પ્રમાણ વધુ હોવા છતાં તુર્કોના તીરથી લાચાર થઈ લોકોએ નાસભાગ કરી મૂકી. થોડા વખતમાં ફોજ અહીંતહીં વીખરાઈ ગઇ. એક તીર દેવળદેવીના ઘોડાને લાગ્યું જેને લઈને ઘોડો ઝખ્મી થયો. સિપાહીઓએ તેના ઉપર હુમલો કર્યો. હરેક સિપાઈ તેને પોતાના કબજામાં લેવાની કોશિશ કરી રહ્યો હતો એટલામાં એક દાસીએ કહ્યું કે જુઓ એ રાજકુમારી દેવળદેવી છે તેની સાથે સભ્યતાથી વર્તો. આ સાંભળી તમામ સિપાઇઓમાં એક આનંદની લાગણી આવી ગઈ. સત્વર તેને પાલખીમાં બેસાડી ગુજરાતના નાઝિમ પાસે લઈ ગયા. ગુજરાતના નાઝિમના આનંદનો પાર રહ્યો નહિ. તેણે તુરત જ ત્યાંથી ગુજરાત તરફ પ્રયાણ કર્યું ને પાટણ પહોંચી તેણે દબદબા સાથે શાહઝાદીની માફક દિલ્હી તરફ રવાના કરી. તે જ સાલની આખરમાં તેની મા કમળાદેવીની પાસે એ પહોંચી ગઈ. તેને જોઇ એગમને અતિ આનંદ થયો. શાહઝાદો ખિઝરખાન હંમેશાં તેની સાથે રહેતો હતો. એટલું જ નહિ પરંતુ તેની સાથે ખેલતો પણ હતો તેથી આપસમાં મોહબ્બત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઇ ગઈ અને આખરે બંને એક બીજાના પ્રેમમાં પડ્યાં. બાદશાહને આ વાતની ખબર પડી ત્યારે બંનેનાં લગ્ન કરવાનો ઇરાદો કર્યો, પરંતુ ખિઝરખાનની મા આડે આવી, કારણ કે તે તેના ભાઈ અલપખાનની પુત્રી સાથે તેને પરણાવવા ચહાતી હતી. તે પોતાના કામમાં સફળ થઈ. પરંતુ ખિઝરખાનના પ્રેમમાં કંઈ પણ કમી આવી નહિ અને દિનરાત પ્રેમમાં વૃદ્ધિ થતી રહી. સુલતાન અલા-ઉદ્દીન બ્યલજીએ આખરે એને દેવળદેવી સાથે પરણાવ્યો અને તે વખતથી તેનું નામ બદલી "દવલરાની" રાખ્યું. દવલરાનીએ વફાદારીથી ખિઝરખાન આખરે ગ્વાલિયરમાં કેદ થયો ત્યાંસુધી સાથ આપ્યો. એ તેની સાથે રહી અને જ્યારે ખિઝરખાન માર્યો ગયો ત્યારે તેને બચાવવામાં તેણે પોતાની આંગળી પણ કપાવા દીધી. ખિઝરખાનના અવસાન પછી કુત્બુદ્દીન મુબારકશાહના કબજામાં આવી. તે પછી ખુસરોખાન ગુજરાતીના કબજામાં આવી. આ જે કંઈ લખવામાં આવ્યું છે તે તારીખે ફરિશ્તામાંથી લેવામાં આવ્યું છે. વળી તે સમયે એટલે કે ઈ. સ. ૧૩૧૫ (હિ. સ. ૭૧૫) માં અમીર ખુસ્રુ દેહલવી નામના મશહૂર શાએરે એક કિતાબ લખી હતી જેનું નામ " દવલરાની ખિઝરખાન " છે, પરંતુ સામાન્ય રીતે તે પ્રેમકિસ્સાનું કાવ્ય છે. એમાં જે બનાવો વર્ણવવામાં આવ્યા છે તે પણ વાંચકોએ જાણવાની જરૂર છે, કારણ કે ખિઝરખાને ખુદ એનો મુસદ્દો તૈયાર કરી અમીર ખુસરોને કાવ્ય બનાવવા માટે આપ્યો હતો. કેટલેક ઠેકાણે ઐતિહાસિક કિતાબોથી એની વાત જુદી પડે છે.

[નોંધ:—ગ્વાલિયરનો કિલ્લો એક ટેકરી ઉપર આવેલો છે, એ ટેકરી જમીનની સપાટીથી ત્રણસો ફૂટ ઊંચી છે અને પોણાએ માઇલ લાંબી છે. કેટલેક ઠેકાણે છસો ફૂટ અને એક જગ્યાએ અઠ્ઠાવીસસો ફૂટ પહોળી છે. કિલ્લાની દીવાલો ૩૦ થી ૩૫ ફૂટ ઊંચી છે. દીવાલો નીચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહાડ એવી કાપવામાં આવી છે કે નીચેથી ઉપર પર્યંત એક દીવાલ જેવી માની લેવાય. કિલ્લાની ઉત્તર તરફ નીચે પુરાણું શહેર વસેલું છે અને દક્ષિણથાં એક માઈલ ઉપર લશ્કર' નામનું ગામ છે. કિલ્લા ઉપર ચડવાનો રસ્તો પૂર્વ બાજૂએ છે. અગાઉ સીડીઓ બનાવવામાં આવી હતી. હાલમાં અર્ધો માઈલ લાંબી વાંકચાળી સડક છે. પૂર્વ તરફ આઠ દરવાજા છેઃ (૧) આલમગીરી દરવાજે, (૨) બાદલગઢ દરવાજે, ત્યાં દરવાજા ઉપર કાંસાનો ઢાળેલો એક બળદ ઊભો હતો જે ઈબ્રાહીમ લોદી ઈ. સ. ૧૫૧૮ (હિ. સ. ૯૨૪) માં દિલ્હી લઈ ગયો હતો; (૩) ઢિંડોલા દરવાજે, (૪) બદરૂન દરવાજે, (૫) ગણેશ દરવાજે, (૬) લક્ષ્મણ દરવાજે, (૭) હથિયાપુલ દરવાજે, આ દરવાજે રાજા માનસિંગે ઇ. સ. ૧૪૮૪ થી ઈ. સ. ૧૫૧૬ (હિ. સ. ૮૮૯ થી હિ. સ. ૯૨૨) બંધાવ્યો હતો. કનિંગહામ સાહેબ લખે છે કે જે હાથી અહીં હતો તે તેણે જ બનાવડાવ્યો હશે. પરંતુ ઈબ્ન બતૂતાએ તો તેને માનસિંગ પહેલાં પણ જોયો હતો. મોતમદખાનનો મુન્શી "હીરામન" લખે છે કે એ હાથી મુઝફ્ફરખાને બનાવ્યો હતો, જે ઈ. સ. ૧૭૨૮ (હિ. સ. ૧૦૩૮) થી ઇ. સ. ૧૬૪૭ (હિ. સ. ૧૦૫૭) પર્યંત આ કિલ્લાનો હાકેમ રહ્યો હતો. લક્ષ્મણ દરવાજા પાસે પણ એક હાથી પથ્થરનો બનાવવામાં આવેલો છે, પરંતુ તેની નીચેનો કુલ હિસ્સો કોઈએ કાપીને કોઈ મૂર્તિનું છત્ર તેમાંથી બનાવ્યું છે. ગ્વાલિયરનો કિલ્લો ઘણો મજબૂત અને અજેય ગણાતો હતો. અબૂ રીહાન બીરૂની પણ ગ્વાલિયર અને કાલિંજરના કિલ્લા માટે લખે છે કે એ બંને થોડી સંભાળ લેવાથી એવા બની શકે એમ છે કે દુશ્મન એના ઉપર જીત મેળવી શકે નહિ. પરંતુ મહમૂદના હુમલા વખતે અહીંના રાજાએ મુકાબલો કર્યો નહિ અને શરણે થઈ ગયો હતો. શમ્સુદ્દીન અલ્તમશના સમયમાં રાજાએ સામનો કર્યો. એક સાલના ઘેરા પછી એ કિલ્લો જીતવામાં આવ્યો. અને ત્યાર પછી ઈબ્રાહીમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોદીએ તેને બે વરસના ઘેરા પછી લીધો. પશ્ચિમ તરફ કેટલીક એવી જગ્યા છે કે ત્યાંથી એક બહાદુર અને શૂરવીર દુશ્મન કિલ્લો આસાનીથી ફતેહ કરી શકે છે. મેજર પૂફમે ઈ. સ. ૧૭૮૦ (હિ. સ. ૧૧૯૪) માં, જનરલ વાઈટે ઈ. સ. ૧૮૦૫ (હિ. સ. ૧૨૨૦) માં અને લેફ્ટનન્ટ રોકે ઇ. સ. ૧૮૫૮ (હિ. સ. ૧૨૭૫) માં એ કિલ્લો જીતી લીધો હતો. કાલિંજર કરતાં આ કિલ્લામાં પાણીનો સંગ્રહ વધુ પ્રમાણમાં છે. પશ્ચિમ તરફ એક ઘાટ છે, જે અરવાહી નામે ઓળખાય છે. તેમાં આઠ કૂવા અને નવ વાવ છે. તેનું પાણી ઘણું મીઠું અને પૌષ્ટિક છે. શમ્સુદ્દીન અલ્તમશે એક દીવાલ બનાવી તે તમામને કિલ્લાની અંદર લઈ લીધાં. એ ઉપરાંત કિલ્લાની અંદર કેટલાંક તળાવો છે તેમાં સૌથી પુરાણો (૧) સૂરજ કુંડ છે, જે વિશે એમ કહેવાય છે કે ઈ. સ. ૩૦૦ માં વિશ્વપતિએ એક સૂરજના મંદિર પાસે તૈયાર કરાવ્યો હતો. (૨) તર્કુનિયા તળાવ ઉત્તર તરફના ખૂણામાં આવેલું છે. (૩) જવાહર તળાવ શાહજહાનના મહેલની સામે છે. (૪) સાસુવહુનું તળાવ હમણાં સૂકું પડયું છે. ખડગરાય ભાટે એનો ઉલ્લેખ કર્યો નથી, તે ઉપરથી એમ માલૂમ પડે છે કે એ ફક્ત બે ત્રણ સદી પુરાણું છે. (૫) માન સરોવર કિલ્લાની પશ્ચિમમાં આવેલું છે. તે રાજા માનસિંહનું બનાવેલું છે. હમણાં તેમાં પાણી રહેતું નથી. (૬) રાણી તળાવ ઈ. સ. ૧૫૦૦ માં રાજા માનસિંહની રાણીએ બનાવ્યું હતું. તેની નજીક છેદી નામનું તળાવ છે, જે તે રાણીની દાસીએ બનાવ્યું હતું. ફઝલઅલી જે ખડગરાય અને હીરામનની માફક ગ્વાલિયરનો ઇતિહાસકાર છે, તેણે શાહજહાંના સમયમાં લખ્યું છે કે આ તળાવ સૂકું પડી રહેતું હતું. આખરે તેને એક સુરંગ મારફત રાણીના તળાવ સાથે જોડી દેવામાં આવ્યું. (૭) ગંગોતા તળાવ એ કિલ્લાની મધ્યમાં આવેલું છે. (૮) કટોરા તળાવ, (૯) ઘોખી તળાવ, (૧૦) નુરીસાગર મોઅતમદ નુરીનું બનાવેલું છે (ઈ. સ. ૧૬૮૭). પશ્ચિમ તરફ ઢંઢ દરવાજા સામે કિલ્લાના હદની બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડતું એક કેદખાનું છે. તેમાં શાહઝાદા અને અમીરઉમરાવોને કેદમાં રાખવામાં આવતા હતા. તે "નવચોકી" કહેવાય છે. ઇસ્લામી ઇમારતોમાં જહાંગીર અને શાહજહાનના મહેલ અને એક સુંદર જમે મસ્જિદ છે, જે આલમગીર દરવાજા નજીક છે, અને ખાજા મોહમ્મદ ગોસ ગ્વાલિયરી અને તાનસેનની કબરો છે. ગ્વાલિયરના ત્રણ ઇતિહાસ મોજૂદ છે : (૧) એક ખડગરાય ભાટે શાહજહાનના શરૂઆતના સમયમાં લખ્યો હતો. અને બાવલીદાસે તે ઈ. સ. ૧૭૮૬ (હિ. સ. ૧૨૧૧) પર્યંત પહોંચાડ્યો. (૨) ફઝલઅલીએ શાહજહાનના સમયમાં ઇતિહાસ લખ્યો, અને વધુ પ્રમાણમાં તેણે એક બ્રાહ્મણ "ઘનશ્યામ"ના ઇતિહાસમાંથી તરજૂમો કર્યો. (૩) હીરામન ગિરધરદાસ, મોઅતમદખાનના મુન્શીએ એક વિગતવાર ઇતિહાસ ઈ. સ. ૧૬૬૭ ની લગભગ લખ્યો હતો. ફઝલઅલીના લખ્યા મુજબ ગ્વાલિયરનો કિલ્લો વિ. સં. ૩૩૨ માં બનાવવામાં આવ્યો હતો. એવી લોકવાર્તા ચાલી આવે છે કે એ ડુંગર ઉપર એક ઋષિ ગ્વાલીયા રહેતો હતો. રાજા સોરસેન કચ્છવાહાને કોઢની બીમારી હતી. એક દિવસ શિકાર કરવા ગયો ત્યારે તેને તરસ લાગી અને તે ઋષિની મઢૂલીમાં પાણી પીવા આવ્યો. ઋષિએ તેને પાણી આપ્યું. પાણી પીધાની સાથે તે સાજો થઈ ગયો. રાજાએ કહ્યું કે હું કેવી રીતે ઉપકાર પ્રદર્શિત કરું. ત્યારે ઋષિએ કહ્યું કે આ પહાડ ઉપર કિલ્લો બનાવ અને જે તળાવનું આ પાણી હતું તેને પાકું બંધાવી પહોળું કર. ઋષિએ એમ પણ કહ્યું કે આજથી તારું નામ 'સોહનપાળ" છે, અને તારા પછી તારા વંશના ૮૪ રાજા રાજ્ય કરશે અને જ્યાંસુધી તેઓ તેમના નામ સાથે 'પાળ' લગાવશે ત્યાંસુધી રાજ તેમની પાસે જ રહેશે. ખડગરાય કહે છે કે ચોર્યાસીમા રાજાએ પોતાનું નામ તેજકરણ રાખ્યું. કહેવાય છે કે એ રાજા ઇ. સ. ૧૧૬૨ માં રાજા રણમલ્લની પુત્રી સાથે લગ્ન કરવાને દેવલા ગયો અને કિલ્લામાં પોતાના ભાણેજ "પરમલદેવ પવાર" (પનવાર)ને મૂકી ગયો. તેજકરણને ત્યાં એક વરસ વીતી ગયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં ભાણેજને દિલમાં દગો રમવાનું સૂઝયું, અને તેણે કિલ્લો પાછો આપવાનો ઇન્કાર કર્યો અને ખુદ રાજા થઈ બેઠો. અલ્તમશના સમય પર્યંત પવાર (પનવાર) હકૂમત કરતા રહ્યા. ઇ. સ. ૧૨૩૨માં સુલતાન શમ્સુદ્દીન અલ્તમશે એક સાલના ઘેરા પછી તે ફતેહ કરી લીધું. જો કે તે પહેલાં કુતબુદ્દીન અઇબેકે પણ કિલ્લો ફતેહ કરી લીધો હતો; પરંતુ પવાર (પનવાર) રાજાએ ફરીથી તેનો કબજો લીધો હતો. ઇ. સ. ૧૨૩૨ થી ઇ. સ. ૧૩૯૮ પર્યંત એ કિલ્લો મુસલમાન બાદશાહોના હાથમાં રહ્યો, અને ઘણું કરીને તે કેદખાના તરીકે વપરાતો હતો. તૈમૂર આવ્યા પહેલાં થોડા સમય અગાઉ તુર વંશનો રાજા વીરસિંગદેવ નજીક હોઇ આ કિલ્લો દબાવી બેઠો, અને સૈયદ ખિઝરખાન અને તેના પુત્રને ખંડણી આપતો રહ્યો. પરંતુ ત્યારપછી જોનપુર અને માળવાના મુસલમાન બાદશાહોમાંનો હરેક ગ્વાલિયર ઉપર કબજો કરવા ચહાતો હતો, તેમની દુશ્મનાવટને લઇને એ કિલ્લો પહેલાંની જેમ હિંદુઓના કબજામાં રહ્યો. રાજા માનસિંગે ખંડણી અને નજરાણું આપી સુલતાન બહલોલ અને સિકંદર લોદીને ખુશ રાખ્યા. ઇબ્રાહીમ લોદીના ભાઈ જલાલખાને બળવો કરી હાર ખાઈ રાજા પાસે જઈ આશ્રય લીધો. ઇબ્રાહીમને બહાનું જોઇતું હતું, કારણ કે તેના બાપ અને દાદો બંને કોઈ પણ રીતે ગ્વાલિયરનો કિલ્લો જીતવાની ઇચ્છામાં મરણ પામ્યા. ઇબ્રાહીમે બાન આઝમ હુમાયૂનના હાથ નીચે ત્રીસ હજારનું લશ્કર મોકલ્યું. આ દરમિયાન માનસિંગ મરી ગયો અને તેના પુત્ર વિક્રમાજિતે એક સાલની લડાઈ પછી તાબેદારી સ્વીકારી અને કિલ્લો હવાલે કર્યો. પાણીપતની લડાઈ પછી હુમાયૂન આગ્રા તરફ ફર્યો અને ગ્વાલિયરને પણ ઘેરો ઘાલ્યો. મુકાબલો કર્યા પછી વિક્રમાજિતનાં છોકરાં તથા રાણીએ કોઈ ઠેકાણે નીકળી જવાનો ઈરાદો કર્યો, પણ તે સર્વ ગિરફ્તાર થઈ ગયાં. હુમાયૂને તેઓ સાથે સભ્યતા ભરેલો વર્તાવ કર્યો, જેના બદલામાં તેને ઉપકાર માટે મશહૂર હીરો આપ્યો, જે વજનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રણસો ત્રણ રતી હતો. એ વિશે કેટલાક ગ્રંથકારોનું બ્યાન છે કે કોહીનૂર એ જ છે. એ હીરો પ્રથમ માળવાના શાહ સુલતાન અલા-ઉદ્દીન ખલજીના કબ્જામાં હતો. એમ જણાય છે કે ચિત્તોડના રાજા કુંભ અને સુલતાનની લડાઈ વખતે ગ્વાલિયરનો રાજા રાણાનો મદદગાર થયો હશે અને એ હીરો તે સમયે તેના હાથમાં આવ્યો હશે. બાબરે તુરત જ રહીમ દાદખાન નામના એક અમલદારને મોકલ્યો અને શેખ મોહમ્મદ ગોસની મદદથી કિલ્લો તારાજખાનના કબ્જા-માંથી લઈ લીધો. તે પછી એ વખત મનકતરાય અને રાજા સહાય તુરે તે તાબે કરવાની ઇચ્છા કરી, પરંતુ તે બન્યું નહિ. વિક્રમાજિતનો પુત્ર રામસહાય ચિતોડના રાણા પાસે ગયો. ચિતોડની ફતેહ પછી તેનો પુત્ર સાલબાહન અકબરની નોકરીમાં રહ્યો. મોગલ હાકેમોમાંથી મુઝફ્ફરખાન, બાને જહાન, સૈયદ આલમ અને મોઅતમદખાને કિલ્લો બાંધવા તથા તેને મજબૂત કરવામાં ઘણી કોશિશ કરી. આલમગીરી દરવાજા પાસે જે મસ્જિદ છે તે મોઅતમદખાનની બનાવેલી છે. કર્નલ સુલેમાન લખે છે કે એ મસ્જિદ એવી ખૂબસૂરત બનેલી છે કે જાણે કડિયો આજે જ એના ઉપરથી ઊતર્યો હોય. એક બીજી મસ્જિદની જગ્યાએ સિંધિયાનો બાલા કિલ્લો છે. મોગલ સુલતાનોની પડતીના જમાનામાં ગોહદના જાટ સરદારે કિલ્લા ઉપર કબ્જો કર્યો; પરંતુ ઈ. સ. ૧૭૮૪માં માધવજી સિંધિયાએ તેની પાસેથી આ કિલ્લો છીનવી લીધો. ઇ. સ. ૧૮૪૪ થી પછી તે ઉપર અંગ્રે-જોએ કબ્જો લીધો. ઇ.સ. ૧૮૫૭માં ત્યાંની ફોજે બળવો કર્યો, પરંતુ બીજી સાલ ફરીથી કિલ્લો જીતી લેવામાં આવ્યો. અને લોર્ડ ડફિનના સમય પર્યંત અંગ્રેજોના કબ્જામાં રહ્યો. તે જ સાલ ઝાંસી શહેર સાથે તેનો બદલો કરી લીધો, જ્યાં હમણાં ગ્વાલિયરના મહારાજા રહે છે. (સફરનામા-ઇબ્નબતૂતાનો હાંસિયો પૃ૦ ૨૫૫, રિફાહે આમ-લાહોર)]

કરણ વાઘેલો રજપૂતોમાં છેલ્લો રાજા હતો. તે ગુજરાતના શહેરમાં અર્થાત્ અણહીલવાડમાં હકૂમત કરતો હતો. ઇ. સ. ૧૯૩૪ (હિ.સ. ૭૯૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં દિલ્હીના શહેનશાહ અલાઉદ્દીન ખલજી સાથેના રાજાના સંબંધો તૂટી ગયા. જેમકે મજકૂર સાલની શરૂઆતના મહિનાઓમાં સુલતાનના ભાઇ અલમાસ બેગ ઉલૂગખાન અને સુલતાનના વજીર નુસ્રતખાન જયસરીની નિમણૂક ગુજરાત માટે થઈ. રાજા કરણનો વજીર માધવ તેનાથી નારાજ થઇ દિલ્હી ચાલ્યો આવ્યો હતો તેને રાહબરી માટે સાથે મોકલવામાં આવ્યો. આ બંનેએ એક બળવાન લશ્કર લઇ ગુજરાતના રાજા કરણ ઉપર હુમલો કર્યો. રાજા શાહી લશ્કરનો મુકાબલો કરી શકયો નહિ અને પોતાનું કેન્દ્રસ્થળ અણહીલવાડ છોડી[૧] બહાવરો થઇ નાસી ગયો. બાગલાણ (જે આજકાલ ખાનદેશમાં આવેલા નાસિક જિલ્લામાં ગણાય છે) માં જઇ રહ્યો. આ લડાઇના લૂંટના માલ સાથે ઉલૂગખાનના હાથમાં રાજા કરણની એક રાણી કમળાદેવી અને બીજી સ્ત્રીઓ આવી તેમને કેદી તરીકે દિલ્હી લાવવામાં આવી. કમળાદેવીને સુલતાન અલાઉદ્દીનના હરમમાં કાયદેસર રીતે દાખલ કરવામાં આવી. તેણે પોતાનાં ખૂબસૂરતી, સુંદર સ્વભાવ અને સભ્યતાને કારણે સુલતાનના દિલમાં કદરની લાગણી પેદા કરી. ઈ. સ. ૧૩૦૬ (હિ. સ. ૭૦૬) માં મલેક કાફૂર જ્યારે દક્ષિણની ફતેહ માટે જતો હતો ત્યારે કમળાદેવીએ એક દિવસ મોકો મેળવી સુલતાનને આનંદમાં જોઇ એવી દરખાસ્ત કરી કે મારી બે પુત્રી જે ત્યાં રહી ગઇ છે તેમાંની એક તો મરી ગઇ છે, પરંતુ બીજી જીવે છે. લોહીનો સંબંધ હોવાથી દિલ આપોઆપ તલપે છે. જો આપના લક્ષમાં વાત આવે તો મારી મતલબ બર આવે. દીકરીનો માની સાથે મેળાપ થાય તેમાં આપને કયામતને દિવસે શિક્ષા ન થાય. અમીર ખુસરોએ આ બાબત પ્રેમકાવ્યમાં નીચે પ્રમાણે કહી છે :

---

૧. કેટલાંક ગુજરાતી અને સંસ્કૃત પુસ્તકોમાં જણાવવામાં આવ્યું છે કે આ લડાઈ "અસાવલ" નજીક થઈ હતી. રાજા કરણ વાઘેલો અહીંથી હાર ખાઇ બાગલાણ નાસી છૂટ્યો. અને ઘણું કરીને એ જ કારણસર કમળાદેવીને સાથે લઇ જઈ ન શકયો. તે પાટણમાં હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એક રાત્રે બાદશાહને ખુશી આનંદમાં જોઈ દિલનો ભેદ આવી રીતે જણાવ્યો."

આગળ ચાલતાં પુત્રીઓ વિશેનો ઉલ્લેખ નીચે પ્રમાણે કરે છે :

"મારા ઝાડ ઉપર જવાનીની ડાળીમાંથી મારા ભાગ્ય પાસે બે ત્રણ ખીલેલી કળી હતી."

તે પછી પોતાની ખુશકિસ્મતી નીચે પ્રમાણે અદ્દા કરે છે :

"મારા જવલંત નસીબને લઈને હું સુખી હતી, પરંતુ તે બંને ફૂલો પોતાના બાગમાં રહી ગયાં."

હવે તે અસલ મતલબ જાહેર કરે છે :

"બીજી છોકરી છે અને લોહીનો સંબંધ હોવાથી મારું દિલ બેચેન છે. જો બાદશાહની મહેરબાની મારા ઉપર થાય તો ગરમીને લઈને ખૂનની સાથે ખૂન મળી શાંતિ થાય."

સુલતાન અલાઉદ્દીન પોતાના પુત્ર ખિઝરખાનને માટે પહેલેથી જ કોઈ ઉમદા મોક્કો શોધતો હતો તેથી રાણી કમળાદેવીની આ તજવીજ તેને પસંદ પડી.[૧] રાય કરણને સગપણનો સંદેશો મોકલવામાં આવ્યો અને તેણે ઘણી જ ખુશીથી તે પેગામ માન્ય રાખ્યો, તે ચહાતો હતો કે બાદશાહી જલેઝ સાથે દેવળદેવીને દિલ્હી રવાના કરી દે. જેમકે રાયકરણની ખુશી આનંદને અમીર ખુસરો નીચે પ્રમાણે વર્ણવે છે :

"હિંદુઓના મુલકનો રાજા કરણ જે તે જમાનામાં સાહેબકિરાન (અતિ ભાગ્યશાળી) હતો.

---

૧. ઘણું કરીને કમળાદેવીએ જોયું હશે કે શાહઝાદા ખિઝરખાનની મા "મલેકા જહાન"ની સત્તા વધતી જતી હતી; એમ ન બને કે સુલતાનનું મારા તરફનું વલણ જે પહેલી રહ્યું છે તેનાથી મને કંઈ નુકસાન પહોંચે અથવા તો પછી મને તકલીફ સહન કરવી પડે. આથી તેણે દેવળદેવીનું લગ્ન ખિઝરખાન સાથે કરવાની યુક્તિ રચી. આ પરિસ્થિતિમાં તે અલાઉદ્દીન પછી પણ આરામથી રહી શકે, કારણ કે ખિઝરખાન તેનો પાટવીકુંવર અને ગાદી માટેનો વારસ હતો.

પુસ્તકાલય
ગુરુકુલ કાંગડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ આનંદ જે તેને અચાનક હાંસિલ થયો તેને લઈને તે જામામાં ફૂલ્યો સમાતો ન હતો."

પરંતુ ત્યાર પછી સુલતાનનો વિચાર બદલાઈ ગયો અને ગુજરાતને જીતેલા મુલ્કોમાં શામેલ કરી લેવાનો નિર્ણય કર્યો.[૧] ટૂંકમાં મલેક કાફૂર દક્ષિણની ફતેહ માટે માળવા થઈ ગુજરાત પહોંચ્યો અને ત્યાંથી દક્ષિણમાં ગયો. સુલતાનના ફરમાન મુજબ માળવા અને ગુજરાતના હાકેમોને તેની મદદ માટે મોક્યા. ગુજરાતના હાકેમે આગલાણને ઘેરો ઘાલ્યો. અલપખાન અને "પન્જમન" ઉપરાંત બીજા સરદાર પણ તેમાં બેહદ કોશિશ કરતા હતા. અલપખાને રાજા કરણ ઉપર પયગામ મોકલ્યો કે દેવળદેવીને મને હવાલે કરો. જેથી કરીને તેને તેની મા પાસે મોકલવામાં આવે. રાજા કરણે તેનો ઇન્કાર કર્યો. આ પહેલાંનો બનાવ એ છે કે રાજા કરણ જ્યારે હાર ખાઈ ખાનદેશની સરહદ ઉપર પહોંચ્યો ત્યારે તેણે દેવગઢ (દોલતાબાદ)ના રાજા રામદેવ પાસેથી મદદની માગણી કરી; પરંતુ

૧. રાણી કમળાદેવીની એ યુક્તિ અને રાજા કરણના સ્વીકાર વિશેની વાત કોઇ આધારયુક્ત તારીખમાં નથી. આથી મારો પોતાનો અભિપ્રાય એ છે કે આ બનાવો બાનગી રીતે બન્યા હતા, અને ઘણું કરીને એમ નક્કી કરવામાં આવ્યું હશે કે ગુજરાતનું રાજ કરણને પાછું આપવામાં આવે અને તે દેવળદેવીના ખિઝરખાન સાથે લગ્ન કરે. ઘણું કરીને એ જ કારણથી તે રાજી થઈ ગયો હતો. તેણે દિલમાં ખ્યાલ કર્યો હશે કે હું એમ સમજીશ કે તુર્ક મારી એક પુત્રી ઊઠાવી ગયો. જેમકે શીરોઝશાહ તઘલખની માએ પોતાના બાનદાનને એ વાકય કહી શાંતિ આપી હતી. પરંતુ સુલતાને પોતાનો નિશ્ચય આ માટે બદલ્યો. મારા ખ્યાલ મુજબ મલેકા જહાને આ વાતનો તોડ કાઢ્યો; અર્થાત્ પોતાના ભાઇ અલપખાનની પુત્રી સાથે વિવાહ કરવા માટે તેણે એ તમામ તદબીરો વ્યર્થ કરી દીધી. તેથી જ્યારે સુલતાનનો ઈરાદો બદલાઈ અને અલપખાનની પુત્રી સાથેનો વિવાહ સંબંધ પાકો થયો ત્યારે ગુજરાત તાબાના મુલ્કોમાં દાખલ કરવામાં આવ્યું. તેથી કરીને કમળાદેવીને માટે દેવળદેવીને દિલ્હી લાવવાનો હુકમ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે મદદ આપવાને કબૂલ્યું નહિ. તે જાણતો હતો કે એમ કરવું એ અલાઉદ્દીન ખલજી પાસેથી લડાઈ વહોરી લેવા જેવું છે. તેના પુત્ર શંકરદેવે રાજા કરણ ઉપર તેની પુત્રી સાથે લગ્ન કરવાનો પયગામ મોકલ્યો, પરંતુ શંકર દેવ[૧] મરાઠો હતો અને ગુજરાતનો રાજા રજપૂત. રજપૂતો પોતાને મરાઠાઓથી ઊંચા ગણતા હતા, તેથી કરણ વાઘેલાએ ઇન્કાર કર્યો. હવે દેવળદેવીની માગણી અલા-ઉદ્દીન તરફથી થઇ તેથી રાજા સમજી ગયો કે મારી પાસે પુત્રી રહેશે તો તેને કોઈક દિવસે જરૂર છીનવી લેવામાં આવશે. આ બાજુ ગુજરાતના નાઝિમ અલપખાને એક મોટી ફોજ લઈ હુમલો કરીને રાજા કરણને પરેશાન કરી દીધો. બે મહિના પર્યંત જેમ ચાલ્યું તેમ રાજા સામનો કરવામાં મશગૂલ રહ્યો. તે દરમિયાન શંકરદેવે પોતાના પિતાની પરવાનગી વગર પોતાના ભાઈ ભીમદેવને કીમતી બક્ષિસો સાથે રાજા કરણ પાસે મોકલી કહાવ્યું કે આર્ય રજપૂતો તુર્કસ્તાનમાંથી આવ્યા છે અને તેથી તુર્ક જાતના જ છે તે છતાં પણ ધર્મમાં અલગ હોવાથી એક બીજાઓ સાથે મેળ આવો મુશ્કેલ છે. અમે તમારા જ ધર્મમાં છીએ તેથી પુત્રીનું લગ્ન મારી સાથે કરી રવાના કરી દેવું બહેતર છે; આથી ઝઘડાનો અંત આવશે અને તુર્ક ફૂચ કરી જશે. રાજા કરણે દેવગઢથી ફોજી મદદની આશાએ તમામ શરતો નક્કી કરી દેવળદેવીને[૨] ભીમદેવને હવાલે કરી અને તે લઇને અજાણ્યે રસ્તે રવાના થયો. અહીં ગુજરાતના નાઝિમને આ વાતની ખબર પડી ત્યારે તે ગભરાયો

---

૧. ઇતિહાસકારોએ એનાં જુદા જુદાં નામ આપ્યાં છે. કોઈ એ સંગ્રામદેવ અને કોઇએ સંખણદેવ. અને એ જ પ્રમાણે એના ભાઈનું નામ ભીલમદેવ, શંકરદેવ અને ભીમદેવ એમનાં ગુજરાતી નામો છે. (કરણ વાઘેલો, અમદાવાદ)

૨. આ તમામ હકીકતો ફરિસ્તામાંથી લેવામાં આવી છે. અને કેટલીક જગ્યાએ બીજી ઇતિહાસોની પણ પૂરતી મદદ લીધી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે એ પરીને કોઇ રાક્ષસ ઉડાવી ગયો. હવે હું પાદશાહ પાસે શું મોં બતાવીશ ? આમ વિચાર કરી તેણે કરણ વાઘેલા ઉપર એવો સખત હુમલો શરૂ કર્યો કે બીચારો તમામ સામાન છોડી હેરાન પરેશાન થઇ નાસી છૂટયો અને દેવગઢનો રસ્તો પકડયો. ગુજરાતના નાઝિમે પણ પૂંઠ પકડી અને દેવગઢથી એક દિવસના રસ્તાના અંતરે આવી પહોંચ્યો. પરંતુ મકસદનું મોતી હાથ ન આવ્યું. શું કરવું તે સૂઝતું ન હતું. લગભગ નિરાશ થઇ ગયો હતો નદીને કિનારે દેવગઢ પાસે પડાવ નાંખ્યો. તે દરમિયાન મોખરેના ૪૦૦ સિપાઇઓ જે "પન્જમન" સરકારના હાથ નીચે હતા તે રજા લઇ ઇલોરાની ગુફા જોવાને રવાના થયા. દૈવયોગે ત્યાં હિન્દુઓની ફોજ ઉપર નજર પડી અને સમજવામાં ભૂલ થઇ કે રાજા રામદેવની ફોજે અમારા ઉપર છાપો મારવાનો વિચાર કર્યો છે. જો કે એ ફોજ ભીમદેવની જ હતી જે દેવળદેવીની સાથે અજાણ્યા પહાડી રસ્તેથી દેવગઢની નજીક પહોંચી ગઈ હતી. તુર્કો સત્વર લડાઈ માટે તૈયાર થઇ ગયા અને તીરંદાજી શરૂ થઇ ગઈ. ફોજની સંખ્યા પુષ્કળ હોવા છતાંપણ તુર્કોનાં તીરોથી લાચાર થઈ ભાગવાનું શરૂ કર્યું. થોડા જ સમયમાં ફોજ આમતેમ વિખેરાઇ ગઈ. એ જ વખત દરમિયાન એક તીર દેવળદેવીના ઘોડાને લાગ્યું જેનાથી તે જખ્મી થઇ ગયો. સિપાઇઓ તેના પર તૂટી પડ્યા. તેને પોતાના કબજામાં લાવવાની કોશિશ કરી રહ્યા હતા એટલામાં એક દાસીએ કહ્યું કે જોજો આ રાજકુમારી દેવળદેવી છે તેના તરફ સભ્યતાથી વર્તો. એ સાંભળી તમામ સિપાઇઓમાં આનંદની એક લહેર આવી ગઈ. સરદાર "પન્જમન"ને પોતાની આ જીતથી બહુ અભિમાન આવી ગયું. તેણે તુરત જ તેને પાલખીમાં બેસાડી ગુજરાતના નાઝિમ પાસે લઇ ગયો. ગુજરાતના નાઝિમને પણ અતિ આનંદ થયો. સત્વર તેણે ત્યાંથી ગુજરાત તરફ પ્રયાણ કર્યું. અને પાટણ પહોંચી દમામ અને ઠાઠ સાથે શાહજાદીઓની જેમ મોકલવામાં આવી અને તેજ સાલની આખરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની મા કમળાદેવી શાહબેગમની પાસે પહોંચી ગઇ, જેને જોવાથી બેગમને અતિ આનંદ થયો. દેવળદેવી મહેલમાં દાખલ થઈ ખાસ શાદી મહેલમાં રહેવા લાગી. શાહજાદો ખિઝરખાન નાની વયનો હતો અને દેવળદેવી પણ નાની હતી તેથી ઘણી વખત બંને સાથે રમતાં હતાં એક દિવસ સુલતાને ખિઝરખાનને છૂપી રીતે બોલાવ્યો. અને મલેકા જહાન[૧] (માહક બેગમ)ને ઇશારો કર્યો કે જે વ્યવસ્થા કરવામાં આવી હોય તો તે પ્રમાણે જાહેર કરવું જોઇએ. મલેકા જહાને કહ્યું કે હજૂરની મુબારક બાદિશ એવી છે કે તમારો વિવાહ દેવળદેવી સાથે કરવામાં આવે. ખિઝરખાન શરમનો માર્યો કંઈ કહી શક્યો નહિ અને ચૂપચાપ બહાર ચાલ્યો આવ્યો. પરંતુ દેવળદેવીની મોહબ્બત તેની નસેનસમાં ફેલાઇ ગઈ હતી એ વખતે દેવળદેવીની ઉમર આઠ સાલની હતી[૨] અને ખિઝરખાનની દસ સાલની.

[**નોંધ** : ૧. જનાબ મૌલવી રશીદ અહમદ સાહેબ અન્સારીએ "દવલરાની ખિઝરખાન"ની એક અતિ ઉપયોગી કિતાબ લખી છે તે ઉપરથી એમ માલમ પડે છે કે ગુજરાત ઉપર બે વખત હુમલો કરવામાં આવ્યો, તેમાં પહેલી વખત કમળાદેવીનો અને બીજી વખત દેવળદેવીનો કબજો લેવામાં આવ્યો. જો કે મારા અભિપ્રાય મુજબ આ વાતમાં સત્ય નથી. ગુજરાત ઉપર હુમલો ફક્ત એક જ વખત થયો, અને બીજી લડાઈ બાગલાણમાં થઈ, જે નાસિક જિલ્લામાં આવેલું છે, અને જેને હાલમાં "સતાના" કહેવાય

---

૧. આ નામ ઈબ્નબતૂતાએ લખ્યું છે. જે હિ. સ. ૭૪૮માં મક્કામાં એ બેગમને મળ્યો હતો. પરંતુ ગુજરાતમાંથી ઈબ્નબતૂતાથી ઊલટું લખવામાં આવ્યું છે કે એનું નામ "માહરૂ" લખવામાં આવ્યું છે.

૨. દેવળદેવીની વય અમીર ખુસરો આઠ સાલની જણાવે છે. પરંતુ સામાન્ય રીતે ઇતિહાસકારો એ વિશે જે લખે છે તે બાબતમાં આગળ ચર્ચા કરીશ, અને ઐતિહાસિક ગ્રંથોનું અનુસરણ કરતાં હું જે અભિપ્રાય ઉપર આવ્યો છું તે પણ જણાવીશ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. અને એ આખરી જંગમાં ખુદ ગુજરાતનો નાઝિમ શામેલ હતો. ફરિશ્તામાં સાફ સાફ લખવામાં આવ્યું છે કે દક્ષિણના રાજાઓને છૂંદી નાખવા માટે મલેક કાફૂરની ફોજ જ્યારે ગઈ ત્યારે કમળાદેવીએ દેવળદેવી વિશે વાત કરી. સુલતાને માળવાના નાઝિમ અને ગુજરાતના નાઝિમને મલેક કાફૂરને તાબે રહેવા અને તેને મદદ કરવા માટે તેમજ દેવળદેવીને મેળવવાને તાકીદ કરી. વળી તે લખે છે કે, ગુજરાતના નાઝિમ ઉલૂગખાને ગુજરાતથી ફોજ લઈ બાગલાણ જવાનો ઇરાદો કર્યો અને રાય કરણે લડાઇ કરી બે મહિના પર્યંત પોતાના સ્થળનો બચાવ કર્યો. તારીખે બદાયૂનીમાં જણાવવામાં આવ્યું છે કે રાય કરણની હાર પછી નહરવાલા (અણહીલવાડ)ને લૂંટી તેની પૂંઠ પકડી અને રાય કરણ દેવગિરિ (દેવગઢ)ના હાકેમ વીરમદેવ (રામદેવ)ના આશ્રય નીચે હતો તે દક્ષિણમાં સાથે રહ્યો હતો. તેના દક્ષિણમાં ચાલ્યા ગયા પછી ગુજરાતમાં આવવાની અથવા તો તેનો કબજો કરવાની વાત સાબિત નથી થતી તો બે વખત ગુજરાતનો હુમલો કરવો એનો શો અર્થ? ઝિયાઉદ્દીન લખે છે કે અલાઉદ્દીન રાજ્યારોહણના ત્રીજા વરસે ઇ. સ. ૧૨૯૭ (હિ. સ. ૬૯૭) માં ઉલૂગખાન અને નુસ્રતખાન ઉમરાવો, લશ્કરના સરદારો તથા રસાલા સાથે ગુજરાત તરફ લશ્કર લઈ ગયા, નહરવાલા અને તમામ ગુજરાતને તારાજ કર્યાં અને ગુજરાતનો કરણ રાજા નહરવાલામાંથી નાસી છૂટયો તે દેવગિરિ (દેવગઢ)માં રામદેવ પાસે ગયો. ગુજરાતના અરબી ઇતિહાસ ઝફરૂલવાલામાં જણાવવામાં આવ્યું છે કે 'ઉલૂગખાન અને નુસ્રતખાન નહરવાલા નજીક પહોંચ્યા ત્યારે ગુજરાતનો રાય કરણ લડવા નીકળ્યો; બંને વચ્ચે સખત લડાઈ થઈ તેમાં રાજા હાર્યો અને દેવગઢ ચાલ્યો ગયો; તેનું કુટુંબ ગિરફતાર થયું. આ ઐતિહાસિક પુરાવા ઉપરથી માલૂમ પડે છે કે રાજા કરણ ફરીથી ગુજરાતમાં દાખલ થયો ન હતો, જેનાથી બીજી લડાઈ ગુજરાતમાં થઈ હોય. અલબત્ત ગુજરાતી ઇતિહાસોમાંથી એટલું તો ખુલ્લેખુલ્લું મળે છે કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉલૂગખાનના ચાલ્યા ગયા પછી ગુજરાતમાં બળવો થયો, જેને તુરત જ દાબી દેવામાં આવ્યો અને અલપખાનને ખુદમુખ્તાર હાકેમ બનાવવાથી તમામ ગુજરાતમાં શાંતિ થઇ ગઇ.

૨. દેવળદેવીના સંબંધમાં મિરાતે અહમદીનો કર્તા લખે છે કે જ્યારે દેવળદેવીને ગિરફતાર કરવામાં આવી ત્યારે તે નાની વયની હતી. ઉલૂગખાને તેને પોતાના સંતાન તરીકે માની લઈ તેને પાળી પોષી મોટી કરી અને ત્યારપછી સુલતાનના હુકમ મુજબ ખિઝરખાન સાથે લગ્ન કર્યું. મારી માન્યતા મુજબ આ બ્યાનમાં સત્ય નથી. પહેલી વાત તો એ કે તેની મા મોજૂદ હતી; બીજાને ત્યાં ઉછેરવાની જરૂર પડે એમ ન હતું. વળી કેટલો આગ્રહ કરી કમળાદેવીએ તેને ત્યાં બોલાવી મંગાવી હતી, તો પોતાની નજરથી દૂર ઉલૂગખાનને સોંપવામાં આવે એમ કેમ બની શકે? ઉલૂગખાન ગુજરાતની ફતેહ પછી છ સાત મહિનામાં મરી ગયો તે કેવી રીતે સુલતાનના હુકમ પ્રમાણે વિવાહ કરાવી શકે? જો એમ માનવામાં આવે કે "ઉલૂગખાન" "અલપખાન" ને માટે છે તો એ માટે એમ કહી શકાય કે તે ગુજરાતમાં રહેતો હતો અને સંશોધનથી એમ જણાય છે કે દેવળદેવી દિલ્હીથી ફરી કદી ગુજરાતમાં આવી નહતી. ત્રીજી વાત એ કે ખુદ અલપખાનની પુત્રી સાથે ખિઝરખાનનો લગ્ન સંબંધ જોડાયો હતો, તો શું જાણીબૂઝીને પોતાના જમાઈને પુત્રીની સાથે સોક પણ આપી હશે?]

દેવળદેવીને આ સગપણની કંઈ પણ ખબર ન હતી, પરંતુ પોતાના ભાઈની શિકલ ખિઝરખાનના જેવી હોવાથી તેને બહુ ચહાતી હતી. પરંતુ ખિઝરખાન જાણતો હતો કે તે કોઇ એક દિવસ તેની પરણેતર બનશે. બંને ઘણી વખત સાથે જ રહેતાં હતાં અને આનંદથી રમતાં બોલતાં હતાં. જ્યારે દેવળદેવીને નવમું વરસ બેઠું અને ખિઝરખાન પણ ઉમરલાયક થયો ત્યારે એક દિવસ સુલતાને મલકાજહાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(માહરૂ બેગમ)ને બોલાવી કહ્યું કે ખુદાની મહેરબાનીથી ખિઝરખાન મોટો થયો છે. હવે તેના લગ્ન વિશે વિચાર કરવો જોઇએ. આખરે બંનેની મસલત બાદ ખિઝરખાનના મામા અલપખાનની પુત્રી અને મલેકજહાનની ભાણેજ સાથે વિવાહ કરવા માટે કહેણ મોકલવાનું નક્કી કરવામાં આવ્યું. અલપખાને અતિ અભિમાન અને આનંદ સાથે આ વાત મંજૂર કરી. હઝરત અમીર ખુસરૌએ આ વિશે નીચે પ્રમાણે લખ્યું છે :

" અલપખાને પોતાનું ભાગ્ય ઉચ્ચ કક્ષાએ પહોંચેલું જોઈ શાહી તખ્ત તરફની માગણી કબૂલ કરી. "

રાજમહેલની સ્ત્રીઓને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે પોતાની શુભેચ્છા દર્શાવવા તેઓમાંથી કેટલીક મલેકા જહાન પાસે પહોંચી અને વિનંતિ કરવા લાગી કે " અલપખાનની પુત્રી પણ કંઈ પારકી નથી, તે પણ આપણી જ પુત્રી છે. એવું ન થવું જોઈએ કે કોઈ પણ રીતે તેને દુઃખ થાય. આ બાબત બેપરવાઇ કે ગફલત કરવા યોગ્ય નથી. ખિઝરખાનનો સંબંધ જ્યારથી આલા હઝરતે (સુલતાન અલ્લાઉદ્દીન ખલજીએ) દેવળદેવી સાથે બાંધ્યો છે ત્યારથી તે તેના નામ ઉપર ફિદા તેમ જ ગાંડો છે; બીજી છોકરીઓ તરફ તેનું બિલકુલ લક્ષ નથી. તેથી બંનેને અલગ કરવાં એ જ ઇચ્છવા જોગ છે." આથી બંને માટે જુદાં જુદાં મકાન મુકરર કરવામાં આવ્યા. અઠવાડિયે કે દસ દિવસે તેમની મુલાકાત થતી, પરંતુ દેવળદેવી અને ખિઝરખાન વચ્ચેની મોહબ્બત અને ઈશ્કની ચર્ચા રાજમહેલમાં વધારે ને વધારે થવા માંડી અને મલેક જહાનને તે વિશે લગાતાર ખબરો મળવા લાગી. પરિણામે એ વાત સાબિત થઈ ત્યારે તેણે હુકમ કર્યો કે દેવળદેવીને લાલ મહેલમાં મોકલી આપવી. આથી મલેકા જહાનના હુકમ મુજબ દેવળદેવીને પાલખીમાં બેસાડી સાહેલી તથા દાસીઓ સાથે લાલ મહેલ તરફ રવાના કરવામાં આવી. આ વાતની ખબર એકદમ ખિઝરખાનને પહોંચી. તે તેખતે ખિઝરખાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉસ્તાદની પાસે હતો. આ સાંભળી જે સ્થિતિ થઇ તે બહુ દયાજનક હતી. ટૂંકમાં આ ભયંકર ખબર સાંભળતાં વેંત શાહઝાદો મકતબમાંથી એધડક નાસી છૂટ્યો અને રાણી દેવળદેવીની પાલખી નજીક જઈ પહોંચ્યો. બંને સાથે થઈ બહુ જ રડ્યાં અને મોહબ્બતની નિશાનીઓ એકબીજાને આપી છૂટાં પડ્યાં.

ઉપર જણાવ્યા મુજબ ખિઝરખાનનો વિવાહ દેવળદેવી સાથે મુલતાને કર્યો હતો તેમ છતાં પણ ખિઝરખાનની મા (મલેકા જહાન)ની સલાહથી તે અટક્યો અને અલપખાનની પુત્રી સાથે નક્કી થયો. તૈયારી થવા માંડી; ત્રણ સાલ પર્યંત લગાતાર તે જારી રહી. જ્યારે સમય આવી પહોંચ્યો ત્યારે એ લગ્ન પ્રસંગે તમામ શહેર અને બજારો શણગારવામાં આવ્યાં; ઠેકઠેકાણે ડેરા અને તંબૂ તાણવામાં આવ્યા અને સોનેરી પડદા અને શામિયાના ઊભા કરવામાં આવ્યા. તમામ બારીબારણાં અને દીવાલો ઉપર જુદી જુદી જાતનાં અને નવનવાં લખાણો અને ચિત્રો તૈયાર કરવામાં તેમજ લટકાવવામાં આવ્યાં અને તમામ ગલીકૂંચીમાં રેશમની શેતરંજી પાથરવામાં આવી. ટૂંકમાં ટકોરખાનું, સંગીન, તલવાર અને બંજરના ખેલ, નટ અને જાદૂગરના તમાશા, આસમાનમાં દડો ઉછાળવો, તલવાર પાણીની માફક ગળી જવી, નાક વાટે ચપ્પુ ચડાવી લેવું, બહુરૂપીઓના દેખાવો, વિલાયતીઓ[૧] અને હિંદુસ્તાનીઓના રાગ અને વાજાં, હિંદુસ્તાની ગવૈયાઓના નાચ અને ગાનતાનની મહેફિલો, ઠેકઠેકાણે ઊભા કરેલા મજલીસો અને તે વડે રૂપિયા અને અશરફીનો વરસાદ વરસાવવો વગેરે આ પ્રસંગ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી.[૨] નજૂમીઓએ મુકરર કરેલા સમયે શમ્સુલહક્ક ખિઝરખાન ઘોડા

---

૧. અહીં વિલાયતીનો અર્થ તુર્કી કે અફઘાની થાય છે, કારણ કે તે સમયે યુરોપિયનોનું નામ કે નિશાન હિંદુસ્તાનમાં ન હતું.

૨. આ વિગત તે જમાનાના રીતરિવાજ અને પ્રસંગો વિશેની માહિતી માટે લખી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર સવાર થયો. તમામ અમીર ઉમરાવો પગપાળા સાથે ચાલ્યા. હાથીઓ ઉપર સોનેરી અંબાડી મૂકવામાં આવી હતી અને ચારે તરફ નગ્ન તલવાર અને ખંજર વડે ખરાબ નંઝરનો રસ્તો બંધ કરવામાં આવ્યો હતો. રસ્તામાં મોતી અને ઝવેરાત વેરવામાં આવતાં હતાં. આવી રીતે વરઘોડો અલપખાનના મકાન ઉપર પહોંચ્યો. શાહઝાદો મસ્નદ ઉપર બિરાજમાન થયો. અને તમામ અમીરઉમરાવો પોતપોતાના દરજ્જા પ્રમાણે જમણી તેમજ ડાબી બાજૂએ બેઠા. હિ. સ. ૭૧૧ (ઈ. સ. ૧૩૧૧) ના મુબારક રમઝાન માસની ૨૩ મી તારીખે સદ્રજહાને જોશીઓએ જણાવેલા શુભ સમયે નિકાહનો ખુત્બો વાંચ્યો અને એક ભારી પલ્લા સાથે લગ્ન થયું. તમામ હાજર રહેલા ઉપર મોતી અને જવાહિર વેરવામાં આવ્યાં. લોકોને કીમતી ઈનામ બક્ષિસો વડે માલામાલ કરવામાં આવ્યા અને લગ્નવિધિમાંથી પરવાર્યા પછી લગ્ન મંડળી પહેલાંની જેમ જ પાછી આવી. હિ. સ. ૭૧૧ (ઈ. સ. ૧૩૧૧) ના ઝુલહજ્જ માસની પહેલી તારીખ અને સોમવારના દિવસે રાત્રે નજૂમીઓએ નક્કી કર્યા પ્રમાણે એક પહોર પછી શાહજાદો મહેલમાં દાખલ થયો. સોનેરી ફર્શ ઉપર એક સુશોભિત ખુરસી ગોઠવવામાં આવી અને તે ઉપર શાહઝાદાને બેસાડવામાં આવ્યો. મોતી અને ઝવેરાત વધેરવામાં આવ્યું. મોતીઓના ચકચકિત સિતારા ઝડપથી ફરતા હતા તેવામાં અચાનક વાદળ ખસી ગયું (અર્થાત્ કન્યા આવી પહોંચી). આ સર્વ થયું. પરંતુ ખુદ ખિઝરખાનના દિલની જે સ્થિતિ હતી તે હઝરત અમીર ખુસરો મારફત સાંભળો :

"ગમગીન ખિઝરખાનથી સર્વ ખુશ હતા. ખિઝરખાન પોતે પણ ખુશ હતો. પરંતુ પોતાની દિલગીરીને લઈને પોતાની તેમજ સંબંધીઓની બબર તેને ન હતી, કારણ કે શરીર ત્યાં હતું અને દિલ બીજી જગ્યાએ હતું (દેવળદેવી પાસે હતું)."

જો કે ખિઝરખાનનું લગ્ન થઈ ગયું, પરંતુ તે તેની મરજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિરુદ્ધ હતું. શરમને લઈને પોતાનાં માબાપની મરજી વિરુદ્ધ તે કંઈ બોલી શકયો નહિ. એ વાત મલેકાજહાન અને રાજમહેલની સ્ત્રીઓ સારી રીતે જાણતી હતી, પરંતુ તેઓ માનતી હતી કે લગ્ન બીત્યા બાદ તે દેવળદેવીને ભૂલી જશે. પરંતુ તેમનો ખ્યાલ ભૂલભર્યો હતો. ખિઝરખાનના પ્રેમ અને વળગણમાં દિનપ્રતિદિન વૃદ્ધિ થતી ગઈ. જ્યારે મામલો કાબૂમાં ન રહ્યો અને ખિઝરખાને જોયું કે માબાપની બેદરકારી જેમની તેમ જ છે ત્યારે ન છૂટકે તેણે પોતાના એક વિશ્વાસપાત્ર ખાનગી માણસને મલેકાજહાન પાસે મોકલ્યો. તેણે ખિઝરખાનની કંગાળ હાલતનું એવું બ્યાન કર્યું કે તેના ઉપર બહુ જ અસર થઈ ગઈ. ત્યારપછી તેણે કહ્યું : ભત્રીજીને ખાતર પોતાના પુત્રનો વિનાશ ન કરવો જોઈએ. આ સાંભળી મલેકા જહાનની આંખમાંથી એકદમ ચોધાર આંસુ વહેવા લાગ્યાં. આખરે મલેકા જહાને સુલતાન અલાઉદ્દીન બલજીની પરવાનગી લીધી અને ઘરના કેટલા બાસ માણસોની હાજરીમાં ખિઝરખાન અને દેવળદેવીનાં લગ્ન કરવામાં આવ્યાં. જેમકે મસ્જરીમાં છે કે:—

"કેટલીક બાસ વ્યક્તિઓની હાજરીમાં છાની રીતે લગ્ન થઈ ગયાં."

ખિઝરખાન પોતાનું ધ્યેય બર લાવી શકયો ત્યારે તેની હાલતમાં એક ફેરફાર થયો. તેણે તમામ મનાઈ કરેલી ગણાતી વસ્તુઓનો ત્યાગ કર્યો. તે હઝરત નિઝામુદ્દીન બદાયૂની (ખુદાની રેહમત તેના ઉપર હજો)નો મુરીદ થયો અને ખુદાની ભક્તિમાં ઝિન્દગી નિર્ગમન કરવા લાગ્યો. લાંબો સમય પર્યંત એ સ્થિતિ રહી. આખરે અલાઉદ્દીન બલજી બીમાર થયો[1] ત્યારે ખિઝરખાને માનતા માની કે જો સુલતાનનો માંદવાડ મટી જાય તો પગપાળા હત્નાપૂર (કદાચ દિલ્હી પાસે કોઈ મહાત્માની દરગાહ હતી) ની જાત્રા જઈશ. સુલતાન સાજો થયો ત્યારે તે માનતાનો અમલ કરવાને રવાના થયો. આ

૧. ઝિયા બર્ની જલોદર લખે છે અને બદાયૂની ક્ષય જણાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખતે મલેક કાફૂરે (જે તે સમયે નાયબ મલેક હતો) બાદશાહને ખિઝરખાનથી નારાજ કર્યો, જે ફક્ત તેની ખબર લેવા આવ્યો હતો. એ જ પ્રમાણે તેના સસરા અલપખાન વિશે તેને શંકાશીલ કરી તેનો કતલ કરાવી, જેને સુલતાને ફક્ત સલાહ માટે ગુજરાતથી બોલાવ્યો હતો. ખિઝરખાનને હુકમ કરવામાં આવ્યો કે તારે અમ્રોહા એકદમ ચાલ્યા જવું અને બોલાવ્યા સિવાય કદી દિલ્હી આવવું નહિ. જ્યારે તે મીરઠ પહોંચ્યો ત્યારે રાજ્યવારસ તરીકેનાં બેધાણુ જેવાં કે છત્ર દંડ વગેરે પાછાં મોકલી આપવાનો હુકમ મળ્યો, તેથી મલેક હુસ્સામુદ્દીનને સુપ્રત કરી તે અમ્રોહા ચાલ્યો ગયો. ત્યાં પહોંચી સખ્ત ગમગીનીમાં ગર્ક રહ્યો. કંઈક શાંતિ થતાં તેણે વિચાર કર્યો અને મન સાથે નક્કી કર્યું કે મારી બિલકુલ કસૂર નથી. તે શાહી શિક્ષાના કડવા અનુભવથી વાકેફ ન હતો. તેણે વિચાર્યું કે નિર્દોષ હોવાના કારણે સુલતાનની નાખુશી વિશેનો આવી હાલતમાં વહેમ રાખવો ન જોઈએ. બોલાવ્યા વગર તે દિલ્હી પહોંચી સુલતાનની ખિદમતમાં હાજર થયો. તે સમયે સુલતાન તેના આગમનથી અતિ ખુશ થયો, પિતૃભાવસહ ભેટી માફી બક્ષી, પરંતુ કેટલા દિવસ પછી ખિઝરખાન જ્યારે ગાફેલ થઈ ગયો અને ઐશઆરામમાં મશગૂલ થઈ એણે દરબારમાં આવવું બંધ કર્યું ત્યારે નાયબ મલેક કાફૂરને તક મળી ગઈ. તેણે સુલતાનને કહ્યું : " ખિઝરખાન અને શાદીખાન કેટલાક ઉમરાવોની યુક્તિપ્રયુક્તિને લઈને આપનો જાન લેવાની ઇચ્છા રાખે છે. " અને કેટલાક ગુલામો અને ખાસ માણસો પાસેથી એ બાબતનું સમર્થન કરાવ્યું. ખિઝરખાન અને શાદીખાનને ગ્વાલિયરના કિલ્લામાં કેદ કરવાનો સુલતાને હુકમ કર્યો, મલેકાજહાનને પણ મહેલમાંથી કાઢી મૂકી જૂની દિલ્હીમાં મોકલી આપવામાં આવી. આ બનાવો તેમજ મલેક કાફૂરના બરાબ વર્તનને લઈને રાજ્યમાં બળવાની બબરો લાગલાગટ આવવા લાગી એથી અલાઉદ્દીનની માંદગી વધતી ગઈ. તેની હાલત દિનપ્રતિદિન બગડતી જતી હતી, અને કોઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તબીબની દવા અસર કરતી ન હતી. આખરે તેજ સ્થિતિમાં હિ. સ. ૭૧૫ (ઈ. સ. ૧૩૧૫) ના શવ્વાલ મહિનાની ૭ મી તારીખે તેણે દેહત્યાગ કર્યો.[૧] બીજે દિવસે ખિઝરખાનના સાત વરસની વયના નાના ભાઈ શિહાબુદ્દીનને શાહી તખ્ત ઉપર બેસાડી મલેક કાફૂર પોતે હકૂમત કરવા લાગ્યો, અને મલેક સુમ્બુલને આર્મકીનો હોદ્દો આપી સત્વર ગ્વાલિયર માટે રવાના કર્યો. તેનો ઇરાદો ખિઝરખાન અને શાદીખાનની આંખ બેનૂર કરવાનો હતો. આથી ગ્વાલિયર પહોંચી તેના સિપાહીઓએ એઓની આંખો ફોડી નાંખી. મલેક કાફૂરની ઇચ્છા ખિઝરખાનના ત્રીજા ભાઈનું પણ કામ ખતમ કરવાની હતી, પરંતુ તકદીરે તદ્બીર પલટાવી દીધી. રાત્રિના સમયે જ્યારે સર્વ પોતપોતાને ઘેર પહોંચ્યા ત્યારે કતલ માટે નક્કી કરવામાં આવેલાં માણસોએ મલેક કાફૂરના તંબૂમાં ઘૂસી જઈ તેની કતલ કરી, ખિઝરખાનને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે ખુદાનો આભાર માન્યો, પરંતુ કંઈક અંશે ખુશ થયો નહિ. મુબારકખાન આ બનાવ પછી બે મહિના પર્યંત પોતાના નાના ભાઈ શિહાબુદ્દીન ઉમરખાનના નાયબ તરીકે રહ્યો અને ત્યારપછી હિ. સ. ૭૧૬ (ઈ સ. ૧૩૧૬)ના મોહર્રમ મહિનાની ૨૪મી તારીખ ને રવિવારે તખ્ત ઉપર બિરાજમાન થઈ સલ્તનતનું કામકાજ કરવાનું શરૂ કર્યું.[૧] તેણે સુલતાન "કુત્બુદ્દીન મુબારકશાહ"નો ખિતાબ ધારણ કર્યો, અને શિહાબુદ્દીનને આંધળો કરી ગ્વાલિયર ખિઝરખાન પાસે મોકલી આપ્યો. ત્યારપછી રાજ્યાસનના બીજા વરસે ઈ. સ. ૧૩૧૭ (હિ. સ. ૭૧૭)માં દક્ષિણની ચડાઈ પછી પાછા વળતા જ્યારે જાઇન જગ્યાએ તે પહોંચ્યો ત્યારે મલેક શાદી

---

૧. ઇતિહાસકારો સામાન્ય રીતે હિ. સ. ૭૧૬ (ઇ. સ. ૧૩૧૬) લખે છે. (આ સન મસ્નવીમાંથી લીધી છે).

૧. દેવલરાની પ્રસ્તાવનામાં એ સાલ છે, પરંતુ સામાન્ય રીતે ઇતિહાસકારો ૭૧૭ લખે છે.

૨. આ હિસાબે આ ૭૧૮ સાલ હોવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરસલાહદારને ગ્વાલિયર મોકલ્યો, જેથી કરીને સર્વ શાહઝાદાઓની કતલ કરી તેમનાં કુટુંબોને દિલ્હી લાવે. આ કતલનું અસલ કારણ રાજકીય ફાયદો હતો.

મલેક અસદુદ્દીન (સુલતાન અલાઉદ્દીનના ભત્રીજા)એ મુબારકશાહની કતલ માટે યુક્તિ રચી હતી એ કારણ હતું, પરંતુ ખિઝરખાન ઉપર તે સમય પર્યંત કોઈ રાજકીય ગુનો સાબિત થયો ન હતો, તેથી મુબારકશાહે એક નવી તદબીર રચી અર્થાત્ દેવળદેવીની માગણી કરી જેના જવાબમાં ખિઝરખાને શાહી હુકમનો બિલકુલ ઈન્કાર કર્યો. એ જવાબ અમીર ખુસરોની ઝબાનમાં નીચે પ્રમાણે છે:—

'બાદશાહ પ્રત્યે જ્યારે સલ્તનતે વફાદારી કરી તો દેવળદેવીને મારી પાસે રહેવા દેવી જોઇએ. જ્યારે મારા દિલી દોસ્ત મારી સાથે છે તો મારું માથું પ્રથમ ઉડાવી દે. પછી તો તું જાણે.'

બાદશાહે આ જવાબથી રોષમાં આવી જઈ મલેક શાદીને હુકમ કર્યો કે ગ્વાલિયર સત્વર જઈને શાહઝાદાઓની કતલ કરો. આથી મલેક શાદી રાતદિનમાં તમામ અંતર કાપી ગ્વાલિયર પહોંચ્યો અને શાહી હુકમથી લોકોને વાકેફ કર્યા. સ્ત્રીઓમાં કયામતના દિવસ, ના જેવો શોર મચી ગયો. શાહઝાદાઓને સામે લાવવામાં આવ્યા અને કતલનો હુકમ આપવામાં આવ્યો. પરંતુ કોઇની હિંમત ચાલી નહિ. આખરે એક નીચ કોમના આદમીએ પોતાના ઉપરી અમલદારની ચકચકિત તરવાર લઈ ખિઝરખાનની કતલ કરી. તે પછી બીજા શાહજાદાઓનો વારો આવ્યો અને તેમની કતલ કરવામાં આવી. તેમની લાસો ગમગીની અને દિલગીરી સાથે ગ્વાલિયરના વિજયમંદિર નામના બુર્જમાં દફન કરવામાં આવી—(અંત પર્યંત).

મુસ્લિમ ઇતિહાસકારોના લખાણ મુજબ દેવળદેવી ઇ. સ. ૧૨૯૩ (હિ. સ. ૬૯૩)માં જન્મી હતી. ચાર સાલની વય થતાં તેને માના ખોળાથી અલગ કરવામાં આવી હતી. તેની ઉમર ૧૩ સાલની થતાં તે દિલ્હી પહોંચી. ૧૮ કે ૧૯ વરસની થતાં તેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગ્ન ખિઝરખાન વેરે થયું. આસરે ચોવીસ સાલની થતાં પોતાના પ્રાણથી પણ પ્યારા પતિ સાથે કેદખાનામાં પહોંચ્યા અને તે જ વરસે પોતાના મહેબૂબની દેખતી આંખો અંધ થતી પોતાની ચમકદાર આંખોથી જોઈ. છત્રીસ વરસની ઉમરે તે વિધવા થઈ. જ્યાં સુધી ખિઝરખાન હતો ત્યાંસુધી દેવળદેવી ઘણી જ વફાદારીથી તેને વળગી રહી. એટલે સુધી કે ગ્વાલિયરના જેલખાનામાં પણ આપણે તેને જોઈએ છીએ. કુતબુદ્દીનની માગણીથી ઘણી જ સહૂલતથી મલેક શાદી સાથે દિલ્હી જઈ શાહમેગમ થઈ શકી હોત, પરંતુ તેણે તખ્તના કરતાં મોહબ્બતને વધારે પસંદગી આપી અને વફાદારીથી જિંદગીની આખરી પળ પર્યંત ખિઝરખાનની સાથે રહી. દેવળદેવી રાણીની ઉમર વિશે જુદા જુદા ઇતિહાસોમાં જે જે સાલ મળી છે તે નીચે પ્રમાણે છે :

બનાવો	સાલ	ઉમર	વિગત
જન્મ	હિ. સ. ૬૯૩	૧	
ગુજરાતની ચડાઈ	૬૯૭	૪	અમીર ખુસરૌના અભિપ્રાય મુજબ ગુજરાતના હુમલા વખતે તેની ઉમર ૬ માસની હતી તે હિસાબે આખર પર્યંત ચાર સાલનો તફાવત રહે છે. અર્થાત્ ખુસરૌખાનના સમયમાં તેની ઉમર ૨૪ વરસની હતી.
ખિઝરખાન સાથે દેવળદેવીનો સંબંધ	૭૦૪	૧૨	
બાગલાણ ઉપર ચડાઈ	૭૦૬	૧૪	
અલપખાનની પુત્રી સાથે ખિઝરખાનનું લગ્ન	૭૧૧	૧૯	

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવળદેવી સાથે ખિઝરખાનનું લગ્ન	૭૧૩	૨૧	નિકાહ રમઝાન મહિનામાં અને રૂખ્સદ ઝુલ્હજ્જ મહિનામાં એ "દવલરાની"ની પ્રસ્તાવનામાં છે. બદાયૂની હિ. સ. ૭૧૨ લખે છે જે મારી માન્યતા પ્રમાણે ગલત છે.
ગ્વાલિયરમાં કેદ	૭૧૫	૨૩	
ખિઝરખાનનો અંધાપો	૭૧૬	૨૪	
કુત્બુદ્દીનનું રાન્યા-રોહણ	૭૧૭	૨૫	
ખિઝરખાનનની કતલ	૭૧૮	૨૬	
કુત્બુદ્દીનની કતલ	૭૨૦	૨૮	
ખુસરૌખાન ગુજરાતી	૭૨૦	૨૮	

મૌલ્વી ઝકાઉલ્લાહ સાહેબે પોતાની "તારીખે હિંદ"માં એક વાત લખી છે કે દેવળદેવીનું અવસાન ખિઝરખાનને બચાવવામાં થયું. પરંતુ ખરી વસ્તુસ્થિતિ એ છે કે ખિઝરખાનની કતલ પછી મલેક શાદી તમામ ખલ્જી ખાનદાનના નજરકેદીઓને દિલ્હી લઈ આવ્યો જેઓમાં દેવળદેવી પણ હતી.

ગુજરાતના અરબી ઇતિહાસમાં (ઝફ્રૂલવાલામાં) જણાવવામાં આવ્યું છે કે દેવળદેવીને તેની મા સાથે દિલ્હી પહોંચાડવામાં આવી જ્યાં તેની મરજી વિરુદ્ધ કુત્બુદ્દીને લગ્ન કર્યું. કેટલાક ઇતિહાસોમાં જણાવવામાં આવ્યું છે કે કુત્બુદ્દીનની કતલ પછી તે ખુસરૌખાનના કબ્જામાં આવી. ગમે તેમ હોય પરંતુ ખુસરૌખાનના સમય પર્યંત તેની ઉમર ૨૮ વરસની હતી. અને ઇતિહાસોમાં દેવળદેવી વિશે મળે એવી આ છેલ્લી હકીકત છે. તે પછીની હકીકતો વિશે કંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ મળતું નથી. તે ક્યાંસુધી હયાત રહી અને ક્યારે મરણ પામી એ પણ જાણવાને મળતું નથી. સંભવિત છે કે ખુસરૌખાનની કતલના સમયે જે અંધાધુંધી થઈ તેમાં કોઈએ તરફદારી કરનાર સમજી તેની કતલ કરી દીધી હોય. વળી એને કંઈ પરિવાર હતો કે નહિ તે પણ જણાયું નથી.

એ સમયે ઈ. સ. ૧૩૧૫ (હિ. સ. ૭૧૫) માં એક મશહૂર શાએર હઝરત અમીર ખુસરૌ (ખુદાની રહેમત તેના ઉપર હજો)-એ બનાવને પદ્યમાં લખ્યો છે. તે સામાન્ય રીતે "મસ્નવીએ ઈશ્કિયા" (પ્રેમકાવ્ય) નામથી ઓળખાય છે. પરંતુ ખુદ અમીર ખુસરૌએ એનું નામ "દવલરાની ખિઝરખાન" રાખ્યું છે. અને નામ બદલવાનું કારણ એમ લખ્યું છે કે એ પરીના જેવી સ્ત્રીના નામનો પહેલો શબ્દ "દેવ" (=અસુર)થી શરૂ થાય છે, તેથી એને બદલ મેં "દવલ" કર્યું છે, જે "દોલત"નું બહુવચન છે. જેમકે તે લખે છે કે:—

"દેવલદેવી ચાલુ જમાનામાં હિંદુસ્તાનના મોરો (ખૂબસૂરત સ્ત્રીઓ)માં અનન્ય છે. હિંદુ રિવાજ પ્રમાણે તેના શુભ નામ માટે અગાઉ તેનું સંબોધન 'દેવલદે' હતું.

દેવ (=અસુર)નો એ પરીના નામ તરફ માર્ગ હતો તેથી મેં મંત્ર પઢીને આ દેવ (=પિશાચ) સામે તેનું રક્ષણ કર્યું.

એ શબ્દને બદલી એવી રીતે કર્યું કે હિંદી હોઇ હિંદીઓમાં એણે પ્રતિષ્ઠા હાંસિલ કરી.

એક સ્વરને (યે) તેમાંથી કાઢી નાખ્યો કે જેથી "દેવલ"નું "દવલ" પદ્ધતિસર કર્યું.

"દવલ" "દોલત"નું બહુવચન છે. આ કાવ્ય પુસ્તકમાં ઘણી દોલતો સમાયેલી છે.

રાણીએ દોલત (નસીબ) તેમજ કામના (આશા) ઉપર અધિકાર મેળવ્યો હતો તેથી તેનું સંયુક્ત નામ "દવલરાની" મેં રાખ્યું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[હિંદમાં એની જુદી જુદી નકલો જુદી જુદી લાઇબ્રેરીઓમાં મોજૂદ છે, પરંતુ એ કિતાબની ઉત્તમ નકલ ખુદાબખ્શ લાઇબ્રેરી (બાંકીપુર, પટના)માં છે, જે ગુજરાતના નાઝિમ નવાબ શિહાબુદ્દીન અહમદખાને અમદાવાદમાં ઇ. સ. ૧૩૯૨ (હિ. સ. ૯૫૫)માં તૈયાર કરાવી હતી અને મીર મોહમ્મદ શરીફ વકુઇ નિશાપુરીએ તેમાં સુધારો કર્યો હતો. એ મસ્નવી શુદ્ધિ સાથે ઉત્તમ પ્રસ્તાવના સહ મૌલ્વી રશીદ અહમદ સાહેબ સાલેમ અન્સારીએ અલીગઢ કૉલેજના અગાઉના સેક્રેટરી મરહૂમ નવાબ હાજી મોહમ્મદ ઇસ્હાકખાનની મરજી મુજબ ઈ. સ. ૧૯૧૭ માં છપાવી છે. તે ઘણી મહેનત તેમજ કાળજીથી સંશોધન કરી લખવામાં આવી છે.]

નોંધ : મલેક કાફૂર હઝાર દીનારીઃ—

એનું અસલ નામ મલેક કાફૂર હતું. અને તેને તેના માલિકે અગદાદના બજારમાંથી એક હઝારની કીમતે ખરીદ્યો હતો. વેપારી હોવાથી કેટકેટલાણે વેપાર કરતો કરતો ગુજરાતના મશહૂર બંદર ખંભાતમાં પહોંચ્યો. ત્યાં તેણે કાયમી રહેઠાણ કર્યું હતું કે મુસાફર તરીકે તે મને ખબર નથી. ગમે તેમ હો પણ મલેક નુસ્રત જલેસરીએ જ્યારે આ બંદર ઉપર હુમલો કર્યો અને લૂંટમાર શરૂ કરી ત્યારે એ ગુલામને પણ બળજબરીથી તેના માલિક પાસેથી છીનવી લીધો.[૧] એ ગુલામ બહુ ઘાટીલો, ખૂબસૂરત, અને નામ (કાફૂર, કપૂર) પ્રમાણે ગુણવાળો હતો, તેથી મલેક નુસ્રતને સુલતાન આગળ તેને લઈ જવાનું ઠીક લાગ્યું. સુલતાને શરૂઆતમાં (ઈ. સ. ૧૨૯૭–હિ. સ. ૬૯૭) તો એની સાથેનું વર્તન સામાન્ય રીતનું જ રાખ્યું.

---

૧. મિરાતે મોહમ્મદીમાં પૃ. ૩૫ માં ભૂલથી લખ્યું છે કે મલેક નુસ્રતે ખરીદ કરી દિલ્હી પહોંચાડયો. ગ્રંથકારે 'હઝાર દીનારી' સમજવામાં ભૂલ કરી છે. બર્ની અને બદાયૂની અને બીજા ઇતિહાસકારોએ લખ્યું છે કે બળજબરીથી મેળવ્યો, અર્થાત્ તેના માલિક પાસેથી છીનવી લીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ જેમ જેમ દિવસ પસાર થતા ગયા અને મોટા મોટા ઉમરાવો આ દુનિયામાંથી રવાનગી લેતા ગયા તેમ તેમ એનો દરજ્જો વધતો ગયો. ઝફરખાન, વઝીર મલેક નુસ્રત અને ગુજરાત ઉપર જીત મેળવનાર ઉલૂગખાનનાં અવસાન પછી તેની સત્તા બહુ વધી ગઈ. મહાન ઉમરાવોમાંથી એનુલમુલ્ક મુલ્તાની અને અલપખાન નામનો ગુજરાતનો હાકેમ કેન્દ્ર સ્થળથી દૂર હોવાના કારણે તેની સત્તામાં વિઘ્નરૂપ થઈ શકયા નહિ. ઈ. સ. ૧૩૦૨ (હિ. સ. ૭૦૨) માં મલેક કાફૂરને એક ફોજ લઈ તેલંગણ અને મહારાષ્ટ્રમાં મોકલવામાં આવ્યો ત્યાંથી તે ફતેહમંદ થઈ પાછો ફર્યો. પેલા ત્રણ ઉમરાવોના મરણ બાદ તેને ઈ. સ. ૧૩૦૯ (હિ. સ. ૭૦૯)માં નાયબ મલેકનો દરજ્જો મળ્યો અને તેને અમીરુલ ઉમરા બનાવવામાં આવ્યો. જિંદગીના આખરી હિસ્સામાં વૃદ્ધાવસ્થાને લઈને પાદશાહનો સ્વભાવ બગડી ગયો હતો અને ઘણીવાર તે વહેમાતો હતો. આ પરિસ્થિતિમાં મલેક કાફૂર તેના દિલમાં બરાબર બેસી ગયો હતો. પાદશાહ પણ તેની જ આંખે જોવા લાગ્યો અને તેને જ કાને સાંભળવા લાગ્યો. ઈ. સ. ૧૩૦૯ (હિ. સ. ૭૦૯)માં તે વારંગલ ગયો જ્યાંથી રાજા રામદેવને લઈ બક્ષિસો સાથે તે દિલ્હી પહોંચ્યો. કેટલાક મશહૂર હાથી, સાત હજાર ઘોડા અને વાર્ષિક ખંડણી નક્કી કરી તે પાછો આવ્યો. ઈ. સ. ૧૩૧૦ (હિ. સ. ૭૧૦) માં મઅબર (મદ્રાસ)થી રાસકુમારી (કન્યાકુમારી) પર્યંત ફતેહ મેળવતો ચાલ્યો ગયો. ઈ. સ. ૧૩૧૨ (હિ. સ. ૭૧૧) માં ૩૧૨ હાથી ૨૦૦૦૦ ઘોડા, અને ૬૦૦૦ મણ સોનું તથા જવેરાતની કેટલીક પેટી લઈ તે દિલ્હી પાછો આવ્યો, અને બાદશાહની નજર આગળથી પસાર થયો. રાજા રામદેવ મરણ પામ્યો હતો અને તેને બદલે અત્યારે ગાદી ઉપર તેનો પુત્ર હતો જે પોતે બળવાખોર હતો, એટલું જ નહિ પણ દક્ષિણના કેટલાક રાજાઓને પણ તેણે બળવા કરવા માટે ઉશ્કેર્યા, તેણે ખંડણી પણ ભરી ન હતી. તેના બાપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ઉમરભર અદા કરી હતી. આ કારણથી મલેક નાયબ કાફૂરને તેને શિક્ષા કરવાને દેવગઢ એક બળવાન લશ્કર આપી મોકલ્યો. ત્યાં પહોંચી દેવગઢના રાજા સાથે મહાન લડાઈ કરી ફતેહ હાંસિલ કરી. રાજા માર્યો ગયો. અને તે મુલક સલ્તનતમાં દાખલ કરવામાં આવ્યો. દક્ષિણના બીજા તમામ રાજાઓ તાબે થઇ ખંડણી ભારતા થયા. સારા દક્ષિણમાં એવો પ્રભાવ પાડી દીધો કે લાંબા સમય પર્યંત ગુસપુસ કરવાનો પણ ખ્યાલ ન આવ્યો. આ બનાવ ઈ. સ. ૧૩૧૨ (હિ. સ. ૭૧૨)નો છે. તેની આ ફતેહથી સુલતાને ખુશ થઈ તેને દક્ષિણનો સૂબો બનાવી મોકલ્યો. તે બહુધા ઈ. સ. ૧૩૧૬ (હિ. સ. ૭૧૬) પર્યંત રહ્યો. આને લઈને કાફૂરના ખ્યાલોમાં ફેરફાર થયો. તેણે વિચાર્યું કે શાહઝાદો હજુ નાની વયનો છે અને અલાઈ ખાનના સલ્તનતના તમામ (દાખલા તરીકે સુલતાન અકતખાનનો ભાઈ ઉલૂગખાન, સુલતાનનો ભત્રીજો સુલેમાન વગેરે)નો અલાઉદ્દીને પોતાના હાથે વિનાશ કર્યો છે તેથી થોડી કોશિશે દિલ્હીનો બાદશાહ થઈ શકું એમ છે. આમ વિચાર કરી દક્ષિણમાં તેણે તેની તૈયારી શરૂ કરી દીધી. આ તૈયારીમાં ગૂંથાયેલો હતો તે દરમિયાન અલા-ઉદ્દીને પોતાની વધતી જતી બીમારીને લઇને ગુજરાતના નાઝિમ અલપખાન તથા મલેક નાયબ કાફૂરને દક્ષિણથી બોલાવ્યા. અહીં આવી અલાઉદ્દીનની ગંભીર હાલત જોઈ પોતાનું ધ્યેય હાંસિલ કરવાને વધારે કોશિશ કરવા લાગ્યો. સંજોગો જુઓ કે એ જ સમયે અલાઉદ્દીને છાની રીતે ફરિયાદ કરી કે " મલેકા જહાન અને ખિઝર-ખાન મારી બીમારી દરમિયાન કંઈ પણ ખિદમત કરતાં નથી. વળી તેમને એ બાબતની કંઈ પરવા પણ નથી." મલેક કાફૂર મોકો જોઈ બોલ્યો કે "ખિઝરખાન તખ્ત હાંસિલ કરવાની ફિકરમાં છે, અને મલેકા જહાન અને અલપખાનની સાથે આપની કતલ માટે કાવતરું કરવામાં આવ્યું છે." આ સાંભળી બાદશાહ બહુ વહેમાયો અને ખિઝરખાન વારસ હતો તેને અમ્રહા તરફ રવાના કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હુકમ કર્યો કે "બોલાવ્યા વગર આવવું નહિ. હું સાંજે થઈશ ત્યારે તમને બોલાવવામાં આવશે." તે પછી અલપખાનને દરબારમાં બોલાવ્યો. જ્યારે તે શાહી બિલાત પહેરતો હતો ત્યારે મલેક નાયબ અને કમાલુદ્દીને તેની કતલ કરી. ખિઝરખાને જ્યારે જ્યારે સુલતાનની તન્દુરસ્તીની વાત સાંભળી ત્યારે પોતાની ફરજ અદા કરવાને પરવાનગી વગર દિલ્હી ચાલ્યો આવ્યો. બાપને મળ્યો. બાપ પણ પિતૃભાવથી મજબૂર થઈ તેની ઠેઠ વળગી પડ્યો અને મહેલમાં જઈ માને મળવાની તથા રહેવાની રજા આપી. ખિઝરખાન પણ મહેલમાં જઈ બેદરકાર થઈ ગયો અને બેશઆરામમાં જિંદગી ગુજારવા લાગ્યો. તેણે પોતાનો અલગ દરબાર જમાવ્યો અને શાહી દરબારમાં ગેરહાજર રહેવા લાગ્યો. કાફૂરે ફરીથી આ તકનો લાભ લીધો અને બાદશાહના કાન ભંભેરવાને કહ્યું કે 'આપની રજા વગર એ પાછો આવ્યો. હમણાં મહેલમાં મસલત ચાલે છે.' જ્યારે અલપખાન સાથે જ આવ્યો હતો ત્યારે મલેકાજહાને શાહઝાદા શાદીખાનનું લગ્ન અલપખાનની બીજી પુત્રી સાથે કરવાની રજા માટે દરખાસ્ત કરી. મલેક કાફૂરે આ સંબંધને પણ કાવતરાંરૂપે સમજાવ્યું. હવે બાદશાહને એમ બોટું લાગ્યું કે "મારી હાલત દિનપ્રતિદિન બગડતી જાય છે અને એ લોકોને લગ્નની ફિકર છે." ટૂંકમાં મલેક કાફૂરનું ધારેલું થયું અને તેના જાદૂએ કામ કર્યું. બાદશાહ ગુસ્સે થયો. ખિઝરખાન અને શાદીખાનને ગ્વાલિયરના કિલ્લામાં કેદ કરવામાં આવ્યા અને મલેકાજહાનને લાલ કોશક (લાલમહેલ કે લાલ કિલ્લા)માંથી કાઢી મૂકી પુરાણી દિલ્હીમાં મોકલી આપવામાં આવી. હવે મેદાન સાફ હતું. બાદશાહનો પણ આખરી શ્વાસ નજીક આવી ગયો હતો. થોડા જ દિવસમાં તેણે દેહત્યાગ કર્યો. કેટલાક એમ માને છે કે ખુદ મલેક કાફૂરે તેને ઝેર આપ્યું હતું. સત્ય બિના ભગવાન જાણે. અલાઉદ્દીનના અવસાન પછી મલેક કાફૂરે પ્રથમ તો મલેક સુમ્બુલને ખિઝરખાન અને શાદીખાનની આંખમાં સોય ફેરવી આંધળા કરવાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગ્વાલિયર મોકલ્યો અને તદ્દન નાની વયના શિહાબુદ્દીનને ગાદીએ બેસાડ્યો, કુત્બુદ્દીન મુબારકશાહની પણ કતલ કરવાને માટે તેને કેટલાક વિશ્વાસુ માણસોને હવાલે કર્યો. મલેકા જહાને તેમની સાથે વાત કરી પોતાના કરી લીધા અને મોડી રાત થતાં "કસ્રે હઝાર સુતૂન" (હઝાર સ્તંભના મહેલ)ના દરવાજા બંધ થઈ ગયા ત્યારે (બે ગુલામ) બશીર અને મુબશ્શિર તે મહેલના છેલ્લા મજલે ગયા જ્યાં મલેક કાફૂર રહેતો હતો. અંદર ઘૂસી મલેક કાફૂરને મારી નાખ્યો. ઈ. સ. ૧૪૧૭ (હિ. સ. ૭૧૭)માં કુત્બુદ્દીન મુબારકશાહને તખ્ત ઉપર બેસાડ્યો. મલેક કાફૂર જેવો બહાદુર અને મહત્ત્વાકાંક્ષી સિપાહસાલાર હતો તેવો જ લુચ્ચો પણ હતો. તેણે લુચ્ચાઈથી ખિઝરખાનને વારસા બાબતમાં નિરાશ કર્યો અને ૭ વર્ષની વયના શિહાબુદ્દીનને તખ્તનશીન કર્યો. તેણે વિચાર કર્યો કે કુત્બુદ્દીન ઓધ્બેક, અલ્તમશ બલબન, ખલજી, વગેરેની માફક હું પણ દિલ્હીનો પાદશાહ થઈશ; પરંતુ એ એનું દીવાનાપણું હતું. સારી જિંદગી એ શહેનશાહત કરી શકયો હોત, પરંતુ નપુંસક હોવાને લઈને તેનો વંશ કેવી રીતે જારી રહેત?

સુલતાન અલાઉદ્દીનના સિક્કા

૧. હિન્દીમાં

શ્રી શલીફા. સુરયતાન શ્રી અલાઉદ્દીન

૨. અરબીમાં એક બાજૂ બીજીબાજૂ

અસ્સુલ્તાન અલાઉદ્દદુનિયા વદ્દીન. સિકન્દરે સાની

અબુલ્મુઝફ્ફર મોહમ્મદશાહ યમીનુલ્ ખિલાફતે નાસિર

અસ્સુલ્તાન અમીરુલ્ મોમિનીન.

દિલ્હીમાં આ સિક્કો હિ. સ. ૭૦૯માં પાડવામાં આવ્યો.

ગુજરાતનો પહેલો નાઝિમ

ગુજરાતના પહેલા નાઝિમની બાબતમાં આમ ઇતિહાસના અભ્યાસથી જાણવાનું મળે છે કે અલમાસ બેગ ઉલૂગખાન જેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાત જીત્યું હતું તે ત્યાંનો નાઝિમ પણ હતો. તેણે લગભગ ૨૦ વરસ ગુજરાતમાં હકૂમત કરી. ગુજરાતની મશહૂર તારીખ મિરાતે અહમદીમાં હરેક જગ્યાએ આ નાઝિમનું નામ ઉલૂગખાન જ લખવામાં આવ્યું છે, આ ઉપરથી માલૂમ પડે છે કે ગ્રંથકારના અભિપ્રાય મુજબ ગુજરાત ઉપર જીત મેળવનાર જ ત્યાંનો નાઝિમ હતો. જેમકે તે લખે છે કે "નહરવાલા (અણહીલવાડ)ની જીત પછી ઉલૂગખાનના કબ્જામાં ગુજરાતની હકૂમત આવી. તે જ સમયથી ગુજરાતમાં નાઝિમ નિમાઈને આવવા લાગ્યા. પાટણ (નહરવાલા)-ની જમે મસ્જિદ લાલ પથ્થરની ઉલૂગખાનની બંધાયેલી છે." ઘણું કરીને "યાદે અય્યામ"માં ગ્રંથકારે એમાં (મિરાતે અહમદી)માંથી લીધું છે. વળી તેણે એક કદમ આગળ ભર્યો છે. જેમકે તે લખે છે કે "કેદીઓમાં રાણીઓ અને રાજાની પુત્રી દેવળદેવી રાણી પણ હાથ આવી. આ સર્વને ઉલૂગખાને દિલ્હી મોકલ્યાં. અને નહરવાલાને હકૂમતનું કેન્દ્ર કરાવી ખુદ નહરવાલામાં જમે મસ્જિદનું બાંધકામ શરૂ કર્યું",[૧] જે બહુધા ગુજરાતમાં સૌથી પહેલી મસ્જિદ હતી. તે જ ઉલૂગખાનને ગુજરાતના લોકો અલપખાન કહે છે."

ફરિશ્તાએ પણ હરેક જગ્યાએ ઉલૂગખાન નામ જ લખ્યું છે. અલબત્ત ફક્ત એક જ જગ્યાએ તેણે એ નામ સાથે "નાઝિમ" શબ્દ વાપર્યો છે. આ ઉપરથી વાચકને વિદિત થશે કે એ બંને એક જ શખ્સ માટે છે. અર્થાત્ પ્રથમ એણે મુલ્કો જીત્યા અને પાછળથી તેનીજ નાઝિમ તરીકે નિમણૂક થઈ.

મિરાતે મોહમ્મદી આ વિષય (ગુજરાતના ઇતિહાસ) ઉપર લખાયેલું હાલનું પુસ્તક છે તેમાં ગ્રંથકારે (પૃષ્ઠ ૩૪ ઉપર) "અલ્-માસ અેગ ઉલૂગખાન" વિશે હાંસિયામાં નીચે પ્રમાણેની હકીકત

---

૧. બીજા બનાવોની જેમ આ બાબત પણ ગલત છે. એનાથીએ પહેલાં ખંભાતમાં મસ્જિદો તૈયાર કરવામાં આવી હતી, જ્યાં અરબ વેપારીઓ રહેતા હતા. (મસ્ઉદી ભા. ૧; ઇબ્નબતૂતા ભા. ૨)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખી છે : "તારીખે ફરિસ્તામાં ફાતિહ (વિજેતા) અને નાઝિમ બંને માટે 'અલફખાન' શબ્દ લખવામાં આવ્યો છે." પરંતુ "મિરાતે અહમદી"ના ગ્રંથકારે ગલતીથી એક જ શખ્સને વિજેતા અને નાઝિમ સમજી 'ઉલૂગખાન' લખી દીધું છે અને એનું જોઈને જ ઘણાખરા અંગ્રેજી અને ગુજરાતી ઇતિહાસકારોએ તેમજ કર્યું છે. મુન્તખબુત્ તવારીખમાં નાઝિમનું નામ 'અલપખાન' લખવામાં આવ્યું છે. (પૃ. ૧૯૮ કલકત્તા) અને પૃષ્ઠ ૧૮૯માં જ્યાં "ગુજરાતનો વિજેતા" લખ્યું છે ત્યાં "ઉલૂગખાન"જ છે.

આ ઉપરથી સાફસાફ જણાઇ આવે છે કે મજકૂર ગ્રંથકાર પણ એ વાત સાચી સમજે છે. સિયરૂલમુતાખ્ખરીનમાં એ તરફ લક્ષ પણ આપવામાં આવ્યું નથી. ગ્રંથકારને એ પણ ખબર નથી કે ખુદ અલાઉદ્દીને ગુજરાત જીત્યું કે ઉલૂગખાને. ઉર્દૂમાં હિંદુતાનના વિસ્તૃત ઇતિહાસના ગ્રંથકાર મૌલ્વી ઝકાઉલ્લા સાહેબ પોતાની કિતાબ ભા. ૨ માં હરેક જગ્યાએ 'ઉલૂગખાન'જ લખે છે. ફક્ત ખિઝરખાનના લગ્ન પ્રસંગ ઉપર 'અલપખાન' લખ્યું છે, જેની પુત્રી સાથે ખિઝરખાનનાં લગ્ન થયાં હતાં. પરંતુ ચોથા ભાગના ૧૫૧મા પૃષ્ઠ ઉપર તે લખે છે કે "હિ. સ. ૬૯૬માં તેણે (સુલતાન અલાઉદ્દીને) એક લસ્કર અલપખાન (જેને લોકો અલફખાન પણ કહે છે) અને નુસ્રતખાનની આગેવાની નીચે મોકલ્યું." આગળ ચાલતાં તે લખે છે કે "જ્યારે નહરવાલા જીતી લેવામાં આવ્યું અને કરણ રાજા હાર ખાઈ નાઠો ત્યારે અલપખાનની નિમણૂક મુલ્કના હાકિમ તરીકે થઈ." આ બંને પરસ્પર વિરોધી બયાનો ઉપરથી માલૂમ પડે છે કે તે અસલ હકીકતથી વાકેફ નથી અને સંશોધન કર્યા વગર મળ્યું તેની નકલ કરી છે. સૂરી પિન્ડી સાહેબે તારીખે હિંદ પોતાને નામે લખી કે લખાવી છે તેમાં હરેક જગ્યાએ 'ઉલૂગખાન'જ લખવામાં આવ્યું છે. આ વિગતનો આખો ભાગ ઝિયા બર્નીની તારીખે ફીરોઝશાહીમાંથી તેણે લીધો છે. અને એમાં બંને નામોનો ફરક મોજૂદ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમીર ખુસરોએ "મસ્નવીએ ઇશ્કિયા" (પ્રેમકિસ્સા કાવ્ય) માં ગુજરાતના હુમલા સમયે 'ઉલૂગખાન' નામ લખ્યું છે અને ખિઝરખાનના લગ્ન વખતે 'અલપખાન' નામનો ઉલ્લેખ કર્યો છે, અને એક જગ્યા ઉપર "અલફખાન" પણ છે. આ વિશે એમ ચોક્કસ કહી શકાય કે અલફખાન ખરેખર "અલપખાન"ને બદલે લખાઈ ગયું હશે. તેથી ઝિયા બર્નીએ હોદ્દેદારોની જે ફેહરિસ્ત આપી છે તેમાં કોઇપણ શખ્સ 'અલપખાન' નથી. એ જ પ્રમાણે કેટલાક આધારયુક્ત ઇતિહાસોમાં પણ એ નામ નથી. ઉપરના લખાણમાં ખુલ્લેખુલ્લું એમ ન જણાયું કે "ફતિહ" અને નાઝિમ બંને એક જ શખ્સ માટે છે કે જુદા જુદા ? તેથી આ ગૂંચવણ દૂર કરવાને બીજી કિતાબોની મદદ લેવી જરૂરી છે. ગુજરાતના અરબી ઇતિહાસ "ઝફરૂલવાલા"ના ગ્રંથકાર મોહમ્મદ બિન ઉમરૂલ મક્કીએ ઇ. સ. ૧૨૯૬ (હિ. સ. ૬૯૬)ના બનાવોમાં નીચે પ્રમાણે લખ્યું છે :

"ઉલૂગખાને રાજા કરણના રાજ્યમાં આવેલા નહરવાલા (અણહીલ પુર પાટણ) જઈ તેનો કબ્જો લીધો."

વળી એક બીજી જગ્યાએ લખ્યું છે કે—

"અને તેનું બ્યાન છે કે અલાઉદ્દીને ઉલૂગખાન અને નુસ્રતખાનને ગુજરાતમાં સાધન સામગ્રી સાથે મોકલ્યા જ્યારે બંને નહરવાલા પાસે પહોંચ્યા ત્યારે રાજા કરણ તેઓનો મુકાબલો કરવા માટે નીકળ્યો. બંને બાજૂથી સખ્ત લડાઇ લડાયા બાદ રાજા કરણ હાર ખાઈ દેવગઢ ચાલ્યો ગયો અને તેના કુટુંબને ગિરિફતાર કરવામાં આવ્યું"

તે પછી તે લખે છે કે:—

"ઉલૂગખાન દિલ્હી તરફ ચાલ્યો. અને તે બંને (ઉલૂગખાન અને નુસ્રતખાન) સાથે ગુજરાતની લૂંટનો માલ હતો તેમજ રાજા કરણનું કુટુંબ હતું જેમાં તેની રાણી પણ હતી."

વળી ભાગ બીજાના પૃષ્ઠ ૭૯૧માં લખવામાં આવ્યું છે કે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એટલે સુધી કે એક દિવસ અલાઉદ્દીને કહ્યું અને તેની પાસે ઉલૂગખાન, નુસ્રતખાન, ઝફરખાન અને અલપખાન હતા."

એક બીજી જગ્યાએ ઈ સ. ૧૨૯૯ (હિ. સ. ૬૯૯) ના બનાવોમાં રણથંભોરના હુમલા વિશે તારીખે હુસ્સામખાનનો હવાલો આપી તે લખે છે કે:—

"ઉલૂગખાન તૈયાર થઈ બિયાના સામે ઊતર્યો અને એ બાજર હમીરદેવને પહોંચી."

તે જ વરસે મજકૂર કિલ્લો જીતી લેવામાં આવ્યો ત્યારે અલાઉદ્દીને તે કિલ્લો ઉલૂગખાનને આપ્યો. જેમકે તે લખે છે કે "ઇતિહાસકાર કહે છે કે ઘણી કોશિશ કર્યા પછી અલાઉદ્દીનની ફતેહ થઈ અને રાજા હમીરદેવ હાર્યો. ખુદ તે અને મોગલોમાંના જે લોકો તેના આશ્રિત હતા તે તમામને ગિરિફતાર કર્યા બાદ કતલ કરી અને સુલતાને તમામ શસ્ત્રસરંજામ સાથે કિલ્લો તેમજ આખો પ્રાંત પોતાના ભાઈને હવાલે કર્યો."

આગળ ચાલતાં પૃષ્ઠ ૭૧૦ ઉપર તે ફરીથી એ વિશે લખે છે કે:—

"અલાઉદ્દીન પોતાના ભાઈ ઉલૂગખાનને તે કિલ્લો અને જે કંઈ તે કિલ્લામાં હતું તે તથા પ્રાંત બક્ષિસ તરીકે આપી દિલ્હી તરફ ફર્યો અને આ ફતેહ હિ. સ. ૭૦૦ ના ઝિલકાદા માસની ત્રીજી તારીખે થઈ." (ઈ. સ. ૧૩૦૦).

ઉલૂગખાન વિશે તમામ હકીકતોનો ઉલ્લેખ કરી અલપખાન વિશે તે લખે છે, કારણ કે નુસ્રતખાન અને ઝફરખાન વિશે તે આગળ લખી ચૂક્યો છે:—

"અને અલાઉદ્દીનના જીવલેણ રોગ દરમિયાન અલપખાન વિશે જે બનાવ બન્યો તે આગળ આવશે."

પૃષ્ઠ ૮૨૬ માં છે કે:—

"સુલતાનની રાણી માહરૂએગમના ભાઈ અલપખાન અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મલેક કાફૂર વચ્ચે અદાવત થઈ અને તેનાથી જ અલાઉદ્દીનના મુલ્કોની બરબાદીની શરૂઆત થઈ. અને તે જ સમયે અલાઉદ્દીનને જલોદરનો રોગ થયો અને દિનપ્રતિદિન રોગ વધતો ગયો. કાફૂર અને અલપખાન એકબીજા સાથે લડતા હતા; પરંતુ કાફૂર દક્ષિણનો નાઝિમ, અને અલપખાન ગુજરાતનો નાઝિમ હતો,"

થોડીક લીટી બાદ લખે છે કે:—

"ત્યારપછી કાફૂર આવ્યો અને અલાઉદ્દીનને ખિઝરખાન અને તેની સ્ત્રી સાથે નારાજ થયેલો ભાળ્યો. ત્યારે અલાઉદ્દીનના સ્વભાવમાં ફેરફાર નિહાળી અલપખાનની કતલની પેરવી કરવા માંડી અને જ્યારે અલપખાનની કતલની ખબર ગુજરાતમાં પહોંચી ત્યારે તેના જે અમલદારો ગુજરાતમાં હતા તેમણે બળવો કર્યો અને ઠેકઠેકાણે તોફાનો મચાવ્યાં."

આ બ્યાન ઉપરથી સાફ સાફ માલૂમ પડે છે કે 'ઉલૂગખાન' અને 'અલપખાન' બંને અલગ અલગ શખ્સો છે. અલબત્ત અમીર ખુસરોના 'અલફખાન'ની માફક આ કિતાબમાં પણ બે જગ્યાએ 'અલપખાન'ને બદલે 'ઉલૂગખાન' લખવામાં આવ્યું છે. એ વિશે કિતાબના છેવટના ભાગમાં ઉલ્લેખ કરીશ. એ જ ઇતિહાસકારના સમકાલીન અબ્દુલકાદિર બદાયૂનો છે, જેણે આ વાતો સાફ સાફ લખી છે. સુલતાન અલાઉદ્દીન ખલજીના મથાળા નીચે લખે છે કે:—

"હિ. સ. ૬૯૫ (ઈ. સ. ૧૨૯૫) ના ઝિલ્હજ્જની ૨૨ મી તારીખે પોતાના ભાઈ અલમાસ બેગની સલાહથી દિલ્હીની સલ્તનતનો ઝંડો ફરકાવ્યો. તેને 'અલમાસ બેગ ઉલૂગખાન'નો અને તેના પુત્રના સસરા સન્જરને (જે મીર મજલિસ હતો), 'અલપખાન'નો, મલેક નુસ્રત જલેસરીને 'નુસ્રતખાન'નો અને મલેક બદ્રુદ્દીનને 'ઝફરખાન'નો ખિતાબ આપી સીરી (દિલ્હી)ના મેદાનમાં પડાવ નાખ્યો."

---

૧. ઝફરૂલવાલા ભા. ૨, પૃ. ૮૦૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુલતાન અલાઉદ્દીન ખલજીના ભાઈનું નામ અલમાસ બેગ હતું, અને તેને 'ઉલૂગખાન'નો ખિતાબ આપવામાં આવ્યો હતો. અલાઉદ્દીનના પુત્ર (ખિઝરખાન)ના સસરાનું નામ સન્જર હતું. તેને 'અલપખાન'નો ખિતાબ અર્પણ કરવામાં આવ્યો. એ શખ્સ તે સમયે મજલિસનો પ્રમુખ હતો તેની સાથે મલેક નુસ્રત જલેસરીને 'નુસ્રતખાન' અને મલેક બદ્રુદ્દીનને 'ઝફરખાન'નો ખિતાબ મળ્યો.

ત્યાર પછી કેટલીક લીટી પછી લખે છે કેઃ—

"હિ. સ. ૬૯૬ (ઈ. સ. ૧૨૯૬) ના મોહર્રમ મહિનામાં ઉલૂગખાન અને અલપખાનની અરકુલીખાન અને સુલતાન રુકનુદ્દીનને (પકડવા) માટે નિમણૂક કરી."

હિ. સ. ૬૯૮ (ઈ. સ. ૧૨૯૮)ની સાલના બનાવોમાં લખ્યું છેકેઃ—

"ઉલૂગખાનને એક મોટી ફોજ આપી ગુજરાતના રાજા કરણ ઘેલાનો મુકાબલો કરવા માટે નીમ્યો. તેની પાસે ૩૦૦૦૦ હજાર સવાર, ૮૦૦૦૦ નું પાયદળ અને ૩૦ હાથીનું લશ્કર હતું."

"અને ઉલૂગખાને રાજા કરણને હરાવી નહરવાલા લૂંટી તેની પૂંઠ પકડી."

આના અનુસંધાનમાં ઉલૂગખાનના ગુજરાતમાં ફરીથી આગમન વિશે અલ્વર નામની જગ્યાએ લશ્કરે જે તોફાન મચાવ્યું હતું તેનો ઉલ્લેખ કરી આગળ લખે છે કેઃ—

"અને ઉલૂગખાન લાગલગાટ કૂચ કરતો દિલ્હી ગયો, અને જહાબનનો ઈલાકો ઉલૂગખાનને સોંપી તે પોતે ચિતોડ તરફ ગયો."

રણથંભોરના ઘેરા વખતે દિલ્હીમાં જે તોફાન હાજી મૌલાએ મચાવ્યું હતું તે દબાવ્યા પછી ઉલૂગખાનને વ્યવસ્થા માટે દિલ્હી મોકલવામાં આવ્યો, જ્યાં તેણે પોતાનો અમલ ચલાવી શાંતિ કાયમ કરી, એ વિશે બદાયૂની-ભાગ-૧. પૃષ્ઠ ૧૯૪માં લખવામાં આવ્યું છે કેઃ—

"અને સુલતાને ઉલૂગખાનને દિલ્હી જવા માટે ફરમાવ્યું, જેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરીને જે લોકોએ આ બળવામાં ભાગ લીધો હતો તેને બરાબર શિક્ષા કરી બરબાદ કરે."

"આની બક્ષિસરૂપે સુલતાને રણથંભોરનો કિલ્લો તથા તેની આસપાસના ઇલાકા તેને (ઉલૂગખાનને) જાગીરમાં આપી તે પાછો ગયો."

આ પછી ઉલૂગખાન વિશેનો કંઈ પણ ઉલ્લેખ નથી, પરંતુ હવે તે અલપખાનનો ઉલ્લેખ કરે છે, જેની સાથે મલેક કાફૂરને અદાવત હતી, કારણ કે કાફૂર તમામ તાકત પર ઉમરાવો અને સલ્તનતના વારસદારોનું નિકંદન કરી શાહી તખ્ત હાંસિલ કરવાની ઇચ્છા સેવતો હતો. અલાઉદ્દીનને તેની સામે ઉશ્કેરવાને તે અલપખાન અને ખિઝરખાન વિશે શિકાયત કરે છે અને શંકાશીલ કરવાની કોશિશ કરે છે. આ જગ્યાએ બદાયૂની ઇતિહાસમાં પૃષ્ઠ ૧૯૮, ભાગ ૧ માં લખે છે કે:—

"મલેક નાયબે ખિઝરખાનના આગમનને મહત્ત્વ આપી કહ્યું કે ગુજરાતથી આવી અલપખાને રાજકીય બાબતો માટે દુરંદેશી વાપરી નાયબ અને વકીલ થવાના લોભે પોતાના ભાણેજને (ખિઝરખાનને) બોલાવ્યો છે."

તે પછી અલપખાનની કતલ વિશે તે લખે છે કે:—

"આ વાતને સાચી ગણી સત્વર અલપખાનને શિક્ષા કરવાનો હુકમ કર્યો, અને એ બીચારાના મલેક નાયબ અને કમાલુદ્દીન ગુર્ગે બકરીની માફક રાજમહેલમાં ટુકડા ટુકડા કરી નાખ્યા."

તે પછી ખિઝરખાનને પાયતખ્તથી દૂર બસેડવા વિશે લખે છે:—

"ખિઝરખાન પોતાના મામાની કતલથી ભયભીત થયો તેથી તેને આવી રીતે છોડવામાં આવે એ ઠીક નથી. એવો હુકમ કરવામાં આવ્યો કે એ થોડાક દિવસ માટે રાજકીય કારણને લઈને અમ્રુહામાં રહે."

ઝિયા બર્नी આ બનાવો માટે જાણે પ્રત્યક્ષદર્શી છે. તેણે પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇતિહાસમાં દરેક જગ્યાએ આ બાબત ધ્યાનમાં રાખી છે. જેમકે ગુજરાતના નાઝિમ વિશે તે દરેક જગ્યાએ "અલપખાન" લખે છે. એક જગ્યાએ તે લખે છેઃ—

"અને મલેક નાયબ કાફૂર અને ખિઝરખાનના સસરા અલપખાન વચ્ચે જાની અદાવત પેદા થઈ."

વળી બીજી જગ્યાએ તે લખે છે કેઃ—

"અને મલેક નાયબ કાફૂરને દેવગઢથી અને અલપખાનને ગુજરાતથી દિલ્હીમાં બોલાવી લીધા."

ફરીથી આગળ ચાલતાં લખે છે કેઃ—

"અને કોઈ પણ ગુનો તથા બદદિયાનત વગર અલપખાનને સુલતાન અલાઉદ્દીન મારફત મારી નંખાવ્યો અને ખિઝરખાનને કેદ કરાવી ગ્વાલિયર મોકલાવ્યો. ખિઝરખાનની માને કોશક લાલ (લાલ મહેલ કે લાલ કિલ્લા)માંથી બહાર કઢાવી. અને એ જ અલપખાનની કતલ અને ખિઝરખાનની હદપાર અને કેદને દિવસે અલાઉદ્દીનનો પાયો હચમચી ગયો."

જ્યાં જ્યાં ગુજરાતના જીતનારનો ઉલ્લેખ છે ત્યાં ત્યાં 'ઉલૂગખાન'નું નામ લખે છે :

"અલાઉદ્દીનની તખ્તનશીનીના ત્રીજા વરસે ઉલૂગખાન અને નુસ્રતખાને ઉમરાવો અને લશ્કરના સરદારોને લઈ ધામધૂમ અને દબદબા સાથે ગુજરાત ઉપર ચડાઈ કરી."

બીજી જગ્યાએ લખે છે કેઃ—

"ગુજરાત લૂંટી ઉલૂગખાન અને નુસ્રતખાન બેશુમાર લૂંટના માલ અને દોલત સાથે પાછા ફર્યા."

આગળ ચાલી ફરીથી લખે છે કેઃ—

"ઉલૂગખાન અને નુસ્રતખાન હાથી, ગુલામ અને ગુજરાતની લૂંટમાં આવેલી તમામ ધનદોલત લઈ દિલ્હી આવ્યા."

એ પ્રમાણે બીજી બીજી જગ્યાએ લખે છેઃ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અને તે જ સાલ દરમિયાન ઉલૂગખાન અને નુસ્રતખાનને ગુજરાતમાં મોકલવામાં આવ્યા અને ઝફરખાનની નિમણૂક સિવસ્તાન જવા માટે થઈ.

"ઝિયા બર્નીએ ઉમરાવો અને સલ્તનતના હોદ્દેદારોનાં નામોની ફેહરિસ્ત લખી છે તેમાં પણ અલગ અલગ નામો લખ્યાં છે:

ઉલૂગખાન	અલમાસ બેગ	સુલતાનનો ભાઈ
ઝફરખાન	ફોજમંત્રી	
નુસ્રતખાન	વજીર	
અલપખાન		સુલતાનનો અમીર

"આ બનાવનાં લગભગ વીસ વરસ પછી ઈ. સ. ૧૩૩૩ (હિ. સ. ૭૩૪)માં પશ્ચિમનો મશહૂર મુસલમાન મુસાફર ઇબ્ન બતૂતા આવે છે એ પણ એનું સમર્થન કરતાં લખે છે કે:—

"ત્યારપછી પાદશાહ બીમાર થયો. એની પટરાણી ખિઝરખાનની મા હતી જેનું નામ માહરૂ હતું. એ રાણીનો એક ભાઈ હતો તેનું નામ સન્જર હતું. તેણે તેના પુત્ર ખિઝરખાનને પાદશાહ બનાવવા માટે કોશિશ કરે એવા સોગંદ તેના ભાઈ પાસે લેવડાવ્યા. મલેક કાફૂરે પાદશાહને ખબર પહોંચાડી કે આવી જાતનું વચન આપવામાં આવ્યું છે. બાદશાહે પોતાના ખાસ માણસોને મોકલીને હુકમ કર્યો કે સન્જર જ્યારે મારી પાસે આવે અને હું તેને ખિલાત (શાહી પોશાક) આપું અને તે જ્યારે પહેરવા માંડે ત્યારે તમારે તેના હાથ પાછળ બાંધી નીચે તોડી પાડવો અને મારી નાંખવો. અને એ જ પ્રમાણે કરવામાં આવ્યું. તેણે (ખિઝરખાને) તેના પિતાના હાથે તેના મામાની કતલ થયાના સમાચાર જાણ્યા ત્યારે તેને અતિ દિલગીરી થઈ અને બહુ આઘાત થયો."[૨]

(આખર પર્યંત)

આ પુરાવા ઉપરથી ખાત્રી થઈ જશે કે 'ઉલૂગખાન' અને

૧. ઝિયા બર્નીની તારીખે ફીરોઝશાહી કલકત્તા:—અલાઉદ્દીન ખલજીનું પ્રકરણ.

૨. ઇબ્નબતૂતા ભા—૨ પ્રકરણ ૪, ફસલ ૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અલપખાન' બે અલગ શખ્સ હતા. અને એમ પણ જણાયું કે અલપખાન મલેકા જહાન–માહરૂ બેગમનો ભાઈ અને ખિઝરખાનનો મામો હતો અને એ જ અલપખાનની પુત્રી સાથે ખિઝરખાનનું પહેલું લગ્ન થયું હતું. અને એ જ અલપખાનને અલાઉદ્દીને પોતાની (મરણ સમયની) માંદગી વખતે સલાહ માટે બોલાવ્યો હતો.

હવે હું કહેવા માગું છું કે ઉલૂગખાને બેશક ગુજરાત જીત્યું, પરંતુ અલમાસ બેગ ઉલૂગખાન કદી અને કોઈ વખતે પોતાની આખી જિંદગી દરમિયાન ગુજરાતનો નાઝિમ થયો ન હતો, કારણ કે ગુજરાતની ફતેહ પછી તે લાંબો સમય જીવ્યો ન હતો; રણથંભોરની ફતેહ પછી જ થોડા દિવસમાં દિલ્હી જતાં મરણ પામ્યો હતો. અને એ કારણને લઈને તેને કોઈ જગ્યાએ નાઝિમના પદ ઉપર આવવાનો મોકો પણ મળ્યો ન હતો. અલબત, તેની જાગીરમાં આવેલાં જલોર અને જહાજનમાં કેટલાક દિવસ તે રહ્યો હતો. જેમકે બદાયૂની લખે છેઃ—

"સુલતાન રણથંભોરનો કિલ્લો તથા તેનો પ્રાંત તે (ઉલૂગખાન)" ની જાગીર તરીકે ડરાવી વાપસ ગયો. અને તે (ઉલૂગખાન) તે જ દિવસે રસ્તામાં માંદો પડયો અને આ દુનિયામાંથી સિધાવી ગયો.[૧] અને "જેવું શદ્દાદને[૨] માટે તેનું જન્નત, તેવું તેને માટે રણથંભોર ઠર્યું."

ફરિશ્તા રણથંભોરની ફતેહના બ્યાનમાં ઉલૂગખાન વિશે લખે છેઃ—

"ત્યારપછી લટાર મારવાને પાદશાહ ઉપર ગયો. ત્યાંનું બેશુમાર નગદ નાણું તથા જવાહિરાત સાથે કિલ્લો તથા તે પ્રાંત

---

૧. તારીખે બદાયૂની ભા. ૧, પૃ૦ ૧૯૪

૨. કહેવાય છે કે પુરાણા જમાનામાં એ નામનો એક પાદશાહ હતો, જેણે એક બાગ જન્નતનું અનુકરણ કરીને તૈયાર કરાવ્યો હતો. તે પૂરો થયો ત્યારે તેના રસાલા સાથે જેવો અંદર દાખલ થયો તેવો જ આકાશમાંથી એક ભયંકર અવાજ આવ્યો અને તેના હિચકા સાથે તે મરણ પામ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અલમાસ બેગને ઇનામ તરીકે આપી દિલ્હી તરફ રવાના થયો. અલમાસ બેગ પાંચ છ મહિના પછી સખ્ત માંદો પડતાં દિલ્હી તરફ રવાના થયો, પરંતુ રસ્તામાં મરી ગયો."[૧]

ઝિયાઉદ્દીન બર્ની પોતાની તારીખે ફીરોઝશાહીમાં જણે કે પોતાની આંખે જોયું હોય તેમ નીચે પ્રમાણે લખે છે કેઃ—

" અને ઉલૂગખાને સુલતાનની ગેરહાજરીમાં ચારપાંચ મહિનામાં ઘણો પ્રભાવ પાડયો. અને તેનો ચોક્કસ ઇરાદો તેલંગણ અને મઅબર (મદ્રાસ) જવાનો હતો, એટલામાં તેનું મોત ભમતું પાછળથી આવ્યું અને શહેર (દિલ્હી) તરફ રસ્તામાં જતાં તેનો પ્રાણ નીકળી ગયો અને એના જ મકાનમાં એની દફનક્રિયા કરવામાં આવી. આ મુસ્કેલીથી સુલતાન અતિ ગમગીન થયો અને ઘણી ખેરાત કરી'."[૨]

ઝફરૂલવાલામાં જણાવવામાં આવ્યું છે કેઃ—

" અને અલમાસબેગ ઉલૂગખાન બિન નસ્રુલ ખલજી મરણ પામ્યો. અલાઉદ્દીનની સલ્તનતના આધારરૂપ બનેલા ચાર શખ્સોમાંનો એ એક હતો. આમ હોવા છતાં તેના દિલની ખાહિશ એવી હતી કે તેનું મોત બીજાને હાથે થાય."[૩]

તારીખે હુસ્સામખાનમાં સાફ સાફ એમ લખવામાં આવ્યું છે કે " અલાઉદ્દીન ખલજી પોતાના ચાર સરદારો, જેમના ઉપર તે આધાર રાખતો હતો અને જે તેમના મુલ્કોમાં વૃદ્ધિ કરતા હતા તેમનાથી હંમેશાં ડરતો રહેતો હતો. તે તેમનું જોર કમ કરવાની કોશિશમાં નિરંતર રહેતો. તે તેમનું મોત ઇચ્છતો હતો, પરંતુ બીજાના હાથે, કે જેથી લોકો એમ ન કહે કે તેણે પોતાના હાથ આ વફાદાર શખ્સોના ખૂનથી રંગીન કર્યા. જેમકે ઇતિહાસોમાંથી ચોક્કસ માલૂમ પડે છે કે આ બનાવો તેની ઇચ્છા પ્રમાણે બન્યા. ઝફરખાન મોગ-

૧. તારીખે ફરિશ્તા ભા. ૧ અલાઉદ્દીન વિશેનું પ્રકરણ.
૨. ફીરોઝશાહી બર્ની, પૃ. ૨૮૩
૩. ઝફરૂલવાલા ભા. ૨, પૃ. ૮૧૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોની લડાઈમાં માર્યો ગયો અને નુસ્રતખાને રણથંભોરની લડાઇ વખતે એક પથ્થરના ઘાથી આ ફાની દુનિયામાંથી વિદાય લીધી. ઉલૂગખાનને આ ફતેહના ચાર પાંચ મહિના પછી ઝેર આપવામાં આવ્યું; સખ્ત માંદો પડવાથી દિલ્હી તરફ રવાના થયો, પરંતુ રસ્તામાં જ મરણ માગ્યો. જેમકે હુસ્સામખાન પોતાના ઇતિહાસમાં મજકૂર કિલ્લાની ફતેહ વિશે અલાઉદ્દીનની હકીકત લખી જણાવે છે કે–

"વાત એ છે કે રણથંભોરથી પાછા ફરતાં ઉલૂગખાનને ઝેર આપવામાં આવ્યું; રોગ ચાર પાંચ મહિના લંબાયો અને તે તે દિવસો દરમિયાન વારંગલ જીતવાને ફોજ જમા કરવામાં મશગૂલ હતો. તે સખ્ત માંદો પડયો, અને લાવતાં રસ્તામાં મરણ પામ્યો. તેની લાશ દિલ્હી પહોંચી ત્યારે તેના મકાનમાં જ દફનાવામાં આવી."

આ બ્યાનો ઉપરથી જણાઇ આવે છે કે ગુજરાત જીતનાર ઉલૂગખાન અલમાસ બેગ ઈ. સ. ૧૩૦૧ (હિ. સ. ૭૦૧)માં દિલ્હી આવતાં મરણ પામ્યો ત્યારે તે અવસાન બાદ વીસ વરસ ગુજરાત ઉપર રાજ્ય કરે એ કેમ બને? હવે એ વાત નક્કી થઈ ગઈ કે હકૂમત કરનાર ખરેખર 'અલપખાન' નામથી ઓળખાતો સન્જર હતો અને નહિ કે અલમાસ બેગ 'ઉલૂગખાન'. ઇતિહાસોમાં નજર નાખવાથી ગેરસમજનું અસલ કારણ નજરે પડે છે.

સંશોધન કર્યા વગર ઇતિહાસકારોએ 'ઉલૂગખાન' અને 'અલપખાન' વચ્ચેનો તફાવત પરદેશી શબ્દ હોવાને લઇને ન જોયો, પરંતુ ભૂલથી ફેરફાર કરી 'અલફખાન' કર્યું. ગેરમુસ્લી અને ગેર-ઇસ્લામી તારીખોમાં વધારે પ્રચાર થવાનું આ કારણ છે.

જેમકે પંડિત "વિવેકધીર" જે જૈન ધર્મના તીર્થો અને બહાદુરશાહ[1] ગુજરાતના સમકાલીન હતા, તેમણે પોતાની 'શત્રુંજય [શેત્રુંજો] તીર્થપ્રબંધ'માં હરેક જગ્યાએ 'ઉલૂગખાન' જ લખ્યું છે.[2] વાત એ છે કે ગુજરાત જીતનાર ઉલૂગખાન ગુજરાતમાં જાણીતો થઈ ગયો હતો.

---

૧. શત્રુંજય તીર્થ પ્રબંધ અસલ સંસ્કૃત (પરિશિષ્ટ), પૃષ્ઠ ૩૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના પછી અલપખાન આવ્યો ત્યારે 'અલપખાન' અને 'ઉલૂગખાન' વચ્ચેનો ફરક સામાન્ય લોકો સમજ્યા નહિ. બીજી વાત એ છે કે મારા ખ્યાલ પ્રમાણે સૌથી પહેલાં આ બાબત તરફ ફરિશ્તાએ અસાવધતા બતાવી. ફરિશ્તાએ બંને જગ્યાએ "ઉલૂગખાન" શબ્દ વાપર્યો છે અને તફાવત માટે "નાઝિમ" કે "વાલી" પણ સાથે ઉમેર્યું; પરંતુ તેણે કોઈ પણ જગ્યાએ અસલ નામનો ઉપયોગ નથી કર્યો. તેના પછીના ઇતિહાસકારોમાં એ ઉપરથી જ ગેરસમજ થઈ, કારણ કે ફરિશ્તા પછી જેટલા ઇતિહાસો હિંદુસ્તાનમાં લખાયા તેમાંના મોટા ભાગના ફરિશ્તા ઉપરથી જ લખાયેલા છે. ખુદ ફરિશ્તાએ એમ કેમ લખ્યું ? મારી માન્યતા મુજબ તેણે કંઈક બેદરકારી બતાવી છે, કારણ કે "તારીખે ફરિશ્તા" જો ધ્યાનપૂર્વક વાંચવામાં આવે તો માલૂમ પડશે કે ખુદ ફરિશ્તાએ તો સાચી બિના લખી છે, પરંતુ તેની થોડીક બેદરકારીને લઈને બીજાઓ પણ ગેરસમજમાં ભેરવાઈ પડયા. એ પણ એક વાત છે કે સામાન્ય રીતે લોકોમાં 'ઉલૂગ' અને 'અલપ' વગેરે શબ્દોના અર્થની ખબર ન હોવાથી પણ ગેરસમજ પેદા થઈ. અને તેથી આ વાત સાફ સાફ જણાવવા માટે એ શબ્દો વિશે પણ નીચે પ્રમાણે થોડું કે લખું છું. "ઉલૂગ" તુર્કી શબ્દ છે અને એનો અર્થ "મહાન" થાય છે. જેમકે "તોહીદે બારી"માં તબાતબા શાએર કહે છેઃ—

"કાફિરો તરસા યહૂદો ગબ્રો મુગ[૧]
જુમ્લા રા રૂ સુયે આં સુલ્તાં ઉલુગ."

(કાફિર, ક્રિશ્ચિયન, યહૂદી, પારસી વગેરે સૌની નજર એ મહાન પાદશાહ (ખુદા)ની તરફ હોય છે.)

અને અલપખાન (ફારસી "અ" સાથે)નો અર્થ "બહાદુર" થાય છે, એ પણ તુર્કી શબ્દ છે. અને એમાંથી જ 'અલપ અરસલાન' અને

૧. બહારે અજમ ભા. ૧, અલેફોલામ પ્રકરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કઝલ અરસલાન' છે જેનો અર્થ "બહાદુર શેર" અને "લાલ શેર" થાય છે. એ જ પ્રમાણે "અકત" શબ્દ છે, જેનો અર્થ "નાનો" થાય છે. બીજો તુર્કી શબ્દ "કતલગ" છે, એનો અર્થ "મધ્યનો" કે "વચ્ચેનો" થાય છે. સંભવિત છે કે 'અકતખાન' અને 'કતલગખાન'-ના ખિતાબ પણ લોકોને આપવામાં આવતા હોય. પરંતુ 'ઉલૂગખાન' અને 'અલપખાન'ની બાબતમાં તો એ વાત સાબિત થઈ ગઈ છે કે મુસ્લિમ બાદશાહો એનો ઉપયોગ ખિતાબ માટે કરતા હતા. જ્યાં-સુધી તુર્કોનો સમય રહ્યો ત્યાંસુધી એનો રિવાજ વધુ પ્રમાણમાં રહ્યો અને મોગલ સલ્તનત દરમિયાન એનો લોપ થયો. જેમકે આપણે ઇતિહાસોમાં વાંચીએ છીએ કે સુલતાન નાસીરુદ્દીન મહમૂદના વખતમાં ગિયાસુદ્દીન બલબનનો ખિતાબ 'ઉલૂગખાન' હતો, અને અલાઉદ્દીન ખલજીના સમયમાં 'અલમાસબેગ ઉલૂગખાન' થયો હતો. અને એ જ પ્રમાણે સુલતાન ગિયાસુદ્દીન (તગલક) ના જમાનામાં એનો પુત્ર મોહમ્મદ (તગલક), ઉલૂગખાન થયો. ટૂંકમાં 'ઉલૂગખાન' અને 'અલપખાન' એ સમયના ખિતાબો હતા અને એ ઉમરાવોને મળતા હતા. અને આ બન્ને હોદ્દા આજકાલના 'અમીરુલ્‌ઉમરા' (વડો ઉમરાવ) અને 'ખાનબહાદુર"ના અર્થના જ છે. જેમકે પહેલાં તમે વાંચી ગયા છો કે મોહમ્મદ અલાઉદ્દીન ખલજીએ તખ્તનશીન થઈ પ્રથમ અલમાસ બેગને 'ઉલૂગખાન', સંજરને 'અલપખાન' અને મલેક નુસ્રતને 'નુસ્રતખાન'નો ખિતાબ આપી વર્ધમાન કર્યા, કારણ કે એ એવા શખ્સો હતા કે તેમની અત્યંત મહેનતને લઈને જ તેને સલ્તનત ઉપર બેસવાનું મળ્યું હતું. તેમના જ બાહુબળથી હિન્દ જિતાયો અને ખંડણી ભરતો થયો. અને તેમના જ શૌર્યને લઈને ચંગીઝી તુર્કોના દિલમાં અલાઉદ્દીનનો ડર પેદા થયો હતો. આ ચાર ઉમરાવો જીવ્યા ત્યાંસુધી સન્જર ફક્ત 'અલપખાન' રહ્યો, પરંતુ ઝફરખાન, નુસ્રતખાન અને ઉલૂગખાન મરણ પામ્યા અને તેમની જગ્યા ખાલી પડી ત્યારે અલાઉદ્દીને તે હોદ્દા ઉપર બીજાઓની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિમણૂક કરવાની ઇચ્છા કરી. સાથે સાથે તેને ઉમરાવોની તાકત કદાચ વધી જાય એવો ડર રહેતો હતો; પરંતુ એને જે સેનાપતિઓની સેવા રાતદિન મુલ્કના સંરક્ષણમાં અદા થતી તેમની ફતેહો અને બહાદુરી માટે બક્ષિસો આપ્યા વગર પણ છૂટકો ન હતો. અને હવે પુરાણા અમલદારોમાં ફક્ત ગણતરીના કેટલાક બાકી રહી ગયા હતા અને તેના પોતાના ખાનદાનમાં અનુભવી અને લાયક અલપખાન હતો, તેથી ત્યારે ઈ. સ. ૧૩૦૪ (હિ. સ. ૭૦૪)માં મલેક ગાઝી (ગિયાસુદ્દીન) તગલક, ઐનુલ્મુલ્ક મુલ્તાની અને અલપખાને ઘણી બહાદુરીથી મોગલોનાં મોં ફેરવી દીધાં ત્યારે તે માટે બક્ષિસરૂપે મલેક તગલકને પંજાબ અને મુલતાનનો નાઝિમ બનાવવામાં આવ્યો અને ઐનુલ્મુલ્કને માળવાની છત પછી માળવાના નાઝિમ તરીકે નીમવામાં આવ્યો. અલપખાનના હાથ નીચે પહેલેથી જ એક મહાન સૂબો હતો તેથી માનવંત કરવાને 'અમીરુલ્ ઉમરા' (કે 'ઉલૂગખાન')નો ખિતાબ અર્પણ કરી એક મહાન લશ્કર લઈ ભપકાભેર ગુજરાત તરફ રવાના કર્યો. અને તે અમીરુલ્-ઉમરાના હોદ્દા ઉપર આખરે મલેક કાફૂરને પણ મુકરર કરવામાં આવ્યો. કદાચ આ જ કારણથી ફરિશ્તાએ હરેક જગ્યાએ 'ઉલૂગખાન' લખ્યું છે, અને બીજાઓએ પણ કેટલીક જગ્યાએ એનો ઉપયોગ કર્યો છે. સંભવિત છે કે એ સત્ય હોય. પરંતુ ફરિશ્તાએ એક મામૂલી ગફલતથી અલમાસબેગ ઉલૂગખાન અને મલેક સન્જર ઉલૂગખાન (અગાઉ અલપખાન) વિશે વાચકોને સંશયમાં નાખ્યા અને ગેરસમજથી લોકો સમજવા લાગ્યા કે બંને એક જ છે. જો કોઈ એક જગ્યાએ જ સન્જર અથવા અલપખાનનું નામ એણે લખ્યું હોત તો ગેરસમજ દૂર થઈ જાત; પરંતુ એણે તેમ ન કર્યું. આવી રીતે સામાન્ય વર્ગના લોકોમાં ખરી વસ્તુસ્થિતિની જુદી જ વાત ફેલાઈ. મેં મજકૂર લખાણમાં ફરિશ્તાના "ઉલૂગખાન" અને "અમીરુલઉમરા" વિશેની બાબત જણાવી છે; પરંતુ હકીકત એ છે કે સૌથી પહેલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરિશ્તાએ જ એ ભૂલ ઉપસ્થિત કરી છે.[૧] ઝિયાઉદ્દીન બર્નીએ કોઈ પણ જગ્યાએ 'અલપખાન'ને માટે 'ઉલૂગખાન' લખ્યું નથી. અને તેનો તો દાર્શનિક પુરાવો છે. ફરિશ્તાનો સમકાલીન બદાયૂની પણ એ બાબતમાં ઝિયાઉદ્દીન બર્નીને ટેકો આપે છે. તે પછીના ઇતિહાસોમાં ફક્ત ફરિશ્તા પ્રમાણે ચાલવામાં ભૂલો જરી રહી. આથી મારા મત મુજબ અલાઉદ્દીન ખલજીના સમયમાં ગુજરાતનો કોઈ પણ નાઝિમ 'ઉલૂગખાન' નામનો થયો ન હતો.

મલેક સંજર:—ગુજરાતનો પહેલો નાઝિમ (ગવર્નર)

ઈ. સ. ૧૨૯૭ થી ઈ. સ. ૧૩૧૬–(હિ. સ. ૬૯૭ થી હિ. સ. ૭૧૬).

તેનું નામ 'સંજર' હતું. તે શરૂઆતમાં અલાઉદ્દીન બાદશાહ સાથે હતો. જ્યારે સુલતાન અલાઉદ્દીને તેની બહેન માહરૂ બેગમ સાથે લગ્ન કરી દીધું ત્યારે તેમના સંબંધમાં વૃદ્ધિ થઈ. શરૂઆતમાં એનો હોદ્દો 'મીર મજલિસ'નો હતો. અલાઉદ્દીનની સલ્તનતની શરૂઆતમાં તેનાં સુદર કામ અને વફાદારીને લઈને તેને 'અલપખાન'નો ખિતાબ મળ્યો હતો. જ્યારે ઉલૂગખાન સુલતાન તરફ જલાલુદ્દીનના પુત્ર અરકલીખાનનો બંદોબસ્ત કરવાને ગયો ત્યારે અલપખાન પણ તેની સાથે સાથે હતો. અરકલીખાનની ગિરફતારી બાદ ઉલૂગખાન ચાલ્યો આવ્યો અને અલપખાનને સુલતાનનો નાઝિમ નીમવામાં આવ્યો. આ જ કારણથી અલપખાનને 'મુલ્તાની' કહેવામાં આવે છે. મુલતાનમાં એ કેટલો વખત રહ્યો તે કોઈ આધારયુક્ત રીતે જણાયું નહિ. ઘણું કરીને તુરત જ તેને માટે બીજી જગ્યા મુકરર કરવામાં આવી. અને એ સુલતાન ઐનુલ્મુલ્ક મુલ્તાનીને સુપ્રત કરી વાપસ આવી રહ્યો. વળી ઇતિહાસોમાં એ પણ ચોક્કસપણે નથી માલૂમ પડતું કે તે ગુજરાત ઉપરના હુમલા વખતે ઉલૂગખાન સાથે હતો કે નહિ. પરંતુ એ તો બિલકુલ ચોક્કસ છે કે ગુજરાતની ફતેહ પછી અલપખાનને ત્યાંનો

---

૧ ફરિશ્તા—ભાગ ૧. અલાઉદ્દીન ખલજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાઝિમ બનાવવામાં આવ્યો.[૧] જેમકે બદાયૂની અને ફરિસ્તામાં વિગતવાર લખવામાં આવ્યું છે કે 'મલેક સંજર અલપખાન ગુજરાત પહોંચી મુલકની વ્યવસ્થામાં મશગૂલ થઈ ગયો.' પરંતુ સંજરનાં કર્તવ્યો જાણવાને માટે એક વખત ગુજરાતની કેવી હાલત હતી તે જણાવવું આવશ્યક છે. ઉલૂગખાન હાકેમોના વસવાટવાળાં મહાન શહેરો ઉપર તરવારના જોરથી ફતેહ મેળવી ચાલ્યો ગયો. પરંતુ ગુજરાત ફક્ત મહાન મહાન શહેરોનું જ ન હતું, તે ઉપરાંત પણ ઘણી રાજધાનીઓ હતી, જે તે સમય પર્યંત જીતવામાં આવી ન હતી. સાબરમતી નદીની પશ્ચિમમાં ઘણાખરા પ્રદેશો ઉપર વાઘેલા વંશની એક શાખા રાજ્ય ચલાવતી હતી. અને એ વંશના હજુ વધારાના કાંટા ઈડરના રાઠોડ અને નરસિંગમના પરમાર હતા. તે જુદી જુદી જગ્યાએ વીરપુરના પહાડની પાસે મહી નદીના કિનારે પોરિનિયા પર્યંતના માલિક હતા. એ જગ્યા ગુજરાતના તદ્દન ઉત્તરના છેડે હતી. કચ્છનું નાનું રણ અને ખંભાતના અખાતની વચ્ચે જે મેદાનનો મુલક છે તેમાં ઝાલાની સત્તા હતી. એ કોમની શાખાઓ અને અસલ રહેવાસીઓમાંની ચોખ્ખી અને ભેળસેળ પ્રજા "ચુંવાળ"માં ફેલાઈ હતી. તે જંગલ અને પહાડવાળી મુશ્કેલીભરી જગ્યા ઉપર રાજ્ય કરતી હતી. કેટલાક રજપૂતોની હિમાયતથી પૂર્વમાં "પાવાગઢ"માં કાલિકા માતાની ધ્વજા ઊડી રહી હતી અને પશ્ચિમમાં ખેંગાર પોતાના જૂનાગઢનો પ્રખ્યાત કિલ્લો વગેરે જોરથી પકડી રહ્યા હતા. તેઓ તેની દીવાલની અંદરથી દ્વીપકલ્પ ઉપર પોતાનો રૂઆબ

---

૧. પરંતુ કેટલાક ઇતિહાસોમાંથી એમ જણાય છે કે ગુજરાતની ફતેહ બાદ કોઈ સરવરખાનને ઉલૂગખાને કામચલાઉ નીમ્યો હતો. તે લગભગ ત્રણ વરસ રહ્યો. ત્યારપછી જ્યારે ગુજરાતીઓએ બળવો કર્યો, ત્યારે અલપખાન (ગુજરાતની ફતેહ પછી ત્રણ વરસે) નાઝિમ થઈ ગુજરાતમાં આવ્યો. આ પ્રમાણે ગણતાં અલપખાન ઈ. સ. ૧૩૦૦ (હિ. સ. ૭૦૦) માં ગુજરાતનો નાઝિમ નિમાયો અને નાઝિમ તરીકે ગુજરાતમાં ૧૬ વરસ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બતાવતા હતા, જ્યાં સ્વતંત્રપણે લાંબા સમયથી રાજ્ય કરી રહ્યા હતા. ધોધા, વીરમ અને ગોહીલવાડ જે સમુદ્રના કિનારા ઉપર છે તેમાં ગોહીલોની હકૂમત હતી. તે પોતાને વાઘેલા વંશના ઓળખાવે છે. ટૂંકમાં સિદ્ધરાજના ખાનદાનની ઘણી રાજધાની હતી, જે બિલકુલ અને સંપૂર્ણ રીતે તેને તાબે ન હતી. તેમણે તેમના પુરાણા સંબંધો જે અણહીલવાડના મહારાજા સાથે હતા તે મુસલમાનો સાથે કાયમ રાખ્યા. અર્થાત્ કેટલેક અંશે તાબે અને કેટલેક અંશે આઝાદ. આ પરિસ્થિતિમાં અલપખાનને માટે જરૂરી હતું કે રૈયત અને રાજ્યકર્તાઓમાં કંઈપણ હિલચાલ કર્યા વગર હકૂમત મજબૂત કરે. આથી તેણે પ્રથમ હરેક જગ્યાએ થાણાં સ્થાપ્યાં અને સુરક્ષિત જગ્યા તૈયાર કરાવી. આ થાણાંને લઇને મુલ્કમાં ઘણી શાંતિ ફેલાઈ. આ થાણાંની ખાસિયત એ હતી કે તેમને પોલિસ અને ફોજ બંને સત્તાઓ મળી હતી. જાણે એ એક જાતની મિલિટરી પોલિસ હતી જે જરૂરી સમયે ફોજનું કામ પણ આપે. મુલ્કમાં જ્યારે શાંતિ સ્થપાય ત્યારે તેણે બાંધકામ અને આબાદી તરફ લક્ષ આપ્યું. જુદાં જુદાં મકાનો ઉપરાંત તેણે એક જાતે મસ્જિદનો પાયો નાખ્યો. એ મસ્જિદ ગુજરાતના પુરાતન શહેર અને રાજધાની અણહીલવાડ પાટણમાં બનાવવામાં આવી. તે આલીશાન, ખુશનુમા અને વિશાળ હતી, એટલું જ નહિ પણ એવી કળા અને કારીગરીથી તૈયાર કરવામાં આવી હતી કે દૂરદૂરથી લોકો અહીં પર્યંત તે જોવા આવે છે. તેના સ્તંભો એટલા બધા છે કે ગણતી વખતે છેતરાઇ જવાય છે. અને ગણત્રીમાં ભાગ્યે જ કોઈ ભૂલ કરતા નહિ હશે. અલપખાનના સમયમાં એ મસ્જિદ શહેરના મધ્ય ભાગમાં હતી, પણ આજકાલ એ શહેરથી દૂર થઈ ગઈ છે.[૧] ઇ. સ. ૧૩૦૪ (હિ. સ.

૧. મિરાતે એહમદીના ગ્રંથકારના જમાના પર્યંત હતી. હવે તો તેની એક ઇંટ પણ બાકી રહી નથી.

૨. ફરિશ્તાએ આ બાબતમાં જે લખ્યું છે તે આ છેઃ—
અને અકતખાનને 'ગુજરાતનો અમીરૂલઉમરા' બનાવ્યો અને ઝબરદસ્ત ફોજની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૦૪)માં અલીબેગ અને તરપાલ બાજ તાર્તરી એક લાખ ચાળીસ હજાર સવાર સાથે તિબ્બેટ (સિવાલિકના પર્વત)ના રસ્તે બીજામાં ઊતરી અમ્બાલા પર્યંત હુમલો કરતા કરતા ચાલ્યા આવ્યા. તેની રુકાવટ માટે મહાન અનુભવી સેનાપતિઓ જેવા કે ગાઝી મલેક તગલક, મલેક નાયબ કાફૂર, અૈનુલમુલ્ક મુલ્તાની અને અલપખાન સંજર જેવાને મોકલાવવામાં આવ્યા. તેઓએ જંગના મેદાનમાં પહોંચી બહાદુરીને ન્યાય આપ્યો. મોગલોને દેખીતી હાર મળી અને મોગલ સરદારોને ગિરફતાર કરવામાં આવ્યા. આ ફતેહની બક્ષિસ તરીકે અલાઉદ્દીન બલબ્બને પોતાના વફાદાર અને બહાદુર સરદારોને બિતાબો, જાગીર અને ઇનામથી માલામાલ કર્યા. એમાં અલપખાનને 'અમીરુલઉમરા (ઉલૂગખાન)'નો બિતાબ મળ્યો અને ત્યારપછી એને એક બળવાન ફોજ સાથે શાનોશૌકત સહ ગુજરાતની સૂબેદારીના હોદ્દા ઉપર પાછો મોકલવામાં આવ્યો. હવે અલપખાને ફતેહોનો દાયરો વિસ્તૃત કરવાની ઇચ્છા કરી. જેમકે ચોહાણ રજ-

---

સાથે ત્યાં (ગુજરાત) રવાના કર્યો.' 'આ લખાણ ઉપરથી મિરાતે મોહમ્મદીમાં જે તોડ બતાવવામાં આવ્યો છે તે એ છે કે ઇ. સ. ૧૩૦૪ (હિ. સ. ૭૦૪) માં સુલતાનનો ભત્રીજો સુલેમાનશાહ જેનો ઇલ્કાબ 'અકતખાન' હતો તે ગુજરાતનો અમીરુલઉમરા થઇ, એક મહાન લશ્કર લઇ આવ્યો (પૃ. ૩૫). પરંતુ કદાચ મિરાતે મોહમ્મદીના કર્તાને એ વાત યાદ ન રહી કે એવું બનવું એ સામાન્ય અક્કલની માન્યતાની વિરુદ્ધ છે, કારણ કે સુલેમાન અકત-ખાન તો રણથંભોરની ફતેહ પહેલાં ઇ. સ. ૧૨૯૯ (હિ. સ. ૬૯૯) માં શિકાર વખતે અફઘાનપુરની નજીક મરણ પામ્યો હતો. તો પછી તે ઈ. સ. ૧૩૦૪ (હિ. સ. ૭૦૪) માં ગુજરાતમાં કેવી રીતે આવે? ખરી વાત એ છે કે અલમાસ બેગને 'ઉલૂગખાન' કહેતા હતા અને અલપખાનને તેનાથી નાનો હોવાથી 'અકતખાન'. બસ આ સંજર અલપખાન છે જેને 'અકતખાન' નામથી પણ ઓળખતા હતા. અને આ બનાવ પછી 'ઉલૂગખાન' પણ થઈ ગયું. પણ આ બિતાબ વિશે ફકત ફરિશ્તા જણાવે છે, અન્ય ઇતિહાસકારો એ બાબતમાં મૌન સેવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૂતો પાસેથી ઝાલોર છીનવી લીધું. (આજકાલ એ ઈલાકો જોધપુર રિયાસતમાં છે.) ત્યારપછી નવસારી, ભરૂચ અને ગંધાર ઉપર જીત મેળવી કબજો કર્યો. અને ગુજરાત પ્રાંતની એવી ઉમદા અને સુંદર વ્યવસ્થા કરી કે કોઇને શિકાયત કરવાની તક ન સાંપડી. હરેક દરજ્જાના લોક તેનાથી રાજી અને ખુશ હતા. તેની આ સુંદર વ્યવસ્થા વિશેનો પત્તો એ ઉપરથી મળે છે કે ઘણી વખત તેને ગુજરાતની બહાર રહેવાનું થતું તેમ છતાં કોઇ પણ જાતની અંધાધુંધી તેની ગેરહાજરીમાં ન થઇ. ઈ. સ. ૧૩૦૬ (હિ. સ. ૭૦૬) માં મલેક કાફૂરની મદદનો હુકમ થયો. તે દક્ષિણની કૂચ માટે જતો હતો. તેણે એ જ સાલમાં ગુજરાત અને ખાનદેશની સરહદ ઉપર બાગલાણ પણ જીત્યું. ત્યાં એ સમય પર્યંત કરણ વાઘેલો ભવિષ્યની આકાંક્ષા સેવી પોતાના દિવસો પૂરા કરતો હતો. એ જંગ ખતમ કરવાને પૂંડ પકડતાં રસ્તામાં દેવગઢ નજીક દેવળદેવી મળી ગઈ, જેને મેળવવાને અલાઉદ્દીને ફરમાન કરી દીધું હતું. ઇ. સ. ૧૩૦૯માં તેણે ગોહીલવાડ તથા પાયતખ્ત સેજકપુર અને રાણપુર જીતી લીધાં.[૧] અલપખાને ગુજરાતમાં ૧૬ વરસ હકૂમત કરી. ઈ. સ. ૧૩૧૬ (હિ. સ. ૭૧૬)માં સુલતાન અલાઉદ્દીને તેને બોલાવ્યો તેથી પોતાનો નાયબ નીમી દિલ્હી ચાલ્યો આવ્યો, જ્યાં મલેક કાફૂર હઝાર દીનારીની દગાબાજીથી અલાઉદ્દીનના કહેવા પ્રમાણે મલેક કાફૂર અને કમાલુદ્દીન ગુર્ગે તેને મારી નાખ્યો. આવી રીતે એક મુત્સદ્દી, બહાદુર અને અનુભવી સલ્તનતના સ્તંભનો અંત આણવામાં આવ્યો.

અલપખાનને ઇમારતોનો બહુ શોખ હતો. તેણે કડીનો કિલ્લો ઘણી કાળજીથી તૈયાર કરાવ્યો. અને હું માનું છું કે ઘણું કરીને તે પહેલી જ વખત તૈયાર કરાવવામાં આવ્યો હતો. અલપખાન પોતાની ગેરમુસ્લિમ રૈયત તરફ પણ ઘણું લક્ષ આપતો હતો. અને ત્યાંસુધી તેમની ધાર્મિક લાગણી દુખાવા દેતો ન હતો અને તેમનો પ્રેમ જીતવો એ પોતાની ફરજ સમજતો હતો. જેમકે એક વખત તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથ નીચેના અમલદારોએ શત્રુંજય પહાડ ઉપર આવેલું મંદિર તોડી નાખ્યું. જૈની સાધુઓએ અલપખાનને ખબર આપી, ત્યારે તેણે તે સત્વર બંધાવવાનો હુકમ કર્યો. સાધુએ કહ્યું કે કોઈ પોતાનો આદમી સાથે રાખવામાં આવે તો ઠીક. અલપખાને એ વાત પણ મંજૂર કરી અને બહેરામ નામના એક શખ્સને સાથે રાખ્યો અને તેને ફરમાવ્યું કે કારીગરને સાથે લઇ તે ફરીથી તૈયાર કરો. વળી જૈની શાહુકારના પુત્રોને દક્ષિણમાં હોદ્દા અર્પણ કરવામાં આવ્યા. એના જ સમયમાં અલાઉદ્દીન ખલજી શિકાર અર્થે સુરત જિલ્લામાં આવ્યો અને શિકાર કરી વાપસ ગયો. આ બનાવ ઇ સ. ૧૩૦૧ (હિ. સ. ૭૦૧)માં બન્યો હતો.[૨]

અલાઉદ્દીનના સમયની કેટલીક ખાસિયતો

સુલતાન અલાઉદ્દીન તેના જમાનામાં અદ્વિતીય હતો. જો કે તે કંઇ વધુ ભણ્યો ગણ્યો ન હતો, તેમ છતાં વિદ્વાનોની ઘણી કદર કરતો હતો. તેના સમયમાં મહાન વિદ્વાનો થઇ ગયા હતા. કુરાન,

---

૧. મિરાતે મુસ્તફાબાદ પૃ. ૫૬ ભા. ૨. કરીમ—મુંબઇ

૨. બદાયૂની. ભા. ૧ પ્રેસ કલકત્તા. ખઝાઈનુલ ફુતૂહ અને તારીખે પાલણપુર પૃ. ૪૩ ભા. ૧ ના આધારે. અલાઉદ્દીનના સમયનો એક બનાવ ઇતિહાસમાં મારી નજરે પડયો હતો, જે નીચે પ્રમાણે છે. અલાઉદ્દીનના દરબારમાં એક વખત એવું કહેવામાં આવ્યું કે હવે હિંદુસ્તાનમાં કોઈ એવો રાજા રહ્યો નથી, જે અલાઉદ્દીનના હુકમના અમલ કરવાનું શરમ ભરેલું સમજે. ત્યારે જાલાવાડ (સૌરાષ્ટ્ર)ના રાજાએ કહ્યું કે હજુ એક શખ્સ છે અને તે હું છું. તે વખતે તો અલાઉદ્દીન ખામોશ રહ્યો, પરંતુ કેટલાક દિવસ પછી અલાઉદ્દીને એક ફોજ મોકલી જેના સિપાહસાલાર તરીકે એક ગુલ બિહિશ્ત નામની દાસીની નિમણૂક કરી. તે ફોજે જઈ ઘેરો ઘાલ્યો. અને તે જીતવાની તૈયારીમાં હતી એટલામાં અચાનક તે મરણ પામી. તેના અવસાન પછી એક બીજા અમલદારે તે જીતી લીધો. આ વાતને હજી ઇતિહાસવાલા સિવાય બીજી કોઈ ઇસ્લામી તારીખનું સમર્થન મળ્યું નથી તેથી તેને ઉપર લખવામાં આવી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હદીસ, ફિલસૂફી વગેરે જ્ઞાનપારંગત લોકોથી તેનો દરબાર ચિકાર રહેતો હતો. હિંદુસ્તાનમાં જે કંઈ કામો તેણે કર્યાં છે તે યાવચ્ચંદ્ર-દિવાકરૌ કાયમ રહેશે. સુલતાન અલાઉદ્દીન તેના જમાનાનો ઉત્તમ સેનાપતિ હતો. તે મહાન મુત્સદ્દી હતો. લોકોપયોગી કામો તરફ તેનું વલણ વધારે હતું. તેનું સૌથી મહાન કામ તાર્તરી મોગલોના પૂરને ઘણાં પરાક્રમ, બહાદુરી અને દૃઢતાથી રોકવાનું હતું. જો તેણે કદી પણ બાયલાપણું બતાવ્યું હોત તો નક્કી જ હિંદુસ્તાનની જમીન-માં કદાચ ભાગ્યે જ એક વેંતભર જમીન મળત ને તાર્તરી. મોગ-લોના ઘોડાની ખરીથી પાયમાલ થઈ હોત. આ અલાઉદ્દીન ખલજીના નસીબને લઈને હતું, એટલું જ નહિ પરંતુ ખુદ હિંદને માટે પણ મગરૂરીની વાત હતી કે તેના વખતમાં એવા અનુભવી કેટલાક સરદારો મોજૂદ હતા જેમણે પોતાની બહાદૂરીથી તુર્કોનાં મોં હંમેશનાં ફેરવ્યાં અને તેમનું જોર તોડયું. ફક્ત ગાઝી મલેક ગિયાસુદ્દીન તગલક જે સિંધ અને પંજાબનો નાઝિમ હતો તેણે ૨૯ વખત તાર્તરો સામે જંગ ખેલ્યો હતો. ટૂંકમાં તાર્તરોના હુમલા સામે હિંદુસ્તાનની ભૂમિનું સંરક્ષણ કરવું એ તેનું એક મહાન કર્ત-વ્ય હતું. ખાસ આજ કામને માટે શાંતિ સમયે પણ તેને પાંચ લાખનું સૈન્ય રાખવું પડતું હતું જેનો મોટો ભાગ સિંધ, પંજાબ અને ઉત્તર હિંદમાં રહેતો હતો અને ઘણા અનુભવી સરદારોને એ જગ્યાએ નાઝિમ તરીકે નીમવામાં આવતા હતા. જો આ વ્યવસ્થા અલાઉદ્દીને ન કરી હોત તો સિંધની ફતેહ પછી તાર્તરોએ ગુજરાત તરફનો જે ધરાદો કર્યો હતો તેમાં તેઓ સફળ થઈ જાત. તે જ સમયે ખાન સરવર નામના એક અમીરે પાટણમાં એક તળાવ બંધાવ્યું જે આજ પર્યંત તેના નામથી મશહૂર છે. હાલમાં તે જીર્ણોદ્ધાર કરવા યોગ્ય છે; પરંતુ અફસોસની વાત છે કે કોઈ તે તરફ લક્ષ આપતું નથી.

અનાજની સોંઘવારી:—અલાઉદ્દીનના જમાનામાં તમામ ચીજોની બેહદ સોંઘવારી હતી. દરેક ચીજની કીમત મુકરર હતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ખાતા તરફથી પૂર્ણ દેખરેખ રહેતી હતી. એટલે સુધી કે વાજિંત્રવાળાની ફી પણ સરકાર તરફથી નક્કી કરવામાં આવેલી હતી, તેથી આમ વર્ગના લોકો એટલા સુખચેનથી રહેતા હતા કે તેની મિસાલ કોઈ બીજા બાદશાહના જમાનામાં મળતી નથી. તેના જમાનામાં ચીજો કેટલી સસ્તી હતી અને કયા ભાવથી વેચાતી હતી તેની એક યાદી નીચે પ્રમાણે લખું છું, જે ઉપરથી તે સમય વિશેનો કંઈક ખ્યાલ આવે :

ચીજ	ચાલુ ભાવ	વજન	
ઘઉં	૭½ (પૈસા)	૧ મણ	તે સમયનો મણ હાલના
જવ	૪ ,,	,, ,,	૧૪ શેર પાકા જેટલો
જુવાર	૫ ,,	,, ,,	હતો અર્થાત્ ગુજરાતના
અડદ	૫ ,,	,, ,,	૨૮ શેર જેટલો હતો.
ચણા	૫ ,,	,, ,,	
મઠ	૩ ,,	,, ,,	
રાઈ	૧½ ,,	,, ,,	
ખૂરું (ખાંડ)	½ ,,	,, ,,	
ઘી	½ ,,	૧ શેર	
તલનું તેલ	¼ ,,	,, ,,	
મીઠું	½ ,,	,, ,,	
ઉમદા ઘોડો	૧૨૫ રૂા.	૧ નંગ	
ટટ્ટુ	૧૨ ,,	,, ,,	
બળદ	૪ ,,	,, ,,	
ગાય	૩ ,,	,, ,,	
ભેંસ	૧૦ ,,	,, ,,	[1]

લાંચ અને કેફી ચીજોઃ—અલાઉદ્દીને આ બાબતમાં પણ સખત સજા નક્કી કરી હતી. તે બનાવવી, પીવી, તેનાં સાધનો રાખવાં, એ

૧. ઝિયા બની, ફરિશ્તા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્વ કાયદેસર ગુના હતા. લાંચના સંબંધમાં પણ જુદા જુદા કાનૂનો બનાવ્યા હતા, અને સખતાઇથી તેનો અમલ તે કરતો. વ્યભિચાર માટે પણ સખત સજા હતી. બદકે દાખલો બેસાડવા માટે લોકોની ખસ્સી પણ કરાવી દેતો હતો. ચોરી અને ધાડ માટે પણ ઉમદા વ્યવસ્થા હતી. અને હરેક ગામના મુખી (ચોધરી) અને ખાતાના જુમ્મેદાર શખ્સો કાફલા, સડક અને મુસાફરોના સંરક્ષણ માટે જવાબદાર હતા. પોતપેતાની અમલદારીમાં હરેક શખ્સની ફરજ મુસાફરોને સહીસલામતીથી પસાર કરવાની હતી. હિંદની શહેનશાહી બાબતમાં બેરમુસ્લિમ લોકોને કંઈ વાંધો હોય એ સંભવિત છે. પરંતુ ઇસ્લામી દૃષ્ટિબિંદુથી જોતાં અલાઉદ્દીનની ડહાપણ ભરેલી તજવીજોને ન્યાય આપવો પડે છે. તે વખત પર્યંત મુસલમાનોના કબજામાં ખૈબર ઘાટથી માંડી બંગાળા પર્યંતનો ભાગ હતો. બીજી રીતે કહીએ તો મુસલમાનો તે વખતે ફકત ઉત્તર હિંદનો કબજો ધરાવતા હતા. અલાઉદ્દીન પ્રથમ શખ્સ હતો કે જેણે તમામ હિંદુસ્તાન એક પાદશાહના તાબામાં જોવાનું સ્વપ્નું સેવ્યું, જેનું બંધારણ બુશકિસ્મતીથી તેની સામે જ પૂરું થયું. અને કાબુલ નદી અથવા તો બલુચિસ્તાનથી માંડી લંકાની હદ પર્યંત તેનો સિક્કો જમાવ્યો. હિંદુસ્તાનમાં એ પહેલો સુલતાન હતો જે હિંદુસ્તાનનો ખરેખરો શહેનશાહ હતો. અલાઉદ્દીનના સમયમાં હિંદુઓને હરેક જાતની ધાર્મિક આઝાદી હાંસિલ થઈ હતી અને કોઇપણ જાતની રોકટોક ન હતી. તેઓ રૈયત તરીકે મંદિરોના સત્તાધીશ હાકેમો હતા અને એ બાબતમા કોઈ શખ્સ માથું મારતો ન હતો. લડાઈનો સમય બાદ કરતાં સુલેહશાંતિના સમયે કોઇને ધાર્મિક બાબતોમાં ફરિયાદ ન હતી. આ જાતનો કોઇપણ બનાવ ઇતિહાસમાં મારી નજરે પડયો નથી.

કુતબુદ્દીન મુબારક શાહ

(ઈ. સ. ૧૩૧૬–હિ. સ. ૭૧૬ થી ઈ. સ. ૧૩૨૪–હિ. સ. ૭૨૫)

હિ. સ. ૭૧૬ (ઇ. સ. ૧૩૧૬) [કેટલાક ઇતિહાસકારોના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહેવા મુજબ હિ. સ. ૭૧૫ (ઇ. સ. ૧૩૧૫)] ના શવ્વાલની ૬ઠ્ઠી તારીખે અલાઉદ્દીનનું અવસાન થયું અને મલેક કાફૂરે શિહાબુદ્દીન નામના નાની વયના છોકરાને તખ્તનશીન કર્યો જે દોલતાબાદના રાજા રામદેવની પુત્રીને પેટે જન્મ્યો હતો. અને ઉપર ઉલ્લેખ કર્યા પ્રમાણે થોડાક મહિના પછી અર્થાત્ હિ. સ. ૭૧૭ ની મોહર્રમની ૮ (ઇ. સ. ૧૩૧૭ ના માર્ચની ૨૩) મી તારીખે કુત્બુદ્દીન મુબારકશાહ તખ્તનશીન થયો. કુત્બુદ્દીન મુબારકશાહનું મહાન કામ જતે જઇ દક્ષિણનો બળવો દાબી દેવાનું હતું, પરંતુ અલપખાનના મરણ પછી ગુજરાતમાં જે અવ્યવસ્થા ફેલાઈ તે હજુ સુધી કાયમ રહી હતી. અલાઉદ્દીનના અવસાન પહેલાં મલેક કાફૂરે સૈયદ કમાલુદ્દીન ગુર્ગને ઈ. સ. ૧૩૧૬ (હિ. સ. ૭૧૬) માં ગુજરાતનો નાઝિમ નીમી મોકલ્યો; પરંતુ ગુજરાતમાં પહોંચતાં તેને માલૂમ પડયું કે

"ગન્દુમ અઝ ગન્દુમ રૂયદ જવ અઝ જવ,
અઝ મુકાફાતે અમલ ગાફેલ મશવ."

(અર્થાત્ ઘઉંમાંથી ઘઉં ઊગે છે અને જવમાંથી જવ.
'કરણી તેવી ભરણી' વિશે ગાફેલ ન રહે.)

અલપખાનના માણસો તેમજ લશ્કરમાંના લોકો ગુજરાતમાં મોજૂદ હતા અને તેની કતલથી ઘણા ઉશ્કેરાઈ ગયેલા હતા, તેથી અલપખાનના લશ્કરે સખત મુકાબલો કર્યો. આખરે કમાલુદ્દીનની હાર થઇ અને હંમેશ માટે તે ગુજરાતમાં માટી સાથે મળી ગયો. આ હારથી ગુજરાતના તોફાની લોકોની હિંમત વધી ગઇ અને તોફાનો છેલ્લી હદે પહોંચી ગયાં. આખરે ઐનુલ્મુલ્ક મુલ્તાનીને એક બળવાન લશ્કર આપી ગુજરાતમાં મોકલવામાં આવ્યો. તે એક અનુભવી સરદાર હતો તેથી તેણે ગુજરાતની વ્યવસ્થા ડહાપણ ભરેલી રીતે કરી અને મુલ્કમાં હરેક જાતના ફસાદનો અંત આણ્યો. પરંતુ અફસોસની વાત છે કે એ લાયક શખ્સ હજુ વધારે વખત એ હોદ્દા ઉપર ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યો એટલામાં તો તેને ગુજરાતથી દિલ્હી બોલાવવામાં આવ્યો અને તેને બદલે કુત્બુદ્દીને પોતાના સસરા મલેક દીનારને ઝફરખાનનો ખિતાબ આપી ઇ. સ. ૧૩૧૮ (હિ. સ. ૭૧૮) માં ગુજરાતના નાઝિમ તરીકે નીમ્યો. ગુજરાતમાં આવી તેણે ડહાપણ ભરેલી રીતે વ્યવસ્થા કરી અને બૈતુલ્મુલ્કની વ્યવસ્થાનો તેણે પૂરો ફાયદો ઉઠાવ્યો. તેણે બાકીનું મહેસૂલ રૈયત પાસેથી વસૂલ કરી દિલ્હી રવાના કર્યું, પરંતુ અલપખાનની માફક એ પણ એક કાવત્રાનો ભોગ થઈ પડયો. અર્થાત્ ખુસરોખાનનાં કાવતરાથી તેને દિલ્હીમાં બોલાવી કતલ કરવામાં આવ્યો. તે પછી ખુસરોખાને પોતાના સાવકા ભાઈ મલેક હુસ્સામુદ્દીનને ઇ. સ. ૧૩૧૯ (હિ. સ. ૭૧૯) માં ગુજરાતનો નાઝિમ બનાવી મોકલ્યો. તેણે ગુજરાતના જમીનદારો અને રાજાઓને મળી બળવો કરવાનો ઇરાદો કર્યો અને ગુજરાતમાં પોતાની ફોજ ભરવાડને પાટણમાં જમા કરી પોતાની ખુદમુખ્તારી જાહેર કરવાની ઇચ્છા સેવતો હતો, એટલામાં મુસલમાન ફોજી અમલદારોને એ ઇરાદાની જાણ થતાં સત્વર તેને ગિરફતાર કર્યો અને તેને દિલ્હી રવાના કરી દેવામાં આવ્યો; પરંતુ કુત્બુદ્દીને ફક્ત મુસલમાનની ખાતર તેને છોડી મૂક્યો, એટલુંજ નહિ પરંતુ શાહી બક્ષિસોથી સરફરાઝ કર્યો. આ ખબર સાંભળી તમામ ઉમરાવો અને ફોજી અમલદારો ગુજરાતમાં રહેતા હતા તેમને બહુ ખેદ થયો. અને તેઓ સમજ્યા કે હવે આ ખાનદાનનો દીવો જલદી હોલવાઇ જશે. તેના પછી મલેક વહીદુદ્દીન સદ્રુલ્મુલ્ક ઇ. સ. ૧૩૨૦ (હિ. સ, ૭૨૦)માં ગુજરાતનો નાઝિમ થઇ આવ્યો. એ ઉમરાવોમાંનો એક હતો. મહત્ત્વાકાંક્ષી, બહાદુર અને પરાક્રમી હોવાથી મલેક હુસ્સામુદ્દીનનું બગાડેલું કામ તેણે તરત જ સુધારી લીધું. મુલ્કમાં જે અંધાધુંધી ફેલાઇ ગઈ હતી તે દૂર કરી તેણે એકદમ સુલેહશાંતિ સ્થાપી અને આ જ સુંદર સેવા માટે ઇનામ તરીકે તેને બાદશાહ તરફથી ' તાજુલ્-મુલ્ક'નો ખિતાબ મળ્યો. અને નાયબ વઝીર તરીકે તેને દિલ્હી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલાવવામાં આવ્યો. તેના પછી બુસરીખાને (ઈ. સ. ૧૩૧૪ હિ. સ. ૭૧૫.) માં ગુજરાતનું નિઝામપદ પોતાને નામે કરાવ્યું. તે પંડે ગુજરાતમાં ન આવ્યો પરંતુ પોતાના નાયબને મોકલ્યો. અને મલેક તાજુદ્દીન તુર્ક ગુજરાતનો નાયબ ન થયો ત્યાંસુધી તેના નાયબો વ્યવસ્થિત રીતે કામ કરતા રહ્યા.

ખલજી વંશ



પરંતુ ઝફરૂલવાલા (ભા. ૧)માં નસીરુદ્દીન અને મલેક ફીરોઝ બંનેને પોતાના ભાઈ તરીકે લખ્યા છે.

કુત્બુદ્દીન સુલતાન ખલજીના સિક્કા

	એક બાજૂ	બીજી બાજૂ
૧	અલ્ ઈમામુલ્ આઝમ ખલીફતો રબ્બિલ આલમીન કુત્બુદ્દુનિયા વદ્દીન અબુલ્ મુઝફ્ફર મુબારકશાહ	અસ્ સુલ્તાન બિન સુલ્તાન અલ્વાસિક બિલ્લાહે અમીરૂલ્ મોમિનીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિ. સ. ૭૧૮માં કુતબાબાદના કિલ્લામાં આ સિક્કા પાડવામાં આવ્યા.

૨ ચાંદીના સિક્કાઃ—

એક બાજૂ	બીજી બાજૂ
અસ્ સુલ્તાનુલ્ આઝમ	ઇસ્કન્દરઝ્ઝ્ ઝમાન
કુત્બુદ્દુનિયા વદ્દીન	યમીનુલ્ ખિલાફતે નાસીર
અબુલ મુઝફ્ફર મુબારકશાહ	અમીરૂલ્ મોમિનીન
અસ્ સુલ્તાન બિન સુલ્તાન	

હિ. સ. ૭૧૭માં આ ચાંદીના સિક્કા દિલ્હીમાં પાડવામાં આવ્યા.

૩ ચાંદીના સિક્કાઃ—

એક બાજૂ	બીજી બાજૂ
અલ ઇમામુલ્ આઝમ	મુબારકશાહિસ્ સુલ્તાન
કુત્બુદ્દ દુનિયા વદ્દીન	ઇબ્નિસ સુલ્તાન
અબુલ્ મુઝફ્ફર ખલીફતુલ્લાહ	અલ્વાસિક બિલ્લાહે
	અમીરૂલ્ મોમિનીન

હિ. સ. ૭૧૭ માં રાજધાનીમાં આ ચાંદીના સિક્કા પાડવામાં આવ્યા હતા.

૪

એક બાજૂ	બીજી બાજૂ
અલ્ ઇમામુલ્ આઝમ	અસ્ સુલ્તાન બિન સુલ્તાન
ખલીફતો રબ્બિલ આલમીન	અલ્ વાસિક બિલ્લાહે
કુત્બુદ્દ દુનિયા વદ્દીન	અમીરૂલ્ મોમિનીન
અબુલ મુઝફ્ફર મુબારકશાહ	

આ સિક્કા હિ. સ. ૭૧૮ માં રાજધાનીમાં પાડવામાં આવ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

: ૨ :

ખુસરૌખાન ગુજરાતી

ગુજરાતનો નાઝિમ

આ શખ્સ (નહરવાલા) પાટણનો વતની અને હિંદુ જ્ઞાતે (બરવાર)[1] ભરવાડ હતો. એને માળવાની લડાઈમાંથી કેદી તરીકે પકડી દિલ્હી લાવવામાં આવ્યો હતો. મુસ્લિમ કર્યા પછી એનું નામ હસન રાખવામાં આવ્યું હતું. મલેક શાદી હાજિબે (સુલતાન અલાઉદ્દીન) એની પરવરિશ કરી અને આસ્તે આસ્તે એની ચડતીની શરૂઆત થઈ. કુત્બુદ્દીનના જમાનામાં તેણે ઘણાં કામો કર્યાં હતાં અને એ જ કારણથી એને "ખુસરૌખાન"નો ખિતાબ આપવામાં આવ્યો હતો. ઈ. સ. ૧૩૧૭ (હિ. સ. ૭૧૭)માં કુત્બુદ્દીન જ્યારે દેવગઢનાં તોફાન દાબી દેવા માટે ગયો ત્યારે પાછા ફરતાં તેણે ખુસરૌખાન ગુજરાતીને છત્રી અને ભાલો આપી મદ્રાસ મોકલ્યો અને ખુસરૌખાન ગુજરાતીનું ઘણું માનપાન કર્યું. જે પ્રમાણે સુલતાન અલાઉદ્દીન મલેક કાફૂરની પાછળ ગાંડા જેવો થઈ ગયો હતો, તે જ પ્રમાણે કુત્બુદ્દીન પણ ખુસરૌખાનની પાછળ હતો. ઘણો સરંજામ આપી રાજ્યના ઉમરાવો સાથે સરદાર તરીકે મદ્રાસ તરફ રવાના કર્યો. અને જે પ્રમાણે અલાઉદ્દીને મલેક કાફૂરને દક્ષિણની સંપૂર્ણ સત્તા સોંપી હતી તે જ પ્રમાણે કુત્બુદ્દીને પણ ખુસરૌખાન ગુજરાતીને મદ્રાસમાં ખુદ મુખ્તાર બનાવી દીધો. ખુસ-

---

૧. 'બરવાર' ગુજરાતમાં એક કાઠી અને અહીર વગેરેની કોમ છે જે બાબરિયા પણ કહેવાય છે એ લોકો તમામ સાધારણ રીતે નોકરીનો ધંધો કરે છે (ગુજરાત ગેઝેટિયર). એ જ બદાયૂની પણ લખે છે. ફરિશ્તા અને બર્નીએ 'બરવાડ' લખ્યું છે. પરંતુ મારો પોતાનો ખ્યાલ એવો છે કે એ શબ્દ ગુજરાતી ભરવાડ ઉપરથી ફારસી શબ્દ છે. ઉર્દૂમાં એ ગડરિયા કહેવાય છે તેનું કામ બકરા ઘેટાં પાળવાનું હોય છે. હિંદુઓ તેમને હલકા વર્ણના ગણે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૌખાન ગુજરાતી ઘણો બાહોશ આદમી હતો. કુત્બુદ્દીનનું મોળાપણું જોઇ તેના દિલમાં મલેક કાફૂરની માફક ખુદમુખ્તારીનો હવસ પેદા થયો અને તે સમય અનુસાર તેમ થયું એ એક કુદરતી બાબત હતી. એક અદના શખ્સ માટે આટલા જલદી મહાન મહાન હોદ્દા અને મોટા મોટા ખિતાબો મળે, એટલે સુધી કે મલેક નાયબનો પણ હોદ્દો સુપ્રત થયો હોય અને વળી એક બળવાન લશ્કર તેના હાથ નીચે આવે અને પાયતખ્તથી દૂર એક ખુદમુખ્તાર હાકેમની માફક રહે તો તેના દિલમાં એવી ખાહિશ પેદા થાય એ કંઈ અસાધારણ વાત ન હતી. તે કેટલાક હિંદુ અને મલેક કાફૂરના બાકી રહેલા માણસોને મેળવી આ કામને માટે સલાહ લેવા લાગ્યો. ખુસરૌખાન ગુજરાતી પ્રથમ દેવગઢથી તેલંગણ આવ્યો અને ઘેરો ઘાલ્યા બાદ ત્યાંના રાજા પાસેથી સોથી પણ વધારે હાથી અને બેશુમાર માલ અને દોલત વસૂલ કરી મૈથલી તરફ રવાના થયો અને ત્યાંથી ૯૨૦ હાથી અને એક હીરાનો ટુકડો જે વજનમાં ૬ દિરમ જેટલો હતો તે લઈ મદ્રાસ પહોંચ્યો.[૧] વરસાદની મોસમ આવી ગઇ હતી, તેથી તે થોડોક વખત ત્યાં રહ્યો. ત્યાં તકી નામનો એક મુસલમાન સોદાગર માલદાર હતો. મુસલમાનોનું લશ્કર અહીં આવ્યું છે જે મુસલમાનોને સતાવશે નહિ, એમ સમજી તે કોઈ ઠેકાણે ગયો નહિ અને ત્યાં જ રહ્યો. ખુસરૌખાન ગુજરાતીએ તેને ગિરફ્તાર કર્યો. તેનો તમામ માલ જપ્ત કરીને ખજાનામાં નંખાવી દીધો અને તેને મારી નાખ્યો. ખુસરૌખાન ગુજરાતી જ્યાં-સુધી મદ્રાસમાં રહ્યો ત્યાંસુધી એ જ ધૂનમાં હતો કે કોઈ પણ રીતે સલ્તનતના તમામ ઉમરાવોને મેળવી લેવા અથવા તો ખતમ કરીને ખુદમુખ્તારીની જાહેરાત કરવી. આ યોજના સામાન્ય રીતે બહાર આવી ગઈ અને લોકોમાં એની ખાસ ચર્ચા થવા લાગી. ત્યારે ફોજી સરદારોમાંથી મલેક તમ્ર અને મલેક તલ્બગા યગ્દાએ ખુસરૌખાનને

૧. બદાયૂની પૃ. ૨૧૨ ભા. ૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેગામ મોકલ્યો કે અમારા સાંભળવામાં આવ્યું છે કે તમે બળવાનો ઇરાદો જેવો છે અને અહીંથી પાછા જવાની ઇચ્છા કરતા નથી. યાદ રાખજો કે અમે એવું કરવા દઈશું નહિ. અને અમે અને તમો એક જગ્યાએ થઈએ તે પહેલાં બહેતર છે કે તમારે પાછા આવવાનો ઇરાદો કરી દેવો. આવી રીતે ડરાવી ધમકાવી ખુસરોખાન ગુજરાતીને તેમણે પાછા ફરવાની ફરજ પાડી. સુલતાનના હુકમ મુજબ ખુસરોખાન દેવગઢથી પાલખી પર સવાર થઈ રાતદિવસ અને એટલી ઝડપથી સાત દિવસમાં દિલ્હી આવી પહોંચ્યો. કુત્બુદ્દીન તેને દેખતાં જ નરમ પડી ગયો. તેની કુદરતી ખૂબસૂરતી અને મીઠી વાણીથી અંજાઈ ગયો. તેણે મીઠી જબાનમાં મોટા મોટા ઉમરાવો સામે સખ્ત શિકાયત કરી અને પોતાના ઉપરનું બળવાનું તહોમત દૂર કરવાને કહ્યું કે આ મોટા ઉમરાવો મારા પર બળવાખોરીનો જૂઠો આક્ષેપ મૂકી મને આપની દૃષ્ટિમાં નીચો પાડવા માગે છે અને એ બહુ મોટા ચૂગલીખોર છે. બાદશાહે એ તમામ સાચું સમજી ચૂગલીખોરોને મરાવી નાખ્યા, અને રાજ્યના ઉમરાવોની સખ્ત હાંસી કરી. તેમાંના ઘણાખરાની જાગીર પાછી લઈ ખુસરોખાન ગુજરાતીને આપી. આ બાબતથી રાજ્યના તમામ ઉમરાવો ભયભીત થયા, સમયને માન આપીને ખામોશ થઈ ગયા. ખુસરોખાન ગુજરાતીએ હવે જોયું કે જમાનો માફક આવે એવો થઈ ગયો છે, તેથી ઈ. સ. ૧૩૧૮ (હિ. સ. ૭૧૮) માં બાદશાહ આગળ અયોગ્ય ફરિયાદ કરી મલેક દીનાર ઝફરખાનને ગુજરાતથી બોલાવ્યો અને તેની કતલ કરાવી. તેને બદલે પોતાના ભાઈ (મલેક હુસ્સામુદ્દીન)ને ગુજરાતનો નાઝિમ બનાવી મોકલાવ્યો. આ કામ એક ખાસ ગરજથી કરવામાં આવ્યું હતું. વાત એ હતી કે ખુસરોખાન ગુજરાતીએ જોયું કે ખુદમુખ્તારીનું જે સ્વપ્નું મદ્રાસમાં પોતે સેવતો હતો તેનો ખુલાસો બદકિસ્મતીથી ગલત નીકળ્યો. પરંતુ જમાનાને અનુસરતાં પણ ફરીથી તેની રાક્ષસી વૃત્તિ શરૂ થઈ અને હવે અગાઉથી પણ વધારે આગળ વધ્યો; અર્થાત્ ગુજરાત જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેનું વતન હતું તે ઉપર કબ્જો જમાવવાની તેની ઇચ્છા થઇ, કારણ કે તેને વતની ભાઇઓની મદદનો પૂરો ભરોસો હતો અને તે દોલત હાંસિલ કરીને ફોજ ભરતી મારફત પોતાના વતનમાં વતની ભાઇઓની મદદથી ખુદમુખ્તાર સલ્તનતનો પાયો નાખવા ધારતો હતો. એ કામ આસાનીથી પાર પડશે એમ તે માનતો હતો તેથી બીચારા મલેક દીનારને કતલ કરાવ્યો અને પછી પોતાના ભાઈ હુસ્સામુદ્દીનને ગુજરાતની નિઝામત અપાવી; પરંતુ નાલાયક હોવાથી એ કામ અદા કરી શક્યો નહિ; બલ્કે સાચું પૂછો તો નુકસાન પહોંચાડયું. કુત્બુદ્દીનની આંખો હોત તો ખુસરોખાન ગુજરાતીની બન્ને લુચ્ચાઈ જાહેર થતાં કાયી બંદોબસ્ત કરી શકત. પરંતુ તે ગફલતના શરાબમાં એવો તો મસ્ત હતો કે એ સમયે પણ બેધ્યાન રહ્યો. ખુસરોખાન ગુજરાતી અને હુસ્સામુદ્દીન ગુજરાતી પર એવો જ ભરોસો હતો જેવો બાપને દીકરા પર અથવા આશિકનો માશૂક પર. ખુસરોખાન ગુજરાતીએ જોયું કે આ બાર પણ ખાલી ગયો અને હુસ્સામુદ્દીન ગુજરાતમાં કોઇ ખુદ મુખ્તાર સલ્તનત કાયમ ન કરી શક્યો જે માટે પોતાની દિલની ખાહિશ હતી. બન્ને વખત અનુભવથી સાબિત થયું કે પાયતખ્તની બહાર હજુ અલાઉદ્દીનના સરદાર મોજૂદ છે, જે કામ અદા થવા દેતા નથી; તેથી આ વખતે જરા ઊંચી કક્ષાએ કામ લીધું અને વિચાર્યું કે એ ફક્ત એવી રીતે પાર પડી શકે એમ છે કે દરબારના ઉમરાવોને આજ્ઞાધીન કરી પોતાની સાથે મેળવી લેવા અથવા તો દિલ્હીની બહાર કાઢી મૂકવા અને ફરીથી કુત્બુદ્દીનને મારી પાયતખ્તનો કબ્જો લેવો. આ માટે હિંમતથી કમર કસી. મહત્ત્વાકાંક્ષા સાથ બહાદુરીથી આ કામ પૂરું કરવાનું શરૂ કર્યું અને સુલતાન અલાઉદ્દીનના સમયના મહાન અનુભવી ઉમરાવો એનુલ્મુલ્ક મુલ્તાની જેવાને દરબારમાં દરરોજ ઉતારી પાડવા માંડયા. "તોમા" નામના ગુજરાતી ભાટ લોકોની મશ્કરી કરતો, જેનું પરિણામ આખરે એ આવ્યું કે કેટલાક લોકો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુસરૌખાનને મળી ગયા અને કેટલાકે નિવૃત્ત થઈ દરબારમાં જવાનું બંધ કર્યું. જાગીરદારો પોતપોતાની જાગીર પર ચાલ્યા ગયા. મેદાન ખાલી થઈ ગયું ત્યારે દરબારમાં અદના દરજ્જાના પોતાના માણસોને ભરવાનું શરૂ કર્યું. તેણે એક દિવસ મોકો જોઈ બાદશાહ આગળ વિનંતિ કરી કે હુઝૂરની મહેરબાનીથી મહાન દરજ્જા પર્યંત પહોંચી ગયો છું, દૂર દૂરના મુલકોમાં ફતેહોના ડંકા પણ બજાવી ચૂકયો છું, પરંતુ હું જોઉં છું કે દોલતના ઉમરાવો પોતાના સગા સંબંધીઓ સાથે દબદબા સહિત બહાર નીકળે છે. રજા હોય તો હું પણ ભીલવાડા અને ગુજરાતથી મારાં સગાંસંબંધીઓને બોલાવી હુઝૂરની બક્ષિશોને લાયક બનાવું.[૧] એ બહાના હેઠળ એણે પોતાના તમામ સગાસંબંધીઓને બોલાવી મહાન હોદ્દા ઉપર નીમી દરબાર તેમનાથી ભરી દીધો. એ દરમિયાન બાદશાહ શિકાર માટે "સરસાવા" ગયો. લોકોનો અભિપ્રાય એવો થયો. કે એ જ શિકારગાહમાં સુલતાનનો શિકાર કરવો. પરંતુ બહાઉદ્દીન દમીર–યૂસુફ સૂફી, કુર્રા કીમારનો પુત્ર વગેરે લોકોએ એ બાબતની મનાઈ કરી અને કહ્યું કે જો બાદશાહને અહીં મારી નાખવામાં આવે તો ઈસ્લામી લશ્કર આપણા તમામ લોકોનો શિકાર કરશે અને એક પણ જીવતો ન રહે. આપણે માટે આશ્રયની જગ્યા મળશે નહિ માટે બહેતર છે કે બાદશાહને મહેલમાં જ મારી નાખવો અને જરૂર વખતે હઝાર સિતૂન મહેલને આશ્રયનું સ્થાન બનાવવું. આથી બાદશાહ જ્યારે દિલ્હી પાછો આવ્યો ત્યારે તેની તૈયારી શરૂ કરી. ખુસરૌખાન ગુજરાતીએ ઈ. સ. ૧૩૨૦ (હિ. સ. ૭૨૦)માં ગુજરાતની સૂબેદારી પોતાને નામે કરાવી. ભીલવાડા અને ગુજરાતથી ફોજ ભરતી શરૂ કરી; એટલે સુધી કે થોડાક જ દિવસમાં લશ્કરી તાકાત જમા કરી લીધી, અને ઘણા દબદબા સાથે બહાર નીકળવા માંડયું.

---

૧. એ બધા સંબંધીઓ ગુજરાતીઓ હતા. કુતૂહુસ્સલાતીન, પૃષ્ઠ ૩૬૨, પ્રેસ આગ્રા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક દિવસ બાદશાહ આગળ અરજ કરી કે હું રાતદિવસ હુઝૂરની ખિદમતમાં રહું છું અને મારા સગાસંબંધીઓ જે દૂર દૂર મુલકમાં પોતાના વતનને છોડી ફક્ત મારે માટે આવ્યા છે તે મને મળી શકતા નથી તેમજ હું તેમને મળી શકતો નથી, કારણ કે અહીંથી હુઝૂર પાસેથી રાત્રે છૂટો થાઉં છું ત્યારે મહેલનો દરવાજો બંધ થઈ જાય છે, તેથી જો હુઝૂરને યોગ્ય લાગે તો મહેલની ચાવી મારા કોઈ વિશ્વાસુ માણસને સોંપે જેથી કરીને મુલાકાત માટે રાત્રે તેમને બોલાવી મળી શકું. બાદશાહે ખુશીથી આ અરજ કબૂલ કરી ફરમાવ્યું કે મહેલની ચાવી ખુસરૌખાનને હવાલે કરવી. ખુસરૌખાને આને શુભ શુકનરૂપે માની લીધું. હવે દરરોજ ભય વગર ગુજરાતી ભરવાડ મહેલમાં આવવા લાગ્યા. હરેક રાત શસ્ત્રસજ્જ એ લોકો મહેલમાં દાખલ થઇ સવાર પર્યંત આવી જાતની મસલત કરતા રહ્યા; એટલે સુધી કે મહેલના બાળકો એથી વાકેફ થયાં. પરંતુ કુત્બુદ્દીનના તુમાખી ભરેલા મીજાજ અને ખુસરૌખાન પરના વિશ્વાસને લઇને કોઈની મજાલ ન હતી કે કુત્બુદ્દીનના કાને એ વાત પહોંચાડે. કાઝી ઝિયાઉદ્દીન[1] જે કાઝીખાન નામે ઓળખાતો હતો અને બાદશાહનો ઉસ્તાદ પણ હતો, તેણે હિંમતથી કમર કસી. એક દિન બાદશાહ આગળ અરજ કરી કે હુઝૂર, મામલો નાજૂક થયો છે અને ખુસરૌખાન ગુજરાતી દિનરાત આપની વિરુદ્ધ યોજના કરી રહ્યો છે. જો હુઝૂર તપાસ કરે અને વાત ગલત ઠરે તો ખુસરૌખાન ઉપરનો વિશ્વાસ વધી જશે, અને જો સાચી નીકળે તો હુઝૂરની જાન સલામત રહેશે. કુત્બુદ્દીને આનો જવાબ ઘણી કઠોરતાથી આપ્યો. અને એ વફાદાર ઉસ્તાદની કંઈ પરવા કરી નહિ. બલ્કે થોડી વાર પછી ખુસરૌખાન ગુજરાતી આવ્યો ત્યારે કાઝીખાનની અરજ અક્ષરશઃ કહી સંભળાવી. ખુસરૌખાને જોયું કે મામલો

---

૧. તેનું પૂરું નામ આ છેઃ કાઝીખાન સદ્રેજહાં મૌલાના ઝિયાઉદ્દીન બિન મૌલાના શિહાબુદ્દીન ખત્તાત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરીથી બગડતો જાય છે; ત્યારે સત્વર ઢોંગ કરી રોવાનું શરૂ કર્યું અને અરજ કરી કે હુઝૂરે મારો દરજ્જો વધાર્યો છે તેથી લોકો મને મારી નાખવાનો ઈરાદો રાખે છે. બાદશાહે દિલાસાના શબ્દો વડે તેના દિલનું સમાધાન કર્યું. આ બનાવ દિવસે બન્યો હતો. રાત પડી ત્યારે તમામ ગુજરાતી ભરવાડ શસ્ત્ર-સજ્જ જમા થયા અને દસ્તૂર મુજબ રાત મોડી થતાં કાઝી ઝિયા-ઉદ્દીન પહેરાવાળાની દેખભાલ કરી રહ્યો હતો ત્યારે ખુસરૌખાન ગુજરાતીનો રણધોલ નામનો કોઇ સંબંધી કેટલાક ગુજરાતી ભરવાડોની સાથે છુપાઇ રહ્યો અને હઝાર સિતૂન મહેલમાં કાઝીખાન ગયો ત્યારે સામેથી આવી એક પાનનું બીડું આપ્યું. એ દરમિયાન, "જાહરિયા" નામના એક ભરવાડે પાછળથી એક કુહાડી કાઝી-ખાન ઉપર એવી તો મારી કે ત્યાં ને ત્યાં તરત તે મરી ગયો. કાઝી-ખાનના અવસાનથી હઝાર સિતૂન મહેલમાં કોલાહલ મચ્યો અને તમામ મહેલ ગુજરાતી ભરવાડોથી ભરાઇ ગયો. આ શોર અને ધોંધાટ સાંભળી કુત્બુદ્દીને ખુસરૌખાન ગુજરાતીને પૂછ્યું કે આ શેનો અવાજ છે. ખુસરૌખાન તો વાકેફ જ હતો. નીચે જોઇ ઉપર પાછો આવ્યો અને કહ્યું કે હુઝૂર, ઘોડા તબેલામાંથી છૂટી ખુલ્લા ચોકમાં આવ્યા છે. લોકો પકડવા માટે કોશિશ કરે છે. વાત ખતમ નહિ થઇ એટલામાં તો બળવાખોર ભરવાડ લોક તમામ ઉપર આવી પહોંચ્યા. હવે કુત્બુદ્દીનની આંખ ખૂલી અને તે સમજ્યો કે બળવો થયો છે. તે તરત જ ઝનાના તરફ ભાગ્યો; પરંતુ ખુસરૌખાન સમજ્યો કે જો બાદશાહ ઝનાનામાં જશે તો તૈયાર થયેલો મામલો બગડી જશે. તેથી તુરત જ પાછળથી બાદશાહનો ગુચ્છો પકડી હાથથી બરાબર મજબૂત પકડયો. બાદશાહ તેને તોડી પાડી છાતી ઉપર ચડી બેઠો; પરંતુ ખુસરૌખાન મજબૂતાઇથી વાળ પકડી રહ્યો, જેથી કરીને બાદશાહ ભાગી જઇ શકે નહિ. એ દરમિયાન, જાહરિયા "મોહ-મ્મદ ઇસ્હાક" અને "ઇબ્રાહીમ" નામના બે ખાસ દરબારોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કતલ કરી બાદશાહ પર્યંત પહોંચ્યો. ખુસરૌખાને ચીસ પાડી કહ્યું કે હું નીચે છું મારો ખ્યાલ રાખજે. "જાહરિયા" એ એક કુહાડી સુલતાનું કુત્બુદ્દીનની ગરદન પર મારી જેથી તે પડી ગયો. ત્યાર પછી તેણે તેનું માથું કાપી લીધું અને જે કોઈ આડે આવ્યો તેનું કામ પણ તરત ખતમ કર્યું.

હઝાર સિતૂન મહેલની નીચે ઉપર હરેક તરફ ગુજરાતના ભરવાડ લોકો ભરાઈ ગયા હતા. "રણધોલ" ખુસરૌખાનનો મામો હતો. હુસ્સામુદ્દીન ગુજરાતી, ખુસરૌખાનનો ભાઇ અને "જાહરિયા" ગુજરાતી અને બીજા ગુજરાતી ભરવાડ મળી ઝનાનામાં ઘૂસી ગયા અને અલાઉદ્દીનની બેગમ અર્થાત્ ફરીદખાન અને ઉમરખાનની માને બાળકો સાથે સત્વર કતલ કરી. આથી તમામ ઝનાનામાં ગભરાટ ફેલાયો. એ જ વખતે દરબાર સજાવવામાં આવ્યો અને મહાન મહાન ઉમરાવોને તુરત બોલાવવામાં આવ્યા. મુલ્કના તમામ સરદારો જેવા કે ઐનુલ્મુલ્ક મુલ્તાની, મોહમ્મદ તગલક, દિલ્હીનો વઝીર મલેક વહીદુદ્દીન કુરૈશી, મલેક બહાઉદ્દીન દબીર, અને કરાબેગના બંને પુત્રો રાતભર અટકાયતમાં રહ્યા. ખુસરૌખાન પોતાની કોમ સાથે રાતભર મુલ્કની વ્યવસ્થા અને અલાઉદ્દીન અને સુલતાન કુત્બુદ્દીનની ખાનાબરબાદીમાં મશગૂલ રહ્યો. પુરુષોથી લઈ ધાવતાં બાળકો પર્યંત જે કોઈ તેમના હાથે ચઢ્યાં તેમને મોતને ઘાટ ઉતાર્યાં અને આવી રીતે મલેક નાયબ કાફૂર અને મલેક નાયબ ખુસરૌખાને એક પછી એક હંમેશને માટે ખલજી સુલતાનોની સલ્તનતને ખતમ કરી.[૧] જ્યારે સૂર્યોદય થયો અને ખુસરૌખાનની ઇચ્છા મુજબ તમામ કામો પૂરાં થયાં ત્યારે તેણે શાહી તખ્ત પર કદમ મૂક્યો અને શાહી તાજ શિર પર રાખી પોતાનું નામ "નાસીરુદ્દીન ખુસરૌખાન" ધારણ કર્યું, એ નામથી સિક્કા પડાવ્યા અને એ જ નામથી મસ્જિદોમાં મિમ્બર પર ઈમામોએ ખુત્બા પઢ્યા. પોતાના

૧. ઝિયાબની પૃ. ૪૦૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈ હુસ્સામુદ્દીનને "ખાનખાનાન," પોતાના મામા રણધોલ ગુજરાતીને "રાયરાયાન", કુર્રા કીમારના પુત્રને "શાઇસ્તાખાન", યૂસુફ સૂફીને "સૂફીખાન" અને બહાઉદ્દીન દબીરને "આઝમુલ-મુલ્ક"નો ખિતાબ આપ્યો. એ જ લોકોના બાહુબળથી તેને દિલ્હીનું તખ્ત મળ્યું હતું. પરંતુ કેટલાક બીજા સરદારો અને ઉમરાવોને ફક્ત ખુશ કરવાને અને પોતાના તરફ વાળવાને પણ ખિતાબો અને હોદ્દા આપ્યા. ટૂંકમાં ઐનુલ્મુલ્ક મુલ્તાનીને "આલમખાન"નો ખિતાબ આપ્યો અને તાજુલ્મુલ્ક વહીદુદ્દીન કુરૈશીને વિઝારત અને મલેક ફખ્રુદ્દીન જૂના (મોહમ્મદશાહ તગલક)ને 'આખૂરબેગ' (અર્થાત્ તબેલાનો અફ-સર જે તે જમાનામાં મહાન હોદ્દો હતો અને ફક્ત વિશ્વાસુ લોકોને એ ઉપર નીમવામાં આવતા હતા)નો હોદ્દો આપ્યો ખુસરોખાને તમામ સાવચેતીની વ્યવસ્થામાંથી ફારેગ થઇ ગુજરાતી ભરવાડોને ઇનામ આપવાનું શરૂ કર્યું. અલાઉદ્દીનની માફક તે પૈસો વેરીને લોકોને પોતાના કરવા ચહાતો હતો, પરંતુ લોકો તે વખતે ત્રણ ભાગમાં વહેંચાયેલા હતા: (૧) ખુસરોખાનના હિતેચ્છુ, (૨) બહારથી શુભેચ્છક અને હૈયાં મેલાં હતા, અને (૩) જે બિલકુલ વિરુદ્ધ હતા. આ ત્રીજા પ્રકારમાં મલેક ગિયાસુદ્દીન તગલક શામેલ હતો. પરંતુ આવા લોક કયાં તો દિલ્હીથી દૂર હતા અથવા તો ઐનુલમુલ્ક-ની જેમ સમયને અનુસરી ખામોશી પકડી રહેલા. ખુસરોખાનના માણસોએ શાહી મહેલ અતિ નિર્ભયપણે વાપરવાનું શરૂ કર્યું. શાહી લોકોને માનભંગ અને શાહી મહેલમાં દરેક ખૂણામાં મૂર્તિપૂજા શરૂ કરવાથી મુસલમાનોમાં એક દિલચાલ મચી ગઈ. ખુસરોખાન હવે દરેક રીતે નિર્ભય થયો હતો અને અઢી મહિના પસાર થયે કોઇ પણ સૂબેદારે બળવો ન કર્યો, તેમ છતાં તેને મલેક ગિયાસુદ્દીન તગ-લક વિશે વસવસો રહેતો હતો અને તેથી તેના પુત્રની અતિ ખાતર-દારી કરતો હતો. મોહમ્મદ તગલક મલેક જૂના દિલ્હીમાં હતો અને તેનો બાપ ગિયાસુદ્દીન તગલક હંમેશાં ગભરાટમાં રહેતો. ગિયાસુદ્દીન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તગલક઼ે ઉચ્છ અને મુલતાનના હાકેમને લખ્યું કે "અમને સાથ આપો અને દિલ્હી પહોંચી ખલજી ખાનદાનને જે અમારી અને તમારી હિલાયતમાં છે, તેને ખુસરૌખાનના પંજામાંથી બચાવો." મુલતાનના હાકેમ મોગલતી (હસ્સૂખાન) એ જવાબમાં લખ્યું કે "હું મુલતાનનો અને તું દેવપાલપુરનો હાકેમ છે. આપણે એઉ માટે દિલ્હીના શાહનો મુકાબલો કરવો ઠીક નથી." મલેક ગાઝીએ "બહેરામ-અ ઇબા" જે મુલતાનમાંના ઉચ્છ ઉમરાવોમાંનો[૧] હતો તેને લખ્યું કે "મુલતાનના હાકેમને વચ્ચેથી દૂર કરો અને લશ્કર લઇ મને મળો;" તેથી તે મુલતાનના હાકેમને મારી નાખી લશ્કર સાથે મળી ગયો. તેણે સમાનાના હાકેમ મલેકએગ લખ્ખીને પણ એ જ જાતનો પત્ર લખ્યો હતો. પણ તેણે તે ખુસરૌખાન ગુજરાતી ઉપર મોકલી આપ્યો. લશ્કર લઈ મલેક ગાઝી પર તેણે હુમલો કર્યો. મલેક ગાઝીએ તેને હાર આપી. મલેક મોહમ્મદ જૂના (મલેક ગાઝીનો પુત્ર) કોઇપણ રીતે દિલ્હીથી નાસી છૂટવાની ચિંતામાં રાતદિન રહ્યો. ટ્રંકમાં તેણે બાપને એક ચિઠ્ઠી લખી, અને ઘોડાની ડાકચોકી મુકરર કરી દીધી. તેણે બસો સવાર સરસ્વતીના કિલ્લામાં મોકલી તેનો કબજો લીધો. મલેક ફખ્રુદ્દીન જૂના એક રાત્રિએ મોક્કો જોઈ નાસી છૂટ્યો અને સરસ્વતી પહોંચી ગયો. ત્યારપછી ત્યાંથી દેવપાલપુર આવ્યો. સવારે જ્યારે ખુસરૌખાન ઊઠ્યો ત્યારે તે મલેક જૂનાના નાસી છૂટ્યા વિશેની ખબર સાંભળી ઘણો ગભરાયો. તુરત જ તેણે શાઇસ્તાખાનને તેની પૂંઠે રવાના કર્યો, પરંતુ સરસ્વતીના કિલ્લાથી પાછા આવી તેણે પોતાની નિરાશા જાહેર કરી. હવે મલેક ગાઝી એક બળવાન ફોજ લઈ દિલ્હી માટે રવાના થયો. અહીં ખુસરૌખાને વીસ હજારની ફોજ પોતાના ભાઈ ખાનખાનાન હુસ્સામુદ્દીનને આપી. સૂફીખાન વગેરે પણ શામેલ થયા. જ્યારે એ ગુજરાતી ફોજ મલેક ગાઝીની ફોજ સાથે અથડાઇ ત્યારે ટુકડે ટુકડા થઈ વીખરાઇ ગઈ.

૧. બદાયૂની પૃષ્ઠ, ૨૧૮, ભાગ ૧ લો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુસરૌખાન આ સાંભળી અતિ ગભરાયો, પરંતુ હિંમત કરી તેણે ફોજની સરદારી પોતે લીધી. તે નવી ફોજ સાથે દિલ્હીની બહાર નીકળ્યો,[૧] પરંતુ ઘણે દૂર ન ગયો અને હોઝેખાસની પાસે થોભ્યો, કારણ કે મલેક ગાઝી એવડી કૂચ કરતો વિના વિલંબે આવતો હતો, તેથી ખુસરૌખાને દિલ્હી છોડવાનું પસંદ ન કર્યું. તે વખતે અન્ધનાનો દરવાજો ખોલી દીધો અને હરેક સિપાઈને બબે ત્રણ ત્રણ સાલનો પગાર આપ્યો. ફકીરો અને દરવીશોને દાન કરવામાં આવ્યું. ગુજરાતી ભરવાડોને અન્ધનાના ઝવેરાતથી માલામાલ કર્યા અને મલેક ગાઝી માટે અન્ધનામાં એક પાઈ સરખી ન છોડી. તે સમજ્યો કે અલાઉદ્દીનની માફક પૈસા વેરવાથી કામ લઉં. ટૂંકમાં બન્ને ફોજોનો મુકાબલો થયો. એનુલમુલ્ક લડાઈ પહેલાં માળવા તરફ રવાના થઈ ગયો હતો. અને એવી રીતે અલાઉદ્દીનના ઉમરાવો જે બધા દિલથી મળ્યા ન હતા તેઓ એકેક કરીને છૂટા થઈ ગયા. જંગ શરૂ થયો ત્યારે બન્નેએ મરદાનગીને ઇન્સાફ આપ્યો.[૨] પ્રથમ તગલકની ફોજે હાર ખાધી, પરંતુ સવારોની ત્રણ ટુકડી અચાનક ખુસરૌખાનની ફોજ પર આવી પડી. જેથી ખુસરૌખાનની ફોજમાં નાસભાગ મચી. મલેક તલબગા નાગોરી જે ખુસરૌખાન ગુજરાતીની ઘણી તરફદારી કરતો હતો તે માર્યો ગયો અને કુર્રા કીમારના પુત્ર શાઇસ્તાખાને નાસભાગનો રસ્તો ધીક્ષ્તયાર કર્યો. ખુસરૌખાને પોતે ઘણી બહાદુરી બતાવી અને પુષ્કળ કોશિશ કરી, પરંતુ તે કામ ન આવી. ટૂંકમાં શુક્રવારનો દિવસ હતો, પાછલા પહોર પર્યંત લડાઇ જારી રહી. આખરે ખુસરૌખાનની હાર થઈ; બેશુમાર ગુજરાતી ભરવાડો માર્યા ગયા. બીજે દિવસે જેણે જ્યાં ભરવાડો જોયા ત્યાં માર્યા. હજારો ગુજરાતી ભરવાડ ગુજરાત તરફ નાસી છૂટ્યા ને રસ્તામાં માર્યા ગયા. ખુદ ખુસરૌખાન પોતાના

૧. ચાળીસ હજારની કુલ ફોજ તેની પાસે હતી (ફરિશ્તા).
૨. બદાયૂની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકા મલેક શાદીના બાગમાં સંતાઇ ગયો અને ગિરફ્તાર થયો. મલેક ગાઝીની સમક્ષ તેની કતલ કરવામાં આવી.[૧] બલજી ખાનદાનમાંનો શાહી કુટુંબનો કોઇ પુખ્ત વયનો પુરુષ બાકી ન રહ્યો હતો તેથી રાજ્યના ઉમરાવોની સલાહથી મલેક ગાઝી તગલક દિલ્હીમાં તખ્તનશીન થયો. આ બનાવ ઈ. સ. ૧૩૨૦ (હિ. સ. ૭૨૦) નો છે. તેની સલ્તનત ચાર માસ અને થોડાક દિન ટકી, પરંતુ 'તગલક નામા'માં અમીર ખુસરોએ કુત્બુદ્દીનની કતલનો બનાવ હિ. સ. ૭૨૦ના જમાદિઉસ્સાનીનો જણાવ્યો છે, એ ધ્યાનમાં લેતાં એની સલ્તનતની મુદત ફક્ત બે મહિનાની થઈ.

ખુસરોખાન ગુજરાતીનું અવસાન

ખુસરોખાનના અવસાન વિશે જે સાલ સામાન્ય તારીખોમાં લખવામાં આવી છે તે હિ. સ. ૭૨૧ છે; પરંતુ સિયરૂલમુતઅખ્ખરીનમાં હિ. સ. ૭૨૫ છે. મારા ખ્યાલ મુજબ બન્નેએ ખોટી સાલ લખી છે, કારણ કે આમ ઇતિહાસકારો અલાઉદ્દીનના અવસાનનો સમય હિ. સ. ૭૧૬ ના શવ્વાલની ૬ઠ્ઠી તારીખ વિશે એકમત છે (ઇ. સ. ૧૩૧૬ ડિસેમ્બરની તારીખ ૨૨). તે પછી લગભગ ૩૬ દિવસે મલેક કાફૂર રાજ્યકર્તા થયો. તેના પછી તેની જગ્યા પર કુત્બુદ્દીન આવ્યો.

અને એ હિ. સ. ૭૧૬ (ઈ. સ. ૧૩૧૬)ના ઝિલ્કાદ્દા માસનો બનાવ છે. કુત્બુદ્દીને શિહાબુદ્દીનને બરતરફ કરી પોતે તખ્ત હાંસિલ કર્યું અને વિધિપૂર્વક તખ્તનશીન થયો ત્યારે ઝફરૂલવાલા સિવાયના આમ ઇતિહાસકારોના મત મુજબ હિ. સ. ૭૧૭ ના મોહર્રમની આઠમી તારીખ હતી (ઈ. સ. ૧૩૧૭ ના માર્ચની ૨૩ તારીખ). ત્યાર પછી તે સુલતાન કુત્બુદ્દીનના અવસાનનો સમય હિ. સ. ૭૨૧ ના રબીઉલ્ અવ્વલની ૫ મી તારીખ (ઈ. સ. ૧૯૨૧ ના માર્ચની ૨૪ મી તારીખ) જણાવે છે. સુલતાનનું અવસાન અને

૧. ફીરોઝશાહી–બર્નીમાંથી ખુલાસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુસરૌખાનનો રાજ્યાભિષેક જાણે કે એક જ દિવસે થયો, અને એ જ રીતે ખુસરૌખાનનું અવસાન અને મોહમ્મદ તઘલકની તખ્તનશીનીની પણ જાણે કે એક જ તારીખ હતી. આમ ઇતિહાસકારોના કહેવા મુજબ ગાઝી તઘલક હિ. સ. ૭૨૧ (ઈ. સ. ૧૩૨૧) ના શાબાનની ૧ લી તારીખે બલ્કજ તખ્ત પર બિરાજમાન થયો, અને ખુસરૌખાને ફક્ત ચાર મહિના રાજ્ય કર્યું. એટલે જો કુતબુદ્દીનના અવસાનની રબીઉલ અવ્વલની પાંચમી તારીખ સાચી હોય તો મલેક ખુસરૌખાનનું અવસાન એ હિસાબે હિ. સ. ૭૨૧ (ઇ. સ. ૧૩૨૧) ના રજબની પાંચમીની પહેલાં કે પછી હોવી જોઈએ. જો કે હિ. સ. ૭૨૧ (ઈ. સ. ૧૩૨૧) ના શાબાનની પહેલી તારીખે મલેક તઘલકની તખ્તનશીની થઈ હતી, અને તે પછી બે ત્રણ દિવસ પછી તેના અવસાન વિશેની ખાત્રી છે. અને જો હિ. સ. ૭૨૧ (ઈ. સ. ૧૩૨૧) ના શાબાનની પહેલી તારીખે ખુસરૌખાનના અવસાનનો સ્વીકાર કરીએ તો એ રીતે ઘણી બાબતો એવી ઉપસ્થિત થાય છે જે ખરી વસ્તુસ્થિતીની વિરુદ્ધ છેઃ (૧) તે સંજોગોમાં કુતબુદ્દીનનું અવસાન રબીઉલ અવ્વલને બદલે રબીઉસ સાનીમાં હોય અને એ આમ ઇતિહાસકારોના બ્યાનથી વિરુદ્ધ છે અને કોઈ આધાર રાખવા યોગ્ય ઇતિહાસ એનું સમર્થન કરતો નથી. (૨) બદાયૂની અને ઝિયાબર્ની બંને વિશ્વાસપાત્ર તારીખોમાં હિ. સ. ૭૨૦ (ઈ. સ. ૧૩૨૦) લખી છે. ખાસ કરીને બર્નીના સમયની નજીકનો બનાવ હોવાથી એનું બ્યાન વધારે ભરોસાપાત્ર અને સાચું જણાય છે. વળી બીજા પુરાવાઓ પણ એનું સમર્થન કરે છે. (૩) ખુસરૌખાને તખ્તનશીન થતાં જ હુકમ કર્યો કે 'નાસિરૂદ્દુનિયાવદ્દીન ખુસરૌખાન'ના નામથી સિક્કા અને ખુત્બા જારી કરવા. એટલે આજ પર્યંત જે સિક્કા મળ્યા છે તેમાં એક પણ હિ. સ. ૭૨૧નો નથી, બલ્કે તમામ ૭૨૦ નાં છે.

એવો બ્યાલ ન કરવો જોઈએ કે ખુસરૌખાન હિ. સ. ૭૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઈ. સ. ૧૩૨૦) અને હિ. સ. ૭૨૧ (ઈ. સ. ૧૩૨૧) માં હયાત હોય, કારણ કે ખુસરોખાનના હિ. સ. ૭૨૧ (ઈ. સ. ૧૩૨૧) ના ચાર મહિના કોઈ પણ રીતે હિ. સ. ૭૨૦માં આવતા નથી, એટલે બિલકુલ એમ જ માનવું પડે છે કે ખુસરોખાનના અવસાનની સાલ હિ. સ. ૭૨૦ છે. મારા ખ્યાલ મુજબ આમ ઇતિહાસકારોએ ફરિશ્તામાંથી સાલ નકલ કરી અને બહુધા એ જ જગ્યાએથી કિતાબોમાં હિ. સ. ૭૨૧ (ઈ. સ. ૧૩૨૧) ની ભૂલ શરૂ થઈ.

ખુસરોખાનની હારનાં કારણો

ખુસરોખાનને ઇતિહાસમાં ઘણું જ ઓછું મહત્ત્વ આપવામાં આવ્યું છે એનું સૌથી મોટું કારણ હકૂમત અયોગ્ય રીતે હાંસિલ કર્યાનું છે. અથવા તો એમ પણ હોય કે તે ઘણો જ નીચ કોમનો માણસ હતો. પરંતુ એ બંને દોષો કંઈ એવાં મહાન પાપો નથી, જે ફક્ત ખુસરોખાન ગુજરાતીએ કર્યાં હોય. પરંતુ ઊંડો વિચાર કરવાથી માલૂમ પડે છે કે દુનિયાનો કોઈ પણ ભાગ આવા મહત્ત્વાકાંક્ષી વિજેતાના દાખલાઓથી ખાલી નથી. ખુસરોખાન ગુજરાતીએ કુતબુદ્દીનની ગફલતનો જે ફાયદો ઉઠાવ્યો તે બરોબર સ્તુતિપાત્ર છે. પોતાની અંગત શક્તિથી પોતાની કોમ અને મુલ્ક માટે જે રીતે અક્કલ અને ડહાપણથી કામ લીધું તેને લઈને તેના અભિમાનમાં કંઈ સંશય માટે સ્થાન નથી. પરંતુ પ્રશ્ન માટે બાબત એ છે કે તમામ સાવચેતીનાં પગલાં હોવા છતાં પણ તેને કૃતેહનું મોં જોવાનું ભાગ્યમાં ન હતું, તેનાં કયાં કારણો હતાં? મારા ખ્યાલ મુજબ તેની હારનાં કારણો નીચેના છે:—

(૧) ખુસરોખાન જે કે પોતાની જ લાયકાત અને હોશિયારીથી સલ્તનતના તખ્ત સુધી પહોંચ્યો તેમ છતાં પણ તેનામાં અંગત રીતે ઉચ્ચ સદ્‌ગુણો ન હતા કે જે વડે સલ્તનતના મહાન મહાન ઉમરાવો અને સામાન્ય અને ખાસ માણસોને પોતાના કરે. સુલતાન કુતબુદ્દીનના જમાનામાં જ લોકો તેના અવગુણો વિશે ઘણું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરિયાદ કરતા હતા. એમ જણાય છે કે તે પોતાની ફોજી તાકાત માટે બહુ મગરૂર હતો. બહુધા તેથી કરીને કુતુબુદ્દીનના જમાનામાં તેણે રાજ્યના કોઇ મહાન સેનાપતિઓ અને સરદારોને મેળવવાની કોશિશ ન કરી. આ કારણથી જ્યાંસુધી ખુસરોખાનને ફોજી તાકત લાગતી વળગતી હતી ત્યાંસુધી સલ્તનતના ઉમરાવો તેની સાથે રહ્યા અને જેવી જ એની સત્તા કમ થઈ તેવા જ તેઓ અલગ થઈ ગયા.

(૨) જે ફોજ ભરતી ખુસરોખાને કરી હતી તે જો કે સંખ્યામાં ચાળીસ હજારની હતી પરંતુ સામાન્ય રીતે તેમાં રંગરૂટ ભર્યા હતા. તેમાંથી કોઈને પણ કાયદેસર ફોજ સાથે લડવાનો વારો ઉમર ભરમાં આવ્યો ન હતો, પરંતુ સામેની ફોજને એક અનુભવી સેનાપતિના હાથ નીચે કેળવાયેલી જંગી ફોજ હતી. તેથી વધુ પ્રમાણમાં ગુજરાતીઓ મોતના ભોગ થયા.

(૩) ખુસરોખાનની ફોજમાંના લોકો જે વધુ પ્રમાણમાં જંગલી અને અભણ ભરવાડ હતા તેમની ખાતરદારી અને હૃદયની શાંતિના ખ્યાલથી ખુસરોખાને જે ધાર્મિક સહિષ્ણુતા અને કોમી વર્તન રાખ્યું તેમાં હદથી વધારે કામ લેવામાં આવ્યું. મસ્જિદોમાં મૂર્તિપૂજા અને કુરાન તરફનો તિરસ્કાર એવી બાબતો હતી જે મુસલમાનો કોઇ પણ રીતે બરદાસ્ત કરી શકતા ન હતા. તેથી ધર્મ ઉપર આસ્થા રાખનારા મુસલમાનો ખુસરોખાનને ધિક્કારવા લાગ્યા અને આમ જનતાની નફરત પણ તેની નબળાઇનું કારણ થયું.

(૪) દક્ષિણની કુલ દોલત જે અલાઉદ્દીન ખલજીના જમાનાથી ખઝાનામાં જમા હતી તે ખુસરોખાન ગુજરાતીએ એવી બેહૂદી રીતે વહેંચી નાખી કે બિલકુલ કામ ન આવી, એટલું જ નહિ પણ તેનાથી સખ્ત નુકસાન પહોંચ્યું, કારણ કે ખઝાનો ખાલી થઈ જવાથી ખુસરોખાન ફરીથી બીજી ફોજની ભરતી ન કરી શક્યો, અને એ એવી ભૂલ હતી કે જેનાથી ખુસરોખાનનું બનેલું કામ બગડી ગયું.

(૫) તે ઉપરાંત ખુસરોખાને પોતાની ફોજી તાકત પર એટલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બધો ભરોસો રાખ્યો હતો કે કાર્યના પરિણામનો વિચાર કરવાનો ખ્યાલ પણ એના દિલમાં ન આવ્યો. કંઈક અકકલ અને ડહાપણથી કામ લીધું હોત તો સંભવિત છે કે સફળતા મળત. તેણે હારની સંભાવનાનો જરાપણ વિચાર ન કર્યો કે જેથી એવા વખત માટે કોઈ સુરક્ષિત જગ્યા તૈયાર રાખી હોય. તેણે ઇચ્છા કરી હોત તો ગુજરાત અને દક્ષિણના પ્રદેશોમાં કોઇ એવી જગ્યા સુરક્ષિત કરી શકયો હોત કે જ્યાં બેસીને લાંબા સમય પર્યંત તગલકને હંફાવવામાં મશગૂલ રહેત, કારણ કે તે જમાનામાં દરેક ઠેકાણે અવ્યવસ્થાનો કાળ હતો, પંજાબ અને સિંધ સિવાય બાકીના દરેક મુલ્કમાં તે સ્વતંત્ર રીતે સફળ થઈ શકયો હોત.

(૬) મારા ઉપરના ઉલ્લેખ મુજબ રાજ્યના ઉમરાવો તેનાથી નારાજ હતા. ફક્ત થોડા જ મુસલમાન ઉમરાવો તેના તરફદાર હતા. જેમને કુત્બુદ્દીનના હાથે તકલીફ પહોંચી હતી તે ખુસરોખાનની સાથે થયા હતા કારણ કે કુત્બુદ્દીનનો એ દુશ્મન હતો. અને દુશ્મનનો દુશ્મન દોસ્ત થાય છે. એની સાથે થવામાં તાત્કાલિક ફાયદાની આશા હતી. એ જ કારણથી જંગના મેદાનમાં સાફ સાફ માલૂમ પડતું હતું કે ખુસરોખાનના સાથી અને દોસ્ત હોવા છતાં હાર વખતે તેઓ ચોરી છૂપીથી બહાર નીકળી ગયા.

(૭) એ પણ સાફસાફ નજરે પડે છે કે ખુસરોખાનની ફતેહ હોવા છતાં કોઈ હિન્દુ રજપૂતે તેને મદદ ન આપી; બહુધા એનું કારણ ફક્ત એ હતું કે ખુસરાખાન અતિ નીચ અને અદના કોમનો હતો, જેની સરદારી રજપૂત કોઇપણ રીતે કબૂલ રાખતા નહતા.

(૮) કોઈ વિજેતા રણક્ષેત્રના કેદીઓ સાથે જેવું વર્તન કરે તેવું ખુસરોખાને કુત્બુદ્દીનની કતલ પછી શાહી ખાનદાન સાથે કર્યું. આ ખરાબ વર્તનને લઈને કોઈને ખુસરોખાન પ્રત્યે હમદર્દી ન રહી. લોકો ફક્ત લોખંડ અને સોનાના દબાણથી ખામોશ હતા. તેણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જંગલી રીતે દૂધ પીતાં બચ્ચાં અને ગોદમાં બચ્ચાંવાળી માતાઓ સાથે વર્તન કર્યું તેનાથી લોકોને તેના તરફ નફરત થઈ ગઈ.

ગુજરાત વિશે માર્કોપોલો નામના મુસાફરનો અભિપ્રાય

(ઈ. સ. ૧૨૯૫–હિ. સ. ૬૯૫) સેન્ટ થોમસની કબરની પશ્ચિમ તરફ 'લાર' એટલે કે ગુજરાત પ્રાંત આવે છે. એ મુલ્ક-માંથી બ્રાહ્મણો[1] દુનિયાભરમાં ફેલાયા છે. એ બ્રાહ્મણ ઘણા જ ભલા વેપારી હોય છે. તેઓ અતિ પ્રામાણિક અને સાચાબોલા પણ હોય છે, કારણ કે તેઓ દુનિયાની કોઇપણ ચીજ માટે જૂઠું બોલતા નથી. જો કોઈ પરદેશી મુસાફર તેમના મુલ્કના વેચાણ ખરીદીના રિવાજોથી વાકેફ ન હોય અને તેમને પોતાનો માલ સોંપે તો તેઓ ઘણા પ્રામાણિકપણે અને નિમકહલાલીથી વેચે છે. ફક્ત જે હકથી તેમને આપવામાં આવે છે, તે સિવાય તેઓ કોઈ બીજી રીતે કંઈ પણ અયોગ્ય નફો લેતા નથી. તેઓ પોતાના ધર્મને ઘણા વળગી રહે છે. તેઓ માંસ ખાતા નથી તેમજ શરાબ પીતા નથી, અને પારકી સ્ત્રી સાથે સંભોગ કરતા નથી. એઓ બીજાઓની કોઈ ચીજ લેતા નથી. તેઓ એક જનોઈ પહેરે છે. એ મુલ્કનો હાકેમ અતિ દોલતમંદ અને તાકતવર છે. તેને ઝવેરાતનો ઘણો શોખ છે. તે બ્રાહ્મણ સોદાગરોને મદ્રાસમાં ઝવેરાત ખરીદવાને મોકલે છે: અને જે કીમતે તે ખરીદી લાવે છે તેનાથી બમણી કીમત આપે છે. એ મુલ્કના બ્રાહ્મણો બૌદ્ધ ધર્મ માને છે અને શુકન વગેરેમાં ઘણી શ્રદ્ધા રાખે છે. આ બાબતોમાં તેઓ દુનિયાભરની કોમોમાં આગળ વધેલા છે. એમને ત્યાં દરરોજ માટે માણસોની કદના પડછાયાની લંબાઈ નક્કી કરેલી હોય છે. જે માણસ સોદા કરવા ઇચ્છે છે તે સવારમાં ઊઠી સૂર્યના તાપમાં ઊભો રહે છે અને પોતાનો પડછાયો જુએ છે. જો પડછાયો પોતાના હંમેશ મુજબની બરોબર હોય તો તે સોદો કરે છે. અને તે ઓછો હોય તો તે નથી કરતો. એમના

(૧) બહુધા એ બૌદ્ધ ધર્મી લોક માટે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિપ્રાય પ્રમાણે દિવસનો એક પહોર અપશુકનિયો હોય છે. દાખલા તરીકે બુધવારે મધ્યાહ્નનો વખત અને સોમવારે પાછલા પહોરનો. એ વખતે પણ લોકો કંઈ કામ કરતા નથી. એ ઉપરાંત જો કોઈ માણસ ઘરની અંદર બેઠો હોય અને ગરોળીને દીવાલની શુકનવાળી દિશા તરફથી આવતી જુએ તો તુરત જ કંઇ કામ કરી નાખે છે અને અપશુકનવાળી દિશામાંથી આવતી જુએ તો કદી કંઇ કામ કરતો નથી. જો કોઈ બહાર જતી વખતે છીંક થાય અને તે શુકનવાળી સમજે તો જાય છે, નહિતો ત્યાં ને ત્યાં રહે છે. રસ્તા પર ચાલતી વખતે ચકલી શુકનવાળી દિશાથી પસાર થાય તો તે આગળ જાય છે, નહિતર નથી જતો. એ બ્રાહ્મણોની ઉમર ઘણી મોટી થાય છે, કારણ કે ખાવાપીવામાં તેઓ કાળજીવાળા અને નિયમિત હોય છે. તેમના દાંત પણ એક લીલોતરી ખાવાથી ઘણા મજબૂત હોય છે. એ લીલોતરીને લઈને તેમની તબિયત સારી રહે છે. એ મુલકમાં ધાર્મિક આગેવાનોની એક જાત હોય છે જે 'જોગી' કહેવાય છે. એ જોગીઓ જાતના બ્રાહ્મણ હોય છે. તેમની ઉમર દોઢસોદોઢસો અને બસોબસોની હોય છે. તેઓ ઓછી પણ ઉમદા ચીજો ખાય છે. દાખલા તરીકે ચોખા, દૂધ. એ લોક ગંધક અને પારામાંથી એક જાતની ભસ્મ બનાવે છે જે તેઓ બાળપણથી જ લાંબું આયુષ અને બળવાન શરીર કરવાને માટે ઉપયોગમાં લે છે. અહીંના જોગીઓની એક જમાત જે તપ કરવામાં પોતાની ઝિંદગી ગાળે છે તે નગ્ન રહે છે અને પોઠિયાની પૂજા કરે છે. તેઓ પોઠિયાની છબી જે પિત્તળ કે સોનાની હોય છે તેને પોતાના કપાળ ઉપર બાંધે છે. તે ગાયના છાણની રાખ શરીર ઉપર ભભૂતની માફક લગાવે છે. તેને તે ઘણી જ પવિત્ર સમજે છે અને જ્યારે કોઇ એનો અનુયાયી મળી જાય છે ત્યારે એ રાખ તેમના કપાળ ઉપર લગાવે છે. તેઓ વાસણમાં ખાતા નથી પણ ઝાડનાં પાંદડાં અને તે પણ સૂકાં પાંદડાંમાં ખાય છે, કારણ કે તેમનું માનવું એવું છે કે લીલાં પાંદડામાં પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવ હોય છે અને જીવને સતાવવું સારું નથી. કોઈ એનો જીવ લઈ લે તોપણ તેઓ ધર્મની વિરુદ્ધ વર્તન કરતા નથી. જો કોઈ તેમને નગ્ન રહેવાનું કારણ પૂછે તો તેઓ જવાબમાં જણાવે છે કે દુનિયામાં નગ્ન આવ્યા હતા અને નગ્ન ચાલ્યા જઈશું; તેથી દુનિયાની ચીજો સાથે સંબંધ રાખવો ન જોઈએ. અમારામાં વિષયવાસના નથી તેથી અમે નાગા ફરીએ છીએ. જેઓ બહુ વિષયી હોય છે તેમને પોતાની છુપી જગ્યા છુપાવવાની જરૂર પડે છે. તેઓ કોઈપણ જીવવાળા પ્રાણીને જાનથી મારતા નથી, કારણ કે એને મહાન પાપ સમજે છે. તેઓ લીલાં શાક નહિ બલકે સૂકાં ખાય છે. તેઓ જમીન પર નગ્ન સૂએ છે; કાંઈ ઓઢતા નથી અને બિછાવતા પણ નથી. તેઓ દરરોજ ઉપવાસ કરે છે અને પાણી સિવાય કાંઈ પીતા નથી. તેઓ કોઈને પોતાનો ચેલો બનાવે છે, ત્યારે તેને પોતાના મઠમાં અમુક વખત સુધી રાખે છે અને તેને પોતાના જેવી જિંદગી પસાર કરાવે છે. જ્યારે તેની પરીક્ષા લે છે ત્યારે તેઓ જે જુવાન છોકરીઓ મૂર્તિઓની પૂજા કરે છે, તેમને બોલાવે છે અને આ શખ્સને તેમની સાથે રહેવાનું કહે છે. એ છોકરીઓ નખરાં, ચાળા, ટીખળ અને નેત્રસંકેતથી તેને લોભાવે છે અને જો તે તેમની સાથે બેદરકારીથી વર્તે તો તેને ચેલો બનાવે છે, નહિતો નહિ, કારણ કે તેઓ કોઈ બરાબર[1] ચાલચલગતવાળા માણસને પોતાની જમાતમાં શામેલ કરતા નથી. તેઓ મઠોને બાળે છે, કારણ કે તેઓ માને છે કે એમ કરવામાં ન આવે તો તેમાં કીડા પડે છે અને જ્યારે એ કીડાને ખોરાક નથી મળતો ત્યારે તે મરી જાય છે. તેમના મોતનો બદલો મરહૂમના આત્મા પાસેથી લેવામાં આવે છે, ગુજરાત એક મોટો મુલ્ક છે એની એક અલગ ભાષા છે. એનો રાજ્યકર્તા ખુદમુખ્તાર છે અને વતનીઓ

---

૧. આ તમામ હકીકતો જેનો ઉલ્લેખ એણે કર્યો છે તે લિંગ-પૂજારીનો છે, કારણ કે એમનામાં જ સ્ત્રીઓને સાથે રાખી પરીક્ષા કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બૌદ્ધ ધર્મી અને મૂર્તિપૂજક છે. અહીંથી ધ્રુવનો તારો જરા ઊંચો દેખાય છે. ગુજરાતના વતનીઓ દરિયાઇ ચાંચિયા છે (બહુધા માકી પોલોનો કહેવાનો ભાવાર્થ કિનારાના લોકો વિશેનો છે). તેઓ વહાણ લૂંટી લે છે અને ચાંચિયાને હાથ જ્યા એવા ડરથી જહાજ-નો માલિક ઝવેરાત ગળી જાય તો તેઓ તેને સમુદ્રના પાણીમાં આમલી નામે ઓળખાતી એક ચીજ તેને પિવડાવે છે જેથી તેને દસ્ત થવા માંડે છે અને ઝવેરાત બહાર નીકળી આવે છે, જે તેઓ લઈ લે છે. એ મુલકમાં કાળાં મરી, આદુ અને ગળી વધારે થાય છે. તે ઉપરાંત કપાસ, જે દેવકપાસ નામે ઓળખાય છે તે વધારે પ્રમાણ-માં ઊગે છે. તેનાં ઝાડો ઘણું ઊંચાં થાય છે અને તે ઉપર વીસ સાલ સુધી કપાસ આવે છે. બાર વરસ પર્યંતનાં ઝાડનું કપાસ કાંતવા અને કપડાં વણવાના કામમાં આવે છે. છેલ્લાં આઠ વરસનું કપાસ એ કામમાં આવતું નથી, પરંતુ સુજની તળાઈ રજાઈ અને ગાદલાં ભરવાના કામમાં આવે છે.[૧] અહીંના લોકો ઘેટાં, બકરાં, ભેંસ, જંગલી ગાય, અને ગેંડા જેવાં પશુઓનાં ચામડાં પકવે છે અને રંગે છે. અહીં ચટાઈ ઘણી ઉમદા વણવામાં આવે છે, જેમાં ઉત્તમ જાતનું કારીગરીનું કામ કરવામાં આવે છે અને પશુ પક્ષી-ઓનાં ચિત્રો બનાવવામાં આવે છે. એ ચટાઈ બિસ્તરાનું કામ આપે છે. તે ઉપરાંત તકિયા પણ ઘણા ઉમદા બનાવવામાં આવે છે.

: ૩ :

તગલક વંશ

તગલક તુર્કી શબ્દ છે જેનો અર્થ 'પહાડી' થાય છે. એ પુસ્તુ શબ્દ "રોહીલા"ના અર્થનો છે. નવાદિરૂલ મઆલીમાં જણાવ-વામાં આવ્યું છે કે 'તગલક' અને 'કતલગ' એક જ અર્થના છે.

---

૧. આજકાલની રૂની ખેતી જોતાં આમાં અતિશયોક્તિ લાગે છે પરંતુ મૈસૂરના નરસિંહ રાજ્યમહેલ્લામાં મેં પોતે રૂનું એક ઝાડ જોયું તે આ બ્યાનને મળતું આવવાથી મને ખાત્રી છે કે એણે સાચું લખ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બલ્કે 'કતલગ' બદલાઈને 'તગલક' થઈ ગયો છે જેનો અર્થ 'મધ્યમ' છે. પરંતુ તેને માટે કંઈ સાબિતી આપવામાં આવી નથી. 'તગલક' વિશે સૌથી પુરાણું બ્યાન ઇબ્ન બતૂતાનું છે. તે લખે છે કે "શેખ રુકનુદ્દીન કુરૈશી મુલતાની પાસેથી મેં સાંભળ્યું છે કે તગલક તુર્ક કોમમાંનો 'કરના' હતો. અને એ લોકો તુર્કસ્તાન અને સિંધની વચ્ચે આવેલા પહાડોમાં વસતા હતા." 'કરના' શબ્દની બાબતમાં આઠમી સદીનો મશહૂર મુસાફર 'માર્કોપોલો' જણાવે છે કે 'જેમનો બાપ તાતારી અને મા હિંદી હોય તે લોકો 'કરના' નામથી ઓળખાય છે. એમનો ધંધો લૂંટફાટનો છે. જ્યાં એમનું લશ્કર જાય છે તે પ્રદેશને ઉજ્જડ બનાવે છે. તેમનો સરદાર નિકોદાર છે જે ચગતાઈનો ભત્રીજો છે. એ શમ્સ પોતાના કાકા પાસેથી નાસીછૂટી 'કરના'નું લશ્કર લઈ બદખ્શાનને રસ્તે કાશ્મીર ગયો અને લાહોર જીતી ત્યાં રહ્યો. અને મોગલો સાથે લડવાનું ચાલુ રાખ્યું"...આખર પર્યંત.

બીજા ઇતિહાસો ઉપરથી એમ જણાય છે કે પ્રથમ તો કરનાનું તૂમાન (દસહઝાર) આદમી મોગલોનું લશ્કર સાથે રહેતું હતું, પરંતુ ત્યારપછી તેમણે લૂંટમાર જ પોતાનો ધંધો બનાવી દીધો. જાણીતી બિના એ છે કે અસલ આ લોકો ચીનની ઉત્તરમાં આવેલા કરન જીદન (કીદન) નામના પહાડમાં રહેતા હતા. ખુલાસતુત્ તવારીખનો કર્તા લખે છે કે સુલતાન મોહમ્મદનો બાપ તગલક સુલતાન ગિયાસુદ્દીન બલબનના તુર્કી ગુલામોમાંનો એક હતો અને તેની મા પંજાબની "જાટ" કોમની હતી. એ બ્યાન ઉપરથી એમ જણાય છે કે 'કરના' શબ્દથી ઇબ્નબતૂતાના રાવી શેખ કુરૈશીનો કહેવાનો ભાવાર્થ એ જ છે અને માર્કોપોલોનું બ્યાન પણ સાચું માલૂમ પડે છે. એ પણ સાફસાફ જણાવાનું મળે છે કે 'તગલક' કોમનું નામ ન હતું, પરંતુ કોઈ એક શમ્સનું નામ હતું. દિલગીરીની વાત છે કે તારીખે ફીરોઝશાહીના કર્તા શમ્સ સિરાજ અફીફે પોતાના ઇતિહાસમાં આ શબ્દની કંઈ પણ સમજૂતી આપી નથી. સિક્કા ઉપરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ એ વાતને સમર્થન મળે છે, જેમકે એક સિક્કા ઉપર છે કે 'અસ્સુલ્તાનુલ્ગાઝી ગિયાસુદ્દુનિયા વદ્દીન અબુલ્મુઝફ્ફર તગલક શાહિ-સ્સુલ્તાન નાસિર અમીરૂલ્ મુમિનીન' અને એના પુત્રના સિક્કા ઉપર 'અલ્મુખ્તહિદ ફી સબીલિલ્લાહે મોહમ્મદ બિન તગલકશાહ' લખવામાં આવ્યું છે. આથી તગલક કયાં તો ખુદ મલેક ગાઝી ગિયાસુદ્દીન અથવા તો તેના બાપનું નામ છે. ફરિસ્તા[૧] લખે છે કે " જ્યારે હું લાહોર ગયો ત્યારે વિદ્વાનો આગળ આ બાબત વિશે મેં પૂછપરછ કરી. પરંતુ કોઈએ 'તગલક' વિશે ખરી અને માનવા યોગ્ય વાત ન કહી. અલબત્ત એમ કહ્યું કે સામાન્ય રીતે એ વાત પ્રચલિત છે કે ગિયાસુદ્દીન તગલકનો બાપ મલેક તગલક ગિયાસુદ્દીન બલબનના ગુલામોમાંનો એક હતો અને તેણે પંજાબી જાટની પુત્રી સાથે લગ્ન કર્યું હતું જેણે ગિયાસુદ્દીનને જન્મ આપ્યો હતો." ઇબ્ન બતૂતા લખે છે કે 'તગલક અતિ કંગાળ હાલતમાં હતો. સિંધમાં આવ્યો ત્યારે કોઈ એક સોદાગરને ત્યાં ગોવાળ તરીકે રહ્યો હતો. આ અલાઉદ્દીનના સમયની વાત છે તે વખત જ સુલતાનનો ભાઈ ઉલૂગખાન મુલતાનમાં હાકેમ તરીકે આવ્યો હતો. તગલક તેના લશ્કરમાં દાખલ થઈ પ્રથમ પાયદળ અને પાછળથી હયદળમાં જોડાયો. તેનું કામ જોઈ તેની નિમણૂક અમલદાર તરીકે કરવામાં આવી. ત્યારપછી મીરે આખૂર અર્થાત્ તબેલાનો દારૂગો અને આખરે મહાન ઉમરાવોમાંનો એક થયો.' શમ્સ સિરાજ યફીફે ફીરોઝશાહીમાં લખ્યું છે કે "ગિયાસુ-દ્દીન તગલક, 'રજબ' અને અબૂબક્ર એ ત્રણે ભાઈ ખુરાસાનથી દિલ્હી આવ્યા. એ સમય અલાઉદ્દીન બલજીનો હતો.[૨] સુલતાને દિલ્હીમાં

૧. કાસિમ ફરિશ્તા જહાંગીરના સમયમાં દક્ષિણના બાદશાહ તરફથી સફીર તરીકે જહાંગીર પાસે લાહોરમાં ગયો હતો.

૨. હુસ્સામખાન નામના ઇતિહાસકારે પણ એ ખાનદાનને ખુરાસાની જણાવ્યું છે. જેમકે તે લખે છે કે મહમૂદ બિન મોહમ્મદશાહ બિન ફીરોઝ-શાહ અલ્ખુરાસાની, શાહે દિલ્હી (ઝફરૂલ્વાલા પૃ. ૧૩૪ લંડન ભા. ૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદા જુદા હોદ્દા આપી વર્ધમાન કરી તેની પાસેથી કામ લીધું. આખરે જ્યારે તેની બહાદુરીની છાપ લોકોના દિલમાં પડી ત્યારે સુલતાન અલાઉદ્દીને તેને દીપાલપુરનો[૧] હાકેમ નીમી મોકલ્યો." આ પાછળનાં બેઉ વ્યાનો જે એકબીજાને લગભગ મળતાં છે તે ઉપરથી એ સાફ માલૂમ પડે છે કે ગિયાસુદ્દીન તગલક બલજી સમયમાં હિન્દુસ્તાનમાં આવ્યો હતો અને નહિ કે બલબનના વખતમાં. અને જે ફીરોઝશાહીના કર્તા વિશે એમ કબૂલ કરવામાં આવે કે પોતાના આશ્રયદાતાને ગુલામીમાંથી બચાવવા માટે ચશ્મપોશી કરી તો ઈબ્નબતૂતાને લખતાં અટકાવે એવું કોણ હતું ? હવે જે ફરિસ્તાની વાત સાચી માનવામાં આવે તો તે માટે ફક્ત એટલું જ કહી શકાય કે બલબનના જમાનામાં મલેક તગલક આવ્યો હતો, પરંતુ તેના અવસાન પછી મુલ્કમાં તેણે બરાબરી જોઈ ત્યારે તે

---

૧. દીપાલપુર (દેવપાલપુર) પંજાબપ્રાંતના માંટગુમરી જિલ્લામાં બિયાસના પુરાણા પ્રવાહમાર્ગ ઉપર પાકપટ્ટણથી પૂર્વે ૨૮ માઈલ ઉપર આવેલું છે. ઉકાળાના સ્ટેશનથી ૧૭ માઈલ દક્ષિણમાં છે. જનરલ કનિંગહામના સંશોધન મુજબ રાજા દીપપાળે એ વસાવ્યું હતું. ફીરોઝશાહ તગલક અહીં એક નહેર ખોદી લાવ્યો હતો. તેણે એક જમે મસ્જિદ પણ બંધાવી હતી. મોગલ સલ્તનતની પહેલાં ગુલામ અને બલજી વંશના જમાનામાં એ પંજાબનું પાયતખ્ત હતું, કારણ કે તે વખતે ચંગીઝખાની મોગલોના સતત હુમલા રોકવાને માટે લાહોર અને મુલતાન વચ્ચે એક એવા શહેરની જરૂર હતી જ્યાંથી બંને તરફની વ્યવસ્થા આસાનીથી થઇ શકે. પુરાણા શહેરનાં ખંડિયેરો અદ્યાપિ પણ નૈઋર્ત્ય તરફ આવેલાં છે તે ઉપરથી એમ જણાય છે કે પરાંની વસ્તી ઉપરાંત ખુદ શહેર ત્રણ માઈલ જેટલા ઘેરાવામાં આવેલું હતું. હાલના શહેરની વસ્તી ચારહજાર માણસોની હશે. એ તહસીલની રાજધાની છે. તૈમૂરના હુમલા વખતે એ મુલતાન શહેરની હરીફાઇ કરતું હતું અને તેમાં ૮૪ મસ્જિદ હતી. બાબરના સમયમાં પણ એ શહેર આબાદ હતું એ લાહોરથી કંઈ કમ ઊતરે એમ ન હતું. (સફરનામ એ ઈબ્નબતૂતાનો હાંસિયો)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખુરાસાન ચાલ્યો ગયો. ત્યારપછી ખલજીના વખતમાં તેના પુત્રો પાછા આવ્યા. સિરાજ યઝીફ અથવા તો અમીર ખુસરાનું "તગલકનામા" જો મળી જાત તો ઘણી જ સહૂલતથી એ વિશે સાચો અભિપ્રાય બાંધી શકાયો હોત. તબકાતે અકબરીના કર્તાને 'તગલકનામા' મળ્યું હતું, પરંતુ આશ્ચર્યની વાત છે કે તેણે એક શબ્દ પણ એ વિશે નથી લખ્યો. તે ઘણી ખામોશીથી બનાવો જણાવતો નીકળી ગયો.

મલેક ગાઝી ગિયાસુદ્દીન તગલક

ટૂંકમાં હિ. સ. ૭૨૦ (ઈ. સ. ૧૩૨૦) ના શાબાન મહિનાની પહેલી તારીખે ગિયાસુદ્દીનના નામથી મલેક ગાઝી તગલક દિલ્હીની ગાદી ઉપર બિરાજમાન થયો અને રાજ્યનીતિને ઇન્સાફ આપવાનું શરૂ કર્યું. હરેક શખ્સને પોતાની લાયકાત મુજબ હોદ્દા અને ઇનામ આપ્યાં. ઇતિહાસકારો એ બાદશાહની પ્રશંસામાં ઘણી જ સુંદર મધુરી ભાષા વાપરે છે અને લખે છે કે થોડાં જ અઠવાડિયાંમાં સલ્તનતનું કામ એવી ખૂબીથી પાર પાડયું કે લોકો ને એમ થયું કે જાણે વરસોથી સલ્તનતની સ્થાપના થઈ છે. ખુસરૌખાનની અવ્યવસ્થા એવી રીતે દૂર કરી કે લોકો હેરતમંદ થઈ ગયા જ્યારે તમામ કામોમાંથી ફારેગ થયો ત્યારે સૂબા તરફ તેનું ધ્યાન ગયું. સિંધ પછી બીજે નંબર ગુજરાતનો હતો. આથી ખુસરૌખાન પછી મલેક તાજુદ્દીન તુર્ક જે ઈ. સ. ૧૩૨૦ (હિ. સ. ૭૨૦) માં ગુજરાતમાં નાઝિમ તરીકે આવ્યો હતો તેને કાયમ રાખ્યો.[૧] ગુજરાતથી આવતાં વેંત એણે એવો બંદોબસ્ત કર્યો કે કોઈને ફરિયાદ કરવાનું કારણ રહ્યું નહિ અને શાંતિ ફેલાઈ ગઈ. લગભગ પાંચ સાલ પર્યંત ગુજરાતની હકૂમત તેના હાથમાં રહી. જો કે ઇતિહાસોમાં એના વિશે

૧. ઝિયાબર્ની પૃ. ૪૨૮, પરંતુ ફરિશ્તાએ લખ્યું છે કે તેને ગુજરાતનો સિપાહસાલાર (ફૌજનો બક્ષો) બનાવવામાં આવ્યો છે. પૃ. ૧૮૭ ભા. ૧. નવલકિશોર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપરાંત કંઈ વધારે હકીકત મળતી નથી, તેમ છતાં એવી અટકળ કરી શકાય છે કે આ ટૂંક સમયનો મોટો ભાગ તેણે સુલેહ શાંતિ સ્થાપવાની કોશિશમાં જ ગાળ્યો હશે. હિ. સ. ૭૨૫ (ઈ. સ. ૧૩૨૪)ના રબીઉલ અવ્વલ મહિનામાં છત ઉપરથી પડી જવાથી ગિયાસુદ્દીનનું અવસાન થયું.

અલેક્ઝાંડર ગાઝી ગિયાસુદ્દીન તઘલકના સિક્કા

	એક બાજૂ	બીજી બાજૂ
૧.	અસ્સુલ્તાનુલ્ગાઝી ગિયાસુદ્દુનિયા વદ્દીન અબ્દુલ્મુઝફ્ફર	સિકંદરે સાની યમીનુલ્ખિલાફત નાસીર અમીરૂલ્મુમિનીન.
	×	
૨.	અસ્સુલ્તાનુલ્ગાઝી ગિયાસુદ્દુનિયા વદ્દીન અબ્દુલ મુઝફ્ફર	તઘલકશાહ અસ્સુલ્તાન નાસીર અમીરૂલ્મુમિનીન

આ સિક્કો દિલ્હીમાં હિ. સ. ૭૨૧માં પાડવામાં આવ્યો.

૩	અસ્સુલ્તાનુલ્ ગાઝી ગિયાસુદ્દુનિયા વદ્દીન અબ્દુલ મુઝફ્ફર	તઘલકશાહ અસ્સુલ્તાન નાસીર અમીરૂલ્ મુમિનીન

આ સિક્કો હિ. સ. ૭૨૧ માં દેવગિરના કિલ્લામાં પાડવામાં આવ્યો હતો.

નોંધ—અવસાન વિશે ઘણાખરા ઇતિહાસકારોના જુદા જુદા અભિપ્રાયો છે. ઝિયાબર્નીએ લખ્યું છે કે "આસ્માની આફતની વીજળી જમીન ઉપર રહેતા લોકો ઉપર પડી." પૃ. ૪૫૨. બદાયૂનીએ બાનવો લખ્યા પછી આખરે પોતાનો અભિપ્રાય આ પ્રમાણે વ્યક્ત કર્યો છે: "આવા બિનજરૂર મહેલના બાંધવા ઉપરથી એવી ગંધ આવે છે કે ઉલૂગખાને (મોહમ્મદ તઘલક) પોલો મહેલ બાંધ્યો હશે. જેમકે એ વાત લોકોમાં પ્રચલિત છે." તબકાતે અકબરીના કર્તા અને અબુલફઝલ જે બદાયૂનીના સમકાલીન હતા તે તેના જ મતના છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાજી મોહમ્મદ કંદહારીએ પોતાના લખેલ ઇતિહાસમાં ઝિયાબર્નીનું સમર્થન કર્યું છે. અને ઘણી ઢીલ પછી ફરિશ્તાએ એ જ વાતને લગભગ સાચી માની છે. સદ્રજહાં ગુજરાતીએ પોતાના ઇતિહાસમાં એને માટે 'જાદૂ' શબ્દ વાપર્યો છે. અર્થાત્ એ જાદૂઈ મહેલ કારીગરીથી બનાવેલો હતો. એમાં કોઈપણ જાતનો સંશય નથી કે એ જાદૂઈ બંધન ફકત ઝિયાબર્ની ઉત્તમ રીતે ખોલી શકયો હતો. પરંતુ તે પછીના તમામ ઇતિહાસકારો ઝિયાબર્ની ઉપર ખુશામતનો આરોપ મૂકે છે, કારણ કે મોહમ્મદશાહ તગલકે ઉછેરેલા ફીરોઝશાહ તગલકે વિશે સત્ય હકીકત ન લખી. ગમે તેમ હોય પણ ઈબ્ન બતૂતા જે બર્નીનો સમકાલીન હતો તે લખે છે કે "બાદશાહે પોતાને માટે એક મહેલ અફગાનપુરમાં બંધાવવા હુકમ કર્યો. જૂનાખાને (મોહમ્મદ તગલકે) ત્રણ દિવસમાં તે તૈયાર કરાવ્યો. તેનો પાયો લાકડાના થાંભલા ઉપર જમીનથી ઊંચો રાખ્યો. તેમાં ઘણુંખરું કામ લાકડાનું જ હતું. અહમદ બિન અયાઝ જે પાછળથી 'ખાજા જહાન'ના ઈલ્કાબથી જાણીતો થયો તે આ બંને બાદશાહનો એન્જિનિયર હતો. પાયો એવા હિસાબે રાખવામાં આવ્યો હતો કે જો એક ખાસ મોક્કા પર હાથી ઊભો રાખવામાં આવે તો આખું મકાન તૂટી પડે. પાદશાહે તે મકાનમાં આવીને મુકામ કર્યો અને લોકોને નિમંત્રણ આપ્યું. લોકો જ્યારે ખાણું ખાઈ ચાલ્યા ગયા ત્યારે જૂનાખાને (મોહમ્મદ તગલકે) પાદશાહની પરવાનગી માગી કે હું હાથી પેશ કરવાની ઇચ્છા રાખું છું. તેથી એક સાજ અને સામાનથી શણગારેલો હાથી લાવવામાં આવ્યો. શેખ રુકનુદ્દીન મુલ્તાની મને કહે છે કે તે વખતે હું પાદશાહની પાસે હતો અને બાદશાહનો લાડીલો પુત્ર મહમૂદ પણ ત્યાં હતો. જૂનાખાને (મોહમ્મદ તગલકે) મને કહ્યું કે અહો મહાપુરુષ, મધ્યાહ્નની નમાઝનો સમય નજીક છે; આવો, નમાઝ પઢી લઇએ. તેથી હું મકાનમાંથી બહાર નીકળી આવ્યો. તે જ સમયે હાથી લાવવામાં આવ્યો. જેવો હાથી મહેલમાં આવી પહોંચ્યો કે તુરત બાદશાહ અને શાહઝાદા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર મકાન પડયું (ભાગ ૨, પ્રકરણ ૪, ફસલ ૧૬). હવે જો વીજળી પડયાની વાત સાચી હોત તો શેખ રુકનુદ્દીન જરૂર ઇબ્ન બતૂતાને કહેત, કારણ કે તેણે પોતે આ બનાવમાં ભાગ લીધો હતો. શેખ રુકનુદ્દીન વિશે પણ સીઅરૂલ મુતઅખ્ખરીનમાં લખવામાં આવ્યું છે કે તે બાદશાહને મળવા ગયો હતો. ઊઠતી વખતે ઇશારાથી બાદશાહને બહાર નીકળી જવાને જણાવ્યું, પરંતુ બાદશાહ સમજી શકયો નહિ. ત્યારપછી જોયો શેખ ઊઠયો કે તુરત છત પડી ગઇ (ભા. ૧. ગિયાસુદ્દીન તગલક નવલકિશોર પ્રેસ). ઇતિહાસકારોએ અહમદ અયાઝ-ને ' ખાન્ન જહાન 'નો ખિતાબ આપી વડો પ્રધાન બનાવવાની અને તેની સારી ઝિંદગી દરમિયાન તેને માન આપવાની હકીકતોને પણ દલીલરૂપે આગળ કરી છે. શેખ રુકનુદ્દીન તરફ મોહમ્મદ તગલકશાહ અતિ મહેરબાની રાખતો. તેના પિતાનો મુલતાનમાં આવેલો મકબરો શેખને અર્પણ કર્યો હતો. વળી એક બીજા મોકા પર સો ગામ જાગીરમાં આપ્યાં હતાં. આ શાહી મહેરબાની હોવા છતાં ઇબ્ન બતૂતા પાસે શેખ રુકનુદ્દીન મુલતાની જેવા મહાન સૂફીનું બાપના ખૂની તરીકે પુત્રને બતાવવું એ વાત માટે મજબૂત દલીલ છે કે આ વાત સાચી છે. પરંતુ મારો અંગત અભિપ્રાય એવો છે કે લોકોની આ બાબતમાં ગેરસમજ છે. પ્રથમ તો ઇબ્ન બતૂતાની હકીકતથી એ ગેરસમજ દૂર થાય છે. મોહમ્મદ શાહે ખુદ પોતે જ મહેલ તૈયાર કરાવ્યો હતો, તેથી બદાયૂની અને તબકાતે અકબરીમાં લખવું પડયું કે "જેની જરૂર ન હતી એવો મહેલ બનાવવો..." આખર પર્યંત. બહુ સાફ સાફ માલૂમ પડે છે કે ખુદ બાદશાહે બંધાવવાનો હુકમ કર્યો હતો. વળી એ વાત તો જાહેર છે કે જે મકાન ત્રણ દિવસમાં ઉતા-વળથી બનાવવામાં આવ્યું હોય તે કેટલું મજબૂત હોય.

આજે પણ આપણે જોઈએ છીએ કે આગગાડી કોઈ મકાન નજીક પસાર થતી હોય ત્યારે તેનો ધબકારો મકાનમાં બેસનારને લાગે છે. એવી જ રીતે જ્યારે તમે પુલ ઉપરથી પસાર થાઓ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથે સાથે એક મોટર પણ જતી હોય તો ખરેખર તમને પુલની હાલચાલ માલૂમ પડશે. એટલે એ ત્રણ દિવસનું તાજું બનાવેલું મકાન જે ફકત લાકડાના થાંભલા ઉપર જ બાંધવામાં આવેલું હોય તે હાથીના ઠપકારાથી પડી જાય તો એમાં કંઈ અજાયબીની વાત નથી. મારા અભિપ્રાય મુજબ આ બનાવ ફરિદા વગર ફકત આકસ્મિક રીતે બન્યો. એ માટે સાચું ઉદાહરણ હાલમાં નવી દિલ્હીનું બનાવેલું સરકારી નવું મકાન છે જે માટે આજ સુધીમાં પંદર કરોડ રૂપિયાનો ખર્ચ થઈ ગયો છે અને હરેક રીતે તેની મજબૂતાઈનો ખ્યાલ રાખવામાં આવ્યો છે, પરંતુ કેટલાંક વરસ ઉપર કાઉન્સિલ હૉલની છતનો કેટલોક ભાગ કાઉન્સિલની મિટિંગ વખતે જ પડી ગયો. એ બિલકુલ આકસ્મિક બન્યું હતુ. મોહમ્મદ તગલકની તાજી બનાવેલી ઇમારતની એ જ પરિસ્થિતિ થઈ હતી. પરંતુ ખરી વાત એ છે કે તેનું પડી જવાનું અસલ કારણ કોઈ ને જાણવાને મળ્યું નહિ તેમજ એ વિશે સંશોધન પણ કોઈએ કર્યું નહિ તેથી લોકોએ પોતપોતાની અટકળ મુજબ જે કંઈ સમજ પડી તે ખ્યાન કર્યું અને સામાન્ય રીતે એકહથ્થુ રાજ્યોમાં લોકો અયોગ્ય રીતે તખ્ત મેળવે છે તેથી મોહમ્મદ તગલક વિશે પણ લોકોએ એવો જ ખ્યાલ બાંધ્યો. અહમદ અયાઝને ઉમરભર વઝીર બનાવી રાખવો એ બદનામીના ડરથી હતું એ બિલકુલ ગલત વાત છે, કારણ કે ઝિયાબર્નીએ ફીરોઝશાહની હકીકતોમાં મજબૂર વજીર વિશે જે વાત લખી તે ઉપરથી એ અભિપ્રાય ઊડી જાય છે. અર્થાત્ એ શખ્સ પોતે વિદ્વાન અને લાયકાતવાળો ન હતો, પરંતુ કંઈ પણ વાંધો ઉઠાવ્યા વગર બાદશાહની મરજી મુજબ શાહી હુકમોનો અમલ કરતો હતો જેથી બાદશાહ અતિ ખુશ રહેતો હતો. અને આ જ ગુણની પસંદગીને લઈને બાદશાહે ઉપરના પાછલા ભાગમાં મોટા મોટા અસરકારક ઉમરાવોથી માંડી નાના દરજ્જાના લોકોને સૂપા અર્પણ કર્યા, કારણ કે એ લોકો સામાન્ય લોકોના ફાયદાનો વિચાર કર્યા વગર શાહી ફરમાનનો અમલ કરવો એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની ફરજ સમજતા હતા. એ જ સ્થિતિ આ વઝીરની હતી. અને એ જ આજ્ઞાપાલનના બદલામાં તેને ઉમરભરની વિઝારત મળી હતી.

મલેક ગાઝી તગલકની ઉમરે વફાદારી ન કરી, નહિતો દિલ્હી, બંગાળા અને દક્ષિણની પેઠે ગુજરાતમાં તે ઘણો સુધારો કરત. જ્યારે ગિયાસુદ્દીન તગલકે દિલ્હીની હકૂમત હાથમાં લીધી ત્યારે "મલેક તાજુદ્દીન તુર્ક"ને[૧] હિ. સ. ૭૨૦માં ગુજરાતના નાઝિમ તરીકે કાયમ રાખ્યો. તાજુદ્દીન લાયક અને હોશિયાર શખ્સ હતો તેણે એવી ખૂબીથી હકૂમત કરી કે રૈયત હંમેશાં આનંદમાં અને તાબેદાર રહી. ઈ. સ. ૧૨૨૪ (હિ. સ. ૭૨૫)માં ઝાલાવાડના રાજા સૂરજમલને વાઘેલાના સરદાર લુણાજીએ હરાવી, મુલકનો કબજો લીધો. સૂરજમલે ગુજરાતના હાકેમની મદદ માગી. જફર તુર્કે તેને સાથે લઈ લુણાજીને મારી નસાડી મૂક્યો. પરંતુ એ લડાઈમાં સૂરજમલ માર્યો ગયો અને ઝાલાવાડની રાજધાની સરધારનો કબજો હાથ આવ્યો. એ સાલ પર્યંત જફર રાજકર્તા રહ્યો. એ પાંચ સાલ દરમિયાન સુલેહશાંતિનું રાજ્ય રહ્યું. એ ઉપરથી એમ જણાય છે કે તેની હકૂમત રૈયત અને બાદશાહ બન્નેને માટે શાંતિદાયક હતી. એ જ સુલતાનના જમાનામાં કાઝી કમાલુદ્દીન ગુજરાતીને 'સદ્રજહાની' (શેખુલ ઇસ્લામ, સૂબાનો મુફ્તી)નો હોદ્દો અર્પણ કરવામાં આવ્યો. એ જ વખતે ભરૂચની જામે મસ્જિદનો છેલ્લો ઘુમ્મટ ઉત્તરના ઝીના

---

૧. મિરાતે મોહમ્મદીમાં જણાવવામાં આવ્યું છે કે કર્નલ વૉટસનનો એ ખ્યાલ ગલત છે કે તાજુલમુલ્ક જે કુત્બુદ્દીનના જમાનામાં દિલ્હીનો વઝીર થયો હતો તે ફરીથી ગુજરાતનો નાઝિમ થયો. પરંતુ એ બીજો શખ્સ છે. ઝિયા બર્ની પૃ૦ ૪૨૪ અને ૪૨૮ પ્રેસ કલકત્તામાંથી પણ આ અભિપ્રાયને સમર્થન મળે છે પરંતુ મજકૂર કિતાબના કર્તાએ પણ તાજુદ્દીન જફરનું નામ ખોટું લખ્યું છે. એ શખ્સ ઉમરાવોમાંથી હતો પરંતુ ગુજરાતનો નાઝિમ ન હતો. તાજુદ્દીન તુર્ક હતો (જુઓ ઓહદેદારોને કુતબિયાની ફેહરિસ્ત —ઝિયા બર્ની)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ તૈયાર થયો. એ વાત તેના શિલાલેખ ઉપરથી માલૂમ પડે છે. તેમાં 'હિ. સ. ૭૨૧" કોતરવામાં આવી છેઃ—

"કૃપાળુ અને દયાળુ અલ્લાહના નામે શરૂ કરું છું. હઝરત મોહમ્મદે ફરમાવ્યું, 'જેણે અલ્લાહ માટે મસ્જિદ બનાવી'.....અંત પર્યંત. (અલ હદીસ). 'સુલતાને આલમ, ગિયાસુદ્દુનિયા વદ્દીન, દોલતે શાહ મોહમ્મદ બુરહાનુદ્દીન ઈબ્ન નસીરે હિ. સ. ૭૨૧ માં બનાવી."

એવી જ રીતે ભરૂચમાં ગઝનવી સાહેબની મશહૂર મસ્જિદનો શિલાલેખ નીચે પ્રમાણે છેઃ—

"જેણે અલ્લાહને માટે મસ્જિદ બનાવી અને એ ગમે તેટલી નાની હોય તોપણ અલ્લાહ તેને માટે જન્નતમાં ઘર બનાવશે..... ...ગિયાસુદ્દુનિયા વદ્દીન અબુલ મુઝફ્ફર તગલકશાહિસ્સ્સ સુલ્તાન 'અલ્લાહ તેના રાજ્યને અને સલ્તનતને હમેશ માટે કાયમ રાખે,' અબુલ બશર મોહમ્મદ ખોતમારી (ખોથહારી) (તેની મહત્તા કાયમ રહે) અલ્લાહના બંદાઓમાંથી સૌથી વધુ કમજોર ઇકબાલ ફખુલ્લાહ હિ. સ. ૭૨૨."

ખોથહારી રાજ્યના ઉમરાવોમાંનો એક હતો. જેમકે ઝિયા બર્નીના કહેવા પરથી જણાય છે. પરંતુ ગુજરાતમાં તે કયા હોદ્દા પર હતો તે જાણી શકાયું નહિ.

સુલતાન મોહમ્મદશાહ તગલક

મલેક મોહમ્મદ ફખુદ્દીન જૂના જે સલ્તનતનો વારસ હતો તે પિતાના અવસાનના ચાળીસ દિન બાદ ઈ. સ. ૧૩૨૪ (હિ. સ. ૭૨૫) માં સલ્તનતના તખ્ત ઉપર બિરાજમાન થયો. એ ઘણો સમજવાળો શખ્સ હતો. ઘણી વખત બીજાના મનની વાત તે સમજી જતો. વિદ્વત્તામાં પણ કમ દરજ્જે ઘરાવતો ન હતો. સાદી જબાન, મીઠી ભાષામાં બ્યાન અને પત્રવ્યવહારમાં નવા વિષયની શોધ માટે એ પ્રસિદ્ધ હતો. કેટલાક ફકરા ઇતિહાસોમાં મોજૂદ છે જે ઉપરથી તેના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પત્રવ્યવહારના વિષય ઉપરના કાબૂ પર કાફી રોશની પડે છે. ગદ્ય અને પદ્ય ઉપર પણ સંપૂર્ણપણે હોશિયાર હતો. ઐતિહાસિક જ્ઞાનમાં ચાલાક હતો. ફિલસૂફી અને તર્કશાસ્ત્રનો તેને અતિ શોખ હતો. સા'દ, મન્તિકી, ઉબૈદ શાએર, મૌલાના ફખ્રુદ્દીન ફિલસૂફ, બહાઉદ્દીન કુદ્દી વગેરે તેના પુરાણા સોબતીઓ હતા. તેમના સહવાસમાં ફિલસૂફીનો શોખ તેને લાગ્યો હતો અને બુદ્ધિના વિષયો પ્રત્યે એનું વધુ વલણ થયું હતું. જે ચીજ અક્કલની વિરુદ્ધ માલૂમ પડતી તેને તે લક્ષ આપવા યોગ્ય સમજતો ન હતો. આવી માન્યતાઓ હોવા છતાં ખલીફાના એલચીઓનો એવી રીતે સત્કાર કર્યો કે જે સાધારણ અક્કલ કોઈ પણ રીતે માન્ય રાખી શકે નહિ. આ કારણથી ઇતિહાસકારો એને "જમાનાની અજાયબી"[૧] ગણે છે. સુલતાન મોહમ્મદ તગલકે પોતાના રાજ્યની શરૂઆતમાં સલ્તનતના કામો એવી ચાલીકીથી અદા કર્યાં, કે તેનું રાજ્ય ઘણું મજબૂત થયું. દિલ્હી, પંજાબ અને સુલતાન ઉપરાંત ગુજરાત, માળવા, દેવગઢ, તેલંગ, મરહઠ, ધોરસમુદ્ર, મદ્રાસ, તિરહટ, લખનવતી, સતગામ (ચાટગામ), સુનારગામ (સુનારગાંવ) વગેરે મુલકોમાં એવી શાંતિ નજરે પડવા લાગી કે એ મુલ્કોની ટપાલ અને ખંડણી રાજધાનીમાં એટલી સહેલાઈથી પહોંચતાં જેમ ગંગા અને જમનાની વચ્ચેના પ્રદેશનું મહેસૂલ દિલ્હીમાં આવે છે. આ શાંતિને કારણે એટલી બધી દોલત ખજાનામાં જમા થઈ

---

૧. ઝિયાબર્ની લખે છે કે "સુલતાન મોહમ્મદ કુદરતની અજાયબી માંથી પેદા થયો હતો." પૃ૦ ૪૬૨ કલકત્તા. તબકાતે અકબરીમાં જણાવવામાં આવ્યું છે કે "સુલતાન મોહમ્મદ ખુદાએ પેદા કરેલી ચીજોમાંની અજાયબીઓ તેમજ વિરોધી તત્ત્વના જથામાંથી હતો," પૃ૦ ૧૬૯ ભા. ૧ કલકત્તા. ઈબ્ન બતૂતા લખે છે કે "હું એવી વાતોનું વર્ણન કરીશ જે અજાયબી ભરેલી લાગે છે." ભા. ૨, પ્રે. ૫ ફસલ ૧. "એ બાદશાહને દુનિયાની અજાયબીમાંની એક ગણવામાં આવે છે, કારણ કે તે વિરોધી તત્ત્વોનું મિશ્રણ હતો." ભા. ૧, ફરિશ્તા પૃ૦ ૧૬૧ પ્રે. નવલકિશોર.

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઈ કે બેશુમાર બક્ષિશો અને નકામો ખર્ચ કર્યા છતાં ખઝાનામાં કોઈપણ જાતની કમી નજરે પડતી ન હતી. હું ધારું છું કે આ શાંતિનું કારણ સુલતાનની ચાલાકી તેમજ કાબેલ નાઝિમોની પસંદગી હતું. તેઓ પોતાની કાબેલિયત અને હોશિયારીથી મુલ્કમાં સુલેહશાંતિ કાયમ રાખતા હતા. ગુજરાતનો નાઝિમ અલપખાન તેઓમાંનો એક હતો.

ગુજરાતમાં બળવાનાં કારણો

(ચાલુ બનાવો સાથે)

મોહમ્મદ તગલકની તખ્તનશીનીનાં બે વરસ પછી અર્થાત્ હિ. સ. ૭૨૭ (ઈ. સ. ૧૩૨૬)માં તરમશીરીનખાન[૧] બિન દાઉદખાન ચગ્તાઈ મુલતાનના રસ્તે એક બળવાન ફોજ લઈ દિલ્હી પહોંચ્યો. અચાનક આવી પહોંચેલા દુશ્મનનો મુકાબલો કરવો મુનાસિબ ન લાગતાં મોહમ્મદ તગલકે સુલેહ કરી, અને ધાર્યા કરતાં વધુ સોનું અને જવાહિર આપી મજકૂર ખાનને વિદાય કર્યો. તે ખાન મારવાડ અને ગુજરાતમાં લૂંટફાટ કરી સિંધના રસ્તે પોતાના વતન તરફ નીકળી ગયો.[૨] સુલતાન મોહમ્મદને આ બનાવ ઉપરથી કાંઈ બોધ મળ્યો. લશ્કરની તૈયારી અને ફોજ વ્યવસ્થિત કરવામાં તે રોકાઈ ગયો. એટલે સુધી કે તેની પાસે ઉત્તમ ફોજ એકઠી થઇ.

---

૧. ફરિશ્તા, ભાગ ૧. મોહમ્મદ તગલકનું પ્રકરણ. પરંતુ બદાયૂની લખે છે કે તે હિ. સ ૭૨૯ (ઈ. સ. ૧૩૨૮)માં આવ્યો હતો. એલ્ફિન્સ્ટન સાહેબે 'તરમશીરીનખાન'ને બદલે 'તૈમૂરશીનખાન' લખ્યું છે.

૨. આમ ફરિશ્તાએ લખ્યું છે. બર્ની અને બદાયૂનીએ લખ્યું છે કે, ઈસ્લામી ફોજે સામનો કરી તેને ભગાડી મૂક્યો અને કલાનોર પર્યંત તેની પૂંઠ પકડી. પરંતુ ફરિશ્તા લખે છે કે ફીરોઝશાહ તગલક અને મોહમ્મદશાહ તગલક પ્રત્યે માન હોવાથી મોહમ્મદશાહ તગલકની કફોડી પરિસ્થિતિ થતાં નજરાણાં આપી પાછા કાઢવાનો ઝિયા બર્ની એ ઉલ્લેખ કર્યો નથી. તરમશીરીન વિશે જે કંઇ મેં લખ્યું છે તે સામાન્ય ઇતિહાસોના આધારથી જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને હવે સુલતાનને જીતનો ખ્યાલ આવ્યો, તેથી પોતાના ભાણેજ મલેક ખુસરોની સરદારી નીચે એક લાખનું હયદળ સરંજામ સાથે હિમાલયના રસ્તે ચીન ફતેહ કરવાને મોકલ્યું. કમનસીબે હિમાલયની ખીણોમાં તેની ખરાબી થઈ ગઇ. ત્યારપછી પરદેશી મિત્રોની ઉશ્કેરણીથી ૩ લાખ ૧૭ હજાર ઘોડેસવારોને ખુરાસાન જીતવાને તૈયાર કર્યા, પરંતુ સરંજામ મળી શક્યો નહિ. તે બાદ પાયતખ્ત દિલ્હીથી દોલતાબાદ બદલવાથી શાહી ખજાના ઉપર ખર્ચનો બોજો વિશેષ પડ્યો. ટ્રંકમાં નકામો ખર્ચ અને કાલ્પનિક ફતેહોને લઈને ખજાનો ખાલી થઈ ગયો. તે પછી તેણે તાંબાના અને ચાંદીના સિક્કા

મારો અંગત અભિપ્રાય એવો છે કે મોહમ્મદ તગલકે હાર તો આપી હતી. નહિ તો મોગલો તો લોભની દૃષ્ટિથી ટેવાયેલા હતા તેથી બીજી વખત જરૂર આવત. જો સોનું અને જવાહિર આપી તેમને વિદાય કરવામાં આવ્યા હોત તો જરૂર તે ફરીથી આવ્યા જ હોત, અને ખાસ કરીને એ જ સમયે કે જ્યારે હરેક જગ્યાએ ફસાદ અને ખરાબી ફેલાયાં હતાં. શું તમે જાણતા નથી કે અલાઉદ્દીન અને તગલકના સમયમાં વારંવાર હાર્યા છતાં મોગલો ફરીથી આવ્યા હતા અને જ્યારે મોકકો મળતો ત્યારે હુમલો કરતા હતા? ખુદ અલાઉદ્દીને દોલતાબાદમાંથી બેશુમાર દોલત હાંસિલ કરી તેમ છતાં શું તેણે દોલતાબાદ છોડ્યું? શું તેના અંજામથી આપ વાકેફ નથી? એ વાત ધ્યાનમાં રાખી કેવી રીતે ખાત્રીથી માની શકાય કે તરમશીરીન અને તેની જંગલી ફોજની ખુશામત કરી તેમજ અઢળક સોનું અને જવાહિર નજરાણામાં આપી પાછા કાઢવામાં આવ્યા હોય અને તેમના લોભી સ્વભાવે તેમને હિંદુસ્તાનમાં આવતાં રોકયા હોય? અલાઉદ્દીન બલબનથી વારંવાર હાર આપી અને મોગલોએ તેની તાકત અનુભવી ત્યારે કુત્બુદ્દીનના સમય પર્યંત તેઓ ન આવ્યા. મારી માન્યતા મુજબ તો મોહમ્મદ તગલકે પણ હાર આપી હતી અને તે જ કારણથી લગભગ ૨૫ વરસ પર્યંત મોગલોએ આ તરફ જોયું પણ નહિ. એ ઉપરાંત મોહમ્મદ તગલકની સખાવત અને ઉદારતાને લઈને ખુરાસાન અને ઈરાનમાં ઘણા લોકો તેના પ્રત્યે હમદર્દી ધરાવતા થયા હતા. આ કારણથી હિંદ ઉપર હુમલો કરવાની મોગલોની હિંમત ચાલતી ન હતી, કારણ કે મુલ્કમાં મોહમ્મદ તગલક પ્રત્યે સહાનુ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડાવી સોનાના સિક્કાની બરાબર ચલાવવાનું શરૂ કર્યું. પરિણામ એ આવ્યું કે હિંદુ વેપારીઓએ ઘણી જ નફાખોરી કરી. બળવાખોરોએ લડાઈનો સામાન ખરીદી ખરીદી ઘર ભર્યાં. આખરે તમામ

ભૂતિ ધરાવતા હોવાથી મોગલોને પોતાના મુલ્ક વિશે જ ડર લાગતો હતો. વળી સખ્યાંબંધ ઈરાની અને ખુરાસાની લોકોએ તેને સાથ આપ્યો હતો. તેઓ હંમેશાં મોહમ્મદ તગલકને ખુરાસાન અને ઈરાન જીતવાને ઉશ્કેરાવતા હતા. એક વખત તો સુલતાન તેમ કરવાને તૈયાર પણ થઈ ગયો હતો. એ વાતની ખબર મોગલોને ચોક્કસ રીતે મળતી રહેતી હતી, તેથી તેઓ પોતાના મુલ્કના બચાવની ફિકરમાં જ મશગૂલ થયા. આ કારણથી હિંદ ઉપર હુમલો કરવાની હિંમત ન ચાલી. વળી આખરી વાત એ છે કે એક જ કારણથી સુલતાન મોહમ્મદ તગલક એક જબરદસ્ત ફોજ લઇ સિંધ પહોંચ્યો ત્યારે એ મોગલોને તુરત જ ડર લાગ્યો અને તેઓ સમજ્યા કે કદાચ સિંધના બહાને તે ખુરાસાન ઉપર પણ ચડી આવશે. આ કારણથી ખુરાસાનના બાદશાહે એક ફોજ સુલતાન પાસે મોકલી. સુલતાને ખરેખર કોઇ પણ જાતની મદદ માંગી ન હતી. સુલતાનના પ્રત્યે મૈત્રી બતાવવાનો જ ઇરાદો હતો અને ખાત્રી અપાવવાનો હતો કે, આપણે મિત્રો છીએ જેથી કરીને ખુરાસાન સુલતાનના હુમલાથી સરંક્ષિત રહે અને સુલતાને હુમલો કરવાનો જ ઇરાદો રાખ્યો હોય તો એ ફોજ મોખરા ઉપર મૂકી શકાય. આનું સમર્થન એ રીતે થાય છે કે મોહમ્મદ બિન બત્ફર બદ્રે આલમે આયતની તફ્સીર (વિવરણ) લખી છે કે "બેશક તમને અલ્લાહે બદ્રની લડાઈના દિવસે મદદ આપી અને તમો તે વખતે કમજોર હતા." એની નીચે તેણે લખ્યું છે. મુલતાનની આસપાસ મોગલો આવી પડયા. શેખ રુકનુદ્દીનને ખબર આપવામાં આવી. તેમણે સમાધિ ચડાવી અને પછી માથું ઊંચું કરીને કહ્યું કે જુઓ, મોગલોએ નાસભાગ કરીઃ જેમકે તે પછી માલૂમ પડયું કે તેમને સખ્ત હાર આપવામાં આવી અને તેમને નાસી છૂટવાની ફરજ પડી. શેખ રુકનુદ્દીન, મોહમ્મદ તગલકના સમયમાં એક મહાન પવિત્ર પુરુષ હતા. [તફ્સીરે શાહિયા ભા૦ ૧ પૃ. ૩૧૪ હસ્તલિખિત] ટૂંકમાં કિતાબોના આધારે તેમ જ અનુમાનથી એમ બંને રીતે માલૂમ પડયું કે મોહમ્મદ તગલકે મોગલોને હાર આપી પાછા કાઢયા હતા, નહિ કે દ્રવ્ય અને જવાહિર આપીને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાંબાના સિક્કા પાછા ખેંચી લઈ તગલકાબાદમાં એકઠા કરવામાં આવ્યા. હવે ખજાનો ભરવાની તદબીરો શોધવાનું શરૂ કર્યું, પરંતુ તે માટે કોઈ યોજના ઘડવામાં આવે તે પહેલાં બળવાખોરોએ જમા કરેલાં સાધનોનો ઉપયોગ શરૂ કર્યો અને દિલ્હી, મુલતાન, બંગાળા, અલ્હાબાદ, વગેરે સ્થળોમાં તોફાનોની શરૂઆત થઈ ગઈ. ખાસ કરીને દોઆબના હિંદુઓએ તેને થકવી નાખ્યો. ફક્ત ગુજરાત જ અલપ-ખાનની ઉત્તમ વ્યવસ્થાને લઈને વફાદાર રહ્યું. જો કે આ તમામ તોફાનો દાબી દેવામાં આવ્યાં તેમ છતાં આમ રૈયતમાં મોહમ્મદ તગલક પ્રત્યે બરાબ ભાવના પ્રસરી ગઈ, એટલું જ નહિ પણ તેના તરફ તિરસ્કાર થઈ ગયો. તેનાં કારણો એ કે (૧) મોહમ્મદ તગલકની ઉમરમાં જેમ જેમ વૃદ્ધિ થતી ગઈ તેમ તેમ તેનો સ્વભાવ જક્કી થતો ગયો, અને બરાબ સલાહકારોને લઈને (જેમાં ગુજરાતીના કાઝીનો પુત્ર પણ સામેલ હતો) તે લોકોને મોતથી સજા કરતો નહતો અને આવી રીતે દરરોજ ખૂનરેજી કરતો હતો.

(૨) દોઆબમાં વારંવાર હુલ્લડો અને બળવા થતા હોવાથી તેણે દંડરૂપે મહેસૂલ બમણું કરી દીધું. હુલ્લડ માટેના સિપાઈઓનો ખર્ચ પણ મહેસૂલમાં દાખલ કર્યો. બુદાની શાન જુઓ કે તે સાથે જ દુકાળો આવી દબાવ્યો[૧] લગભગ સાત સાલ[૨] પર્યંત વરસાદ પડ્યો નહિ. લોકો હેરાન પરેશાન થઈ ગયા.

---

૧. મોટા મોટા દુકાળો જે વિશેનો ઉલ્લેખ ઇતિહાસોમાં છે અને જેને લઈને હિંદુસ્તાને ઘણું નુકસાન વેઠવું પડ્યું તે નીચે મુજબ છે:

૧. (ઈ. સ. ૧૩૩૮ હિ. સ. ૭૩૯) થી (ઈ. સ. ૧૩૪૩ હિ. સ.૭૪૪) સુલતાન મોહમ્મદના સમયમાં.

૨. અમીર તૈમૂરના દિલ્હી પાછા આવ્યા પછી, (ઈ. સ ૧૩૯૮ હિ. સ. ૮૦૧).

૩. ખિજરખાનના સમયમાં (ઈ. સ. ૧૪૧૫ હિ. સ. ૮૧૧).

૪. સૈયદ મુબારક શાહના સમયમાં (ઈ. સ. ૧૪૨૩ હિ. સ.૮ ૨૭).

૫. (ઈ. સ. ૧૫૫૪ હિ. સ. ૯૬૨) સુલતાન મોહમ્મદ આદિલ સૂરના સમયમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખરે તેણે પોતે પણ પરેશાન હાલતમાં દિલ્હીથી નીકળી ગંગા નદીના કિનારે ફરૂખાબાદ જિલ્લાના શમ્સાબાદમાં એક કામચલાઉ છાવણી સરગદ્વારા (સ્વર્ગદ્વારા; હરિદ્વારની જેમ) બનાવી. તેણે લગભગ અઢી વરસ (ઈ. સ. ૧૩૩૮–૩૯–૪૦. હિ. સ. ૭૩૯ ૪૦–૪૧) ત્યાં મુકામ રાખ્યો. દરિયા કિનારાની સુંદર હવાને લઈને મગજને શાંતિ મળી. તેથી દુકાળ રોકવાને મોટી મોટી યોજના તૈયાર કરવાનું કામ શરૂ થયું અને એ કામ પાર પાડવાને રાજ્યના

૬. (ઇ. સ. ૧૬૩૧ હિ. સ. ૧૦૪૧) શાહજહાન બાદશાહના સમયમાં.
૭. (ઈ. સ. ૧૬૬૧ હિ. સ. ૧૦૭૨) આલમગીર ઔરંગઝેબના સમયમાં.
૮. (ઈ. સ. ૧૭૩૯ હિ. સ. ૧૧૫૨) મોહમ્મદશાહ.
૯. (ઈ. સ. ૧૭૭૦ હિ. સ. ૧૧૮૪) શાહઆલમ બીજો.
૧૦. (ઇ. સ. ૧૭૮૩–૮૪ હિ. સ. ૧૧૯૮–૯૯) લૉર્ડ હેસ્ટિંગ્સ.
૧૧. (ઈ. સ. ૧૮૦૩–૪ હિ. સ. ૧૨૧૮–૧૯) માર્ક્વિસ વેલેસ્લી.
૧૨. (ઇ. સ. ૧૮૧૩–૧૪ હિ. સ. ૧૨૨૮) માર્ક્વિસ ઑફ હેસ્ટિંગ્સ.
૧૩. (ઈ. સ ૧૮૧૯ હિ. સ. ૧૨૩૫) ,, ,,
૧૪. (ઈ. સ. ૧૮૨૫ હિ. સ. ૧૨૪૧) લૉર્ડ આમહર્સ્ટ.
૧૫. (ઈ સ. ૧૮૨૮ હિ. સ. ૧૨૪૪) લૉર્ડ વિલિયમ બેન્ટિક.
૧૬. (ઇ. સ. ૧૮૩૭–૩૮ હિ. સ. ૧૨૫૩–૫૪) લૉર્ડ ઑકલેંડ.
૧૭. (ઇ. સ. ૧૮૪૮ હિ. સ. ૧૨૬૫) લોર્ડ ડેલ્હાઉસી.
૧૮. (ઈ. સ. ૧૮૬૦–૬૧ હિ. સ. ૧૨૭૭–૭૮) લૉર્ડ કેનિંગ.
૧૯. (ઈ. સ. ૧૮૬૫ હિ. સ. ૧૨૮૨) લૉર્ડ લૉરેન્સ.
૨૦. (ઈ. સ. ૧૮૬૮ હિ સ. ૧૨૮૫) ,,
૨૧. (ઈ. સ. ૧૮૭૭ હિ. સ. ૧૨૯૪) લૉર્ડ લિટન.
૨૨. (ઈ. સ. ૧૮૯૬–૯૭ હિ. સ. ૧૩૧૪–૧૫) લૉર્ડ ઐલિજન.

આ ફેહરિસ્ત તરફ નજર કરવાથી એમ જણાય છે કે જ્યારે અંગ્રેજી સત્તા શરૂ થઈ ત્યારથી દુકાળે હિંદને સ્વતંત્ર રીતે પોતાનું સ્થાન બનાવ્યું, જાણે હરેક જાતના બંદોબસ્તની સાથે દુકાળની પણ દર દસ બાર વરસે આવે જ એવી વ્યવસ્થા કરી મૂકી હોય એમ માલૂમ પડે છે.

૨ ફરિશ્તા ભા. ૧ પ્રેસ નવલકિશોર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉમરાવોની નિમણૂક કરવામાં આવી. પરંતુ કાલ્પનિક યોજનાઓનો કોણ અમલ કરી શકે ? દાખલા તરીકે એક માઈલિ ક્ષેત્રફળ જેટલી જમીનમાં ચાર કે આઠ કૂવા ખોદવામાં આવે તો પૂરતું પાણી મળવાથી જમીનની પેદાશ પચાસહઝાર મણ થાય. તેનું મહેસૂલ દસમા ભાગ પ્રમાણે ૫૦૦૦ મણ થાય. સાલની આખરે તેની રકમ રાજ્યના ખજાનામાં ભરવામાં આવે. ખેડૂતોને તકાવી (તગાવી) રૂપે આગળથી કેટલીક રકમો આપવામાં આવી. પરંતુ દુકાળને લઈને લોકોને એટલી બધી જરૂરિયાતો થઈ ગઈ હતી કે તે રકમ ખેતીમાં વાપરવાને બદલે પોતપોતાને માટે ખર્ચતા. રાજ્યના ઉમરાવો ધ્રુનરા લેતા હતા તે ઊપજના અભાવે અદા કરી શકતા ન હતા. અને લોકોની હેરાનગતી અને મુશ્કેલી જાણતા હતા તેથી તેઓ જુલ્મ કરી તેમની પાસેથી વસૂલ કરતા ન હતા. આથી શાહી ખજાનામાં લાગો ભરી ન શક્યા ત્યારે સુલતાને તેમને નાલાયક ગણ્યા. તે ભૂલથી સમજ્યો કે એ લોકો જાણી જોઈને મારા હુકમોનું પાલન કરતા નથી. તેથી તેણે ધાર્યું કે જો નાના દરજ્જાના લોકોને મોટા હોદ્દા આપી આ કામ ઉપર નીમવામાં આવે તો એહસાનમંદ થવાથી ઘણી તાબેદારી ઉઠાવશે. પરિણામે આવા લોકોથી ઘણી જગ્યા પૂરવામાં આવી, જેમકે અઝીઝ ખમ્માર (દારૂના પીઠાવાળો), બજ્જા મુત્રિબ (ગવૈયો), ફીરોઝ હજ્જામ, મક્કા તબ્બાખ (રસોયો), લુધ્ધા બાગબાન, શેખ બાબુ (કારકૂન), માણેક જુલાહા (વણકર), મુકિબલ ગુલામ, વગેરે. મુલ્કની બદકિસ્મતીને લઈને જ્યાં જ્યાં એ લોકો ગયા ત્યાં ત્યાં તેમણે રૈયત ઉપર જુલમ કર્યો. અને આખરે કંટાળી જઈ બળવો કરવાને બધા તૈયાર થઈ ગયા. દિલ્હીને ઉજ્જડ કરી દોલતાબાદ વસાવ્યું ત્યારે હુકમ કરવામાં આવ્યો કે સલ્તનતના ઉમરાવોએ પોતાનાં મકાન ત્યાં બનાવવાં અને બૈરાં છોકરાંને ત્યાં મોકલવાં. મુલતાનના નાઝિમ મલેક બહેરામ ઐબાએ એ બાબતમાં બેદરકારી કરી તેથી ખાસ કરીને બાદશાહના અલી નામના એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારકુનને આ કામ માટે નીમવામાં આવ્યો. તે મુલતાન ગયો. તેણે બાદશાહનો હુકમ સંભળાવ્યો અને તેના અમલની સત્વર માગણી કરી. વળી મગરૂરીથી સખ્તાઈ શરૂ કરી. બહેરામનો જમાઈ એ સહન કરી શકયો નહિ. આખરે અલીને મારી નાખવામાં આવ્યો અને પછી બહેરામ બળવા માટે તૈયાર થયો. સુલતાન પંડે દિલ્હીથી ફોજ લઈ આવી પહોંચ્યો. બંને વચ્ચે લડાઈ થઇ તેમાં બાદશાહની જીત થઈ. બહેરામ માર્યો ગયો અને કિવામુલમુલ્કને તેની જગ્યાએ હાકેમ નીમી તે પાછો આવ્યો. બહઝાદ નામના શખ્સની તેના નાયબ તરીકે નિમણૂક થઈ. ઈ. સ. ૧૩૪૧ (હિ. સ. ૭૪૨)માં શાહુ અફગાને બહઝાદને મારી નાખ્યો અને કિવામુલમુલ્ક હારી જઇ દિલ્હી નાસી છૂટ્યો. બાદશાહ એ બળવાને દાબવાને મુલતાન ગયો. મુલતાન નજીક પહોંચ્યો, ત્યારે શાહુ અફગાન પોતાની ભૂલનો એકરાર કરી મુલતાન છોડી અફઘાનિસ્તાન તરફ રવાના થઈ ગયો. આથી બાદશાહ ઉશ્કેરાઈ ગયો, અને અણસમજુ સલાહકારોએ તેને ભમાવ્યો કે મુલ્કમાં બેચેની અને અશાંતિનું અસલ મૂળ આ અફઘાન લોક છે. સુલતાન મોહમ્મદે પણ એ વાત સાચી માની અને એ કામ વિશે એને સંશય પેઠો. તેનો નાશ કરવાને તે તૈયાર થયો. એ સમય પર્યંત દક્ષિણ અને ગુજરાતમાં શાંતિ હતી. એનું અસલ કારણ એ હતું કે એ બંને જગ્યાએ બે કાબેલ નાઝિમોની નિમણૂક થઇ હતી. તેઓ એક તરફ બાદશાહના વફાદાર હતા અને બીજી આજૂ રૈયતનું કલ્યાણ ઇચ્છતા હતા. આ કારણથી એ બંને જગ્યાએ કંઈ પણ તોફાન થયું નહિ. દક્ષિણમાં જે કેટલાંક વ્યક્તિગત તોફાનો થયાં તે જેમ બને તેમ જલદીથી આસાનીથી દાબી દેવામાં આવ્યાં. ગુજરાતમાં અલપખાન શરફુલમુલ્ક હતો અને દક્ષિણમાં સુલતાન મોહમ્મદ તગલકનો ઉસ્તાદ કત્લગખાન હતો.

સુલતાન મોહમ્મદના નાલાયક સલાહકારોએ બાદશાહનું લક્ષ એ વાત તરફ દોર્યું કે દક્ષિણની આમદની ખઝાનામાં ઓછા પ્રમાણ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માં આવે છે. જો કોઇ સારા નાઝિમની ત્યાં નિમણૂક કરવામાં આવે તો આમદનીમાં વૃદ્ધિ થઇ શકે એમ છે. તેથી ઈ. સ. ૧૩૪૩ (હિ. સ. ૭૪૪) માં બાદશાહે કત્લગખાનને બરતરફ કરી. દિલ્હી બોલાવી લીધો અને નિઝામુદ્દીન (જેનો ખિતાબ આલિમુલ્મુલ્ક હતો) ના જેવા બિન અનુભવી શખ્સને ભરૂચથી કત્લગખાનની જગ્યાએ મોકલ્યો. ત્યાં તેણે પોતાની વ્યવસ્થા શરૂ કરી. તે સાથે દક્ષિણની નવી વ્યવસ્થા માટે તેણે ચાર ભાગ કરી "મલેક સરદ્વાતદાર" "મુખ્લિસુલ્મુલ્ક", "યૂસુફ બગરા", અને "અઝીઝ ખમ્માર" નામના ચાર માણસને એકેક ભાગ સોંપ્યો. કૈયત કત્લગખાન જેવા લાયક શખ્સની બરતરફીથી નારાજ થઈ ગઈ હતી. એટલામાં તો આ ચાર હાકેમોના અભિમાની અને જુલ્મી રાજ્યે તેમને બેહદ પરેશાન કરી મૂકી. બાદશાહના દિલમાં અફઘાનો વિશે અતિ અશાંતિ હતી અને તે તેમના તરફ વહેમ ભરેલી દૃષ્ટિથી જોતો હતો તેથી એ હાકેમોએ અફઘાનોની આનાજરબાદી માટે કમર કસી. ઈ. સ. ૧૩૪૩ (હિ. સ. ૭૪૦)માં મલેક અઝીઝ ખમ્મારને ધાર[૧]ના ઇલાકા ઉપરાંત તમામ માળવા પ્રાંત

---

૧. આઈને અકબરીમાં જણાવવામાં આવ્યું છે કે "ધાર" ભોજરાજાનું પાયતખ્ત હતું. અહીં દ્રાક્ષનો પાક બે વખત થાય છે. પહેલી વખત ફળ મીઠાં થાય છે. પ્રથમ "પવારો"નું પાયતખ્ત ઉજ્જન હતું, પરંતુ રાજા ભોજે તે બદલી નાખ્યું. હિ. સ. ૫૦૦ની લગભગમાં "પવારો"નું પાયતખ્ત નબળું પડી ગયું એને તેઓ દક્ષિણમાં પૂના તરફ ચાલ્યા ગયા. મુસલમાનોના સમયમાં માળવાનું પાયતખ્ત "ધાર" હતું, ત્યાર પછી "મન્ડુ" થયું, હાલમાં "ધાર" એક નાનો સરખી સ્થિતિ છે. શહેરની વસ્તી સોળ સત્તર હજારની છે. તે મઉ અને વડોદરાની સડક ઉપર મઉથી ૩૩ માઈલ ઉપર પશ્ચિમ તરફ અને વડોદરાથી ૧૮૩ માઈલ ઉપર પૂર્વ તરફ છે. મુસલમાનોના રાજ્ય દરમ્યાન એ શહેર ઘણું મોટું હતું. હમણાં લાલ પથ્થરની બે મસ્જિદો મરામત કરાવવા લાયક મોજૂદ છે.

ઇબ્ન બતૂતા પોતે જોયેલી વાત લખે છે કે "એ માળવામાં સૌથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોંપવામાં આવ્યો હતો. તેને જતી વખતે સુલતાને કહ્યું કે "ઓહ અઝીઝ, સાંભળવામાં આવ્યું છે કે મુલ્કમાં તોફાન થાય છે તે સદ્દા અમીરોને[૨] લઈને છે, અને લૂંટમારના શોખથી બીજા લોકો તેમાં ભાગ લે છે. આથી મુલ્કમાં અશાંતિ પેદા થાય છે. તેથી ધારમાં જે લોકો આ જાતનાં તોફાનો કરે છે તેમને દબાવી દેવામાં ઢીલ કરવી નહિ." અઝીઝ ખમ્માર જ્યારે ધાર પહોંચ્યો અને મુલ્કની વ્યવસ્થાના કાયમમાંથી ફારેગ થયો ત્યારે એક દિવસ લગભગ ૮૦ સદ્દા અમીરો જે કોમમાં સૌથી પ્રતિષ્ઠિત હતા તેમને જમવા માટે નિમંત્રણને બહાને બોલાવી તમામની કતલ કરી અને એ વાતની ખબર સુલતાન મોહમ્મદને આપી. સુલતાન આ ખૂનરેજીથી અતિ ખુશ થયો. તેણે પંડે ખિલાત મોકલ્યો, એટલું જ નહિ પરંતુ બીજા ઉમરાવોને પણ મોકલવાને કહ્યું. "સદ્દા અમીરો (અફઘાનો)ની

મોટું શહેર છે. એ મુલ્કમાં ખેતી સુંદર થાય છે. ત્યાં ખાસ કરીને ઘઉંની પેદારા પુષ્કળ છે. અહીંથી પાન દિલ્હી તરફ જાય છે. તે અહીંથી ૨૪ મંઝિલ પર છે. આખી સડક ઉપર પથ્થરના સ્તંભ દાટેલા છે. તેના ઉપર અંતર કોતરવામાં આવેલું છે. એ શહેર શેખ ઈબ્રાહીમ માલ્દીપીની જાગીરમાં છે. અહીંનાં ખરબૂજાં ઘણાં મીઠાં હોય છે. ટેકરી ઉપર એક મઠ છે, ત્યાંથી મુસાફરોને બંને વખત ખાવાનું મળે છે, (ભા. ૨ પ્રકરણ ૮)

૨. મિરાતે મોહમ્મદી પૃ. ૪૧માં જણાવવામાં આવ્યું છે કે સદ્દા અમીરો જે વિશે ફાર્ણસ સાહેબે ભૂલથી અમીરાને જદીદ (હાલના ઉમરાવો) લખ્યું છે તેનું મૂળ આ છે કે તરમશીરીનનો જમાઇ અમીર નવરોઝ ઘણા લોકોને સાથે લઈને હિંદમાં આવ્યો અને સુલતાન મોહમ્મદ તગલકની નોકરીમાં રહ્યો. તેઓમાંથી જે લોકો એક હજારના લશ્કરના અમલદાર હતા તેમને 'હઝારા' અને જેઓ એકસે ના અમલદાર હતા તે 'સદ્દા' નામથી ઓળખાતા હતા. ત્યાર પછી એ હઝારા અને સદ્દા અમીરો દરેક ઠેકાણે ફેલાઈ ગયા અને ધીમે ધીમે બળવાન થયા. માળવા, ગુજરાત અને દક્ષિણમાં એમની સંખ્યા મોટી હતી. સદ્દા અમીરોને તુર્કી ભાષામાં 'યૂઝબાશી' પણ કહેવામાં આવે છે. (લુગાતે કિવશરી, પ્રેસ નવલકિશોર).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હકૂમત તરફથી ફક્ત એ કારણથી કતલ કરવામાં આવે છે કે તેઓ અફઘાન છે" એવી ખબર જ્યારે ગુજરાત, માળવા અને દક્ષિણમાં ફેલાય છે ત્યારે એક છેડેથી બીજે છેડે સુધી એક આમ અશાંતિ ફેલાઈ ગઈ. માળવા અને ધારના સદ્દા અમીરો નાસીને ગુજરાતમાં આવી રહ્યા. અહીં આપસમાં મસલત કરી બળવાનો ઝંડો ઊંચો કર્યો. આ બનાવ ઈ. સ. ૧૩૪૪ (હિ. સ. ૭૪૫) નો છે.

મલેક મોહમ્મદ શરફુલ્મુલ્ક અલપખાન

ગુજરાતનો નાઝિમ (ઈ. સ. ૧૩૨૪–હિ. સ. ૭૨૫)

સુલતાન મોહમ્મદ તગલકે તખ્તે શહેનશાહી પર બિરાજમાન થઈ આંધ્રકામ ખાતાના અધિકારી (મીરે ઈમારત) અહમદ અયાઝને 'ખાન્ન જહાન'નો ખિતાબ અર્પણ કર્યો અને તેને વડો પ્રધાન બનાવ્યો; મલેક મોહમ્મદ શરફુલ્મુલ્ક (બિન કતલગખાન) ને અલપખાન[૧] નો ખિતાબ આપી ગુજરાતનું નાઝિમ[૨]પદ સુપ્રત કર્યું; મલેક શિહાબુદ્દીનને 'મલેક ઇફ્તિખાર'નો ખિતાબ આપી તેને નવસારી પ્રાંત જાગીરમાં આપ્યો;[૩] મલેકકુલહુકમાને જેનું વેવિશાળ મલેક ગાઝીની સાવકી પુત્રી સાથે થયું હતું તેને) વડોદરામાં[૪] જાગીર આપી. વળી ખુદ અલપખાન નાઝિમની જાગીર પણ ગુજરાતમાં જ[૫] મુકરર થઈ. તાજુદ્દીન ફખ્રિતુલ્-કોલમી નામના તુર્કસ્તાની વેપારીને ખંભાતનો બંદરી અમલદાર[૬]

---

૧. પાલણપુરમાં આવેલા માલણ ગામના હિ. સ. ૭૨૬ના શિલા-લેખ ઉપરથી. એમ જણાય છે કે તે પછી તેને ઉલુગખાનનો પણ ઈલ્કાબ મળ્યો હતો.

૨. ઝિયા બર્નીએ 'વાલી' શબ્દનો ઉપયોગ કર્યો છે. એ અરબી લફ્ઝ છે અને આજકાલના ગવર્નરના અર્થમાં એનો ઉપયોગ થયો છે.

૩. ફરિશ્તા, રાસમાળામાં ભૂલથી મલેક ઈલ્તિજ્જર લખવામાં આવ્યું છે

૪. ઈબ્ન બતૂતા,

૫. ફરિશ્તા.

૬. ઇબ્ન બતૂતા ભાગ ૨, પ્રકરણ ૬, ફસલ ૧૭.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવ્યો. કેટલાક દિન બાદ મલેક મુકિબલને નાયબવિઝારત[૭] આપી યાને નાયબ સુબેદાર બનાવી ગુજરાત મોકલ્યો. અને ફરિશ્તાના કહેવા પ્રમાણે વડાપ્રધાન ખાજા જહાનને ગુજરાતનો સિપાહસાલાર બનાવ્યો. અલપખાને અતિ ચાલાકી અને સાવચેતીથી ગુજરાત

૭. આ વાત માટે પણ સંશોધન કરવું જરૂરી છે કે 'વિઝારત' અને 'નાયબ વિઝારત'નો શો અર્થ થાય છે. સામાન્ય રીતે લોકો વઝીરનો જે અર્થ સમજે છે તેનો ઉપયોગ અહીં પણ કરે છે અને ખરેખર એ અર્થ તદ્દન ખોટો છે. તેથી ઘણું કરીને એ જ કારણથી ગુજરાતના ઇતિહાસમાં ખાસ કરીને લોકો મલેક મુકિબલ વિશે ગેરસમજમાં પડયા છે કે મલેક મુકિબલ વડાપ્રધાન અહમદ અયાઝનો ગુલામ હતો. પછી જ્યારે તેને માટે નાયબ વઝીર કહેવામાં કે લખવામાં આવ્યું ત્યારે લોકો સમજ્યા કે અહમદ અયાઝ વડાપ્રધાનનો નાયબ અને ખુદ વડાપ્રધાન ગુજરાતનો નાઝિમ હતો. ઘણું કરીને એ જ કારણથી મિરાતે મોહમ્મદીમાં અહમદ અયાઝનું નામ નાઝિમોમાં ગણવામાં આવ્યું છે. પરંતુ જ્યાંસુધી મારા સંશોધનનો દાયરો પહોંચે છે તે ઉપરથી હું એ નિર્ણય પર આવ્યો છું કે અહમદ અયાઝ કદી ગુજરાતનો નાઝિમ થયો ન હતો. ઝિયાબર્નીના સમકાલીન ઈબ્ન બતૂતાને પણ આ બાબત વિશે ગેરસમજ ઊભી થઇ છે. અને તે પણ મલેક મુકિબલને નાયબ વડાપ્રધાન સમજતો હતો. ફરિશ્તાએ ફક્ત આટલું જ લખ્યું છે કે અહમદ અયાઝને 'ખાન જહાન'નો ખિતાબ આપી ગુજરાતનો સિપાહસાલાર બનાવવામાં આવ્યો. પરંતુ બીજા તમામ ઇતિહાસોમાં આ બનાવ વિશે ઉલ્લેખ નથી. અને તેઓ વડાપ્રધાન હોવાનો પુરાવો આપે છે. બંનેનું સંયોજન સંભવિત છે. પરંતુ કંઇ સાબિતી નથી અને કોઇ ઇતિહાસમાંથી એ માટે સમર્થન મળતું નથી. આથી મારી ધારણા પ્રમાણે કર્નલ વૉટસને મલેક મુકિબલ સાથે નાયબ વઝીર શબ્દ જોઈ ખાજા જહાનને ગુજરાતનો નાઝિમ માની લઈ લખી માર્યું. તે જ પ્રમાણે ફરિશ્તાનું સિપાહસાલાર લખવું પણ ભૂલભરેલું છે, કારણ કે સુલતાન મોહમ્મદ તગલકના જમાનામાં સિપાહસાલારનો હોદ્દો એટલો નાનો હતો કે તે વડાપ્રધાન માટે કોઇ પણ રીતે યોગ્ય ન ગણાતો. ઇબ્ન બતૂતાના સમકાલીન શિહાબુદ્દીન દમશ્કીએ પોતાના ગ્રંથ મસાલિકુલ્ અબ્સાર ભાગ૦ ૨માં મોહમ્મદ તગલકનું વૃત્તાંત લખ્યું છે તેમાં હોદ્દાનો ક્રમ આવી રીતે બતાવવામાં આવ્યો છેઃ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ખાન', 'મલેક', 'અમીર', 'સિપાહસાલાર', 'જુન્દ' (સિપાઈ). વળી એમ લખવામાં આવ્યું છે કે બાદશાહના દરબારમાં ૮૦ ખાન છે અને નવલાખ સવાર છે. આગળ ચાલતાં તે લખે છે કે 'ખાન'ના હાથ નીચે ૧૦૦૦૦ ની ફોજ, 'મલેક'ના હાથ નીચે ૧૦૦૦ની ફોજ, 'અમીર'ના હાથ નીચે ૧૦૦ અને 'સિપાહસાલાર'ના હાથ નીચે તેનાથી પણ કમ. ખાનના પગારમાં બે લાખ ટંકાની જાગીર, 'મલેક'ની જાગીર ૫૦ કે ૬૦ હજાર ટંકાની, 'અમીર'ની ૩૦ કે ૪૦ હજાર સુધી અને સિપાહસાલારની ૨૦ હજારની જાગીર હતી. એ ઉપરાંત બાકી ફોજને રોકડો પગાર મળતો. એટલે ખાન જહાનને સિપાહસાલારનો હોદ્દો આપવો એ કોઇ પણ રીતે માનવામાં આવે એવી વાત નથી લાગતી. ઝિયાબર્નીએ હોદ્દેદારોની જે ફેહરિસ્ત આપી છે તેમાં ખાન જહાનના નામ સાથે 'વઝીરુલ્મુલ્ક' લખ્યું છે. આનું બીજા ઇતિહાસો પણ સમર્થન કરે છે. તે ફેહરિસ્તમાં ગુજરાતના હોદ્દેદારો-નાં નીચે પ્રમાણેનાં નામ લખેલાં છેઃ શેખઝાદા મુઈઝુદ્દીન ગુજરાતનો નાયબ, મલેક શરફુલ્મુલ્ક અલપખાન ગુજરાતનો નાઝિમ, નિઝામુલ્મુલ્ક જૂના બહાદુર ગુજરાતનો નાયબ. અલબત્ત એક બીજું નામ પણ તારીખમાં "બજના મુલિબ બચ્ચા"નું લખ્યું છે અને મલેક મુકિબલ અને મલેક મુઝફ્ફર વિશે નાયબ લખ્યું છે. પરંતુ ખાન જહાનનું નામ કોઇ પણ ઠેકાણે મળતું નથી. તેથી એ વાત તો સ્પષ્ટ છે કે સુલતાનનો વઝીર, અહમદ અયાઝ ખાન જહાન કદી ગુજરાતનો નાઝિમ થયો ન હતો અને જે લોકો એમ સમજ્યા છે તે ગેરસમજમાં પડયા છે. હવે બાબત એ રહી કે વિઝારતનો શો અર્થ છે? તે માટે જે શબ્દોએ ઝિયાબર્નીની તારીખનો ઊંડો અભ્યાસ કર્યો છે તેને માટે એ વાત કોઈ પણ રીતે મુશ્કેલ નથી. તેમ જ તે સહેલાઇથી સમજી શકે છે કે હરેક જગ્યાએ તેણે 'વિઝારત'નો અર્થ 'નિઝામત' કર્યો છે. જેમકે કુત્બુદ્દીન ખલજી વિશે લખ્યું છે કે 'મલેક વહીદુદ્દીન કુરૈશી'ને ગુજરાતમાંથી શાહેરમાં બોલાવ્યો અને તાજુલ્મુલ્કી અને દિલ્હીની નાયબ વિઝારત મલેકને આપી. 'દિલ્હી' શબ્દથી કદાચ ગલતી ઊભી થાય તેથી બીજા ઉલ્લેખ પણ જણાવું છું: એજ કુત્બુદ્દીનના રાજ્ય દરમ્યાનના બનાવો આલેખતાં કહે છે, " કુત્બુદ્દીને દેવગીરની વિઝારત મલેક યક લખ્ખી જે અલ્લાઇ ગુલામ હતો અને જેણે કેટલાક સમય પર્યંત નાયબ (મદદનીશ) પોસ્ટ માસ્તર જનરલ તરીકે કામ કર્યું હતું તેને હવાલે કરી. પૃ૦ ૩૬૦. બીજી જગ્યાએ જણાવવામાં આવ્યું છે કે દેવગીરની વિઝારત મલેક ઐનુલ્મુલ્ક...અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાંતમાં શાંતિ અને સલામતી રાખી ઈ. સ. ૧૩૨૬ (હિ. સ. ૭૨૭૧)માં

(નયાબતે વિઝારત) વિઝારતનું નાયબપદ મુગીરુદ્દીન અબૂરિન્દને આપી દેવગીર મોકલ્યો. પૃ૦ ૩૯૮

વળી એક જગ્યાએ લખે છે કે " દેવગીરની વિઝારત ઈમાદુલ્મુલ્ક સરીર સુલતાનીને અને ધારની (નયાબતે વિઝારત) વિઝારતનું નાયબપદ .....સોંપવું "

આ ઉપરથી સાફ રીતે જણાઈ ગયું કે વિઝારત અને નાયબ વિઝારતનો અર્થ નાઝિમ અને નાયબ નાઝિમ છે. જો મલેક મુકિબલ નાયબ વઝીર હતો તો તેનો અર્થ એ થયો કે તે ગુજરાતના સૂબાનો નાયબ નાઝિમ હતો, નહિ કે વડાપ્રધાન ખાન્દ જહાનનો નાયબ. એ ઉપરાંત ઇતિહાસકારોમાં એક બીજી ગેરસમજ ઊભી થઈ છે, અર્થાત્ મલેક મકબૂલ અને મલેક મુકિબલને ભૂલથી એક જ શખ્સ સમજ્યા છે. મલેક મકબૂલ નાયબ વઝીર હતો, જેમકે ઝિયા બર્નીએ લખ્યું છે. અને ફરિશ્તામાં પણ જણાવવામાં આવ્યું છે કે મલેક મકબૂલને ઇમાદુલમુલ્કનો ખિતાબ આપી ગુજરાતનો વઝીર બનાવ્યો. તે પછી ફરિશ્તાએ ખાન્દ જહાન અહમદ અયાઝને માટે વઝીરુલ્મમાલિકને બદલે સિપાહ સાલાર લખી દીધું છે. ત્યાં મલેક મકબૂલને નાયબ વઝીરને બદલે વઝીરુલ્મમાલિક બનાવી દીધો. અને મલેક મુકિબલને નાયબવઝીરને બદલે વઝીર ગણ્યો. ખરી વસ્તુસ્થિતિ એ છે કે અહમદ અયાઝ વઝીરુલ્મ-માલિક અને મુકિબલ ગુજરાતનો નાયબવઝીર હતો. એ બાબતો વિશે તમામ ઇતિહાસો એકમત છે. એ ઉપરથી એ વાત તો સ્પષ્ટ થઈ કે બંને અલગ શખ્સો હતા. બાકીના ગોટાળા વિશે તો મેં સાબિતી સાથે બતાવી આપ્યું. ફરિશ્તાએ આ વિશે ભૂલ કરી છે, જેમકે ઝિયાબર્ની, ઇબ્ન બતૂતા, તબકાતે અકબરી, મસાલિકુલ અબ્સાર અને બદાયૂની ઉપરથી સાબિત થાય છે. અલબત્ત ઇબ્ન બતૂતાના લખાણ ઉપરથી એટલું માલૂમ પડે છે કે કોઇ એક વખતે ખંભાત અને ગુજરાત ખાન્દ જહાન મલેક અહમદ અયાઝની જાગીરમાં હતાં.

૧. બદાયૂની ભા. ૧ પૃ. ૨૨૬ છપાયેલ કલકત્તા, પરંતુ બદાયૂનીના કહેવા મુજબ આ બળવો ખુદ દિલ્હીમાં થયો હતો, જેમકે તે લખે છે કે લશ્કરના સિપાહસાલાર મલેક બહાઉદ્દીન ગુરશાસ્પે દિલ્હીમાં જઇ તોફાન મચાવ્યું. ઝિયા બર્ની એ વિશે બિલકુલ ખામોશ છે. ફરિશ્તા અને ઇબ્ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુલતાન તગલકનો ભાણેજ[૧] જેને દક્ષિણમાં સાગરનો હાકેમ બનાવવામાં આવ્યો હતો તે પોતાની હાલતનો અન્દાજ કાઢી બળવાખોર થઈ ગયો. આખ્ત જહાન અહમદ અયાઝને દિલ્હીના ઉમરાવો[૨] સાથે તે બળવો દાબી દેવાને મોકલવામાં આવ્યો અને સાથે સાથે અલપખાનને પણ હુકમ કરવામાં આવ્યો કે ગુજરાતની ફોજે એમાં ભાગ લેવો. પરિણામે એ ફોજ મોકલવામાં આવી, અને તે સફળ થઈ. લગભગ ઈ. સ. ૧૩૩૯ (હિ. સ. ૭૪૦) પર્યંત એણે ગુજરાતમાં હકૂમત કરી[૩] અને તેના અમલ દરમિયાન કોઈપણ જાતનું તોફાન કે

બતૂતાનું કહેવું એકજ છે કે એ બનાવ દક્ષિણનો છે. આ કારણથી સામાન્ય ઇતિહાસકારો એ જ વાત સાચી માને છે.

૧. મલેક બહાઉદ્દીન ગુરશાસ્પની બાબતમાં ફરિશ્તાએ પિતરાઈ ભાઈ લખ્યો છે. અને મિરાતે મોહમ્મદીમાં એની જ નકલ કરવામાં આવી છે. ખરી વાત એ છે કે એ મોહમ્મદ તગલકનો બાપ ગિયાસુદ્દીન તગલકની બહેનનો પુત્ર હતો. જેમકે બર્ની અને ઇબ્ન બતૂતાએ એને માટે ચોખવટપૂર્વક લખ્યું છે. ફરિશ્તાએ પણ અમ્માઝાદ (માસીનો છોકરો) લખ્યું હશે, પરંતુ લહિયાએ ભૂલથી અમ્મઝાદ (પિતરાઇ ભાઈ) લખી દીધું હશે અને પછી લોકોએ એ જ પ્રમાણે નકલ કરવાનું રાખ્યું હશે.

૨. ખાન્ત જહાન દિલ્હીથી દક્ષિણ તરફ રવાના થયો હતો અને નહિ કે ગુજરાતથી અને ગુજરાતથી જે મદદ ખાન્ત જહાન તરફ મોકલવામાં આવી હતી તે મલેક કાફૂર તરફ અલપખાને (દેવળદેવી માટે અલાઉદ્દીનના સમયમાં) મોકલી હતી તેવી જ હતી અને મુકિબલ એ વખત પર્યંત ગુજરાતનો નાયબ વઝીર થયો ન હતો. એ બાબતનો મિરાતે મોહમ્મદીમાં ભૂલથી ઉલ્લેખ કરવામાં આવેલો છે.

૩. સાફ અને સાચી સાલ કોઈપણ ઇતિહાસમાંથી મળી નહિ. ઇબ્ન બતૂતા, બર્ની, બદાયૂની, અને ફરિશ્તા વગેરેના અભ્યાસથી માલૂમ પડે છે કે સિંધમાં કસ્લુ ખાન, અયોધ્યામાં ઐનુલ્મુલ્ક, ગુજરાતમાં અલપખાન અને દક્ષિણમાં કતલગખાન જેવા લાયક નાઝિમ જ્યાંસુધી રહ્યા ત્યાં સુધી મુલ્કમાં સુલેહ શાંતિ રહી. ત્યારપછી જે જે સૂબાના હાકેમને મારી નાખવામાં કે બરતરફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફસાદે દેખાવ દીધો નહિ.[૧] પરંતુ અતિ શાંતિ રહી. જો કે તે સમયે હિંદુસ્તાનમાં કોઇપણ સૂબો એવો ન હતો કે જ્યાં ફસાદ તોફાન ન થયું હોય. તેના જ સમયમાં (હિ. સ. ૭૨૬ માં) પાલનપુરમાં આવેલા માલણ ગામમાં સફેદ પથ્થરની એક જામે મસ્જિદ તૈયાર કરવામાં આવી હતી. તે એ મજલાની માંગરોળની જામે મસ્જિદ જેવી હતી. તેની જ સાથે માલેોલનો કિલ્લો પણ બંધાવવામાં આવ્યો હતો. તે ઉપરનો શિલાલેખ ઉકેલાતો નથી, પરંતુ જે કંઈ ઉકેલાયું છે તે નીચે પ્રમાણે છે: "આતુલઆઝમ ઉલુગખાન (ખુદા તેનું આયુષ લાંબું કરે) ન્યાયી, સખી, માયાળુએ જામે મસ્જિદ તથા માલેોલનો કિલ્લો બંધાવ્યાં. વડા થાણુદારના હુકમથી મલેક ઝિયાએ તે તૈયાર

કરવામાં આવ્યો ત્યાં તોફાન થયું. ઇતિહાસોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે બાદશાહે સ્વર્ગદ્વારમાં રહી જે જે કામો કર્યાં તેમાંનું એક કામ નાઝિમોને બરતરફ અને નિમણુંક કરવાનું હતું. સંશોધન કરવાથી એ સ્થાને બાદશાહનું રહેવાનું હિ. સ. ૭૩૯-૪૦-૪૧માં થયું હોય એમ માલૂમ પડે છે. અને એ જ સાલમાં કત્લગખાનની બરતરફી પણ થયેલી જણાય છે. ઉપરાંત અદના દરજ્જાના લોકોને ઊંચા હોદ્દા ઉપર ચડાવ્યાનું પણ જોવામાં આવે છે. આ ઉપરથી એમ કલ્પવામાં આવે છે કે બહુધા હિ. સ. ૭૪૦ પર્યંત અલપખાન નાઝિમ રહ્યો.

૧. ફરિશ્તાના બ્યાન ઉપરથી એમ માલૂમ પડે છે કે બાદશાહ મદ્રાસનો બળવો દાબી બીમાર થઈ દોલતાબાદ અને કોલેરા પ્લેગ ચાલુ થવાથી નહરવાલા પાટણ (ગુજરાતમાં) ચાલ્યો આવ્યો. આ ઉપરથી એમ માલમ પડે છે કે બાદશાહ ત્રણ વખત ગુજરાતમાં આવ્યો: પહેલી વખત દોલતાબાદથી માંદો પડી ગુજરાત આવ્યો, બીજી વખત દિલ્હીથી ભરૂચ સદા અમીરોનો બળવો દાબી દેવાને, અને ત્રીજી વખત દોલતાબાદથી ભરૂચ મલેક તગીનો બળવો દાબવાને. જો ફરિશ્તાનું બ્યાન સાચું માનવામાં આવે, જો કે બીજી કોઈ પણ તારીખથી એનું સમર્થન નથી થતું તેમ છતાં પણ એમ તો માનવું પડશે જ કે સુલતાનનું પહેલું આગમન અલપખાનના સમયમાં થયું અને બહુધા અલપખાનની વ્યવસ્થાથી તે દાજી હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરાવ્યો. મહાન, ન્યાયી, સખી, બહાદુર ઉલુગખાન ...થાણદારે કહ્યું ત્યારે શેખ મસઉદે તારીખ લખી. હિ. સ. ૭૨૬ ના રજબ મહિનાની ૫ મીને રવિવારે."

મલેક નજબા ગુજરાતનો નાઝિમ–[૧]
મલેક મુકિબલ તિલંગી નાયબ નાઝિમ
ઈ. સ. ૧૩૩૯ (હિ. સ. ૭૪૦)

---

૧. "ગુજરાતના નાઝિમ"ના નામ વિશે તારીખોમાં મતભેદ છે. મિરાતે અહમદીના ઉર્દૂ તરજુમા (છપાયેલ મુંબઈ)માં "બખ્તાવર" છે અને અસલ ફારસી (છપાયેલ મુંબઈ)માં "બખ્યાર" લખવામાં આવ્યું છે. તબકાતે અકબરી છપાયેલ કલકત્તા, પૃ૦ ૨૧૫ અને છપાયેલ નવલકિશોર પૃ૦ ૧૦૮માં 'બહના' છે. ઝિયા બર્ની પોતાની "તારીખે ફીરોઝશાહી" છપાયેલ કલકત્તા પૃ૦ ૫૦૫માં "નજબા" જણાવે છે; ફરિશ્તામાં પણ લગભગ એ જ છે, અર્થાત્ "નજ્યાન". મારી માન્યતા મુજબ 'બખ્યાર' અને 'બખ્તાવર' બંને ખોટાં છે; કારણ કે એ બંને શરીફ પુરુષોનાં નામ હોઈ ન શકે. અને ઇતિહાસકારો એકમત છે કે એ શખ્સ હલકી જાતનો એક ગાનતાન કરનારનો છોકરો હતો. તેમના સાથી જેના ઓધ્યામાં વૃદ્ધિ કરવામાં આવી હતી તેમનાં નામ પણ જાણી લો. લખ્ખા બાગબાન, નાયક જેલાહા (વણકર)નો પુત્ર, શેખ બાબુપીરા માળી, મક્કા તબ્બાખ (રસોયો), કન્તુ ગુલામ જે તે પછી મલેક મુકિબલ થયો, અઝીઝ ખમ્માર (દારૂના પીઠાવાળો), ફીરોઝ હજ્જામ. ઝિયાબર્ની 'નજબા' લખે છે. અને ફરિશ્તાએ પણ લગભગ એવું જ લખ્યું છે. તબકાતે અકબરીમાં પણ નુકતા (મીઠાં)ની ફેરબદલી થવાથી "બહના" થઇ ગયું, નહિતો તેણે પણ લગભગ એ જ શબ્દ લખ્યો હતો. અને ફરિશ્તા વિશે પણ મારો એવો જ ખ્યાલ છે. તેથી એને બદલે સમગ્ર ગ્રંથમાં મેં એનો ઉપયોગ કર્યો છે. મલેક મુકિબલ વિશે સામાન્ય ઇતિહાસો એકમત છે કે એ શખ્સ ખાન્દ જહાન અહમદ અયાઝ વઝીરુલ્મમાલિકનો ગુલામ હતો જેને મોહમ્મદ તગલકે "ખાનજહાન"નો ખિતાબ અર્પણ કર્યો હતો અને અત્યારે જ સાબિત કર્યું છે કે મલેક મકબૂલ અને મલેક મુકિબલ બંને અલગ શખ્સો છે. હવે ફકત એટલું જ જાણવાનું છે કે આ શખ્સ કયા હોદ્દા ઉપર ગુજરાતમાં આવ્યો હતો. ઇબ્ન બતૂતા, બર્ની,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાયબ નાઝિમ મલેક મુકિબલ તિલન્ગી જેનું અસલ નામ ફન્દુ હતું તે અરેબર નવ મુસ્લિમ હતો. એ પહેલાં મુલતાનમાં રહ્યો હતો. તેનો "કિવામુલમુલ્ક" ખિતાબ હતો. હવે 'ખાન જહાન'નો ઈલ્કાબ આપી તેને ગુજરાત મોકલવામાં આવ્યો. આ બંને દરજ્જાથી ગુજરાતના મહાન મહાન પુરુષો અને ઉચ્ચ દરજ્જાના લોકો નારાજ થયા. તેઓ તેના હાથ નીચે રહેવાનું નાપસંદ કરવા લાગ્યા. જેમકે તાજુદ્દીન ઈબ્નુલ્ કૈલમી એક તુર્કસ્તાની વેપારી હતો. તે તુર્કસ્તાન, મિસર, હિન્દ, સિલોન અને

બદાયૂની અને મિરાતે મોહમ્મદીમાં ગુજરાતનો નાયબ વઝીર લખવામાં આવ્યું છે. તબકાતે અકબરીમાં "ગુજરાતનો નાયબ" લખ્યું છે અને ફરિશ્તાએ ગુજરાતનો વઝીર જણાવ્યો છે, મેં પાછલા હાંસિયાની નોંધમાં જણાવ્યું છે કે વઝીર અને નાયબ વઝીરનો અર્થ નાઝિમ અને નાયબ નાઝિમ થાય છે. ગુજરાતના નાયબનો અર્થ પણ નાઝિમ છે; જેમકે ઝિયાબર્ની અને બીજી તારીખો ઉપરથી માલૂમ પડે છે. સામાન્ય તારીખો ઉપરથી એ વાત તદ્દન સચોટ થઇ છે કે મલેક નજબાને ગુજરાતનો નાઝિમ બનાવવામાં આવ્યો હતો અને ગુજરાતના બળવા પ્રસંગે મલેક મુકિબલ નાયબ વઝીર હતો એટલે ગુજરાતનો વઝીર કે ગુજરાતનો નાયબ, મલેક મુકિબલ અહમદ અગાઝનો ગુલામ કદી થયો નહતો. બનાવો અને સાલના ક્રમ ઉપરથી એ વાત ચોક્કસ જણાય છે કે મલેક નજબા નાઝિમ અને મલેક મુકિબલ નાયબ નાઝિમ હતો. ઇબ્ન બતૂતા ખંભાતની હકીકતનો ઉલ્લેખ કરતો જણાવે છે કે મલેક મુકિબલ તિલન્ગી ત્યાંનો હાકેમ હતો. એ ઉપરથી એમ માલૂમ પડે છે કે તેને ગુલામ તરીકે તેલંગણથી લાવવામાં આવ્યો અને ત્યારપછી ધીમે ધીમે તેની એવી ચાહતી થઇ કે ગુજરાત જેવો ફળદ્રુપ ભાગ તેને સોંપવામાં આવ્યો.

ગુજરાતનો હાકેમ થયો એ હિસાબે ગણતાં હિ. સ. ૭૪૪ થાય છે. પરંતુ મારા સંશોધન પ્રમાણે એ બનાવ હિ. સ. ૭૪૦ માં બન્યો. ઇબ્ન બતૂતા હિ. સ. ૭૪૩ માં જ્યારે ખંભાત પહોંચ્યો ત્યારે મલેક મુકિબલે તેને નિમંત્રણ આપ્યું હતું એ ઉપરથી એમ જણાય છે કે તે હિ. સ. ૭૪૪ પહેલાં હાકેમ તરીકે આવી ગયો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મદ્રાસનાં સ્થળોમાં વેપાર કરતો હતો. જ્યારે તેણે મિસરના મશહૂર બંદર એલેકઝાન્ડ્રિયામાં મુકામ કર્યો હતો ત્યારે તેણે એક મહાન આલીશાન મદ્રેસા બંધાવી હતી. એક વખત તુર્કસ્તાનથી ઘણી કીમતી ભેટો જેવી કે ગુલામ, ઊંટ, કપડાં અને હથિયાર વગેરે બાદશાહ માટે લઈ આવ્યો. બાદશાહ ઘણો ખુશ થયો અને તેને ૧૨ લાખ અશરફી (દીનાર) આપ્યા. એમ કહેવાય છે કે તેની ભેટોની કીમત એક લાખથી વધારે ન હતી. બાદશાહે તેની ખંભાતના હાકેમ તરીકે નિમણૂક કરી. એ ઇલ્તિકા નાયબ વઝીર (નાયબ સૂબેદાર) મલેક મુકિબલના હાથ નીચે હતો. ઇખ્તુલકેાલમી ખંભાત પહોંચ્યો અને ત્યાંથી મદ્રાસ અને સિલોન (લંકા)માં જહાઝ મોકલવાનું શરૂ કર્યું. અન્નથી ભરેલી ચીન્ને જહાઝમાં તેની પાસે પુષ્કળ આવતી હતી અને આવી રીતે તે ઘણો ધનાઢય થઈ ગયો. મલેક મુકિબલ હાકેમ થયો અને તેણે મહેમૂલની માગણી કરી ત્યારે કુદરતી રીતે ઇખ્તુલકેાલમી (જે અદનો દરજ્જનો આદમી હતો તે)ની સાથે હાકેમ હોય એવી રીતે વર્તન કરે તે વાત પસંદ પડી નહિ. ઇખ્તુલ-કેાલમીએ ઇન્કાર કર્યો અને કહ્યું કે એ મહેમૂલ હું જ્યાં લઈ ત્યાં (દિલ્હીમાં) આપીશ. મલેક મુકિબલે વઝીર આજ્જ જહાનને એ બાબત જણાવી. તેણે જણાવ્યું કે જો તમારાથી ઇલ્તિકાની વ્યવસ્થા ન થઈ શકતી હોય તો રાજીનામું આપી દો. મલેક મુકિબલે સંગ્રામની તૈયારી કરી લડાઈની શરૂઆત કરી દીધી. ઇખ્તુલકેાલમીની હાર થઈ. અને ઘણા માણસો માર્યાં ગયાં. આસ કરીને ઇખ્તુલકેાલમીના ઘણા-ખરા અફસરોની કતલ કરવામાં આવી. લડાઈ ખતમ થયા બાદ મલેક મુકિબલે સંદેશો મોકલ્યો કે જો તું મહેમૂલ અને બાદશાહની વસ્તુઓ મોકલે તો હું તને સહીસલામત રહેવા દઉં. ઇખ્તુલકેાલમીએ આ વાત મંજૂર રાખી અને તમામ વસ્તુ મલેક મુકિબલ ઉપર મોકલી દીધી ને પછી બાદશાહ ઉપર મલેક મુકિબલ સામે ફરિયાદ લખી મોકલી. મલેક મુકિબલે પણ સર્વ હકીકત લખી મોકલી. બાદશાહે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મલેકુલહુકમાને મુન્સિફ નીમી ફૈસલો કરવાનો હુકમ આપ્યો. આનો નિકાલ થાય તે પહેલાં બાદશાહ તરફથી સદ્દા અમીરોને ગિરફતાર કરવાનો હુકમ આપ્યો. મલેક મુકિબલે મલેકુલહુકમાને ખંભાત જઈ કાઝી જલાલ અને બીજા સદ્દા અમીરોને કંઈપણ યુક્તિ રચી લઈ લાવવા ફરમાવ્યું. મલેકુલહુકમા કાઝી જલાલને મળ્યો અને તેને શાહી માગણીની જાણ કરી. એ બંને એકજ સ્થળના વતની હતા તેથી સાચી વાત પણ કરી દીધી. કાઝી જલાલ મલેકુલહુકમાની સલાહથી ૩૦૦ બખ્તરિયા સાથીઓને સાથે લઈ મલેક મુકિબલ પાસે આવ્યો. એ વખતે તેને પરહેજ કરવો મુસ્કેલ જાણી મલેક મુકિબલે તેમને નીડરપણે પાછા જવાનો હુકમ કર્યો. એ સમય દરમ્યાન માળવા અને ધારના સદ્દા અમીરો ત્યાંથી નાસી ગુજરાતમાં આવ્યા અને વડોદરા તેમજ ડભોઈના પોતાના કોમી ભાઈઓને મળી પોતાનો જાન બચાવવાની કોશિશ કરવાનો ઠરાવ કર્યો. આથી વડોદરા અને ડભોઈના સદ્દા અમીરોએ પોતાનો જથ્થો તૈયાર કર્યો. મલેક મુકિબલ ગુજરાતનું મહેસૂલ તથા ત્યાંની ભેટો લઈ દિલ્હી જતો હતો અને સંભવિત છે કે અશાંતિ હોવાના કારણે આબુનો રસ્તો છોડી વડોદરા અને ડભોઇ તરફથી જવાનો ઈરાદો રાખતો હતો. સદ્દા અમીરોને એ બાબતની ખબર કોઈ કોઠાણેથી પડી ગઇ અને તકનો લાભ લેવાનું ચૂકયા નહિ અને મલેક મુકિબલ ઉપર અચાનક આવી પડયા. મુકિબલ મુકાબલો કરી શકયો નહિ અને નહરવાલા નાસી છૂટયો. સદ્દા અમીરોએ શાહી ભેટો સહ તંબામ બન્દાનાનો કબ્જો લીધો. તેની સાથે ઈબ્નુલકોલમી અને બીજા વેપારીઓનો માલ પણ લૂંટાઈ ગયો. ઈબ્નુલકોલમી ત્યાંથી નાસી છૂટી ખંભાત ચાલ્યો ગયો. મલેક મુકિબલે એ ખબર દિલ્હી સુલતાન મોહમ્મદ તગલકને પહોંચાડી. હિ. સ. ૭૪૫ (ઈ. સ. ૧૩૪૪)ના રમઝાન માસની આખરે સુલતાને એ ખબર સાંભળી પંડે ગુજરાત પહોંચી એ બળવો દબાવવાની ઇચ્છા કરી, પરંતુ રાજ્યના મુખ્ય સલાહકારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વિશે એકમત ન હતા. એટલે સુધી કે કતલગખાન જે શાહનો ઉસ્તાદ પણ હતો તેણે ઇતિહાસકાર ઝિયાઅની મારફત સંદેશો મોકલ્યો કે આવા મામૂલી ફસાદના કારણે હુઝૂરે જાતે ગુજરાત જવાનો બંદોબસ્ત કરવો નહિ. આ તો એક મામૂલી તોફાન છે. હુઝૂર જો પરવાનગી આપે તો હું થોડા દિવસમાં આ ફસાદની આગને હોલવી નાખી શકું. પરંતુ સુલતાને આ હિતેચ્છુની સલાહ ન માની અને તૈયારી કરવાનો હુકમ કર્યો. અઝીઝ ખમ્મારને જ્યારે ખબર પડી કે સદ્દા અમીરો નાસી છૂટી ગુજરાત પહોંચ્યા અને ત્યાં લૂંટ-મારમાં ગૂંથાયા, તેમજ મલેક મુકિબલની હાર પણ થઇ છે ત્યારે મલેક જહાન સુમ્બુલ સાથે સાતહઝારની ફોજ લઈ મલેક મુકિબલને મદદ કરી આ બળવો દાબવા ગુજરાત તરફ રવાના થયો અને તેણે એ વિશેની ખબર બાદશાહને આપી દીધી. બાદશાહ આ સાંભળી ગભ-રાયો અને કહ્યું કે અઝીઝ ખમ્માર લડાઈની રીતિ નીતિથી વાકેફ નથી; કદાચ તે કોઇ ઠેકાણે માર્યો જાય તેથી મારે જાતે જલ્દી પહોંચવું જોઇએ. [૧]

"શેખ મુઇઝુદ્દીન બિન અલાઉદ્દીન અયોધ્યાથી નાઝિમ"
મલેક મુઝફ્ફર ગુજરાતનો નાયબ નાઝિમ

હિ. સ. ૭૪૫ (ઇ. સ. ૧૩૪૪), રમઝાન.

હજુ તો મલેક મુકિબલની હારની ખબર આવી ન હતી એટલામાં શેખ મુઇઝુદ્દીનની ગુજરાતના નાઝિમ તરીકે નિમણૂક કરવામાં આવી અને હવે જ્યારે બાદશાહ ગુજરાતમાં જઇને તૈયાર થયો ત્યારે તેણે મજકૂર શેખને તૈયારી માટે ત્રણ લાખ ટંકા આપ-વાનો હુકમ કર્યો જેથી કરીને બે ત્રણ દિવસમાં એક હઝારનું લશ્કર વ્યવસ્થિત કરી સુલતાન સાથે નીકળે. બીજી બાજૂ અઝીઝ ખમ્માર ફોજ લઇ ગુજરાત પહોંચ્યો. સદ્દા અમીરોને પણ તેનો મુકાબલો

---

૧. ઇબ્ન બતૂતા ભા. ૨. (ગુજરાતમાં બળવો)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવાનું આવશ્યક લાગ્યું- કાઝી જલાલ મલેક મુલ્તિઅલને મળી પાછો આવ્યો ને ડભોઇ અને વડોદરાના સદ્દા અમીરો વિશેની હકીકતોથી વાકેફ થઇ નીડર થઈ ગયો. ખંભાતના સરકારી ખઝાનાનો કબજો લીધો અને પછી સામાન્ય રીતે ખંભાત લૂંટી લીધું. આ જ અરસામાં ઇઝ્ઝુલ્ કોલમી વેપારી અને મિસરના અબ્બાસી ખલીફાના કાસિદ શેખુશ્શુયૂખ રુકનુદ્દીન પણ લૂંટાઇ ગયા અને બંને ત્યાંથી નાસી છૂટી દિલ્હી પહોંચ્યા. શેખુશ્શુયૂખ અહીંથી બાદશાહના દરબારમાં હાજર થયા ત્યારે સુલતાને મશ્કરીમાં કહ્યું, "ધન લઇ ખૂબસૂરત માશૂક સાથે લહેર કરવાને તું આવ્યો. ધન લેવાને બદલે સિર મૂક." ત્યાર પછી તેણે કહ્યું : ધીરજ ધર. હું દુશ્મનો પાસેથી બદલો લઈશ. અને ખુદાની ખાહિશ હશે તો બે કે ત્રણગણું આપીશ.' ઇબ્ન બતૂતા કહે છે કે જ્યારે હું હિંદુસ્તાનથી ચાલી નીકળ્યો ત્યારે મને ખબર પડી કે બાદશાહે પોતાનો વાયદો પૂરો કર્યો.[૧] હવે તોફાન ખંભાતથી માંડી વડોદરા અને ડભોઇ થઈ નહરવાલા પર્યંત ફેલાઈ ગયું. સદ્દા અમીરો ઘોડા, હથિયાર, ધન અને દોલત મેળવી તાકતવાળા થયા. અહીંતહીંના બદમાશો પણ ફોજમાં જોડાઈ જઈ સંખ્યા વધારતા રહ્યા. ટૂંકમાં અઝીઝ ખમ્માર સાથે એ સદ્દા અમીરોએ મુકાબલો કર્યો ત્યારે તેમની સ્થિતિ સારી અને મજબૂત હતી અને અફસરો પણ અનુભવી હતા. અઝીઝ ખમ્માર ઘરમાં વાઘ જરૂર હતો, પણ રણશૂરો તો ન જ હતો. આથી જ્યારે લડાઇ શરૂ થઇ અને અઝીઝ ખમ્માર દુશ્મનોથી ઘેરાઈ ગયો ત્યારે તેના હાથ પગ ફૂલી ગયા હતા. તે બેભાન થઇ જીન ઉપરથી જમીન ઉપર આવી પડ્યો. સદ્દા અમીરોએ તેને પકડી લીધો અને બરાબર રીતે મારી નાખ્યો. શાહી ફોજ હારીને વિખેરાઈ ગઇ. બાદશાહે દિલ્હીથી પંદર કોસ દૂર સુલતાનપુરમાં મુકામ કર્યો હતો ત્યાં અઝીઝ ખમ્મારની અરજી આવી. સુલતાન એ વખતે એની જ ફિકરમાં હતો ત્યારે તેના મોતની ખબર આવી.

---

૧. ઇબ્ન બતૂતા ભા. ૨. (ગુજરાતમાં બળવો)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિ. સ. ૭૪૫ માં રમઝાન મહિનાના છેવટના ભાગમાં બાદશાહનો મુકામ ત્યાં જ હતો ત્યારે આ ખબરે તેને બહુ પરેશાન કર્યો. મુઈઝુદ્દીનને આગળ રવાના કર્યો. અને જાતે તરત જ પાછળ સતત કૂચ કરતો ગુજરાતની સરહદમાં પહોંચ્યો. મુઈઝુદ્દીનને તમામ રસાલા સાથે નહરવાલા જવાનો હુકમ કર્યો. અને પોતે લશ્કર સાથે આબુ પહાડ તરફ ચાલ્યો અને નહરવાલાને ડાબી બાજૂએ છોડયું. એવી રીતે સદા અમીરોને એવો ખ્યાલ હતો કે બાદશાહ પણ નહરવાલામાં હશે, પરંતુ તે એ રસ્તેથી વડોદરા અને ડભોઈ પહોંચી તેમની સામે આવ્યો. સુલતાને એક ૈસરદારને લશ્કર સાથે તેમની સામે લડવાને મોકલ્યો. જ્યારે એ લશ્કર ડભોઈ પહોંચ્યું ત્યારે સંગ્રામ શરૂ થઇ ગયો અને બંને બાજૂથી બહાદુરીને ઈન્સાફ અપાયો. પરંતુ આખરે સદા અમીરોની હાર થઈ. કાઝી જલાલ જે એ બળવાખોરોનો આગેવાન હતો તે મિત્રો તથા કુટુંબ કબીલાને લઈ ખંભાત તરફ રવાના

---

૧. આ બનાવ વિશેની હકીકત મેં ઝિયા બર્નીની લીધી છે. ફરિશ્તા લખે છે કે તેણે મુઈઝુદ્દીનને આબુથી જ લશ્કર સાથે ડભોઈ મુકાબલો કરવાને મોકલ્યો. ડભોઈમાં મલેક મુકિબલ ખાનજહાન તેમને મળી ગયો. બંનેએ મળી બળવાખોરોને હરાવ્યા. પરંતુ એનું સમર્થન કોઈ બીજા ઇતિહાસોમાં મળ્યું નહિ તબકાતે અકબરી બર્નીનું સમર્થન કરે છે. બદાયૂની પણ લગભગ એવું જ લખે છે.

૨. ઇબ્ન બતૂતા લખે છે કે બાદશાહને ખંભાતની પરિસ્થિતિની ખબર પડી ત્યારે તેણે જાતે ત્યાં જવાનો ઇરાદો કર્યો અને તેના પહેલાં મલેક આઝમ બાયઝદી નામના સુલતાનના જમાઇને ચાર હજારની ફોજ સાથે મોકલ્યો. કાઝી જલાલના લશ્કરમાં "જલૂલ" નામનો એક શખ્સ અતિ બહાદુર હતો. તે શત્રુ ઉપર હુમલો કરી ઘણા લોકોની કતલ કરતો હતો. પોતાના મુકાબલા માટે લોકોને તે બોલાવતો હતો, પરંતુ કોઈની હિમ્મત ચાલતી ન હતી. એક વખત તેનો ઘોડો તેની સાથે એક ખાઈમાં કર્મ-સંજોગે પડયો. જલૂલ ઘોડા ઉપરથી પડી ગયો અને લોકોએ તેને મારી નાખ્યો. તેના શરીર ઉપર બે બખ્તર હતાં. તેનું માથું બાદશાહ પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયો. બાદશાહ ભરૂચ પહોંચ્યો ત્યારે તેણે મલેક મકબૂલ નાયબ વઝીરુલ્મમાલિકને તેની પૂંઠ પકડવાનો હુકમ કર્યો અને દિલ્હીના

મોકલવામાં આવ્યું. અને તેનું ધડ વડોદરા શહેરના કોટ ઉપર લટકાવવામાં આવ્યું. ત્યારપછી આગળ ચાલતાં ખંભાત વિશે લખે છે કે શમ્સુદ્દીન કુલાહ-દૂઝ (ટોપી બનાવનાર)નું મકાન પણ મોટું છે. કાઝી જલાલે બળવો કર્યો ત્યારે શમ્સુદ્દીન નાખુદા ઈલિયાસ (જે પ્રથમ અહીંનો હિંદુ હતો) અને મલેકુલ્હુકમાએ એ શહેરમાં આશ્રય લીધો. અને શહેરની આસપાસ ખાઈ ખોદવાનું શરૂ કર્યું, કારણ કે તેને કોટ ન હતો. તેની હાર થઈ અને શાહી લશ્કર શહેરમાં દાખલ થયું ત્યારે એ ત્રણે એ મકાનમાં ઘૂસી ગયા અને ગિરફતારીના ડરને લઈને એક બીજાને કટારથી મારી નાખવાનો ઈરાદો કર્યો. તેઓમાંના બે તો મરણ પામ્યા. અને મલેકુલ્ હુકમા ન મર્યો. મલેકુલ્ હુકમાના બળવામાં ભાગ લેવાના કારણ વિશે તે લખે છે કે એ શહેરમાં નજમુદ્દીન છલાની નામનો એક સારો દેખાવડો માલદાર વેપારી હતો. તેણે એક મોટું મકાન અને મસ્જિદ પણ બંધાવ્યાં હતાં. બાદશાહે તેને ખંભાત-નો હાકેમ નીમ્યો હતો, તેમજ તેને ઝંડો અને નગારાની ભેટ કરી હતી. મલેકુલ્હુકમાને આ વાત પસંદ પડી નહિ અને તેથી તેણે બળવો કર્યો. ઇબ્ન બતૂતાના બ્યાન ઉપરથી મને એમ સમજાય છે કે ઘણું કરીને ઈબ્નુલ્કોલમી લૂંટાઈ ગયો ત્યારે મલેકુલ્હુકમાને આ જગ્યાનો હાકેમ બનાવવાનો ઈરાદો કરવામાં આવ્યો હશે. પરંતુ કોઈ કારણસર એ બાબતનો અમલ થયો નહિ હોય. આથી મલેકુલ્હુકમા નારાજ થયો. અને બળવાખોરો સાથે મળી જઈ પોતાની બરાબરી કરી. ધીરજ અને સંતોષથી પોતાની વડોદરાની જાગીરમાં રહી પોતાની જિંદગી સુખશાંતિથી પસાર કરી હોત. વળી તે લખે છે કે "એ શહેરમાં દિયાર બકરનો વતની કાઝી નાસિર એક ભલો આદમી છે અને જ્યમે મસ્જિદની એક ઓરડીમાં રહે છે. કાઝી જલાલે બળવો કર્યો ત્યારે તે એમની ખિદમતમાં પણ હાજર થયો હતો. બાદશાહને કોઇએ કહ્યું કે એમણે પણ કાઝી જલાલ માટે દુઆ કરી હતી, તેથી શાહી ફોજના આગમનની વાત સાંભળી તે એવા ડરથી નાસી છૂટયો કે કદાચ એની સાથે પણ હૈદરીના જેવું વર્તન કરવામાં આવે બાદશાહે હૈદરીને ઘણો ત્રાસ આપી મારી નંખાવ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમીરો અને ભરૂચમાં સદ્દા અમીરોને તેમની સાથે મોકલ્યા. મલેક મકબૂલ નર્મદા નદીના કિનારે એ બળવાખોરો ઉપર તૂટી પડ્યો. તેમાંથી ઘણા માર્યા ગયા અને તેમના કુટુંબ કબીલાને ગિરફતાર કરવામાં આવ્યા. કેટલાક લોકો ઘોડાની પીઠ ઉપર જીન વગર સવાર થઈ સાલેર અને માલેર પહાડના હાકેમ પાસે ગયા. મજબૂર હાકેમ માનદેવે તેમને કેદ કર્યા અને તેમના તમામ સામાન, જવાહિર વગેરે તેમની પાસેથી છીનવી લીધાં. મલેક મકબૂલે ફરીથી કેટલાક દિવસ થંભી જઈ ભરૂચના સદ્દા અમીરોની સુલતાનના હુકમથી એકી વખતે કતલ કરી તેમનામાંથી જે બચી ગયા તે બધા દક્ષિણમાં ગયા અને કેટલાકે ગુજરાતના ગેરમુસ્લિમ હાકેમોને ત્યાં આશ્રય લીધો. સુલતાન મોહમ્મદ તગલક ભરૂચ પહોંચી થોડા દિવસ ત્યાં રહ્યો અને કેટલાંક વરસનું બાકી રહેલું મહેસૂલ વસૂલ કરવામાં રોકાયો. ભરૂચ, ખંભાત, એટલું જ નહિ પરંતુ તમામ ગુજરાતમાં પોતાના માણસો મોકલી નાણું એકઠું કરવાનું કામ જોરશોરથી શરૂ કર્યું. સાથે સાથે ભરૂચ અને ખંભાતમાં જે લોકોએ હાકેમો સાથે ગેરવર્તન કર્યું હતું તેમને તથા જેમણે બળવાખોરોને કોઈપણ રીતે સહકાર આપ્યો હતો તેમને શોધી શોધી મરાવી નાખ્યા, જેમકે શેખ હૈદરી[૧]-

---

૧ ઈબ્ન બતૂતાએ ભા. ૧. માં સાવા નામના શહેર વિશે લખ્યું છે કે હૈદરી પંથના સ્થાપક શેખ કુત્બુદ્દીન હૈદર એ જ શહેરના વતની હતા. આ મહાન પુરુષ વિશે બીજી કંઈ હકીકત મળતી નથી. અલબત્ત 'દીસાસી' નામના એક ફ્રેન્ચ ઇતિહાસકારે શેખ હૈદર બુરાસાની વિશે લખ્યું છે કે તે દુરવીશોના એક ફિરકાના સ્થાપક છે. અને ભાંગના ઉપયોગની શોધ એમણે કરી છે. તેણે શેખનું પૂરું નામ આ લખ્યું છે : અશશેખુલ્હૈદરૂલ્ અદીબ મોહમ્મદ બિનિલ ગામા દમિશ્કી." અફસોસની વાત છે કે એ પંથના લોકોને ધર્મ વિશે કંઈ ખબર નથી. સામાન્ય જનતામાં શ્રેષ્ઠતા મેળવવા તેઓ અકુદરતી કામ કરે છે. જેમકે હૈદરી પંથના લોકો બળતી આગમાં કૂદી જાય છે.

(ઈબ્ન બતૂતા ભા. ૨. પૃ૦ ૧૪૮ પ્રેસ દિલ્હેઆમ લાહોરનો હાસિયો)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ની કતલ પણ આ જ કારણસર કરવામાં આવી હતી. શેખ અલી હૈદરી ખંભાતમાં રહેતો હતો. તેમનો પ્રભાવ દૂર પર્યંત પહોંચતો હતો. સોદાગરો ખાસ કરીને સમુદ્રમાં તેમના નામની માનતા રાખતા હતા અને તેમની સામે આવતા ત્યારે તેને સલામ કરતા હતા. શેખ પ્રેરણાથી ઘણીખરી બાબતો કહી દેતા હતા. કેટલીક વખત કોઇ સોદાગર એક મોટી બાધા રાખતો અને શેખની સામે તેનાથી કમ મૂકતો ત્યારે શેખ તેને વાકેફ કરતા. ટૂંકમાં તેમની આ જ્ઞાનની અદ્‌ભુત શક્તિના દાવાને લઇને દૂર તેમજ નજીકમાં દરેક જગ્યાએ તેમની ખ્યાતિ પ્રસરી, એટલું જ નહિ પણ લોકો તેમના પ્રભાવથી અંજાતા હતા. કાઝી જલાલે ખંભાતમાં બળવો કર્યો ત્યારે બહુધા આશીર્વાદ માટે તે શેખ પાસે પણ આવ્યો હતો. બાદશાહને ખબર પહોંચી કે શેખે કાઝી જલાલ માટે દુઆ કરી છે તથા પોતાના માથા ઉપરની ટોપી તેને આપી છે, વળી એ પણ ખબર પહોંચી કે શેખ હૈદરીએ કાઝી જલાલના હાથ ઉપર પ્રતિજ્ઞા લીધી છે. કાઝીની હાર પછી બાદશાહે શરફુલમુલ્ક અમીર બખ્તને ખંભાતમાં રહેવાનો હુકમ કર્યો કે જેથી તમામ બળવાખોરોને શોધી તેમનો નાશ કરે. કેટલાક ધાર્મિક વિદ્વાનોને તેની સાથે મોકલ્યા કે જેથી તેમના ફતવા મુજબ અમલ કરે. શરફુલમુલ્કે શેખને બોલાવી તપાસ કરી તો સાબિત થયું કે તેમણે પાઘડી (ટોપી) આપી હતી તેમજ દુઆ પણ કરી હતી. વિદ્વાનોએ શેખને કતલ કરવાનો ફતવો આપ્યો. પરંતુ જલ્લાદે તલવાર ચલાવી ત્યારે તેમના ઉપર કંઈપણ અસર થઈ નહિ. લોકોએ માન્યું કે આ કરામત જોઇ હવે એમને છોડી મૂકવામાં આવશે પરંતુ શરફુલમુલ્કે બીજા જલ્લાદને હુકમ કર્યો. તેણે તુરત જ તેનું માથું ઉડાવી દીધું. ગુજરાતનો બળવો હવે ખતમ થઈ ગયો હતો અને દરેક બાજૂ શાંતિ અને સલામતી નજરે પડતી હતી. બળવાખોરો વિખેરાઇ જઈ પરેશાનીમાં દૂરદૂરનાં સ્થળોમાં પહોંચી ગયા હતા. સુલતાન મોહમ્મદ તઘલકે ભરૂચમાં મુકામ કર્યો હતો અને એમ જણાતું હતું કે હવે મામલો બગડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો; પરંતુ એટલામાં સુલતાને મજદુલમુલ્કનો ઇલ્કાબ ધરાવનાર અને રુકનુદ્દીન થાનેસરીના પુત્ર ઝૈનબન્દાને દેવગઢ (દોલતાબાદ) જઈ તમામ તોફાની સદ્દા અમીરોનો નાશ કરવાનો હુકમ આપ્યો. તેમના રવાના થયા પછી કંઈક વિચાર કરી બે નામવર[1] અમીરોને કતલગખાનના ભાઈ આલેમુલમુલ્કનો ખિતાબ ધરાવનાર નિઝામુદ્દીનની પાસે મોકલી એમ ફરમાવ્યું કે દક્ષિણના તમામ સદ્દા અમીરોને દોઢ હજાર સવારોના રક્ષણ નીચે ભરૂચ મોકલો. આથી મૌલાના નિઝામુદ્દીને હુકમ મુજબ બંને ઉમેદવારો સાથે તે બધાને ભરૂચ તરફ રવાના કરી દીધા. આ લોકો પહેલી મંઝિલ ઉપર પહોંચ્યા ત્યારે તેમના દિલમાં એવો ખ્યાલ કુદરતી રીતે આવ્યો કે આખરે આપણને બધાને શા માટે બોલાવવામાં આવ્યા હશે. કેટલીક બાબતોના સંબંધ તેમજ સદ્દા અમીરો વિશે સાંભળેલી વાતો ઉપરથી તે લોકો એ અભિપ્રાય ઉપર આવ્યા કે જરૂર સુલતાનની મરજી અમારી સર્વની કતલ કરવાની છે. પછી એ લોકોએ એવો ઠરાવ કર્યો કે હવે મરવું જ છે તો ઘેટાં અને બકરાંની માફક શા માટે મરવું ? બહેતર છે કે એક જંગ બોલી કિસ્મત અજમાવીએ. પછી આ ઠરાવનો અમલ કરી બળવો કર્યો અને બંને સરદારોને મારી નાખ્યા, અને દોલતાબાદ પાછા આવી મૌલાના નિઝામુદ્દીનને પકડી કેદ કર્યો. બાકીના સરકારી હાકેમોને ગિરફતાર કરી યોગ્ય રીતે પોતાની સાથે મેળવી લીધા અને બાકીનાની કતલ કરી. તે પછી ધારાગીર (ધારાગઢ)ના કિલ્લા ઉપરથી સરકારી ખજાનો કબજે લીધો. સદ્દા અમીરોમાં સર્વથી હોશિયાર મલેક યલ અફગાનના ભાઈ ઇસ્માઈલ મુખ અફગાનને સરદાર બનાવી તખ્તનશીન કર્યો, અને તેને "નસીરુદ્દીન"નો ઇલ્કાબ આપ્યો. તમામ દક્ષિણ વિભાગને તમામ સદ્દા અમીરોમાં વહેંચી નાખ્યો.

---

૧. મલેક અલી સર જમદાર અને મલેક અહમદ લાચીન (અઝીઝ અમીર મુસરૌ) જેમને આ બનાવ વખતે કતલ કરવામાં આવ્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ખબર સાંભળી ડભોઈ અને વડોદરા વગેરેના સદ્દા અમીરો અહીં તહીં વિખૂટા થઈ જઈ નાશભાગ કર્યા કરતા હતા તે સર્વ અહીં આવી જમા થયા અને તેમની તાકતમાં વૃદ્ધિ કરી. આ ખબર પાદશાહને ભરૂચમાં મળી ત્યારે તે ઘણો ઉશ્કેરાઇ ગયો અને સત્વર કૂચ પર કૂચ કરી દક્ષિણમાં પહોંચ્યો. બળવાખોરોએ પણ મક્કમતાથી મુકાબલો કર્યો, પરંતુ આખરે હાર ખાઈ ભાગ્યા. અને દોલતાબાદના ધાર કિલ્લામાં ઘેરાઈ ગયા. સદ્દા અમીરોના મહાન સરદારો ગુલબર્ગા બીડર વગેરે તરફ નીકળી ગયા. બાદશાહે ઘેરો ઘાલ્યો અને તે ત્રણ માસ સુધી રહ્યો.[૧] ઇમાદુલમુલ્ક સરતેઝને નાશભાગ કરનારાઓની પૂંઠ પકડવા મોકલ્યો અને ફતેહનામું દિલ્હી રવાના કર્યું, ત્યાં વઝીરુલમમાલિકે ઉજવણી કરી. બદ્રચાચી નામના શાએરે એ ઉપર જે કસીદો (પ્રશંસા કાવ્ય) લખ્યો છે તેમની આ નીચેની શેર છે :

"બસાલે દોલતે શહ બુદ ગુર્રએ શાબાન
કે સુયે મમ્લુકત દેવગીર શુદ ફરમાન"

"દોલતશહ"માંથી અબ્જદ પદ્ધતિ પ્રમાણે હિ. સ. ૭૪૫ (ઇ. સ. ૧૩૪૪) નીકળે છે.[૨] (જે દિવસે દેવગીર માટે ફરમાન કરવામાં આવ્યું તે દિવસે ૭૪૫ ના શાબાન મહિનાની પહેલી તારીખ હતી.)

બુદ બાદશાહે દોલતાબાદના શાહી મહેલમાં મુકામ કર્યો અને દક્ષિણના ઇલાકાની વ્યવસ્થામાં રોકાયો.

આમાંથી તે નચિંત થયો નહતો એટલામાં તેને ગુજરાતના બળવાની ફરીથી ખબર મળી. આથી તે અતિશય પરેશાન થયો હિ. સં. ૭૪૫ (ઇ. સ. ૧૩૪૪)નો જુલહજ્જ મહિનો હતો, આ ખબર સાંભળી સુલતાને ઘેરો ઘાલેલો ધારનો કિલ્લો બુદાવંદગારા,

૧. ફરિશ્તા ભા. ૧ પૃ૦ ૨૪૦, નવલકિશોર
૨. દીવાન-બદ્ર ચાચી, નવલકિશોર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિવામુદ્દીન વગેરે કેટલાક ઉમરાવોને સોંપી તે ગુજરાત તરફ રવાના થયો. ગુજરાતમાં મલેક તગી નામનો ગુલામ કોઇ કારણને લઈને નારાજ થઈ બળવા માટે તૈયાર થઈ ગયો. સદ્દા અમીરો જે આ સમય પર્યંત છૂટા છવાયા ફરતા હતા અને દક્ષિણથી ભાગી આવ્યા હતા તેઓ તેની સાથે મળી ગયા, વળી ગુજરાતના હિંદુ જમીનદારોએ પણ તેમને સાથ આપ્યો. તે પછી મલેક તગીએ આ સંયુક્ત તાકાત સાથે લૂંટમાર શરૂ કરી અને અચાનક નહરવાલા પહોંચી મલેક મુઝફ્ફરની કતલ કરી અને શેખ મુઇઝુદ્દીનને પરહેજ કરી તથા અન્ય કારકુનો અને હાકેમોને કેદી તરીકે સાથે લઈ તે ખંભાત પહોંચ્યો. ખંભાત જે એક માલદાર શહેર તેમજ બંદર પણ હતું તેને લટયું અને તેનો કબજો કરી ભરૂચ તરફ પ્રયાણ કર્યું. ભરૂચના લોકોએ કિલ્લાનો દરવાજો બંધ કરીને બચાવ પૂરતી લડાઈ શરૂ કરી. સુલતાને દ્વોલતાબાદથી રવાના થઈ ભરૂચ જવાને કેટલીક મંઝિલ કાપી હશે, એટલામાં ઝિયાબર્ની (તારીખે ફીરોઝશાહીનો કર્તા) જે દિલ્હી શહેર તરફથી દ્વોલતાબાદની ફતેહ માટે મુબારકબાદી આપવાને આવ્યો હતો, તેની સાથે તેની મુલાકાત થઈ. રસ્તામાં બાદશાહે કહ્યું કે મુલ્કમાં કેવું અંધેર પેદા થયું છે, તે તમે જુઓ છો? એક તરફથી દબાવી દઉં છું તો બીજી તરફ ઊભું થાય છે. ગુજરાત અને દક્ષિણના સદ્દા અમીરોને જે એકી વખતે નાબૂદ કરવામાં આવ્યા હોત તો આ પરેશાની ન થાત. અને આ મારા તગી નામના હરામખોર[૧] ગુલામને જુઓ કે જે મેં તેને મારી

---

૧. તગી ગુલામઃ—"તગી" ગુલામ વિશે ઇતિહાસોમાં કંઈ વધુ હકીકત મળતી નથી કે જેનાથી તેના જીવન વિશે કાંઈ જાણવાનું મળે. ઝિયાબર્ની પોતાની તારીખે ફીરોઝશાહીમાં એક જગ્યાએ તેને સફ્દરૂલમુલ્ક સુલ્તાનીનો ગુલામ લખે છે. ફરિશ્તાએ (૫૦ ૫૧૫, પ્રેસ નવલકિશોર) જણાવ્યું છે કે સફ્દરૂલમુલ્ક જે પોતે અહમદ અયાઝનો ગુલામ હતો તેનો એ ગુલામ છે. તબકાતે અકબરીમાં સુલતાનનો ગુલામ જણાવ્યો છે. અને તેનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખ્યો હોત અથવા તો એડનના શાહ પાસે મોકલી દીધો હોત તો આ તોફાન ન થાત. ઝિયાબર્ની કહે છે કે આનો જવાબ આપવાની હિંમત ન ચાલી. બાદશાહ એક પછી એક કૂચ કરતો ભરૂચ પાસે નર્મદા નદીને કિનારે ઊતર્યો. મલેક તગી સુલતાનના આગમનની ખબર સાંભળી ત્રણસો સવારો સાથે ખંભાત પાછો ગયો. સુલતાને મલેક યૂસુફ બગરાની સરદારી નીચે બે હજાર સવારો ખંભાત તરફ રવાના કર્યા. ચાર પાંચ દિવસમાં તે ખંભાત નજીક પહોંચ્યો. મલેક તગીએ જમાવટ કરી સુંદર મુકાબલો કર્યો. આખરે મલેક યૂસુફ બગરા માર્યો ગયો, અને શાહી લશ્કર હાર ખાઈ નાસી છૂટ્યું. કેટલાક લોકો સુલતાન પાસે ભરૂચ આવ્યા. આ હારથી સદ્દા અમીરોનું જોર વધ્યું. સુલતાનને જ્યારે આ ખબર પડી ત્યારે નર્મદા ઓળંગી ભરૂચ આવ્યો. અને કેટલાક દિવસ રહી તાકીદે ખંભાત તરફ રવાના થયો. બહુધા એ જ સમય દરમિયાન જ્યારે બાદશાહે ભરૂચ અને ખંભાતમાં મુકામ કર્યો હતો ત્યારે એ વખત ખલીફા અબ્બાશી મિસરીનો કાસિદ આવ્યો જેને બહુ માન આપવામાં આવ્યું અને કીમતી ભેટો સાથે તેને વિદાય કરવામાં આવ્યો. તે વખતના ખલીફાનું નામ અલહાકેમ બે અમ્રિલ્લાહ અહમદ અબૂલ અબ્બાસ હતું, (હિ. સ. ૭૪૨–ઈ. સ. ૧૩૪૧ થી હિ. સ. ૭૫૩–ઈ. સ. ૧૩૫૨). મલેક તગીએ જોયું કે સુલતાન આ તરફનો ઇરાદો રાખે છે અને

સમર્થન ઝિયાબર્નીના (પૃ૦ ૫૧૭, પ્રેસ કલકત્તા) એક ઉલ્લેખ ઉપરથી થાય છે. ખુદ ઝિયાબર્ની સાથે વાત કરતી વખતે સુલતાને એક આ વાકયનો ઉપયોગ કર્યો છે કે "તગી જે મારો ગુલામ છે." આ પરસ્પર વિરોધી બ્યાનોમાંથી કાંઈ ખરી હકીકત માલૂમ પડતી નથી. ગમેતેમ હોય પણ બળવા વખતે તે મહાન ઉમરાવમાંનો એક હતો અને તેનો ખિતાબ 'મલેક' હતો. સુલતાન મોહમ્મદ જેવા બાદશાહની વિરુદ્ધ તેણે બળવો કર્યો તે ઉપરથી એમ પણ માલમ પડે છે કે તે પ્રભાવશાળી માણસ હતો, સદ્દા અમીરોમાંનો ન હતો. પરંતુ મોગલ હતો. તેમ છતાં તેણે બળવો કર્યો. બળવાનાં કારણો ઉપર તેના જીવનના બનાવોની માફક અંધકારનો પડદો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લડાઈના કેદીઓને આજે લઈ જવા મુશ્કેલ છે, તેથી તેણે સર્વની કતલ કરી જેમાં ગુજરાતનો હાકેમ શેખ મુઈઝુદ્દીન પણ શામેલ હતો. ત્યાર પછી તે ત્યાંથી અસાવલ[૧] તરફ ચાલી આવ્યો. સુલતાને પણ પોતાના ઘોડાની લગામ અસાવલ તરફ ઉછાળી. આ સાંભળી મલેક તગી નહરવાલા ચાલ્યો ગયો અને સુલતાને અસાવલ પહોંચી મુકામ કર્યો. લગભગ એક મહિનો ત્યાં રહ્યો કે જેથી ફોજનો થાક ઊતરે અને દૂબળા થઈ ગયેલા ઘોડા આરામ લઈ જાડા થાય. ચોમાસાની મોસમ હતી. ટૂંકમાં એ વખતે બાદશાહને ખબર મળી કે મલેક તગી ફોજ તૈયારી કરી નહરવાલાથી રવાના થઈ અસાવલ તરફ આવે છે અને કડી પર્યંત પહોંચી ગયો છે. બાદશાહ વરસતા વરસાદમાં ફોજ લઈ કડી પહોંચ્યો. બળવાખોરોએ પણ માથાં હથેળીમાં અને શમશેર હાથમાં લઈ ઘણી મક્કમતાથી લડાઈ કરી, પરંતુ તેઓ શાહી જંગી હાથીઓની સામે ટકી શકયા નહિ અને હાર ખાઈ નાસી છૂટયા. કેટલાક જંગલમાં છુપાઈ ગયા અને કેટલાક નહરવાલા ચાલ્યા ગયા. લગભગ ચારસો પાંચસો આદમી ગિરફતાર થયા, જેમને મારી નાખવામાં આવ્યા.

નિઝામુલ્મુલ્ક જૂના બહાદુર તુર્ક

ગુજરાતનો નાઝિમ (હિ. સ. ૭૪૬થી હિ. સ. ૭૬૪–ઇ. સ. ૧૩૪૫ થી ઇ. સ. ૧૩૬૨)

---

૧. અસાવલઃ—હાલમાં સાબરમતી નદીના પૂર્વ કિનારે અમદાવાદની દક્ષિણે લગોલગ આવેલું એક નાનું ગામ હતું. આસા ભીલે તેને પોતાનું પાયતખ્ત બનાવ્યું હતું. એક સમયે એ ઘણું રોનકદાર હતું. આસા ભીલના માણસો વખતોવખત ગુજરાત પર છાપો મારતા હતા. અહમદશાહ પહેલાએ તેને પૂરી શિક્ષા કરી, અને તેની સામે અમદાવાદ વસાવ્યું. ત્યારથી જ અસાવલની ઉન્નતિ થતી અટકી ગઇ, તેમ છતાં એ એક ઘણી વસ્તીવાળી જગ્યા હતી. અફસોસ કે મરાઠાઓએ વારંવાર લૂંટી તેની પાયમાલી કરી. તેનું અસલ નામ "આસાપલ્લી" હતું જે વખત જતાં "અસાવલ" થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનું અસલ નામ હુસેન બિન મીરાન છે. મજકૂર સાલમાં તે ગુજરાતમાં આવ્યો અને વ્યવસ્થા કરવાની તેની કાબેલિયતને લઈને ઘણી ડહાપણ ભરેલી વ્યવસ્થા કરી. આ કારણથી લાંબા સમય પર્યંત તે અહીંનો હાકેમ રહ્યો. ટૂંકમાં સુલતાને મલેક યૂસુફ બગરાના પુત્રને એક ફોજ આપી મલેક તગીની પૂંઠ પકડવાને નહરવાલા રવાના કર્યો. લાંબે અંતર સુધી તેની પાછળ ગયો, પરંતુ રાત પડવાથી એક જગ્યાએ રાતવાસો કર્યો. મલેક તગીએ એ તકનો લાભ લીધો. કેટલાક સવારો સાથે લઇ તે નહરવાલા પહોંચ્યો અને પોતાના કુટુંબકબીલા અને મિત્રો સાથે "કચ્છ" ("કંથકોટ") ચાલ્યો ગયો. કેટલાક દિવસ ત્યાં રહી કર્નાલ (ગિરનાર) ચાલ્યો ગયો અને ગિરનારના રાજા સાથે એ વિશે મસલત કરી કેટલાક દિવસ આશ્રયી તરીકે રહ્યો. ત્યાર પછી એમ જણાય છે કે લોકો પૂંઠ પકડતા બરાબર ગિરનાર આવી પહોંચ્યા એટલે પોતાની જિંદગી જોખમમાં જોઈ તે ત્યાંથી નાસી છૂટ્યો અને થિયા અને દમરબલાના[૧] આશ્રયમાં ચાલ્યો ગયો. બાદશાહ જીત પછી બે ચાર દિવસે નહરવાલા પહોંચ્યો અને સહસ્રલિંગ તળાવ પાસે મુકામ કર્યો, અને ત્યાં ગુજરાતની વ્યવસ્થામાં રોકાયો. એ પ્રદેશના જમીનદાર ત્યાં આવીને વફાદારીની ખાત્રી આપતા અને હુકમનો અમલ કરી બાદશાહને ખુશ કરી મોટી પદવી મેળવતા. રૈયત પણ બળવાખોરોની લૂંટમારથી બચી પોતપોતાના કામમાં ગૂંથાઈ ગઈ અને હરેક રીતે શાંતિ અને સહીસલામતી કાયમ થઇ. ગુજરાતમાં શાંતિ થવાથી તથા બાદશાહમાં તમામ ગુજરાતીઓનો વિશ્વાસ આવવાથી માંડલ (માંડલ) ના રાજા વૈતરીનો વિચાર બાદશાહ આગળ હાજર થઈ માન મેળવવાનો થયો; આથી મલેક તગીના કેટલાક શખ્સોને જે તેની સાથે મળી ગયા તેમને મારી નાખ્યા, અને તેમનાં માથાં બાદશાહ પર નહરવાલા

---

૧. એ સ્થળ કયાં છે તથા એ કોનું નામ છે તે વિશે કોઈ પણ જાતની માહિતી મળી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોકલી આપ્યાં. આ બનાવ ઈ. સ. ૧૩૪૫ (હિ. સ. ૭૪૬) નો છે. સુલતાને પણ સમય વર્તી ખિલાત અને ઇનામ બક્ષી તેને વર્ધમાન કર્યો. આથી રાજાને આશા આવી અને હિંમત કરી બાદશાહના દરબારમાં આવી તેણે પોતાની તાબેદારી જાહેર કરી. બાદશાહ શાંત ચિત્તે ગુજરાતનો મામલો સુધારવામાં રોકાયો હતો એટલામાં અચાનક દક્ષિણના બળવાની ખબર આવી. દોલતાબાદનું શાહી લશ્કર હારી માળવા પહોંચ્યું અને હસન કાંગુ (ગંગુ) ગુલબર્ગની ફોજને હરાવી દોલતાબાદ પહોંચ્યો. દક્ષિણમાંનું શાહી લશ્કર નાસી જવાથી તમામ દક્ષિણ હસન કાંગુના કબજામાં આવ્યું, અને પોતાનો ખિતાબ "અલાઉદ્દીન" રાખી શાહી તખ્ત પર એ બિરાજમાન થયો. જ્યારે સુલતાનને આ હકીકતની વિગતવાર ખબર પડી ત્યારે રોષમાં આવી જઈ દિલ્હીથી અહમદ અયાઝ, મલેક બહેરામ ગઝની અને અમીર કુમ્તઆને એક બળવાન લશ્કર સાથે બોલાવ્યા. આ લોકો પણ સંપૂર્ણ તૈયારી સાથે નહરવાલા પહોંચ્યા. પરંતુ એ સાથે સુલતાનને ખબર પહોંચી કે અલાઉદ્દીન હસનની પાસે લશ્કરનો એક એવો મહાન જથ્થો થઈ ગયો છે કે તેને હઠાવવો સાધારણ રીતે અતિ-મુશ્કેલ છે. આથી તે સમયે દક્ષિણની ચડાઇ સુલતવી રાખી, ગિરનારનો કિલ્લો ફતેહ કરવાનું સુલતાને વાજબી ધાર્યું, કારણ કે એ કિલ્લામાં શાહી બળવાખોરને એ સમય સુધી આશ્રય મળ્યો હતો. બર્ની ઇતિહાસકાર કહે છે કે એ જ નહરવાલામાં સુલતાને જ્યારે મજકૂર તળાવ નજીક મુકામ કર્યો હતો ત્યારે એક દિવસ મને બોલાવી કહેવા લાગ્યો કે "મારો મુલક કેવો રોગિષ્ઠ થઈ ગયો છે તે તું જુએ છે? તાવમાંથી મુક્ત થાય છે ત્યારે પેટ ખરાબ થઇ જાય છે અને પેટની દવા કરું છું ત્યારે માથાનું દરદ થાય છે. તમે ઇતિહાસનાં ઘણાં પાનાં ફેરવ્યાં છે, આનો ઇલાજ કોઈ કિતાબમાં તમે વાંચ્યો છે?" બર્નીએ જવાબ આપ્યો કે-"કોઈ બાદશાહ ઉપરથી રૈયતનો વિશ્વાસ ઊઠી જાય ત્યારે તેણે તખ્તને તિલાંજલિ આપી નિવૃત્ત થવું જોઈએ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના પરિવારમાંથી લાયક શખ્સને તખ્તનશીન કરવો જોઈએ; નહિ તો રાજ્યનો વહીવટ વિશ્વાસુ લોકોને સોંપી પોતે ઐશઆરામમાં વખત નિર્ગમન કરવો જોઈએ." સુલતાને કહ્યું : "જો મારી ફિકર દૂર થાય તો મલેક ફીરોઝ અહમદ અયાઝ અને મલેક કબીરને રાજ્યનો વહીવટ સોંપી હું હજ કરવા ચાલ્યો જઈશ." પરંતુ અફસોસ કે બાદશાહને આ મોકો મળ્યો નહિ. જ્યાંસુધી સુલતાન નહરવાલામાં રહ્યો ત્યાંસુધી કત્લ અને ખૂનરેઝીથી પોતાના હાથ ન રંગ્યા. સંભવિત છે કે પાટણની ઉમદા આબોહવાની એ અસર હોય. ટૂંકમાં સુલતાને લશ્કરની તૈયારી શરૂ કરી અને વર્ષાઋતુ ઈ. સ. ૧૩૪૬-(હિ. સ. ૭૪૭) માં માંડલ અને તેરીમાં ગાળી. જ્યારે હરેક રીતે દિલ્લી શાંતિ હાસિલ થઈ ત્યારે લશ્કરને ગિરનારના કિલ્લા તરફ કૂચ કરવાનો હુકમ કર્યો. લશ્કર કૂચ કરતું ગિરનારના કિલ્લા પર્યંત પહોંચ્યું. ખુલ્લા મેદાનમાં મુકાબલો કરવો મુશ્કેલ જોઈ રાજા ફરીથી કિલ્લામાં ભરાઈ ગયો અને ફોજે તેને ઘેરો ઘાલ્યો. અમુક વખત પર્યંત ઘેરો કાયમ રહ્યો ત્યારે મલેક તગીને પકડી સુલતાનને હવાલે કરવાનું રાજાને ઠીક લાગ્યું. આ વાતની મલેક તગીને ખબર પડી એટલે તે ત્યાંથી નાસી છૂટી (સિંધ) જામકંદ (ઠઠ્ઠા) નજીક ચાલ્યો ગયો. સુલતાને લગભગ એક સાલ આ ઘેરો જારી રાખ્યો. અને એ પ્રદેશના તમામ ઇલાકા કબજે કર્યા. આખરે ચોમાસા બાદ ઈ. સ. ૧૩૪૭ (હિ. સ. ૭૪૮) માં ગિરનારનો કિલ્લો જિતાયો.[૧] અને તે જ

---

૧. મારું માનવું છે કે મોહમ્મદ તગલકે એ જીતી પોતાના ઉપરથી આ કિલ્લાનું નામ "જૂનાગઢ" રાખ્યું હતું, કારણ કે સુલતાનનું નામ મોહમ્મદ જૂના હતું. મોહમ્મદ તગલકને એનો ઘણો શોખ હતો, જેમકે દેવગઢને દોલતાબાદ બનાવવાથી એની સાબિતી મળે છે. એક બીજી છાવણી ગંગાને કિનારે તેણે વસાવી હતી જેનું નામ તેણે "સ્વર્ગદ્વારા" રાખ્યું હતું. મારા અભિપ્રાય મુજબ "જૂનાગઢ" નામના સ્વીકારનું કારણ એક એ પણ છે કે "જૂના" અને "ગઢ" બંને શબ્દો ગુજરાતી જબાનમાં મોજૂદ છે. "જૂના"નો અર્થ પુરાણું અને "ગઢ"નો અર્થ કિલ્લો થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાલ કચ્છ પણ લેવાયું. સુલતાન તરફથી એક "મહેતા"ને ગિરનારમાં નાઝિમ બનાવવામાં આવ્યો. (અથવા તો આ કિલ્લો તેને બક્ષવામાં આવ્યો.) અને ગિરનારના રાજા ચોથા ખેંગાર તેમજ કચ્છના રાજાને દરબારમાં લાવવામાં આવ્યા. ત્યારપછી બાદશાહે ઉદારતાથી માફી આપી તેમના મુલકો પાછા આપ્યા. બહુધા તગલક સમયનો એ પહેલો બળવાખોર છે કે જેને માફી આપવામાં આવી હોય. (ફરિસ્તા, તબકાતે અકબરી અને તારીખે સોરઠ.) સુલતાન તે પછી શાંતિનો એક શ્વાસ ખેંચી સમજ્યો કે ગુજરાત અને સૌરાષ્ટ્ર બળવાખોરોથી મુક્ત થયા તે પછી સૌરાષ્ટ્રની વ્યવસ્થામાં તે રોકાયો, અને સોમનાથ અને માંગરોળનો કિનારો તેમજ દીવ બેટ વગેરેનો પૂરો બંદોબસ્ત કર્યો. આ ફતેહની મુલ્ક પર સુંદર અસર થઈ. તમામ મહાન જમીનદારો અને નાના મોટા રાણા ટોળામાં ને ટોળામાં દરબારમાં આવી પોતાની વફાદારીની ખાત્રી આપતા અને નજરાણું આગળ ધરતા. સુલતાને પણ તેમને ખિલાત અને ઈનામો આપી માલામાલ કર્યા. એ જ સમય દરમ્યાન મલેક કમીરનું દિલ્હીમાં અવસાન થયાની ખબર મળી જેથી તે શોકાતુર થયો અને આ

લોકોએ પુરાણા કિલ્લાનો અર્થ કરી સામાન્ય રીતે તેનો ઉપયોગ કર્યો, કારણ કે "જૂનાગઢ"નું નામ ઇતિહાસોમાં હંમેશાં ગિરનારના કિલ્લાના નામથી આવે છે. "જૂનાગઢ" શબ્દનો પ્રથમ ઉપયોગ તબકાતે અકબરીમાં થયો. મિરાતે સિકંદરીમાં એ તરફ લક્ષ આપવામાં આવ્યું છે, તે ઉપરથી અતિ સંભવિત છે કે એ જ ખરું હોય. ઝફરૂલ્વાલામાં જૂનાગઢની ફતેહની સાલ હિ. સ. ૭૫૦ છે. મિરાતે મુસ્તફાબાદમાં લખવામાં આવ્યું છે કે ગિરનારના રાજાએ મુસલમાનોને સોમનાથમાંથી હાંકી કાઢયા હતા અને રજપૂતોને કબજો સોંપી દીધો હતો; આથી મોહમ્મદ તગલકે ગિરનારના રાજા સાથે લડાઇ કરી. હું માનું છું કે મોહમ્મદ તગલકની ગુજરાતમાંથી રવાનગી પછી રાજાએ સોમનાથ છીનવી લીધું; નહિતો ગિરનારના ઉપરની જીતનું કારણ બનીએ મલેક તગીનું આશ્રયસ્થાન હોવાનું જણાવ્યું છે. ઘણું જ સંભવિત છે કે બંને બનાવો એકી વખતે પણ બન્યા હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણથી અહમદ અયાઝ અને મલેક મકબૂલને દિલ્હીની વ્યવસ્થા માટે મોકલ્યા. આ દિવસો દરમ્યાન રાજાને ખબર મળી કે મલેક તગી ગિરનારથી નાસી છૂટી સિંધ ઇલાકામાં ઠઠ્ઠા પાસે રહે છે; આથી બાદશાહે સિંધ જવાનો ઇરાદો કર્યો અને એ જ ખ્યાલમાં ઇ. સ ૧૩૪૮ હિ. સ. ૭૪૯ માં ગિરનારથી રવાના થઇ તે ગોંડલ પહોંચ્યો (જે ગિરનારથી પંદર કોશ પર છે અને આજકાલ જેતલસર અને રાજકોટ રેલ્વે લાઇનની વચમાં આવેલું છે). સુલતાન જ્યારે ગોંડલ પહોંચ્યો ત્યારે ક્ષયના તાવમાં સપડાયો. તેણે દિલ્હીથી ખુદાવંદઝાદા[૧] અને મખ્દૂમઝાદાને રાજ્યના મોટા હોદ્દેદારો અને રાજાઓના જનાના, સવારો અને પાયદળ સાથે બોલાવ્યા હતા તે સર્વ ગોંડલ પહોંચ્યા. સુલતાને પોતાની બીમારી તેમજ કાંઇક અંશે ફોજની તૈયારીના કારણને લઇને પૂરી વર્ષાઋતુ (ઈ. સ. ૧૩૪૯–હિ. સ. ૭૫૦માં) એ જ સ્થળે પસાર કરી[૨] અને

---

૧. એ જમાનામાં એ શબ્દ વિશે એમ મુકરર થયું હતું કે જો કોઈ ગોરીખાનદાનનો હોય તો તેને "ખુદાવંદઝાદા" અને અબ્બાસી ખલીફાના ખાનદાનનો હોય તો તેને "મખ્દૂમઝાદા" કહેવો.

૨. ઝિયાબર્નીએ લખ્યું છે કે ત્રણ વર્ષાઋતુ ગુજરાતમાં ગાળી: એક માંડલમાં, બીજી ગિરનારમાં, ત્રીજી ગોંડલમાં. આ ઉપરથી એમ જણાય છે કે બાદશાહ ગુજરાતમાં ફક્ત ત્રણ સાલ રહ્યો. ખરી વાત એ છે કે એક વર્ષા-ઋતુ અસાવલમાં પણ ગાળી હતી. ઈબ્ન બતૂતાના હાંસિયામાં છે કે ચાર સાલ તે ગુજરાતમાં રહ્યો. પરંતુ મારો અંગત અભિપ્રાય એ છે કે સુલતાન મોહમ્મદ તગલક ગુજરાતમાં છ સાલ રહ્યો હતો, કારણ કે ઝિયા બર્નીએ અઠીઝ ખમ્મારની હારની સાલ રમઝાન હિ. સ. ૭૪૫ (ઇ. સ. ૧૩૪૪) લખી છે, જે પછી જ સુલતાન ગુજરાતમાં આવી કાઝી જલાલનો બળવો દબાવે છે. ત્યાર પછી દક્ષિણના બળવાને લઇને સુલતાને દોલતાબાદ પહોંચી ફતેહ મેળવી. બદ્ર ચાચી નામના શાએરે આ ફતેહની તારીખ "દોલતશાહ"-માંથી (અબ્જદ પદ્ધતિ પ્રમાણે હિ. સ. ૭૪૫–ઈ. સ. ૧૩૪૪) કાઢી છે. ફરિસ્તાએ દોલતાબાદનો ઘેરો ત્રણ મહિનાનો જણાવ્યો છે. એ હિસાબે ફતેહ ઝુલ્હજ્જ મહિનામાં આવે છે. ત્યાર પછી તગીના બળવાના કારણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યાં ત્યાંથી જે જે લોકોને બોલાવ્યા હતા તે તમામ આવી પહોંચ્યા. દરેક ચીજ ઇચ્છા મુજબ તૈયાર થઇ અને એક બળવાન અને ઝબરદસ્ત ફોજ ગોંડલમાં જમા થઇ. અહીં બાદશાહની પણ તબિયત સુધરી ગઈ અને કૂચનો હુકમ કર્યો. બાદશાહને એ પણ ખ્યાલ આવ્યો કે ઠઠ્ઠા એ એક બંદર છે તેથી જમીન માર્ગે લશ્કર લઈ જવું કે ઘેરો ઘાલવો કાફી થશે નહિ. આથી હુકમ થયો કે દેવબાલપુર, મુલતાન, ઉચ્છ (સિંધ) અને સિવસ્તાનથી વહાણો ઠઠ્ઠા તરફ રવાના કરવાં. તે મુજબ આ હુકમનો અમલ કરવામાં આવ્યો. સુલતાન મોહમ્મદ તગલક બીમારીમાંથી મુક્ત થઈ ગોંડલથી તમામ ઉમરાવો અને રાજ્યના સ્તંભરૂપી માણસોને સાથે લઇ રવાના થયો. ઇ. સ. ૧૩૫૦ (હિ. સ. ૭૫૧)ના વરસના અંતે સિંધુ નદી ઓળંગી, એ જ સ્થળે એટલે કે સિંધુ નદીની પેલી પાર તંબૂમાં મુકામ કર્યો. એ જ જગ્યાએ બહમના બાદશાહ અલતુન બહાદુરે ચાર પાંચ હજાર મોગલ સવારો ફરગન અમીરની સરદારી નીચે સુલતાનની મદદે મોકલ્યા. તેઓ બાદશાહને મળ્યા. સુલતાને તેમના તરફ દિલસોજી

બાદશાહ ફરીથી ગુજરાતમાં આવ્યો અને વરસાદને લઇને અસાવલમાં રહ્યો. ઇ. સ. ૧૩૪૫ (હિ. સ. ૭૪૬)માં આ બનાવ બન્યા પછી તે માંડલમાં આવ્યો, પછી ગિરનારઅને પછી ગોંડલ, ત્યારબાદ ઠઠ્ઠા (સિંધ) તે ચાલ્યો ગયો, જ્યાં હિ. સ. ૭૫૨ (ઈ. સ. ૧૩૫૧)ના મોહર્રમ મહિનામાં તેનું અવસાન થયું.

હવે વિચાર કરો કે હિ. સ. ૭૪૬ (ઈ. સ. ૧૩૪૫) થી સતત તે ગુજરાતમાં રહ્યો અને ગુજરાત બહાર જવાનું બન્યું નહિ તો બેશક માનવું પડશે કે બાદશાહ હિ. સ. ૭૪૬ (ઇ. સ. ૧૩૪૫), હિ. સ. ૭૪૭ (ઈ. સ. ૧૩૪૬), હિ. સ. ૭૪૮ (ઇ. સ. ૧૩૪૭), હિ. સ. ૭૪૯ (ઇ. સ. ૧૩૪૮), હિ. સ. ૭૫૦ (ઇ. સ. ૧૩૪૯), હિ. સ. ૭૫૧ (ઇ. સ. ૧૩૫૦) પર્યંત ગુજરાતમાં રહ્યો. આ હિસાબે લગભગ છ વરસ થયાં અને જો એમ માનો કે છેલ્લી સાલ સિંધની સફરમાં પસાર થઇ તો પાંચ સાલ વિશે તો કાંઈ પણ શક નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમજ મહેરબાની બતાવી અને ઇનામો આપી ખુશ કર્યા. અહીંથી બાદશાહ બેશુમાર ફોજ લઈ (સુમરા એમના વારસો તે પછી 'જામ' કહેવાવા લાગ્યા) ના પાયતખ્ત ઠટ્ટાને નસિયત કરવા માટે સત્વર કૂચ કરતો ઊપડ્યો, કારણ કે અહીં મલેક તગીએ આશ્રય લીધો હતો. જ્યારે ઠટ્ટા તરફ ત્રીસ કોશ ઉપર પહોંચ્યો ત્યારે હિ. સ. ૭૫૨ ના મોહરરૂમ મહિનાની દશમી હતી. સુલતાને દિવસભર રોઝો રાખ્યો અને સાંજે ઇફતાર વખતે માછલી ખાધી જે તેની પ્રકૃતિને માફક ન આવી અને આ કારણથી ફરીથી તાવે તેની ખબર લીધી. આ બીમારી હોવા છતાં જહાઝમાં બેસી ઠટ્ટાથી ચૌદ કોસ પર પહોંચી ત્યાં મુકામ કર્યો. ત્યાં બીમારી વધી ગઈ અને આખું લશ્કર ગભરાઈ ગયું. માંદગીમાં દિવસે દિવસે વૃદ્ધિ થતી ગઈ. આખરે હિ. સ. ૭૫૨ (ઈ. સ. ૧૩૫૧) ના મોહરરૂમ માસની ૨૧ મી તારીખે સુલતાન મોહમ્મદ તગલક આ દુનિયામાંથી વિદાય લીધી.[૧]

સુલતાન મોહમ્મદ તગલક વિશે જુદાં જુદી હકીકતો

પીરમ બેટની જીત:[૨]—આ બેટ વિશે મુસલમાનોએ પોતાના ઇતિહાસોમાં કાંઈપણ ઉલ્લેખ કર્યો નથી. એક હિંદુ ભાટે અતિશયોક્તિ સાથે મોહમ્મદ તગલકની લડાઇનો ચિતાર આપ્યો છે, જેની મૌલવી ઝકાઉલ્લા સાહેબે પોતાની તારીખે હિંદમાં નકલ કરી છે. હું તેના લખાણનો સાર જણાવું છું. અફસોસની વાત છે કે મૌલવી સાહેબે

---

૧. ઝિયાબર્ની, છપાયેલ કલકત્તા.

૨. "પીરમ" કે "બીરમ" બેટ એક માઇલ લાંબો અને ૩૦૦થી ૫૦૦ ગજ જેટલો પહોળો ખંભાતના અખાતમાં ઘોઘાથી સાડાચાર માઇલના અંતરે આવેલો છે. સમુદ્રમાં એક નાની સરખી ટેકરી છે. અબૂલફઝલ લખે છે કે પહેલાં એ હાકેમને રહેવાનું સ્થાન હતું. ઇ. સ. ૧૮૬૫ (હિ. સ. ૧૨૭૨) માં બ્રિટિશ સરકારે એક દીવાદાંડી ત્યાં બાંધી, જે ઉપર સમુદ્રની સપાટીથી સો ફૂટની ઊંચાઇએ આઠ દીવા બળે છે. હાલમાં તે એક વેરાન જગ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધાર ગ્રંથનો હવાલો આપ્યો નથી, નહિતો સાલનો પત્તો લાગી જાય એ સંભવિત હતું. ગોહીલ રાજાઓમાંના "મુખી" રાજાએ[૧] "પીરમ્ભ" નામનું શહેર વસાવી ત્યાં પોતાની રાજધાની કરી. તે ઘણું રોનકદાર અને આબાદ શહેર હતું. દિલ્હીના સોદાગરો એક વખત "ઝેરેખાક" (પાણીની સાથે ભેળાયેલી સોનાની કણો)થી ભરેલી સોલ જહાઝ પીરમમાં લાવ્યા. પીરમના રાજાએ વરુણ (પાણીના) દેવતાના સોગન ખાઈ વચન આપ્યું કે તમારી સાથે સુંદર વર્તન કરીશ; પરંતુ જ્યારે તે પીરમમાં આવ્યા ત્યારે તેમને લૂંટી લીધા. આ ખબર સુલતાન મોહમ્મદ તગલકને થઈ. તેણે એક બળવાન લશ્કર લઈ તે ઉપર હુમલો કર્યો. બેટ હોવાથી કેટલોક વખત સુધી ફોજ ઘોઘારે બંદર પર પડી રહી. આખરે જહાઝોનો બંદોબસ્ત કરી પીરમ બેટમાં ફોજ ઉતારવામાં આવી. (અથવા તો રાજા ઘેરાથી કંટાળી ખુદ જહાઝમાં બેસી ઘોઘા પહોંચ્યો.) રાજાએ એક બહાદુર શેરની જેમ મુકાબલો કર્યો. બંને તરફથી માણસો લડાઇમાં રોકાયાં. ખુદ સુલતાનનો ભાણેજ પણ રાજાના હાથે જખ્મી થયો. રાણાના પુત્રે મુસલમાનોની ફોજને ઘણું નુકસાન પહોંચાડ્યું.

---

૧. મિરાતે મુસ્તફાબાદમાં હિ. સ. ૭૫૦ લખી છે અને રાજાનું નામ મોખરા (સેજકના પૌત્ર રાણાજીના પુત્ર) આપ્યું છે. ભા. બીજો પૃ૦ ૫૬.

૨. સૌરાષ્ટ્રમાં સમુદ્રકિનારે મુંબઇથી ૧૯૩ માઈલના અંતરે આવેલું છે, ત્યાંની વસ્તી લગભગ દસહજાર જેટલી છે. ત્યાંના લોકો ખલાસીઓ તરીકે તેમજ ફોજમાં પણ કામ કરે છે. તેઓ વહાણવટામાં ઘણા ચતુર છે. હાલમાં આ બંદરનો વેપાર તૂટી ગયો છે અને ઘણાખરા વેપારીઓ ભાવનગર ચાલ્યા ગયા છે, જે ત્યાંથી બહુ પાસે છે. આઈને અકબરીમાં એનો ભરૂચ સરકારના એક બંદર તરીકે ઉલ્લેખ છે, પરંતુ અસલ તો એને ખંભાત બંદરના તાબે ગણવામાં આવતું હતું. બ્રિટિશ સરકારે રાજકીય વ્યવસ્થાની સહુલત માટે એને અમદાવાદ જિલ્લામાં દાખલ કર્યું હતું, જે હજી ચાલુ છે. મિરાતે મુસ્તફાબાદમાં જણાવવામાં આવ્યું છે કે અલ્લાઉદ્દીનના વખતમાં તે મુસલમાનોના તાબે હતું. મોખરા નામના ગોહીલ રાજાએ એનો કબજો લીધો હતો, તેથી સુલતાન મોહમ્મદ તગલકને તેની સાથે લડાઈ લડવી પડી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખરે ઘણી કોશિશ કર્યા પછી રાજા માર્યો ગયો અને મુસલમાનોએ એ બેટનો કબજો લીધો. દેલવાડા પર્યંત તમામ ગોહીલવાડનો કબજો સુલતાનના હસ્તક થયો; પરંતુ તેના અવસાન પછી ફરીથી રાજાનો હુંગર નામનો પુત્ર જે લડાઇ પછી નાસી ગયો હતો તેણે પોતાના બાપદાદાના મુલ્કનો કબજો લીધો. જો આ વાત ખરી માનવામાં આવે તો ઘણું કરીને એ બનાવ મોહમ્મદ તગલક શાહના ખંભાત કે ભરૂચમાંના મુકામ વખતનો હશે. ઈબ્ન બતૂતા જણાવે છે કે ગાઉઝ્ન (શીરાઝ નજીકના એક શહેરનું નામ)નો એક પરવીઝ નામનો મલેકુત્તુજ્જર (વેપારીઓનો રાજા) હતો. શિહાબુદ્દીન તેનો દોસ્ત હતો. બાદશાહે મલેક પરવીઝને ખંભાત શહેર જાગીરમાં આપ્યું હતું અને તેને વચન આપ્યું હતું કે વિઝારતનો હોદ્દો આપીશ. તેણે પોતાના મિત્ર શિહાબુદ્દીનને બોલાવ્યો. તેના આવ્યા પછી તેને ફરમાવ્યું કે બાદશાહ માટે નજરાણું તૈયાર કર. તેણે તૈયાર કરેલા નજરાણામાં એક ચૂંથેલા ઝાડથી ભરેલો ડેરો બનાવ્યો હતો. આજુબાજુ બંધ રાખવાને પડદાવાળો તંબૂ તેમજ એક વિશ્રાંતિગૃહ હતું. આ બધી ચીજો ભરેલી ઝાડોવાળી કિનખાબની હતી. અને ઘણાં ખચ્ચર પણ હતાં. શિહાબુદ્દીન આ ચીજો તૈયાર કરી લાવ્યો ત્યારે મલેકુત્તુજ્જર પણ રાજાની ખંડણી તથા નજરાણું લઇ સાથે આવ્યો. વઝીર ખાજાજહાનને એ વાતની ખબર પડી કે મલિકુત્તુજ્જરને વિઝારતનો વાયદો કરવામાં આવ્યો છે. આ વાત તેને બિલકુલ પસંદ પડી નહિ, કારણ કે ગુજરાત અને ખંભાત એ પહેલાં તેની જાગીરમાં હતાં, તેથી ત્યાંના વતનીઓ સાથે તેને ગાઢો સંબંધ હતો. તેઓમાં કેટલાક હિંદુ હતા અને કેટલાક બાદશાહના વિરોધી પણ હતા. ખાજાજહાને તેમનામાંથી કોઈને કહી દીધું કે મલેકુત્તુજ્જરને રસ્તામાં મારી નાખજો. આથી મલેકુત્તુજ્જર ભેટ અને ખંડણી લઈ પાયતખ્ત તરફ જતો હતો ત્યારે નાસ્તા વખતે એક જગ્યાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊતર્યો. લોકો પોતપોતાની જરૂરિયાતને કાજે આમ તેમ વેરાઈ ગયાં એ વખતે એક કોળીઓનું મોટું ટોળું આવી પડયું અને તેણે મલેકૂતુજ્જરની કતલ કરી તમામ માલ અને અસબાબ લૂંટી લીધાં. કર્મ સંજોગે શિહાબુદ્દીન બચી ગયો. અખબારનવીશોની મારફત બાદશાહને પણ ખબર પડી. નહરવાલાની ખંડણીમાંથી ત્રીસ હજાર દીનાર (અશરફી) તેને આપવાનો અને તે પોતાને દેશ પાછો જાય એવો હુકમ કર્યો. શિહાબુદ્દીને કહ્યું હું તો ફક્ત દ્વાર-ચુંબન માટે બાદશાહ પાસે જવાની ઇચ્છા રાખું છું. આથી પરવાનગી મળતાં તે દિલ્હી પહોંચ્યો; દરબારમાં જઈ ઘણી બક્ષિસો મેળવી. એક દિવસે બાદશાહે પૂછ્યું કે શિહાબુદ્દીન ગાવઝરની કયાં છે. બહાઉદ્દીન ફલકીએ પ્રથમ તો કહ્યું કે "મને ખબર નથી." ત્યારપછી તેણે જણાવ્યું કે "કદાચ તે બીમાર છે." સુલતાને ફરમાવ્યું કે "અહીંથી જઈ હાલ તુરત જ એક લાખ ટંકા ખઝાનામાંથી લઇ તેને આપી આવો કે જેથી તે ખુશ થાય." આથી બહાઉદ્દીને સત્વર તેનો અમલ કર્યો. સુલતાને હુકમ કર્યો કે "શિહાબુદ્દીન જેટલો માલ ખરીદવાની ઇચ્છા કરે અને જ્યાંસુધી તેની ખરીદી બંધ ન થાય ત્યાંસુધી કોઇ બીજો ખરીદે નહિ. તેને ત્રણ જહાઝ સરસામાન તથા મુસાફરીના ખોરાક સાથે મળ્યાં જે લઇ તે હુરમુઝ ચાલ્યો ગયો.[૧] ત્યાં તેણે એક આલીશાન મકાન બંધાવ્યું. એ શખ્સ મને ફરીથી શીરાઝમાં મળ્યો, સુલતાન અબૂ ઇસ્હાકની બક્ષિસની ઇચ્છા રાખતો હતો. તેણે તમામ માલમતા વાપરી નાંખી હતી. હિંદુસ્તાનની દોલતની એ જ સ્થિતિ છે. હિંદુસ્તાનની દોલત બાદશાહ બહાર જવા દેતા નથી. અને જે ચાલી જાય તો ખુદા લેનાર ઉપર કોઇ ને કોઈ જાતની આફત લાદે છે; જેમકે શિહાબુદ્દીનની દોલત, જે ઝઘડો તેના ભત્રીજાઓ અને હુરમુઝના બાદશાહ વચ્ચે હતો તેમાં તમામ જતી રહી. (ભા. ૨ જો પૃ. ૫, ફકરો ૧૧) એક બીજી જગ્યાએ ઇબ્ન બતૂતા લખે છે કે

૧. ઈરાની અખાત પાસે આવેલા એક ટાપુનું નામ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિરિયાનો અમીર, અમીર સૈફુદ્દીન ગદા જ્યારે હિંદ આવ્યો ત્યારે પાદશાહે પોતાની બહેન ફીરૂઝા સાથે તેનું લગ્ન કર્યું અને માળવા, નહરવાલા અને ખંભાત તેને જાગીરમાં આપ્યાં અને મલેક ફતહુલ્લાની તેના નાયક તરીકે નિમણૂક કરી; પરંતુ આ અરબસ્તાનના રણનો બિલકુલ ભટકતું જીવન ગાળનારો શખ્સ હતો; તેની કેટલીક વર્તણૂકથી બાદશાહે નારાજ થઈ તેને કેદ કર્યો અને જાગીર પાછી લઈ લીધી. (ભા. ૨ જો પૃ. ૫) મહેસૂલની બાબતમાં તે લખે છે કે હિ. સ. ૭૪૧માં ઝકાત અને ઉશર (દસમો ભાગ) સિવાયની બાકીનાં તમામ મહેસૂલ અને દંડ માફ કરવાનો હુકમ કર્યો. અને જાતે અકવાડિયામાં બે વખત સોમ અને ગુરુવારના રોજ ઈન્સાફ આપવાના ઈરાદાથી દીવાનખાનાની સામે એક મેદાનમાં બેસતો; જેમકે એક વખત એક હિંદુ અમીરે બાદશાહ ઉપર દાવો માંડયો કે બાદશાહે તેના ભાઇને વિના કારણે મારી નાખ્યો. બાદશાહ નિઃશસ્ત્ર પગપાળા કાઝીની ઑફીસમાં ગયો અને ત્યાં જઈ સલામ સાથે સભ્યતાવાળું વર્તન કર્યું. કાઝીએ દાવો સાંભળ્યા પછી વાદીનું મન મેળવી લેવાનો હુકમ કર્યો. નહિ તો વેર વાળવું એમ ઠરાવ્યું. બાદશાહે તેનું મન મનાવી રાજી કરી દીધો.

નોંધ. સુલતાન મોહમ્મદ તગલકના સમયમાં અનાજના ભાવ મસાલિકુલ અબ્સાર ભા. ૨ માં નીચે મુજબ લખ્યા છે :

ઘઉં	દર	મણના	૧૨ જીતલ	હાલનો ચૈસો તે જીતલ
જવ	,,	,,	૮ ,,	અને સફેદ ટંકા તે રૂપિયો
ચોખા	,,	,,	૧૫ ,,	અને ૧૪॥ પાકા શેર
ચણા	,,	,,	૪ ,,	બરાબર એક મણ, પરંતુ
સાકર	,,	,,	૧ સફેદ ટંકા	ફરિસ્તાએ તે વખતના શેર
મિસરી	,,	,,	૧½ ટંકા	૨૪ તોલા બરાબરનો
ભેંસ એકના			૧ રૂપિયા ૧ ટંકા	લખ્યો છે. આ હિસાબે
બળદ એકના			,, ,,	એક મણ બરાબર ૧૨ પાકા શેર થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુલતાન મોહમ્મદ તઘલક હિંદુ જોગીઓની ઘણી કદર કરતો. જેમકે ઇબ્ન બતૂતા લખે છે કે "બાદશાહ તેમને ઘણું માન આપતો અને પોતાની સાથે રાખતો. કેટલાક ફક્ત શાકભાજી ખાય છે અને કેટલાક માંસ પણ ખાય છે. પરંતુ મોટે ભાગે તેઓ શાકાહારી છે." પછી આગળ ચાલતાં પોતાના નજરે જોયેલા બનાવો વિશે લખે છે કે "બાદશાહે મને બોલાવ્યો. હું તે દિવસો દરમ્યાન પાયતખ્તમાં જ હતો. હું હાજર થયો. બાદશાહ તે વખતે પોતાના બાનગી સ્થાનમાં હતા અને ખાસ ખાસ વઝીરો મોજૂદ હતા. બે જોગી પણ હાજર હતા. એ જોગીઓ રબ્બર ઓઢી રાખે છે અને શિર પણ ઢાંકેલું રાખે છે, કારણ કે તેઓ માથાના વાળ રાખથી ઉખેડી નાખે છે. જેમકે બીજા લોકો બગલના વાળને કાઢી નાખે છે. બાદશાહના હુકમ મુજબ હું બેસી ગયો. બાદશાહે તેમને કહ્યું, આ શખ્સ ઘણે દૂરથી આવ્યો છે. તમે એને કોઇ એવી ચીજ બતાવો જે એણે પહેલાં કદી જોઇ ન હોય. તેમણે કહ્યું : ઠીક. ત્યાર પછી તેમાંનો એક જોગી આસન લગાવી પલાંઠી વાળી બેઠો અને ધીમે ધીમે જમીન ઉપરથી ઊંચો થતો ગયો, અને અમારા ઉપર હવામાં અધર લટકતો દેખાવા લાગ્યો. મને ઘણો અચંબો થયો અને સંશય પેદા થયો. એટલે સુધી હું જમીન પર પડી ગયો. બાદશાહે મને દવા પાઈ તેથી આરામ થયો. હું બેસી ગયો અને તે જોગી તેમજ હવામાં લટકતો બેઠો હતો. બીજા જોગીએ પોતાની પાવડી—હાથમાં લીધી અને રોષમાં આવી જઈ કેટલીક વાર જમીન પર અફાળી; તે પાવડી હવામાં ઉપર ચડી અને હવામાં બેઠેલા જોગીની ગરદનમાં અથડાવા લાગી. તે ધીમે ધીમે ઊતરતો જતો હતો અને આખરે અમારી પાસે આવી બેઠો. બાદશાહે મને કહ્યું કે પાવડી મોકલનાર ઉસ્તાદ અને હવામાં ઊડનાર શાગિર્દ છે. વળી બાદશાહે એમ પણ કહ્યું કે તારો અક્કલ ગૂમ થયાનું ધ્યાન ન આવ્યું હોત તો આપણને આથી વધારે તમાશો : બતાવત. હું ત્યાંથી ચાલ્યો આવ્યો. મને તાણ જેવી આવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે બાદશાહે એક શરબત (દવાનો ભાગ) મોકલ્યું ત્યારે તે પીવાથી ઠીક રહ્યું." (ભા. ૨. પ્ર. ૮) સુલતાન મોહમ્મદ તગલકના જમાનામાં ટપાલની વ્યવસ્થા વિશે ઇબ્ન બતૂતા લખે છે કે "ડાકને આ મુલકમાં 'ખરીદ' (ટપાલ) કહે છે. ડાકની બે જાત છે: એક સવારોની અને બીજી પગપાળા જવાની છે. ઘોડાની ડાક 'ઉલાક' કહેવાય છે. દર ચાર કોશ પર ઘોડો બદલવામાં આવે છે. પગપાળા જવાની ડાક માટે એક મંઝિલ પર હલકારા બેપિયાની ત્રણ ચોકી હોય છે. આ ચોકી 'ધાવા' કહેવાય છે. હર ½ માઈલના અંતરે એક ગામ આવેલું છે. ગામની બહાર હલકારાઓને માટે ઝૂરજો બનાવેલા હોય છે. હર ઝૂરજમાં હલકારાઓ કમર કસી તૈયાર બેસી રહે છે. દરેક હલકારા પાસે એક લાંબી લાકડી હોય છે અને તેને છેડે ઘૂઘરી લગાવેલી હોય છે. એ ઘૂઘરીનો અવાજ સાંભળી બીજા ઝૂરજવાળો હલકારો તૈયાર થઈ જાય છે. અને તેના આવ્યા પછી સત્વર તેની પાસેથી ડાક લઈ રવાના થઈ જાય છે. આવી રીતે આ ડાક ઘોડાની ડાકથી પણ જલદી જાય છે અને કેટલીક વાર આ ડાક મારફત ખુરાસાનના તાજા મેવા પણ થાળીઓમાં રાખી બાદશાહો માટે પહોંચાડવામાં આવે છે. અને કેટલીક વાર મહાન ગુનેગારને પણ આવી રીતે પહોંચાડે છે. હું દોલતાબાદમાં હતો ત્યારે બાદશાહ માટે ગંગા નદીનું પાણી (જે હિંદુઓની પવિત્ર નદી છે) ડાક મારફતે લઈ જવામાં આવતું હતું, જો કે ગંગા નદી દોલતાબાદથી ૪૦ દિનને અંતરે આવેલ છે. મસાલિકુલ અબ્સારનો કર્તા ઇબ્ન બતૂતાનો સમકાલીન છે. ઇબ્ન બતૂતાના બ્યાનનું સમર્થન કરી તે ઉમેરે છે કે "હરેક ચોકી પર મસ્જિદ, તળાવ અને દુકાનો હોય છે. દોલતાબાદથી દિલ્હી તરફ મોટા મોટા દરવાજા ખોલવાનો અને બંધ કરવાનો સમય હોય છે તેમજ કોઈ અસાધારણ બનાવ વિશે જાણ કરવા માટે હરેક ચોકી પર નગારાં રાખવામાં આવેલાં હોય છે,

૧. ભા. ૨ જો, પ્રકરણ ૨ જું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આવા સમયે એકનો અવાજ સાંભળી બીજો જવાબ આપે છે. આવી રીતે દિલ્હી પર્યંત ખબર પહોંચી જાય છે. સુલતાન મોહમ્મદશાહ તગલકના જમાનામાં સોના ચાંદીના દીનાર ઉપરાંત ટંકા પણ જરી હતા. ટંકા હિંદી ઝબાનનો શબ્દ છે. કેટલાક લોકોએ ભૂલથી એને તુર્કી ગણ્યો છે. સોનાનો ટંકો ત્રણ મિસ્કાલનો થતો હતો અને એક ચાંદીના ટંકાની બરાબર આઠ હસ્તગાની અને એક હસ્તગાનીની બરોબર ચાર સુલતાની (દ્વોગાની) અને એક દ્વોગાની બરાબર બે જીતલ અને એક જીતલના ચાર ફુલૂસ (૧ તાંબાનો સિક્કો) હતો.

મોહમ્મદ તગલકના સિક્કા

(૧)

સોનાના દીનારનું વજન ૧૯૮½ ગ્રેન દિલ્હી, હિ. સ. ૭૨૫, ૭૨૬, ૭૨૭ ના પણ આ પ્રમાણે જ છે.

(૨)

સોનાના દીનાર ૧૯૮½ ગ્રેન દિલ્હી, હિ. સ. ૭૨૭.

(૩)

સોનાનો દીનાર મોહમ્મદબિન તગલક શાહ

(૪)

ટંકા પંજાહગાની વજન ૧૩૨ ગ્રેન. આ સિક્કો પિત્તળનો હતો જે ચાંદીને બદલે ચલાવવામાં આવ્યો હતો. હિ. સ. ૭૩૧.

---

૧. મસાલિકુલઅબ્સાર મા. ૨.

૨. આ સિક્કા મારી પાસે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫)

ટંકા નિરપી વજન ૧૦૩
ગ્રેન હિ. સ. ૭૩૦ માં તાંબાના
બનાવી ચાંદીના સિક્કાને બદલે
ચાલુ કરવાની ઇચ્છા કરી.

(૬)

સિક્કો દોગાની, વજન ૨૫ ગ્રેન.

(૭)

જીતલ તાંબાનો, વજન ૭૪ ગ્રેન.

હાલ જે ચાલુ સિક્કા હિંદુસ્તાનમાં છે તેમની બરાબર આ સિક્કા હશે. ચાર ફુલસ (પૈસાના ભાગો) અર્થાત્ પાઇનો એક જીતલ અથવા તો પૈસો કે બે પૈસા (જીતલ)ની એક દોગાની યા તો ઢબુચો. ચાર ઢબુચા (દોગાના)ની એક હશીગાની કે બે આની અને આઠ બે–આનીનો એક ટંકો કે હાલનો રૂપિયો; અર્થાત્ પાઇ, પૈસો, ઢબુચો, બે આની અને રૂપિયો, પરંતુ રૂપિયો હાલના રૂપિયાની બરાબર અને કેટલાક અઢીગણા હતા.

એ જ સમયે ભરૂચની ઈદગાહ તૈયાર થઈ હતી, જેના ઉપર આ શિલાલેખ છે: "આ નમાઝ પઢવાની ઈમારતનો પાયો દુનિયાને આશ્રયનું સ્થાનરૂપ અબુલ મુજાહિદ મોહમ્મદ બિન તગલક શાહ સુલતાન (ખુદા તેના મુલ્કને હંમેશ માટે કાયમ રાખે)ના સમયમાં મલેકુશ્ શર્ક, ફખ્રુદ્દુનિયા વદ્દીન વ દોલત મોહમ્મદ અખ્ઝૂતિમારી (બોથહારી) એણે પોતાની મિલકતમાં હિ. સ. ૭૧૬ ના રબિઉલ્ અવ્વલની ૨૫ મી તારીખે નાખ્યો."

---

૧. આ સિક્કો વડોદરા મ્યુઝિયમમાં છે. અમારી પાસે પણ બધા છે. બાકીના સિક્કા ઈબ્ન બતૂતા (લાહોરમાં છપાયેલ)માંથી નકલ કર્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ સમયની ખંભાતમાં એક જમે મસ્જિદ છે, તેના મુખ્ય દરવાજા ઉપર એક શિલાલેખ છે, તેમાં "ન્યાયી અને વિદ્વાન સુલતાન મોહમદશાહ બિન તગલકશાહના જમાનામાં" લખવામાં આવ્યું છે. મુખ્ય દરવાજો મામૂલી આરસપહાણના પથ્થરનો છે. મસ્જિદ પુરાણી ઢબની "સંગે ખારા" નામના મજબૂત પથ્થરની બનાવેલી છે. મસ્જિદની અંદર પ્રથમ એક વિશાળ ચોક આવે છે, તેમાં એક હોજ છે, તે જહાંગીરના જમાનાનો છે. એ હિ. સ. ૧૦૩૦ માં અલી બિન અબ્દુન્ નબી બગદાદીએ ત્યાં તૈયાર કરાવ્યો હતો. તે ઉપર કેટલીક શે'રો પણ લખવામાં આવેલી છે. વિશાળ ચોક પછી અસલ મસ્જિદ છે તેનાં ત્રણ શાનદાર બારણાં છે. મોટો ઘૂમટ નકશીવાળો અમદાવાદના જેવો છે. ઘૂમટોની સંખ્યા ૪૩ જેટલી છે અને નાના ૭૫ છે. ઉત્તર, દક્ષિણ અને પૂર્વમાં સાયબાન છે. તેની છત પથ્થરની છે. મસ્જિદની અંદરનો ભાગ વિસ્તૃત છે. મેહરાબ આરસપહાણના પથ્થરનો હોઈ ખૂબસૂરત દેખાય છે. મધ્યમાં સૂરજમુખી છે. ઝીનાવાળો મિમ્બર (ઊંચી જગ્યા) ઉત્તમ આરસપહાણના પથ્થરનો છે. તેની નીચે ઈમામને માટે નફલ (વધારાની) નમાઝની જગ્યા છે. જમણી બાજૂએ બાદશાહ માટે બેસવાની જગ્યા છે. મસ્જિદની બંને બાજૂએ મદ્રેસાના વિદ્યાર્થીઓને રહેવાની જગ્યા છે. દક્ષિણ તરફ એક વિશાળ (ખંડ) છે જેનો ઘૂમટ હાલમાં તૂટી પડયો છે. ત્યાં કેટલીક કબરો છે. એક ઉપર નીચે પ્રમાણે કોતરવામાં આવેલું છે: "રૂકનુદ્-દોલતવદ્ દુનિયા વદ્દીન ઉમર બિન અહમદ ગાવઝરૂની અલ્ મુખાતિબ પરવીઝ મલેક ચહાર શંબા, ૯ સફર હિ. સ. ૭૩૪ (અર્થાત્ રાજ્ય દુનિયા અને ધર્મનો સ્તંભ, ઉમર બિન અહમદ ગાવઝરૂની જે પરવીઝ મલેક કહેવાતો, હિ. સ. ૭૩૪ ના સફર મહિનાની નવમી તારીખ ને બુધવાર)." તેની સાથે એક કબર છે તે ઉપર લખવામાં આવ્યું છે કે:—"ઝોજએ હસન ગીલાની બીબી ફાતમા હિ. સ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭૮૩ (અર્થાત્ હસન ગીલાનીની બીબી ફાતમા). બીજી કબર ઉપર શરફુદ્દીન અબૂ શરફ હિ. સ. ૬૪૨ અને એક કબર ઉપર શિહાબુદ્દીન અહમદ બિન મોહમ્મદ હિ. સ. ૬૯૮ છે. એક ઉપર ઉમર બિન સા'દુદ્દીન હિ. સ. ૬૯૮ લખેલું છે. આ કબરો ઉપર કુરાનની આયતો આરસપહાણના પથ્થરમાં સુંદર જડાવ અક્ષરે લખેલી છે. કહેવાય છે કે આ મસ્જિદ પણ કોઈ વેપારીએ બંધાવેલ છે. ઘણું જ સંભવિત છે કે એ મસ્જિદ મલેક પરવીઝ ગાવઝરનીએ જ બનાવેલી હોય, કારણ કે તે અતિ દોલતમંદ તેમજ દાનેશમંદ હતો. તેને મોહમ્મદ તગલકે વિઝારતના ઓધ્ધાનું વચન આપ્યું હતું. તેની ખાનજહાને કતલ કરાવી. તેના (ખંડ) ઉપરનો ઘૂમટ પડી ગયો છે. રાજ્યે પચાસ હજાર ખર્ચ કરીને દુરસ્ત કરાવ્યો, પરંતુ ઘૂમટ ન બંધાયો. તેની બાજૂમાં જમાતખાનું છે અને તેની નીચે ભોંયરું છે. આજકાલ તાજિયા અને તેનો સામાન રાખવાના ઉપયોગમાં એ આવે છે.

સુલતાન ફીરોઝશાહ તગલક

(ઈ. સ. ૧૩૫૧–હિ. સ. ૭૫૨) મોહમ્મદ તગલકના અવસાનના ત્રીજે દિવસે હઝરત નસીરૂદ્દીન મહમૂદ (ખુદાની રહેમત તેના ઉપર હજો) અવધી (ચેરાગે દિલ્હી)ના પ્રચાર તથા મખ્દૂનઝાદા અબ્બાસીની મદદથી હિ. સ. ૭૫૨ (ઇ. સ. ૧૩૫૧) ને મોહર્રમની ૨૪ મીને દિવસે રાજ્યના ઉમરાવો સાથે મસલત કરીને શાહઝાદા ફીરોઝ સલ્તનતના તખ્ત ઉપર બેઠો.[૧] ઠઠ્ઠાનો ઘેરો ઉઠાવી લીધો અને મોગલોની ફોજને ઇનામ આપી વતન તરફ પાછા ફરવાનું મસલત કરી. મોગલો ઇસ્લામી છાવણીથી વેગળા થયા, પરંતુ તરમશરીનનો જમાઇ જે નવમુસ્લિમ હતો તેણે મોગલોને લલચાવી શાહી લશ્કર ઉપર રાત્રે હુમલો કરવાને સલાહ આપી. એ માટે ફીરોઝશાહે ડહાપણ ભરેલી રીતે વ્યવસ્થા કરી. ફીરોઝશાહનો બાપ સિપાહસાલાર રજબ

૧. પરંતુ ફરિશ્તા હિ. સ. ૭૫૨ની મોહર્રમની ૨૩મી તારીખ લખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ગિયાસુદ્દીન તગલકનો ભાઈ, અલ્લાઉદ્દીન ખલજીના સમયમાં હિન્દમાં આવ્યો હતો. ગિયાસુદ્દીન તગલકની સલાહથી રજબનું લગ્ન દીપાલપુરના હિંદુ કાકૈાર રાણા અહીમલની પુત્રી સાથે થયું હતું, જેનું નામ "નાયલા" હતું, પરંતુ સાસરે આવ્યા પછી સુલતાન તગલકે તેનું નામ બીબી કદબાનુ રાખ્યું. ફીરોઝશાહ તગલકનો જન્મ ઈ. સ. ૧૩૦૯ (હિ. સ. ૭૦૯) માં થયો હતો. તેની વય મોહમ્મદશાહના જેટલી જ હતી. બંનેનું બાળપણ સાથે જ પસાર થયું હતું. ઈ. સ. ૧૩૧૫ (હિ. સ. ૭૧૫)માં રજબનું અવસાન થયું ત્યારે ગિયાસુદ્દીને તેની સારવાર કરી. ગિયાસુદ્દીનના અવસાન પછી મોહમ્મદશાહે તેને "બાર્બક"[૧] નો ખિતાબ આપ્યો. અને ઝિયા બર્ની અને અફીફ સિરાઝના કહેવા પ્રમાણે તેની ઝિન્દગીના પાછલા ભાગમાં તેને નાયબ તેમજ વલીઅહદ (વારસ) પણ બનાવવામાં આવ્યો હતો. ટૂંકમાં ફીરોઝશાહ કેદ્રાથી રવાના થઈ હિ. સ. ૭૫૨ (ઈ. સ. ૧૩૫૧)ના રજબની બીજી તારીખે દિલ્હી પહોંચી વિધિસર તખ્તનશીન થયો અને અદલ ઈન્સાફથી હકૂમત કરવા લાગ્યો.[૩] જ્યારે કેદ્રાના લોકોએ જોયું કે બલા ટળી ગઈ છે અને તમામ તોફાન મલેક તગીએ ઊભું કર્યું છે ત્યારે બહુધા તેને સિંધથી કાઢી મૂકયો અથવા તો ખુદ તગી ગુજરાતને ખાલી મેદાન સમજી સિંધથી ત્યાં આવ્યો જેથી વેર લેવાની વ્યવસ્થા કરે. પરંતુ નિઝામમુલ્મુલ્ક જૂના બહાદુર તુર્ક જે ગુજરાતનો નાઝિમ હતો તેણે ઘણી ચાલાકીથી તેના ઉપર વિજય મેળવ્યો, અને આખરે તગી માર્યો ગયો. આ બનાવ ઈ. સ. ૧૩૫૧ (હિ. સ. ૭૫૨) નો છે. તે જ સમયે બાદશાહને શાહઝાદા

૧. "બાર્બક" ખિતાબ વડા અમીર (અમીરે આઝમ, અમીરૂલકબરા)-ના જેવો જ છે જેને બાદશાહ પાસે જવાને પરવાનગીની જરૂર નથી અને લોકોની દરખાસ્તો તેને પહોંચાડે છે. (લુગાતે ફિરોઝી પ્રકરણ બીજું.)

૨. બદાયૂની ભા. ૧, પૃ૦ ૧૪૩, કલકત્તા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફતહખાનના જન્મ વિશે ખબર પણ મળી. બાદશાહ હિ. સ. ૭૫૨ (ઈ. સ. ૧૩૫૧) ના રજબની બીજી તારીખે દિલ્હી પહોંચ્યો.[૧] અને ઘણાં કામોમાં રોકાયો. હિ. સ. ૭૫૮ (ઈ. સ. ૧૩૫૬) ના શાબાન મહિનામાં દક્ષિણના નવા તાજદાર અલાઉદ્દીન હસનગાંગુ બહમનીએ માળવા જીતવાનો ઇરાદો કર્યો, તેથી ગુલબર્ગથી રવાના થઈ તે દોલતાબાદ પહોંચ્યો. બાલાઘાટમાં લશ્કરનું નિરીક્ષણ કર્યું ત્યારે તેને માલૂમ પડ્યું કે ૫૦૦૦૦ સવાર મોજૂદ છે. તેણે દક્ષિણના નદરબાદ (બહધા નંદરબાર હશે) અનેસુલતાનપુર થઇ માળવા પહોંચવાની ઇચ્છા કરી તે વખતે રાયહરણનો એલચી દરબારમાં હાજર થયો. રાયહરણ બાગલાણમાં રહેતો હતો. એ રાજા કરણ વાઘેલા (ગુજરાતના રાય)ના વંશજોમાંનો હતો (કદાચ પૌત્ર કે દૌહિત્ર હશે) તે પોતાના બાપદાદાનું રાજ્ય પાછું લેવાની ઇચ્છા કરતો હતો. પરંતુ એક બાજૂ દક્ષિણી લશ્કર અને બીજી તરફ ગુજરાતના લશ્કરનો એટલો બધો ડર હતો કે કાર્યપણ રીતે મુલ્કની અંદર દાખલ થવાની હિંમત ચાલતી નહતી. બાદશાહને એલચીએ કહ્યું કે દક્ષિણ અને ગુજરાતના રાજાઓ વચ્ચે હંમેશાં મિત્રાચારીનો સંબંધ રહ્યો છે. મારી ઇચ્છા એવી છે કે પ્રથમ પાદશાહે ગુજરાત લેવાનો ઇરાદો કરવો જોઈએ, અને એ સદા વસંત ઋતુવાળી જમીન જે મારા બાપદાદાની મિલકત છે અને જેની રૈયત જમીનદારોના જુલ્મથી તંગ થઈ જિંદગીથી બેજાર થઈ ગઈ છે તે જીતી લઇ એમને આપના આશ્રિતોમાં દાખલ કરો અને પછી માળવા ઉપર હુમલો કરો જેથી એક તરફથી આપ અને બીજી બાજૂથી અર્થાત્ ગુજરાત તરફથી હું મદદ કરું. આ પ્રમાણે માળવા તુરત જ આસાનીથી જિતાશે. રાજા ઉપરાંત ગુજરાતના જમીનદારોએ પણ પાદશાહ ઉપર ગુજરાત માટે અરજીઓ મોકલી.

---

૧. બદાયૂની. ભા. ૧, પૃ૦ ૨૪૩. પરંતુ બર્નીએ જમાદીઉસ્સાનીના પાછલા ભાગમાં લખ્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(બહુધા ઉત્તર ગુજરાતના પહાડી જમીનદાર હશે જેઓ હંમેશાં અશાંતિ ચલાવતા હતા.) અલાઉદ્દીન શાહ પોતાના ઉમરાવોની આ બાબતમાં સલાહ લઈ તૈયાર થઈ ગયો અને શાહઝાદા મોહમ્મદને ૨૦૦૦૦ની ફોજ મોખરે રહેવા માટે આપી રવાના કર્યો. તે નવસારી પહોંચ્યો અને ત્યાં મુકામ કર્યો. તેને નવસારી અતિ ફળદ્રુપ માલૂમ પડ્યું, અને જનવરો પણ ત્યાં પુષ્કળ જોયાં. પોતે શિકાર ખેલવામાં રોકાયો, અને પોતાના પિતાને પણ એ વાતની માહિતી આપી. એ પણ શિકારનો બહુ શોખીન હતો. આથી બાદશાહ પણ બનતી ત્વરાથી ત્યાં પહોંચ્યો અને એક મહિના પર્યંત ત્યાં શિકાર ખેલવાનું ચાલુ રાખ્યું. નવસારીની ભેજવાળી આબોહવાની તેના ઉપર ઘણી ખરાબ અસર થઈ. તેને એવો સખત તાવ આવ્યો કે બિછાના ઉપરથી ઊઠી શકે નહિ અને નાર્ખલાજે નવસારીથી ઘણી જ દિલગીરી સાથે ગુલબર્ગ પાછો આવ્યો. ત્યાં કેટલાક દિવસ કેડે તેનું અવસાન થયું.[૧] ઈ. સ. ૧૩૫૭ (હિ. સ. ૭૫૯) માં મોગલોએ ગુજરાત ખાલી સમજી તે લેવાની ઇચ્છા કરી; પરંતુ તેમનામાંના કેટલાકનો કચ્છના રણમાં વિનાશ થયો અને ઘણા માણસો ઇસ્લામી લશ્કરના હાથે માર્યા ગયા; અને જે તેમનામાંના બચ્યાં તેમના ઉપર કોળી અને સૌરાષ્ટ્રના જમીનદારોએ રાત્રે હુમલો કરી મારી નાખ્યા. ફોજના દશમા ભાગ જેટલા માણસો ઘણી જ મુશ્કેલી વેઠી જીવતા સરહદ ઉપર પહોંચ્યા. બહુધા ગુજરાતના નાઝિમ નિઝામુલમુલ્કે ઘણી જ હોશિયારીથી એ બલા ટાળી અને ઘણી જ બહાદુરી સાથે એ જંગલી લોકોનાં મોં મોડ્યાં. એ કારણથી ગુજરાત લૂંટના ભયમાંથી બચ્યું.[૨] ઈ. સ. ૧૩૬૧ (હિ. સ. ૭૬૩) માં સુલતાન ફકરની જીત માટે દિલ્હીથી

---

૧. તારીખે ફરિશ્તા, ભા. ૩, પૃ૦ ૧૭-૧૮ પ્રેસ હૈદરાબાદ

૨. ઝિયાબર્ની પૃ૦ ૬૦૧: પરંતુ તેમાં સાલ લખવામાં આવી નથી. જે રીતે તે ઉલ્લેખ કરતો ચાલ્યો આવે છે તે મુજબ હિ. સ. ૭૫૯ની જ સાલ હોવી જોઇએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકળી સિંધ પહોંચ્યો.[૧] અને ઠટ્ઠાને ઘેરો શરૂ કરી દીધો. ૯૦૦૦૦ સવાર અને ૪૮૦ જંગી હાથી તેની સાથે હતા અને દુશ્મનો પાસે ૨૦૦૦૦ સવાર અને ચાર લાખનું પાયદળ હતું. લગભગ ૭ મહિના ઘેરો રહ્યો, પરંતુ વિજયનું મોં જોવાનું ભાગ્યમાં નહતું. એ દરમિયાન દુકાળનું પોત પ્રકાશ્યું. ફોજના ઘોડામાં પણ એક રોગ ફેલાયો, જેથી ઘણા ઘોડા મરવા લાગ્યા. એટલે સુધી કે ફોજના ચોથા ભાગ જેટલા

---

૧. અફ્સોસની વાત છે કે કોઇ પણ કિતાબમાં ઠટ્ઠાના ઘેરાની સાલ મળતી નથી. ઇતિહાસની કેટલીક કિતાબો જોવાથી એમ જણાય છે કે હિ. સ ૭૬૩ (ઇ. સ. ૧૩૬૧)ની સાલ હોવી જોઇએ. નીચેના લખાણ ઉપરથી બનાવોનો પત્તો લાગશે અને તેમાંથી જ સાલ પણ મળી જશે :

શવ્વાલ ૩. હિ. સ. ૭૫૪ (ઇ. સ. ૧૩૫૩) બંગાળાનો પ્રથમ હુમલો.
—ઝિયા બર્ની પૃ૦ ૫૮૭

શાબાન ૨. હિ. સ. ૭૫૫ (ઇ. સ. ૧૩૫૪) દિલ્હી પાછા ફરી શીરાઝા-બાદ વસાવ્યું.
—તબકાતે અકબરી પૃ૦ ૧૧૫; અને બર્ની પૃ૦ ૫૬૬

ઝીલહજ્જ હિ. સ. ૭૫૬ (ઇ. સ. ૧૩૫૪) મિસરની ખિલાફતનો ખિલાત આવ્યો. અને બદાયૂની હિ. સ. ૭૫૧ લખે છે: પૃ૦ ૨૪૫, કલકત્તા.

હિ. સ. ૭૫૮ (ઇ. સ. ૧૩૫૬) ઝફરખાન બંગાળાથી દિલ્હી આવી નાયબ વઝીર થયો—
—ફરિશ્તા: બદાયૂની; તબકાતે અકબરી વગેરે.

હિ. સ. ૭૫૯ (ઇ. સ. ૧૩૫૭) મોગલોનો હુમલો—
પૃ૦ ૨૩૦ તબકાતે અકબરી; કલકત્તા. ઝિયા બર્નીએ સાલ નથી લખી પરંતુ બનાવના સંબંધ ઉપરથી સાલ જણાઈ આવે છે.

હિ. સ. ૭૬૦ (ઇ. સ. ૧૩૫૮) બંગાળા ઉપર બીજી ચડાઈ અને ફરીથી ખિલાફતનો ખિલાત—
—બદાયૂની ભા. ૧ વગેરે તબકાતે અકબરી; કલકત્તા, પૃ૦ ૨૩૧.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવારો પણ ન રહ્યા.[૧] ફીરોઝશાહ તઘલકે જ્યારે આ સ્થિતિ જોઈ ત્યારે રાજ્યના ઉમરાવોની સલાહથી ઘેરો ઉઠાવી ગુજરાત જવાનો ઈરાદો કર્યો કે જેથી ફોજની હાલત દુરસ્ત કરી ફરીથી ઠઠ્ઠાને ઘેરો ઘાલવામાં આવે. આ મસલત કર્યા પછી સુલતાન ફીરોઝશાહ ફોજ સાથે સિંધથી રવાના થયો. નાયબ વઝીર ઝફરખાન પાસે બંગાળીઓની પૂરતી સંખ્યા હતી, તેથી તેને પોતાની પાછળ સંરક્ષણ માટે મૂકતો ગયો. જ્યારે સિંધીઓને આ વાતની ખબર થઈ ત્યારે

જમાદીઉલ્ અવ્વલ ૨૦, હિ. સ. ૭૬૦ (ઇ. સ. ૧૩૫૮) જોનપુરમાં મુકામ—
—તબકાતે અકબરી, પ્રેસ કલકત્તા, પૃ૦ ૨૩૨.

ઝીલહજ્જ હિ. સ. ૭૬૦ (ઇ. સ. ૧૩૫૮) બિહારમાં મુકામ—
તબકાતે૦ પૃ૦ ૨૩૨;
અરીફે લખ્યું છે કે અઢી વરસ પછી દિલ્હીમાં
ફરીથી આગમન થયું પૃ૦ ૨૧૪

હિ. સ. ૭૬૧ (ઇ. સ. ૧૩૫૯) હાથીનો શિકાર—જાજનગર

રજબ હિ. સ. ૭૬૨ (ઇ. સ. ૧૩૬૦) દિલ્હી પાછા ફરવું—
બદાયૂની પૃ૦ ૨૪૭ અને તબકાતે અકબરી
પૃ૦ ૨૩૨, કલકત્તા.

ઝુલહજ્જ હિ સ. ૭૬૨ (ઇ. સ. ૧૩૬૦) નગરકોટની સંધિ અને દિલ્હી
પાછા ફરવું—
સિરાજ અરીફ પૃ૦ ૧૮૮.
૭ મહિના પછી ફીરોઝ.....આખર પર્યંત.
શાહે દિલ્હીના પાયતખ્ત તરફ પાછા ફરવાને
પ્રયાણ કર્યું, પૃ૦ ૧૯૦

હિ. સ ૭૬૩ (ઇ. સ. ૧૩૬૧) ઠઠ્ઠાનો ઘેરો—
ફિરશ્તાએ હિ. સ. ૭૬૨ લખી છે જે કોઈ પણ
રીતે ખરી નથી. પૃ૦ ૩૧૭ નવલકિશોર.

૭ માસ કચ્છના રણમાં ફોજ રહી—

હિ. સ. ૭૬૬ (ઇ. સ. ૧૩૬૨) સુલતાન ફીરોઝ ગુજરાત આવ્યો.

૧. અફીફ પૃ૦ ૨૧૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમણે લૂંટ કરવાના ઇરાદાથી ફોજની પૂંઠ પકડી, પરંતુ ઝફરખાને સુંદર યુક્તિ રચી અને બહાદુરી બતાવી સિંધીઓને આગળ વધવા ન દીધા, પરંતુ તેમનો મુકાબલો કરી સંખ્યાબંધ સિંધી સરદારોની કતલ કરી સુલતાન ફીરોઝશાહ કૂચ પર કૂચ કરતો ગુજરાત તરફ રવાના થયો તે એક સિંધી ભોમિયાને રસ્તો બતાવવા માટે લઈ ગયો, પરંતુ અનાજની મોંઘવારીને લઈને તમામ રૈયત હેરાન થઈ ગઈ હતી. તેમજ કાચું ચામડું એટલું જ નહિ પણ જૂનું ચામડું પણ બારીબારીને લોકોએ બાધું હતું. સામાન્ય રીતે લોકો પગપાળા જ જતા. એટલુંજ નહિ પરંતુ મહાન સરદારો પણ પગે ચાલીને જતા હતા. ભોમિયાઓએ લુચ્ચાઈ કરી ગુજરાત લઈ જવાને બદલે તેમને કચ્છના રણમાં પહોંચાડી દીધા જ્યારે લોકોને આ વાતની ખબર પડી ત્યારે એકને મારી નાખવામાં આવ્યો. બીજાએ સાચી જ વાત કહી દીધી કે અમો તમને જાણીબૂઝીને કચ્છના રણમાં લાવ્યા છીએ જેથી તમારો નાશ થાય. મીઠા પાણીનું કોઈ ઠેકાણે નામ નિશાન ન હતું. દરેક જગ્યાએ રેતી જ રેતી નજરે પડતી હતી અને દરેક વસ્તુ ખારી હતી. સુલતાને જેટલું મીઠું પાંણી હોય તેટલાને ચોકસાઇથી સાચવી રાખવાનો અને રણ ઓળંગવાનો હુકમ કર્યો જે કે પાદશાહ એક મંઝિલથી બીજી મંઝિલ પર કૂચ કરતો હતો, પરંતુ પોતાના લશ્કરમાં હજારોને દરેક મંઝિલ ઉપર મરતા જોઈ મુસીબત નિહાળી રડતો હતો. પાણીની તંગી તથા તરસને લઇને લોકો હેરાન થઈ ગયા હતા. તેઓ વરસાદ માટે પ્રાર્થના કરતા હતા. ખુદાએ તેમની દુઆ કબૂલ કરી. પાણી પુષ્કળ પડયું. આથી પાણીની મુસીબત તો ઓછી થઈ ગઈ, પરંતુ રણનું ચક્કર તો હજુ બાકી હતું. છ મહિના પર્યંત ચક્કર મારતો ફર્યો. આખરે આ રણમાંથી નીકળવાનો એક રસ્તો મળ્યો. અને તે જ રસ્તે જઇ ગુજરાત પહોંચ્યો. અને પોતાની સલામતીની ખબર ખાનજહાન વઝીર ઉપર દિલ્હી મોકલી આપી. ત્યાં તો સુલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તાન લશ્કર સાથે ગૂમ થઇ જવાથી ઘેર ઘેર શોક પ્રસરી રહ્યો હતો. ફોજના માણસોનાં કુટુંબીજનોએ આ આનંદમાં મોટો ભાગ લીધો અને સારા દિલ્હી શહેરમાં જાણે ઇદનો તહેવાર પળાયો ટૂંકમાં પાદશાહે ઈ. સ. ૧૩૬૨ (હિ. સ. ૭૬૪) માં ગુજરાતમાં આવી દમ લીધો અને લશ્કરને હરેક રીતે આરામ આપ્યો. ફોજના જાગીર વિનાના માણસોને પૈસા આપ્યા અને બધી બાકી પણ આપી દીધી. આથી લોકોને રાહત મળી. બધા પાસે ઘોડા પણ આવી ગયા અને ફોજના જાગીરદાર માણસોને અજનામાંથી કરજ રૂપે પૈસા અપાયા. ખાનજહાન પર દિલ્હી એક ફરમાન મોકલ્યું કે જ્યાંસુધી અમો દિલ્હી ન પહોંચીએ ત્યાંસુધી તેમની જાગીરોમાંથી કંઈપણ કમ ન કરવું. અને પંડે પણ ગુજરાતના અજનામાંથી રૂપિયા લઇ સામાન અને હથિયારો વગેરે તૈયાર કરાવ્યાં. ખાનજહાન પાસેથી પણ સાધન સામગ્રી તેમજ હથિયાર વગેરે મંગાવ્યાં. ખાનજહાને એટલો બધો સરસામાન મોકલ્યો કે તે લાદવાને જનાવરો મળતાં નહતાં. ફક્ત એક જાતનું હથિયાર સાત લાખ ટંકાનું હતું. બાકીનાનો એ જ પ્રમાણે ખ્યાલ કરો. આ તમામ સરસામાન સાથે સિંધ તરફ પ્રયાણ કરવાનો હતો ત્યારે હસનગાંગુના જમાઈ બહેરામ ખાન વતી એના એલચીઓએ ફીરોઝશાહી દરબારમાં આવી વિનંતિ કરી કે " હસન ગાંગુનો પુત્ર મારી વિરુદ્ધ પડયો છે. તેથી જો આપ એક જંગી ફોજ લઈ આવી પહોંચો તો દોલતાબાદ આપ હજુરને સુપ્રદ કરું અને પછી તમામ દક્ષિણ જિતાઈ જાય. " સુલતાને જવાબ આપ્યો કે હાલમાં અમો કુત્રાની જીતમાં રોકાયા છીએ, તેમાંથી જો ફારેગ થઈ જવાય તો જોઇશું. આ જવાબથી નિરાશ થઈ બહેરામખાનના એલચીઓ પાછા ગયા. ફીરોઝશાહે હવે કૂચ કરવાને નગારું વગડાવ્યું ત્યારે લોકોએ ફોજ પાસેથી સરસામાન લઈ ભાગવા માંડયું, કારણ કે કચ્છના રણમાં તેમણે જે મુસીબતો વેઠી હતી તે તેમને હજુ યાદ હતી. તે ફરીથી તેમ થઈ જાય એમ તેઓ ડરતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે પાદશાહને આ ખબર પહોંચી અને અમીર ઉમરાવોએ સલાહ આપી કે એની કંઈ રોકથામ કરવી જોઇએ ત્યારે ફીરોઝશાહ રહેમદિલીથી તેમની આડે આવ્યો કે બીચારા મુસીબત વેઠેલી હોવાથી તકલીફથી ડરે છે, એટલે તેમને જવા દો. તે પછી પાદશાહ કૂચ કરતો કરતો ઠટ્ઠા પહોંચ્યો. નિઝામુલમુલ્ક જૂના જે ઇ. સ. ૧૩૪૫ (હિ. સ. ૭૪૬)માં ગુજરાતનો નાઝિમ હતો તેને આ વરસે એટલે કે ઇ. સ. ૧૩૬૨ (હિ. સ. ૭૬૪)માં બરતરફ કરવામાં આવ્યો.[૧] એનું કારણ એ હતું કે ફીરોઝશાહ તગલક ઠટ્ઠાથી ગુજરાત આવ્યો ત્યારે નિઝામમુલમુલ્કને પ્રશ્ન કર્યો કે " તમે ગુજરાતથી

---

૧. સિરાજ અફીફ પૃ૦ ૨૨૦. મિરાતે મોહમ્મદીના કર્તાએ આ બાબત વિશે સંખ્યાબંધ ભૂલો કરી છે. પ્રથમ એ કે ઝિયાબર્નીએ એ વિશે કાંઈ પણ ઉલ્લેખ કર્યો નથી, તેથી તેનો હવાલો આપવો એ શરૂઆતથી ગલત છે, કારણ કે ઝિયા બર્નીએ ફીરોઝશાહની હકીકત ફક્ત છ વર્ષ પર્યંત તની લખી છે. અને કદાચ તે પછી તે પંડે પણ જીવ્યો નહતો, કારણ કે તેની વય ૭૪ સાલ જેટલી થઈ ચૂકી હતી. બીજું એમ માનીએ કે જો ભૂલથી ઝિયાબર્નીનું નામ લખ્યું છે અને ખરેખર " ફીરોઝશાહી સિરાજ અફીફ " લખવું જોઈતું હતું, તેમ છતાં પણ અસલ વાંધો બાકી રહે છે. અર્થાત્ સિરાજ અફીફે બરતરફ થવાની કે ગુજરાત પહોંચવાની કોઈ સન કે સાલ લખી નથી. હેરત પમાડે એવી વાત તો એ છે કે ઇ. સ. ૧૩૬૦ (હિ. સ. ૭૬૨)માં આ બનાવ માટે તારીખે ફરિશ્તાનો આધાર બતાવ્યો છે. ખરી વાત તો એ છે કે ફરિશ્તાએ નગરકોટ અને ઠટ્ઠાની જીત તેમજ ગુજરાતમાં આવવાની કોઈ સાલ લખી નથી; પરંતુ સન આપ્યા વગર બનાવનો ઉલ્લેખ કર્યો છે. અને જો એમ માની લેવામાં આવે કે ઇ. સ. ૧૩૬૦ (હિ સ. ૭૬૨)ના બનાવોમાં ફરિશ્તાએ એ બનાવોની નોંધ કરી છે તો એ સાલમાં બન્યું હોય એ સંભવિત છે. તોપણ એ અસંભવિત છે, કારણ કે ફિરશ્તાએ જણાવ્યું છે કે ઇ. સ. ૧૩૬૦ (હિ. સ. ૭૬૨)માં બાદશાહ હાથીનો શિકાર કરી જાજનગરથી દિલ્હી પહોંચ્યો હતો (ભા. ૧. પૃ૦ ૨૧૨). તે પછી નગરકોટ જવું અને સુલેહશાંતિથી જીતવું લખ્યું છે. ત્યાર બાદ ઠટ્ઠા જઈ ઘેરો ઘાલવા વિશે લખ્યું છે. તે પછી ઘેરો ઉઠાવી ગુજરાત પહોંચ્યો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લશ્કરી ખોરાક કેમ ન મોકલ્યો ? જો તમે મોકલતા રહ્યા હોત તો ઠઠ્ઠામાં ફોજ ભૂખે મરી જાત નહિ અને કચ્છનું રણ ઓળંગી અમને ગુજરાત આવવું ન પડત. નિઝામુલમુલ્કે કાંઇક પણ જવાબ આપ્યો, પરંતુ રાજાને તે કબૂલ ન હતો અને આખરે તેને બરતરફ કર્યો. અફીફ સિરાજે એ જ કારણ જણાવ્યું છે; પરંતુ મારું માનવું છે કે એમાં નિઝામુલમુલ્કની કોઈપણ કસૂર નહતી, કારણ કે તે લગભગ ૨૦ વર્ષથી ગુજરાત ઉપર હકૂમત કરતો રહ્યો હતો અને આજ સુધી તેની કાંઇપણ શિકાયત થઈ નહોતી. સલ્તનતોમાં કોઇ પણ પ્રાંત ઉપર ૨૦ વર્ષ હકૂમત કરવી એ તેની વફાદારી ચાલાકી અને લાયકાતની સાબિતી છે અને તેનું સમર્થન એવી રીતે મળે છે કે તે પછી એ જ શખ્સને પાદશાહે કેટલાક દિવસ મુલ્કના નાયબ વઝીરના હોદ્દા પર ચડાવ્યો. સિરાજ અફીફ પણ એની એક જગ્યા પર તારીફ કરે છે કે:—

"એ સમયે મલેકકૂશશરફ નિઝામુલમુલ્ક અમીર હુસેન બિન

એમ લખ્યું છે. હવે વિચાર કરો કે તે જમાનાનાં આવવા જવાનાં સાધનો જોતાં કોઈ ડાહ્યો પુરુષ કહી શકે છે કે એ સર્વ કામો એક સાલમાં થઈ શકે ? તે ઉપરાત એનાથી લાલટા પણ બીજા ઇતિહાસોમાં બનાવો મોજૂદ છે. બરોબર છ માસ નગરકોટનો ઘેરો રહ્યો. જુલ્હજ્જ મહિનામાં સુલેહ થઈ. તે પછી ફીરોઝશાહે દિલ્હી આવી ખાનજહાન વઝીર સાથે મસલત કરી અને ઠઠ્ઠા પહોંચ્યો. ઓછામાં ઓછો ઠઠ્ઠાનો ઘેરો છ મહિના પર્યંત રહ્યો હશે, નહિ તો એક બે મહિનામાં દુકાળથી ફોજનું વિનારા થવું, અને સાધન સામગ્રી ખાતાનું દેવાળું નીકળવું એ માનવામાં આવે એવી વાત નથી. વળી સિરાજ અફીફની ફીરોઝશાહી ઉપરથી માલૂમ પડે છે કે સુલતાન ફોજ સાથે છ મહિના સુધી કચ્છના રણમાં માર્યો માર્યો ફરતો રહ્યો ત્યારે આખરે ગુજરાત પહોંચ્યો. એ તમામ ઉપર જણાવેલી બાબતો ધ્યાનમાં રાખતાં એ ચોકસ રીતે માલૂમ પડે છે કે ઇ. સ. ૧૩૬૧ (હિ. સ. ૭૬૪)માં બાદશાહ ગુજરાત પહોંચ્યો. એ જ સાલમાં ગુજરાતના નાઝિમ નિઝામુલ્મુલ્કને બરતરફ કરવામાં આવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમીર મીરાન મુસ્તોફી ગુજરાતનો નાઝિમ હતો. તેણે આબાદી અને સહીસલામતી તેમજ પ્રાંતની ભલાઇ માટે ઘણી કોશીશ કરી."

ઝિયા બર્ની લખે છે કે તે પુરાણા નોકરો તેમજ હિતેચ્છુમાંનો એક છે મલેક મુસ્તોફી ઇફ્તિખારૂલમુલ્ક ગુજરાતનો નાઝિમ છે, એણે લાંબા વખતથી દરબારની ખિદમત કરી છે. સત્યતા, ફરજ અને ન્યાયમાં તેમજ લોકોને તકલીફ કમ આપવામાં તે તેના જમાનામાં અદ્વિતીય છે અને સુલતાનની મહેરબાનીથી કેટલાં વર્ષોથી ગુજરાતનો નાઝિમ છે. કરકસર, અક્કલમંદી, મહેરબાની અને ઇન્સાફને લઇને આ લાંબી મુદત દરમ્યાન જ્યાં તોફાન ફસાદ પરેશાન કરે ત્યાં આનાથી વધુ વ્યવસ્થા થવી અસંભવિત છે તે એનું જ કામ છે. વળી સલ્તનતનું મહેસૂલ એવી રીતે ગોઠવ્યું કે મુશ્કેલી વગર હરસાલ લાખો રૂપિયા ખઝાનામાં આવ્યા કરે છે." (પૃ. ૫૮૩)

વાત એવી છે કે નિઝામુલ્મુલ્કને કોઇ પણ જાતનો હુકમ આપવામાં આવ્યો નહતો અને તેથી તેણે રાજીખુશીથી કંઇ પણ કર્યું નહિ. ફીરોઝશાહના દિલમાં એમ હતું કે જો કે હુકમ આપવામાં આવ્યો નથી તેમ છતાં તમારે પોતે બુદ્ધિ પહોંચાડી મદદ મોકલવી જોઇતી હતી. આ ઇચ્છા કંઇ નાની ન હતી. સલ્તનતોમાં સામાન્ય રીતે હાથ નીચેના માણસો પાસેથી એવી આશા હાકેમ રાખે છે અને એવા જ ઘણાખરા લોકોને બક્ષિસો મળે છે અને ઘણા લોકોને તકલીફ પણ ઉઠાવવી પડી છે. નિઝામુલ્મુલ્કના સમયમાં ગુજરાતની આમદની બે કરોડ ટંકાની હતી. મોહમ્મદશાહ તઘલકના સમયમાં બળવાને લઇને મુલ્ક વેરાન થઈ ગયો હતો, આમદની ઓછી થઇ ગઈ હતી. લોકો કચેરી દરબાર અને ફરમાનોની સખ્તાઇથી કંટાળી અહીંતહીં નાસી છૂટયા હતા. ટૂંકમાં ફક્ત નિઝામુલ્મુલ્કની સુંદર તદબીરથી ગુજરાતમાં શાંતિ થઇ અને ઊપજ બે કરોડ પર્યંત પહોંચી. તે સમયે ટંકા સોના અને ચાંદીના બનતા હતા. પરંતુ ઘણું કરીને અહીં સફેદ ટંકા એટલે કે ચાંદીના ટંકા કહેવાનો ભાવાર્થ છે, જે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અઢી રૂપિયાનો થાય છે. આ હિસાબે ગુજરાતની ઊપજ હાલના અંગ્રેજી સિક્કા પ્રમાણે પાંચ કરોડની થઈ.[૧] પરંતુ મેં સુલતાન મહમૂદના ટંકાનું વજન કર્યું ત્યારે એક તોલાથી કંઈક વિશેષ માલૂમ પડ્યું આથી ફીરોઝશાહના ટંકા પણ એ જ વજનના હોય તો બરી આમદની બે કરોડની ગણાય.

આ જ સમય દરમિયાન એ બનાવ બન્યો કે જમ બૈરુદ્દીન પાદશાહ સિંધમાં ફરવા માટે નીકળ્યો. એક ગુફામાં મરેલા માણસોનાં હાડકાં જોઈ તેણે તપાસ કરવાનો હુકમ કર્યો. એમ બહાર પડી કે કેટલાંક વર્ષ પહેલાં અમુક જમાતનાં માણસોએ ગુજરાતમાંથી આવતા એક કાફલા ઉપર છાપો મારી તમામ માલ કબ્જે કરી લીધો હતો અને તેનાં માણસોને તરવારથી કાપી નાખ્યાં હતાં.

જમે ફરમાન કર્યું કે "બધો માલ જમા કરવો અને તે તમામ ગુજરાતના હાકેમ ઉપર મોકલી દેવો કે જેથી મરનારનાં વારસોને શોધી શોધીને આપી દેવામાં આવે." તેણે ખૂનીઓને સખ્ત સજા કરી.[૨]

એ જ સમય દરમ્યાન મોહમ્મદ શારકુદીન (તખલ્લુસ "મુનહર") નામનો એક શાએર ફીરોઝશાહના પ્રશંસકોમાં હતો. ખંભાતમાં તેની જાગીર હતી, પરંતુ તેનું મહેસૂલ એક કોડી પણ પ્રાપ્ત થતું નહતું. આખરે ગુસ્સે થઈ એક અરજી પદ્યમાં લખી તેમાં ખંભાતના હિંદુ દીવાનની સખ્ત નિન્દા કરી. તે પછી પોતાની ગરીબાઈ જણાવતાં તે લખે છે કે "મધ્યમ વર્ગના લોકો માટે ઓછામાં ઓછી નીચેની ચીજો તો હોવી જ જોઈએ. એક મકાન જેમાં એક ઓરડી, ચબૂતરો, ખંડ અને રસોડું; ગૃહસામાનમાં થાળ,

---

૧. તારીખે હિંદ ભા. ૨, પૃષ્ઠ ૧૮૭ માં મૌલવી ઝકાઉલ્લા સાહેબે દશ કરોડની આમદની લખી છે. એ કોઈ પણ રીતે સાચી નથી. સિરાજ અફીફ પૃ૦ ૨૨૬.

૨. તારીખે મા'સૂમી પૃ૦ ૬૪, મુંબઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોટો, મીણબત્તી, ખુરસી, કામળો, પલંગ, થાળી, પ્યાલી, પ્યાલો, મોટો પ્યાલો, રકાબી, દેગ, તવો, પાત્ર, પાટલો તગારું, કડછી, ચાળણી, ચમચા, બાંડણીદસ્તો. ઘંટી, પાણીની તોરી, છપ્પર પલંગ, પેટારો અને પેટારી હોવાં જોઇએ. ખોરાકમાં હલવો, ચોખા, માંસ વગેરેનો સેરવો અને વિશેષ નહિં તો દવાખાનામાં દરદીઓને અપાતો ખોરાક તો હોવો જ જોઈએ, જેવો કે સવારે શક્તિ માટે ઘીમાં રાંધેલો ભાત અને સાથે કંઈક ખટાઈની વસ્તુ, સાંજે રોટલી, યખ્ની, કબાબ, ચુલાઉ, બકરાંનું મગજ અને ઘઉં કે જવનો હરીસો (એક જાતનો સેરવો); કપડામાં ઝભ્ભો, બોરિયા વિનાનું અંગરખું, બે પડવાળી ચાદર (ઊનની, સીરિયા કે મક્કાની બનાવટની) અને મિસ્રી કે હિન્દી અમ્મામો (ફેંટો).

કવિના આ બ્યાનથી તગલક સમયના લોકોની સામાજિક સ્થિતિ ઉપર પૂરતી રોશની પડે છે. એ સમયમાં હુસ્સામુલ્મુલ્ક શાહી દીવાન હતો. તેની જાગીર ૭ લાખ સુર્ખ (લાલ) ટંકાની હતી. અર્થાત્ ૭ લાખ અશરફી.

ગુજરાતનો નાઝિમ ઝફરખાન

(ઈ. સ. ૧૩૬૨. હિ. સ. ૭૬૪) સુલતાન ફીરોઝશાહ ગુજરાતમાં આવ્યો ત્યારે નિઝામુલમુલ્કને બરતરફ કરી તેણે મલેક નાયબ બાર્બકને આ સૂબાના નાઝિમ તરીકે નીમવાની ઇચ્છા કરી. એ મુજબ ખિલાત અને હોદ્દા વગેરે તમામ જરૂરી બાબતોની વ્યવસ્થા કરી દીધી. પરંતુ કુરાનની ફાલ લેવાનું તેને યાદ આવ્યું અને ફાલ ઝફરખાનના નામનું નીકળ્યું. ત્યારપછી સાદેસાદી રીતે ઝફરખાનને શાહી તખ્ત આગળ બોલાવવામાં આવ્યો અને ખિલાત આપી 'સરફરાઝ' કરી આ સૂબાના નાઝિમ તરીકે તેની નિમણૂક કરી.[૧] ઝફરખાન ફારસી અસલ બંગાળાનો રહીશ હતો. બંગાળા ગિયાસુદ્દીન બલ્બનના વખતથી સ્વતંત્ર હતું. ગિયાસુદ્દીન તગલક અને મોહમ્મદ તગલકે એ ઉપર ચડાઈ કરી, પરંતુ કેટલાક દિવસ પછી

૧. સિરાજ અફીફ પૃ૦ ૨૨૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનો અંત પણ એવો આવ્યો, કે આખરે એ સ્વતંત્ર થઈ ગયું. ફીરોઝ-શાહના સમયમાં બંગાળાના બે ભાગ હતા. એકનું પાયતખ્ત "પિંડવા" હતું જે માલ્દહની નજીક છે અને ત્યાં હાજી ઈલિયાસ શમ્સુદ્દીન હાકેમ હતો. બીજા ભાગનું પાયતખ્ત સુનારગામ હતું ત્યાંનો હાકેમ ફખરુદ્દીન હતો જેને આમ લોક ફખ્રા કહેતા હતા. ઝફરખાન ફારસી એ જ ફખરુદ્દીનનો જમાઈ થતો હતો. હાજી ઈલિયાસને હરાવી ફીરોઝશાહ પાછો આવ્યો ત્યારે હાજી ઈલિયાસે પોતાનો રોષ ફખરુદ્દીન ઉપર ઠાલવવાને અચાનક જઈ પહોંચી તેને ગિરફતાર કર્યો; તે પછી તેની કતલ કરી તમામ મુલ્ક પોતાના કબ્જામાં લીધો.[૧] ઝફરખાન તે વખતે જીતેલા પ્રાંતોમાં મહેસૂલ ઉઘરાવવા ગયો હતો, તેથી તે બચી ગયો. હવે ઝફરખાનને સુનારગામ જવું ઠીક ન લાગ્યું અને એ વહાણમાં બેસી નાસી છૂટયો. લગભગ સારા હિંદમાં ફરી ફરી સિંધના ઠઠ્ઠા બંદરમાં પહોંચ્યો અને ખુશ્કી માર્ગે ફરીથી દિલ્હી આવી ફીરોઝશાહના દરબારમાં આશ્રય લીધો. સુલતાન ફીરોઝે એના તરફ ઘણી જ માયા બતાવી, અને પહેલા જ દિવસે તેને ત્રણ હજાર ટંકા (સાડા આઠ હજાર રૂપિયા) કપડાં બદલવાના[૨] તરીકે ભેટ આપ્યા. તે પછી ચાર લાખ ટંકા (દશ લાખ રૂપિયા)ની રકમ અર્પણ કરવામાં આવી. તેને માટે એક હજાર સવાર અને પાયદળની વ્યવસ્થા કરી

---

૧. રિયાજુસ્ સલાતીન તારીખે બંગાલામાં જણાવવામાં આવ્યું છે કે ફખરુદ્દીનને ઇ. સ. ૧૩૪૦ (હિ. સ. ૭૪૧) માં સુલતાન અલાઉદ્દીન અલી મુબારકે મારી નાખ્યો. અને ફીરોઝશાહ તગલકે હાજી ઇલિયાસ શમ્સુદ્દીન પર ચડાઇ કરી, કારણ કે એ શાહઝાદો હતો તે વખતે એ તેનો નોકર હતો ત્યારે કંઈ ખુનો કરી તે નાસી છૂટયો હતો. તે વખતે તપાસ કરી પણ તે મળ્યો નહોતો. અને ખુદાની મહેરબાનીથી બંને શાહ થઇ ગયા ત્યારે ફીરોઝ-શાહે તેનું વેર લીધું. સિરાજ અફીફ પૃ. ૬૬ થી ૧૦૫.

૨. સિરાજ અફીફે "જામા શુસ્તન" (અર્થાત્ કપડાં ધોવાં) લખ્યું છે. કહેવાની મતલબ એ છે કે મુસાફરી કરી કપડાં મેલાં થઈ ગયાં; ધોઇને કપડાં બદલ્યાં. આથી મેં "કપડાં બદલવાં" તરજૂમો કર્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને નાયબ વઝીર બનાવ્યો. પરંતુ આથી તે કંઈ વધારે ખુશ ન થયો; તેથી ફીરોઝશાહે ખાનજહાન મલેક મકબૂલ વઝીર સાથે એ બાબતમાં મસલત કરી; તેમાં એમ નક્કી કરવામાં આવ્યું કે ન્યાય આપવો જોઈએ. અને તે પ્રમાણે એક ઝબરદસ્ત ફોજ લઈ ફીરોઝશાહ બંગાળા પહોંચ્યો. એ સમય દરમ્યાન શમ્સુદ્દીન મરણને શરણ થઈ ચૂકયો હતો અને તેની જગ્યાએ તેનો પુત્ર સિકંદર હતો. સિકંદરે નાસી છૂટી **અકદાલા** બેટમાં આશ્રય લીધો અને ફીરોઝશાહે તેને ઘેરો ઘાલ્યો. સિકંદરને જ્યારે માલૂમ પડયું કે અનાજ અને સામગ્રીનો અભાવ થઈ ગયો છે ત્યારે નાઈલાજે બાદશાહ સાથે તેણે સુલેહ કરી. સિકંદરને તાજ આપવામાં આવ્યો અને ઝફરખાનને સુનારગામ પાછું આપવામાં આવ્યું. પરંતુ ઝફરખાનને જ્યારે માલૂમ પડયું કે તેના ખાનદાનનો એક પણ આદમી જીવતો રહ્યો નથી ત્યારે ત્યાં રહેવું યોગ્ય ન લાગતાં બાદશાહ સાથે પાછા આવવું પસંદ કર્યું. દિલ્હી આવી બાદશાહે ઝફરખાનને નાયબ વઝીર તરીકે કાયમ કર્યો અને સુનારગામથી વધુ સારી જગ્યા આપવાનું વચન આપ્યું. શાહે આ વચન ગુજરાતની નિઝામત (નાઝિમપદ) આપી અદા કર્યું.[૧] ઝફરખાનનું અસલ નામ જાણવામાં નથી આવ્યું. 'ઝફરખાન'નો ખિતાબ તેના સસરાએ આપેલો હતો, જે ફીરોઝ સુલતાને કાયમ રાખ્યો. તબકાતે અકબરીના કર્તાએ " ઝફરખાન ફારસી " લખ્યું છે. આ ઉપરથી એમ ધારવામાં આવે છે કે બહુધા એ પરદેશી (ઈરાની) માણસ હતો. શમ્સ સિરાજ અફીફે પોતાની તારીખે ફીરોઝશાહીમાં એક જગ્યાએ લખ્યું છે કે શમ્સુદ્દીન દામગાની ઝફરખાનના સગા-સંબંધીમાંથી હતો. એ ઉપરથી સંશય રહે છે કે ઝફરખાન પણ દામગાની હોય. દામગાન ઈરાનની પાસે કુહિસ્તાનનો એક મશહુર મુલ્ક છે; તેનું મુખ્ય શહેર પણ દામગાન છે. તે કયારે અને કોના સમયમાં

૧. તારીખે ફીરોઝશાહી સિરાજ અફીફ પૃ. ૧૩૭ પ્રસ્તાવના, ૯, ૧૦, ૧૧, ૧૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હિંદમાં આવ્યો એ વિશે કંઈપણ માહિતી મળતી નથી. અને ફરીથી કેવી રીતે બંગાળા પહોંચી ફખરુદ્દીનનો જમાઈ થયો એ વિશે પણ ઇતિહાસ ચૂપ છે.[૧] બહુધા ઝફરખાન હિંદમાં એકલો જ આવ્યો હતો અને તેથી જ શમ્સુદ્દીને ફખરુદ્દીનના ખાનદાનને ગિરફતાર કર્યું ત્યારે તેનો કોઇ વારસ રહ્યો નહિ. ટૂંકમાં ઝફરખાન ઇ. સ. ૧૩૬૧ (હિ. સ. ૭૬૩) પર્યંત ફીરોઝશાહ સાથે રહ્યો અને નાયબ વઝીરનું કામ કરતો રહ્યો. એ ઓધ્ધાથી તે સંતોષ માનતો અને હરેક રીતે નચિંત હતો. ગુજરાતનો નાઝિમ થયા પછી પોતાનો નાયબ મૂકી તેણે ફીરોઝશાહ સાથે દક્કાની બીજી લડાઈમાં ભાગ લીધો. જ્યારે ફીરોઝશાહ દિલ્હી પાછો ગયો ત્યારે ઝફરખાન ફરીથી ગુજરાત આવ્યો.[૨] ઝફરખાન ગુજરાતનો એક લાયક નાઝિમ હતો. ઝિયા બર્ની લખે છે કે " ખાન મુઅઝઝમ ઝફરખાન દરબારના વડાઓમાંથી છે તે નાયબ વઝીરનો ઓધ્ધો શોભાવે છે. અને એ ઓધ્ધો વિઝારત પછીના ઓધ્ધાઓમાં સર્વથી ઉત્તમ માનવામાં આવે છે. ખુદાએ ઝફરખાનને પવિત્રતા, ભલાઇ, દિયાનતદારી અને અકલ જેવા શણગારોથી શણગાર્યો છે. તે કુરાનનો હાફિઝ પણ છે. અને અદ્વિતીય રીતે કુરાન પઢે છે. તે કુરાન એવી રીતે પઢે છે કે સાંભળનારાઓ ઉપર નરમી અને અસ્થિરતા એવી તો આવી જાય છે કે તેઓ રડી પડે છે.....કારોબાર, યોગ્યતા, હિમ્મત, બહાદુરી અને સખાવતમાં એની કોઈ જોડ નથી. " (પૃ૦ ૫૯૪) ઝફરખાનની લાયકાતનો અન્દાજ આ ઉપરથી મળી જાય છે કે જ્યારે ખાન જહાન મકબૂલ વઝીર આઝમ વૃદ્ધ અને અશક્ત થઈ ગયો અને બાદશાહે ખાનજહાનને વિઝારતના ઓધ્ધાથી દૂર કરવાની અને રાજ્યના ઉમરાવોમાંથી કોઈને વઝીર બનાવવાની ઇચ્છા કરી ત્યારે

---

૧. આશ્ચર્યની વાત છે કે રિયાઝુસ્ સલાતીન બંગાલાની તારીખમાં પણ એ વિશે કંઇ નથી.

૨. સિરાજ અફીફ, પૃ. ૨૩૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પસંદગી માટે હરેકની નજર ઝફરખાન તરફ ગઈ.[૧] ઈ. સ. ૧૩૬૮ (હિ. સ. ૭૭૦) માં ફીરોઝશાહે એક ફોજ સૌરાષ્ટ્રમાં મોકલી જેમાં શમ્સખાન અને મલેક ઇઝઝુદ્દીન પણ એ અનુભવી સેનાપતિ હતા. શમ્સખાન જૂનાગઢને ઘેરો ઘાલી વિજેતા થયો. અને બીજી ફોજ ઇઝઝુદ્દીનની સરદારી નીચે રાજકુંવરપાલની ખબર લેવા માંગરોળ પહોંચી.[૨] માંગરોળ સૌરાષ્ટ્રમાં એક દરિયા કિનારા ઉપર આવેલું સ્થળ

---

૧. સિરાજ અફીફ પૃ. ૪૦૫.

૨. મેં "ખબર લેવા" (ઉર્દૂમાં તમ્બીહ) લખ્યું, કારણ કે આ લડાઇનો કોઇપણ ઇતિહાસમાં કંઈ ઉલ્લેખ નથી અને જાહેર રીતે લડાઈ માટેનું કંઈ કારણ પણ જણાતું નથી કે જેથી ચડાઇ કરવી પડે. એટલે એમ માની શકાય કે આ પહેલાં મોહમ્મદ તગલકે જૂનાગઢ જીત્યું હતું અને તેના જોડિયા પ્રાંતો કિનારા સહિત તેના તાબામાં હતા તેમાં માંગરોળનો રાજા પણ હતો. મોહમ્મદ તગલકના અવસાન પછી ફીરોઝશાહ દિલ્હીના ફસાદ ટંટામાંથી ફારેગ ન થયો અને એ તરફ લક્ષ આપ્યું નહિ. આ તકનો લાભ લઈ બંને સ્વતંત્ર થઈ ગયા. અને બહુધા જૂનાગઢના કિલ્લાની કુદરતી મજબૂતાઈ જોઈ ગુજરાતના નાઝિમે મુકાબલો કરવાની હિમ્મત ન કરી. ઠઠ્ઠાના હુમલા વખતે ફીરોઝશાહ તગલક જ્યારે ગુજરાતમાં આવ્યો ત્યારે બહુધા તેનું ધ્યાન એ તરફ ગયું અને ઠઠ્ઠાની જીત પછી દિલ્હી જઈ ત્યાંથી ફોજ મોકલી. દીવાન રણછોડજીએ પોતાની તારીખે સોરઠમાં આ બનાવનો ઉલ્લેખ તો કર્યો છે, પરંતુ તે પણ કોઈ કારણ જણાવતા નથી. (પૃ. ૪૮ કર્તાના હાથે લખેલી). બીજી એક વાત એ પણ બની શકે છે કે માંગરોળ બંદર હોવાથી હંમેશાં જુદા જુદા ધર્મના વેપારીઓનું રહેવાનું સ્થળ થયું હતું. રાજાનો સંબંધ મુસલમાન વેપારીઓ સાથે સારો ન હોય અને મુસલમાનોના સરંક્ષણ માટે એક નાની સરખી ફોજ મોકલવી પડી હોય એ સંભવિત છે. કૂંકમાં રાજાએ મોહમ્મદ તગલકના પછી સ્વતંત્ર થઈ ખંડણી ભરવાનું બંધ કર્યું હોય અને એનો હેતુ મુસલમાનોનું રક્ષણ કરવાનો હોય. એમાંથી કોઇપણ કારણ હોય, પરંતુ આ કોઈ મહાન ચડાઇ ન હતી; નહિતો કોઈ મશહૂર સેનાપતિને ફીરોઝશાહે મોકલ્યો હોત, કારણ કે શમ્સખાન અને ઇઝઝુદ્દીન સામાન્ય પંક્તિના હતા. ઇતિહાસમાં તેમના કોઇ ખાસ કામનો ઉલ્લેખ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. એ ફોજ દિલ્હીથી રવાના થઈ માંગરોળ પહોંચી ત્યારે રાજાએ સુલેહ કરવાને બદલે લડાઈ લડવાનું વધારે પસંદ કર્યું. એ જ ફોજ સાથે સૈયદ સિકંદર મસઊદ (ખુદાની રહેમત તેના ઉપર હજો) પણ હતો[૧] તેણે તેના અનુયાયીઓ સાથે આ જંગમાં ભાગ લઈ બને તેટલો

અલમત્ત ઝિયાબર્નીએ ફીરોઝશાહી ઉમરાવોની ફેહરિસ્ત લખી છે તેમાં એક અમીરનું નામ મલેક ઈઝઝુદ્દીન પણ છે. કદાચ એ પણ હોય. જમે મસ્જિદના શિલાલેખ ઉપરથી એના બાપનું નામ આરામશાહ હોય એમ જણાય છે. બદાયૂની ભા. ૧. પૃ. ૨૨૬ પ્રેસ કલકત્તામાં જણાવવામાં આવ્યું છે કે "મોહમ્મદ તગલક પછી મલેક ઈઝઝુદ્દીન યહ્યાને 'આઝમુલ્મુલ્કનો ખિતાબ મળ્યો." બહુધા આ જ ફતેહ માટે એ ખિતાબ મળ્યો હોય.

૧. તઝકિરતુલ્ અન્સાબમાં જણાવવામાં આવ્યું છે કે " તેમનું પવિત્ર નામ સૈયદ સિકંદર બિન મસઊદ હુસેની છે. તેમની વંશાવળી આ પ્રમાણે છે. સૈયદ સિકંદર બિન મસઊદ બિન હમઝ બિન કાસિમ બિન શાહજી બિન અલી બિન મૂસા બિન અલી બિન હસન બિન અલી બિન ઈબ્રાહીમ બિન મૂસા કાઝિમ. તેમનું વતન તિરમિઝ નામનું તુર્કસ્તાનનું એક મશહૂર શહેર છે. યુવાવસ્થાની શરૂઆતમાં તિરમિઝથી હિંદ (સિંધ) આવી રહ્યા. લાંબા સમય પર્યંત હઝરત સૈયદ જલાલુદ્દીન મખદૂમે જહાનિયાન જહાન ગશ્તના મુરીદોની મંડળીમાં રહી સુલૂક (સૂફીવાદમાં ખુદાની સમીપ જવાના રસ્તો) ની તાલીમ લીધી. લગભગ ૨૭ વરસની ઉમરમાં પોતની જગ્યા સોંપી ખિર્કો (ફકીરોના પવિત્ર પોશાક) અર્પણ કર્યો. માંગરોળ-સૌરાષ્ટ્રમાં દોરવણીનું કામ સોંપી રવાના કર્યા. સિંધથી પ્રથમ તો તે દિલ્હી આવ્યા. ફીરોઝશાહને મળી ઈઝઝુદ્દીનની ફોજ સાથે માંગરોળ પહોંચ્યા"...અંત પર્યંત. આ ઉપરથી એમ જણાય છે કે તે ખુશ્કી માર્ગે માંગરોળ આવ્યા. હિંદથી તો દરિયાઈ માર્ગે માંગરોળ આવી શકે; જેમકે એ બાબત જાણીતી છે. વળી એમ પણ પ્રચલિત છે કે " મજકૂર જનાબ સૈયદ વરચોડાને બહાને...સિપાઈઓ (ખાસ મુરીદો) સાથે પહડાવાળી ગાડીમાં બેસી કિલ્લામાં પહોંચ્યા." મારી માન્યતા મુજબ ઉચ્ચ કોટિના મહાન પુરુષો આવી દુનિયાદારીની તિરસ્કાર ભરેલી બાબતોથી પર છે. ખરી વસ્તુસ્થિતિ એ છે કે બેદરકાર લોકોએ લાગતા વળગતા બનાવો એમને લાગુ પાડયા છે. મિરાતે મુસ્તફાબાદના કર્તાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાદુરીને ન્યાય આપ્યો. બંને ફોજ વચ્ચે સખ્ત મુકાબલો થયો. રાજા માર્યો ગયો અને મુસલમાનોની પૂરી જીત થઈ. વિજયની

સૈયદ સિકંદર (ખુદાની રહેમત એમના ઉપર હજો) ની ફીરોઝશાહના સરદારોમાં ગણત્રી કરી છે, અને માંગરોળની ફતેહ પછી એકને ત્યાં તો હાકેમ તરીકે ગણ્યો છે. પરંતુ આ દાવા સંબંધી કોઇપણ જાતનો પુરાવો રજૂ કર્યો નથી. ઝૈદ (અમુક એક વ્યક્તિ) વિદ્વાન થયો એટલે બક્ર (અમુક બીજી વ્યક્તિ) પણ વિદ્વાન થયો એમ સાબિત ન જ થાય. તેથી જો સૈયદ ગિયાસુદ્દીન તિરમિઝી કોઈ જમાનામાં એકાદ કોઈ અમીર હતો, તે ઉપરથી સૈયદ સિકંદર (ખુદાની રહેમત તેના ઉપર હજો) પણ એક સરદાર હતો એમ કેવી રીતે સાબિત થાય? સૈયદ અહમદ નામના એક મહાન પુરુષના શિલાલેખ ઉપરથી એમ જણાય છે કે સૈયદ સિકંદર (રહ.) શમ્સુદ્દીનના હાથ નીચે હતો. આ તેની સરદારી માટે સાબિતી ન જ કહેવાય. મજકૂર સૈયદ બરેબર મુજાહિદો (ધર્મને માટે લડનારા)ની મંડળીનો સરદાર હતો, પરંતુ તેની આગેવાની ધાર્મિક રીતે હતી અને દુન્યવી અમલદારી સાથે તેને કંઇ સંબંધ ન હતો. સૈયદ અહમદનો પૂરો શિલાલેખ લખવામાં આવ્યો હોત તો સારું થાત. કેટલાક લોકો તેમને તારિક (સ્પેનના વિજેતા), મૂસા (આફ્રિકાનો વિજેતા), મોહમ્મદ બિન કાસિમ (સિંધનો વિજેતા)ની માફક વિજેતા ગણે છે. પરંતુ તેમનું અસલ પદ અબ્દુલ્લા બિન ઉમર, અબ્દુલ્લા બિન અબ્બાસ, નિઝામુદ્દીન ઔલિયા અને જહાનિયાન જહાન ગશ્ત (રહ.) ના જેવું હતું. મિરાતે મુસ્તફાબાદના કર્તાએ તેમને વિજેતા હોવા ઉપરાંત માંગરોળના હાકેમ તરીકે પણ માન્ય રાખ્યા છે. તેમજ તેમના પુત્રની પણ હાકેમ તરીકે ગણત્રી કરી છે. પરંતુ મારા અભિપ્રાય મુજબ એ તદ્દન ખોટું છે. તેમના પૌત્રે જે પત્ર હઝરત શાહે આલમને લખ્યો છે તે આજ પર્યંત માંગરોળમાં સાચવી રાખવામાં આવ્યો છે. તે ઉપરથી સાફ સાફ જણાઈ આવે છે કે તે ફક્ત દોરવણી આપતા હતા. તેમનું કામ હકૂમતનું ન હતું, જેમકે તે જણાવે છે, "મરહૂમ સૈયદ સિકંદરે માંગરોળ કસબામાં રહેવાનું કુબે અક્તાએ આલમ (સૂબીવાદમાં એક પદ) હઝરત મખ્દૂમ જલાલુદ્દીનના હુકમથી પસંદ કર્યું અને ઈસ્લામનો ઝંડો એ કસબામાં ફરકાવ્યો. મજકૂર સૈયદનું અવસાન થયું ત્યારે મરહૂમ પિતા બને તેટલા સૈયદ સિકંદરને પગલે ચાલી કામ કરતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદશાહી રૂપે જમે મસ્જિદનો પાયો નંખાયો જે હિ. સ. ૭૮૫ (ઈ. સ. ૧૩૮૩)માં સંપૂર્ણપણે તૈયાર થઈ, જેમકે જમે મસ્જિદના શિલાલેખ ઉપરથી માલૂમ પડે છે. એ હાલમાં જમે મસ્જિદથી પૂર્વ દિશામાં સામે આવેલી વહોરાવાડની મસ્જિદમાં સુરક્ષિત રાખવાના ખ્યાલથી મૂકવામાં આવ્યો છે, કારણ કે જમે મસ્જિદના મરામતના અભાવે આ શિલાલેખ છૂટો થઈ તૂટી પડયો હતો. તે શિલાલેખ નીચે પ્રમાણે છે:—

"અલ્લાહ તા'લાએ કહ્યું—

મસીદો અલ્લાહને માટે જ બનાવવામાં આવે છે તેથી અલ્લાહ સાથે કોઇ બીજાની પૂજા ન કરો.

૧. એવા બાદશાહના સમયમાં કે જેના દરબારમાં શાહો માથું જમીન ઉપર ધૂળની પેઠે રાખે છે.

૨. ફીરોઝશાહ, દુનિયાનો વિજેતા શાહ, ધર્મનો રક્ષક જેણે નાસ્તિકોનો પાયો ઉખેડી નાખ્યો.

રહ્યા. પિતાના અવસાન પછી મેં પણ શક્તિના પ્રમાણમાં તેમની જેમ જ કામ ચાલુ રાખ્યું."

આ ઉપરથી એમ જણાય છે કે સૈયદ રુકનુદ્દીને પોતાના પિતાને પગલે ચાલી કામ કર્યું. સૈયદ આદમે પોતાના પિતા સૈયદ સિકંદરના જેવું જ કામ કર્યું. હરેક ઇતિહાસકાર જાણે છે કે સૈયદ રુકનુદ્દીન માંગરોળના હાકેમ ન હતા, પરંતુ મુસલમાનોમાં અગ્રગણ્ય પુરુષ અને તેમને દોરવણી આપનારા હતા. આમ તેમના બાપદાદા પણ આવા જ હતા. અને તેઓ જણાવે છે કે "સૈયદુસ્સાદાત ચુનાંચે ફરમાન બૂદ સરાજ્જમ રસાનીદા અન્દ"નો ભાવાર્થ એ છે કે મખ્દૂમ જલાલુદ્દીનના હુકમ મુજબ માંગરોળમાં રહી ઇસ્લામનો પ્રચાર કરતા રહ્યા, જેમકે હઝરત મોઈનુદ્દીન ચિશ્તીએ વસવાટ કર્યો હતો. જમે મસ્જિદના શિલાલેખ ઉપરથી એમ જણાય છે કે માંગરોળનો હાકેમ ઈઝ્ઝુદ્દીન હતો. મિરાતે મુસ્તફાબાદના કર્તાએ મસ્જિદ પૂરી થવાની સાલ ખોટી લખી છે. અસલ શિલાલેખમાં ખતમ થયાની સાલ હિ. સ. ૭૮૫ છે. આ પૂરો શિલાલેખ પણ ઉપર લખ્યો છે.

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. ધર્મની જ્યોતમાં તેમને લીધે તેમના રાજ્ય દરમ્યાન પ્રકાશ આવ્યો, જે હંમેશ માટે કાયમ રહે !

૪. ઈઝ્ઝુદ્દીન બિન આરામશાહની કોશિશને લઈને ખુદાની મહેરબાનીથી આ સ્થળનો પાયો નંખાયો.

૫. એ તેના સમયમાં જ પૂરી થઈ. એવી આશા રાખવામાં આવે છે કે એના તમામ ગુના માફ થજો.

૬. પેગમ્બરની હિજરી ૭૦૦ ઉપર ૮૫ (૭૮૫) ની સાલ હતી.

૭. ઓહ ખુદા ! તારી મહેરબાની અને સહાનુભૂતિથી એ બાંધનારના તમામ ગુના બંને દુનિયામાં માફ કર અને સલામ.

તાહિર ઉસ્માન જાફરી"

આ મસ્જિદ બારથી પંદર સાલના સમય દરમ્યાન બનીને તૈયાર થઈ ગઈ. એ શિલાલેખ ઉપરથી એમ જણાય છે કે ઇઝ્ઝુદ્દીને એ સ્થળના હાકેમ તરીકે બરાબર પંદર સાલ પર્યંત કામ કર્યું હતું; પરંતુ એ નથી જણાતું કે અહીંની હકૂમતનો સંબંધ સીધો દિલ્હી સાથે હતો કે તે ગુજરાતના નાઝિમના હાથ નીચે કામ કરતો હતો. સૈયદના સિકંદર મસઊદ (રહ.) એ જ જગ્યાએ રહ્યા. તેમની ખાનકાહ (મઠ) માટે સુલતાન તરફથી એક ગામની ભેટ આપવામાં આવી તેનું નામ દેવલપુર હતું, તે બદલી મખ્દૂમપુર (અત્યારનું મકતુપુર) રાખવામાં આવ્યું. આજ પર્યંત તે એના ખાનદાનના કબ્જામાં છે. તેમનો જન્મ ઇ. સ. ૧૩૪૯ (હિ. સ. ૭૫૦)માં થયો હતો. ૭૫ વરસનું આયુષ ભોગવી ઈ. સ. ૧૪૨૧ (હિ. સ. ૮૨૫)માં બીજી દુનિયા તરફ તેમણે કૂચ કરી હતી. સામાન્ય રીતે માંગરોળના સૈયદો તેમના ખાનદાનમાંથી ઊતરી આવેલા છે. તેમની કબર ત્યાં જ છે. ત્યાં ઓરસ દર સાલ ભરાય છે. તેમની યાદગીરીની પવિત્ર વસ્તુઓમાંથી કેટલીક ખાસિયતોને લઈને ઉલ્લેખ કરવા યોગ્ય છે. દાખલા તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૈયદ રાજુ કત્તાલની લૂંગી મુલતાની બનાવટની હોવાથી જોવા લાયક છે. હઝરત ફખરુદ્દીન (રહ.)નો કાંશકો, સૈયદના સિકંદર મસજીદ (રહ.)નો અમ્મામો (ફેંટો) પણ કારીગરીને હિસાબે યાદગીરી તરીકે રાખવા જેવા છે. એક બીજી તાજુબી પમાડે એવી ચીજ કુરાન છે જે કાપડ ઉપર છે. મારો તો એવો અભિપ્રાય છે કે એને યાદગીરીની પવિત્ર ચીજો સાથે રાખવા કરતાં એક કાચની અલમારીમાં ખુલ્લું કરી રાખવામાં આવે તો સમય પર લોકો તેને જોઈ શકે. સૈયદના સિકંદર (રહ.) નો ઝભ્ભો પણ છે જે ઘણો જ બરકત આપનારો છે. એક સોનેરી કુરાને પાક પણ જોવામાં છે, જે હઝરત મખ્દૂમની મા સાથે સંબંધ ધરાવે છે. સંખ્યાબંધ ઝંડા છે જે મખ્દૂમ સૈયદ સિકંદરના જમાનાની માંગરોળની ફતેહની યાદગાર રૂપે છે. એક વિશેષ આકર્ષક વસ્તુ પથ્થરનો પ્યાલો છે જે તેની પારદર્શકતાને લઈને અંદરની ચીજોનું પ્રતિબિંબ બહાર ફેંકે છે. આ પ્યાલો ખરેખર કોઈ સફેદ પથ્થરનો છે, પરંતુ તે આરસપહાણ નથી. બહુધા તે પોખરાજ છે અને કોઈ હોશિયાર કારીગરે અંદર તેમજ બહારથી ઉત્તમ રીતે તેનું પોલિશ કર્યું છે. પુરાણા જમાનાની હિંદી કારીગરીનો એ એક જોવાલાયક નમૂનો છે. હઝરત નિઝામુદ્દીન ઔલિયા અને નસીરુદ્દીન ચેરાગ દહેલવીનાં પણ કેટલાંક કપડાં હતાં. જહાંગીરના સમયમાં બુખારી સૈયદો પણ એ જ સ્થળે આવી વસ્યા. તેમનો પૂર્વજ સૈયદ મુર્તઝા ફરીદખાન હતો. ઝફરખાને ગુજરાતમાં લગભગ આઠ દસ વરસ હકૂમત કરી અને આખરે ઇ. સ. ૧૩૯૯ (હિ. સ. ૭૭૧)માં તેનું અવસાન થયું.[૧] અફસોસની વાત છે કે આનાથી વિશેષ હકીકત ઝફરખાન વિશે મળી નથી. ખાસ કરીને ગુજરાતમાં તેણે કેવી રીતે રાજ્ય કર્યું, શી શી વ્યવસ્થા કરી, ગુજરાતના ઉમરાવો સાથે તેના કેવા સંબંધો હતા એ તમામ ઉપર અંધારપિછોડો છે.

---

૧. સિરાજ અફીફ, પૃ. ૫૦૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરિયાખાન (ઉર્ફે ઝફરખાન બીજો)

ગુજરાતનો નાઝિમ (ઇ. સ. ૧૩૬૯–હિ. સ. ૭૭૧)

પહેલા ઝફરખાનના અવસાન પછી ફીરોઝશાહ તઘલકે તેના વડા પુત્ર દરિયાખાનને ઝફરખાનનો ખિતાબ આપી પિતાની જગ્યાએ ગુજરાતના નાઝિમ તરીકે નીમ્યો. બાપનો વારસો મેળવી એ હરેક જાતની શાંતિ પ્રાપ્ત કરી વ્યવસ્થામાં રોકાયો. હરેક જગ્યાએ સલ્તનતની જમાવટ થઈ ગઈ હતી, તેથી તેને કંઈ પણ વધુ તકલીફ લેવી ન પડી. એ તેના પિતાનો સપૂત હતો. નિઝામતના તખ્ત ઉપર કદમ રાખતાં જ દરેક બાબત ઉપર ધ્યાનપૂર્વક એણે ઊંડો વિચાર કર્યો. સલ્તનતના દરેક ટુકડાની તપાસ કરી એવી ઉમદા વ્યવસ્થા કરી કે ગુજરાતના ખૂણે ખૂણામાં શાંતિ નજરે પડવા લાગી. તે ઉપરાંત આસપાસની સલ્તનતો ઉપર પણ તેનો પ્રભાવ પડવા લાગ્યો. જેમકે જ્યાંસુધી તે એ ઓધ્યા ઉપર રહ્યો ત્યાંસુધી દોલતાબાદ (દક્ષિણ)-ના લોકો એનાથી ડરતા રહ્યા. બાદશાહના ગોડિયાઓએ એક વખત સુલતાન ફીરોઝશાહને એવું જણાવ્યું કે 'ઝફરખાને દરબારમાં આપની પાસે રહેવું જોઇએ.' (મારી માન્યતા એવી છે કે ભવ્ય પ્રભાવથી ડરી બાદશાહ તેમજ રાજ્યના ઉમરાવોએ એવે બહાને બોલાવી લીધો કે તમારું દરબારમાં રહેવું વધુ જરૂરી છે.) આથી તે બાદશાહના દરબારમાં આવ્યો અને મલેક શમ્સુદ્દીન અબૂ રજાને ઇ. સ. ૧૩૭૮ (હિ. સ. ૭૮૧)માં નાયબ નાઝિમ તરીકે નીમવામાં આવ્યો. એ પહેલાં સામાનાનો નાયબ નાઝિમ હતો. મલેક શમ્સુદ્દીન અબૂ રજા એક તોફાની આદમી હતો, તેણે સામાંનાની માફક ગુજરાતમાં પણ હજારો જાતના જુલમો અને સિતમો શોધ્યા અને લોકોને હેરાન પરેશાન કરી નાંખ્યા. આથી આમદની પણ ઓછી થઈ ગઈ. સિરાઝ અફીફ લખે છે કે "મલેક શમ્સુદ્દીનને સામાના સૂબાની નિઝામત ઉપરથી બરતરફ કર્યો. તે પછી મજકૂર મલેક ગુજરાતની નિઝામત હાંસિલ કરી ગુજરાત પહોંચ્યો, એ સમયે સુલતાન ફીરોઝશાહ તરફથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતનો નાઝિમ ઝફરખાન બિન ઝફરખાન એટલે કે દરિયાખાન (ખુદા તેના ઉપર રહેમત કરે) હતો. ટૂંકમાં જ્યારે મલેક શમ્સુદ્દીન ગુજરાતમાં આવ્યો ત્યારે તેણે પણ અહીં નવી નવી પદ્ધતિઓ શોધી અજમાવી. સૂબાની હાલતમાં કંઈ પણ ફેર પડયો ન હતો, તેમ છતાં પહેલાંના જેવી વેરાની ફરીથી આવી ગઈ. કેટલાક દિવસ પછી એ મલેક અહીંથી પણ બરતરફ થયો અને ગુજરાતની રૈયતને મુક્તિ મળી."

ઝિયા-ઉલ-મુલ્ક અબૂ રન્ન (મલેક શમ્સુદ્દીન) આમ તો ઘણો વિદ્વાન મુત્સદ્દી હતો, પરંતુ સાથે સાથે અભિમાની પણ તેટલો જ હતો. બાદશાહ સિવાય કોઈની પરવા પણ ન કરતો. એ શાએર પણ હતો. કેટલીક દીવાન પણ બાદશાહ આગળ ધરી હતી. એ સા'દી સિરાઝીથી પોતાને કમ ગણતો ન હતો,[૧] આથી લોકો તેને ધિક્કારતા હતા. એ દિયાનતનો પણ સાચો ન હતો. જેમકે જ્યારે ગુજરાત આવવા માંડયું ત્યારે શાહી ખઝાનામાંથી તેવું હજાર સિક્કા (બહુધા ટંકા) સામાનાની તૈયારી માટે આપવામાં આવ્યા હતા જે તેણે છેવટ સુધી પાછા આપ્યા નહિ.[૨] લાંચ રુશવત લેવાની પણ ટેવ પડી ગઈ હતી. છેતરપીંડી કરવી એ પણ એને માટે કોઈ મોટી વાત ન હતી. જ્યારે બાદશાહનું ફરમાન આવ્યું કે સોદાગર નાઈલના ટાપુ (આફ્રિકા)માંથી હાથી લાવે અને તે રસ્તામાં મરી જાય તો તેની પણ કીમત બજનામાંથી આપવી. મલેક શમ્સુદ્દીન અબૂ રન્નએ કેટલાયે હાથીઓનું દામ આ પ્રમાણે મરી ગયા કહી વસૂલ કરી લીધું. ખરેખર એ બિલકુલ બનાવટી બિલ હતું.[૩] આ પરિસ્થિતિ તથા બનાવોને લઈને ગુજરાતની

૧. મિરાતે અહમદીમાં લખનારની ચૂકથી અને મિરાતે મોહમ્મદીમાં ભૂલથી અનવરખાન લખવામાં આવ્યું છે. "અબૂ રન્નયાન" મંડળના સભ્યને અબૂ રન્ન કહેવામાં આવે છે. સિરાજ અફીફ પૃ. ૪૫૪ કલકત્તા.

૨. પૃ. ૪૬૫ કલકત્તા.

૩. પૃ. ૪૬૦ કલકત્તા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુલેહશાંતિ તેમજ મહેસૂલમાં કમી આવી ગઈ. બાદશાહને વિચાર આવ્યો કે કોઈ ડાહ્યા પુરુષને ગુજરાત મોકલવાથી ત્યાંનો મામલો વ્યવસ્થિત થાય. શમ્સુદ્દીન દામગાની જે ઝફરખાનનો સગો હતો તેને ખબર પડી. તેણે પોતાને માટે કોશિશ કરવા માંડી. તે એક વજનદાર આદમી હતો અને દરબારમાં પણ એનું માન હતું, તેણે ઇમાદુલમુલ્કની મારફત દરખાસ્ત કરી. બાદશાહે જવાબ આપ્યો કે આદમી તો લાયક છે, પરંતુ ઘણો ફિતૂરી છે. હંમેશા એના તરફથી તોફાનનો ડર રહે છે. આ એક જાતનો ઇન્કાર હતો. તેમ છતાં ઇમાદુલમુલ્ક નિરાશ ન થયો અને તેને માટે લગાતાર કોશિશ કરવાનું ચાલુ રાખ્યું. એટલે સુધી કે બાદશાહે સંમતિ આપી અને હાજર થવાનો હુકમ કર્યો. હાજર થતાં તેને જણાવવામાં આવ્યું કે "શમ્સ દામગાની ! કંઇ જમીનગીરી પેશ કરો." દામગાનીએ કહ્યું કે "દરબારના ઉમરાવોમાંના જે શખ્સ માટે કહેવામાં આવે તેને જમીન તરીકે પેશ કરી શકું છું." હુકમ થયો કે "હઝરત શેખ નિઝામુદ્દીન ઔલિયાને (રહ.) જમીન તરીકે રાખો." તેણે જવાબ હકારમાં આપ્યો. આથી બીજે દિવસે બાદશાહ શમ્સુદ્દીન દામગાની સાથે હઝરત નિઝામુદ્દીન (રહ.)ની પવિત્ર દરગાહ પાસે ગયો અને પોતાની સામે કિબ્લા (મક્કા) તરફ ઊભા રહી સ્વીકાર કર્યો.[૧] પરંતુ સામાન્ય ઇતિહાસોમાં જણાવવામાં આવ્યું છે કે શમ્સુદ્દીન દામગાનીએ બાદશાહને વિનંતિપૂર્વક કહ્યું કે 'ગુજરાતના સૂબાની આમદની પુષ્કળ છે, પરંતુ દીવાન ખાનામાં લોકો સાફ સાફ સત્ય વાત કહેતા નથી. જો આ સૂબો મને સોંપવામાં આવે તો વાર્ષિક આમદની બે કરોડ ઉપરાંત, ૧૦૦ હાથી, ચાળીસ લાખ ટંકા અને ચારસો હિંદી, અને હબશી ગુલામ, અને અરબી અને ઇરાકી ઘોડાનો શાહી ખજાનામાં ઉમેરો કરતો રહું.' બાદશાહે જવાબ આપ્યો કે ઝફરખાન બીજાનો નાયબ શમ્સુદ્દીન અબૂ રજા જે હાલમાં ગુજરાતમાં કામ કરે છે

---

૧. પૃ.૪૮૫, ૨. પૃ. ૪૮૬ ૩. સિરાજ અફીફ, પૃ. ૫૦૦ કલકત્તા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને જણાવવું. જો તે પણ આ વધારાની રકમ આપવા કબૂલ કરે તો તે જ એનો વધારે હકદાર છે. આથી શમ્સુદ્દીન અબૂ રજાને જ્યારે આ બાબતની ખબર આપવામાં આવી ત્યારે તેણે આ વાત નામંજૂર કરી. દામગાનીને દરબારમાં બોલાવવામાં આવ્યો. સોનેરી કમરપટ્ટો, ભાલો અને ચોકોલ (પાલખીનો પ્રકાર) તેને અર્પણ કરી ગુજરાતની નિઝામત તેને સોંપવામાં આવી. આ બનાવ ઈ. સ. ૧૩૭૯ (હિ. સ. ૭૮૧)નો છે.[૧]

શમ્સુદ્દીન દામગાની

ગુજરાતનો નાઝિમ—(ઈ. સ. ૧૩૭૯-હિ. સ. ૭૮૧)

દામગાન એક શહેરનું નામ છે, જે કોહિસ્તાનમાં આવેલું છે. કોહિસ્તાનને ઈરાનનો એક પ્રાંત ગણવામાં આવે છે.[૨] શમ્સુદ્દીન દામગાની

---

૧. સામાન્ય ઇતિહાસકારોએ આ બનાવ હિ. સ. ૭૭૮ (ઇ. સ. ૧૩૭૬)નો લખ્યો છે. પરંતુ ફીરોઝશાહીનો કર્તા જણાવે છે કે હિ. સ. ૭૮૨ (ઈ. સ. ૧૩૮૦)માં દામગાનીએ બળવો કર્યો. (પૃ. ૪૯૭). અને એ તો સચોટ વાત છે કે દામગાની ફક્ત એક સાલ ગુજરાતનો નાઝિમ રહ્યો. આ હિસાબે અબૂ રજાની બરતરફી અને દામગાનીની નિમણૂક હિ. સ. ૭૮૧ (ઈ. સ. ૧૩૭૯)માં થઇ. મિરાતે મુસ્તફાબાદના કર્તાએ અબૂ રજાનો ઉલ્લેખ ઝફરખાન પહેલાંના સમયમા કર્યો છે એ કોઈપણ રીતે સત્ય નથી. (સિરાજ અફીફ પૃ, ૪૯૪ કલકત્તા અને મિરાતે અહમદી પૃ. ૩૯ ભાગ ૧ કલકત્તા) અબૂ રજા દરિયાખાન (ઝફરખાન બીજા) ના સમયમાં નાયબ નાઝિમ હતો. ઝફરખાન પહેલાનું અવસાન હિ. સ. ૭૭૧માં થયું. (સિરાજ અફીફ ૪૦૫) આથી તો જૂનાગઢ ઉપર તેણે હુમલો કર્યો હશે તો ઝફરખાન બીજાના સમયમાં, નહિ કે સૈયદ સિકંદર સાથે; જેમકે કર્તાએ લખ્યું છે વળી મિરાતે અહમદીનો આધાર પણ સત્ય નથી, કારણ કે તેણે જૂનાગઢના હુમલાનો કંઇ પણ ઉલ્લેખ કર્યો નથી. તે ઉપરાંત ચડાઈ કરનારનું નામ શમ્સખાન હતું ન કે શમ્સુદ્દીન.

૨. ફરહંગે રશીદી પૃષ્ઠ ૩૦૪ કલકત્તા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ સ્થળનો વતની હતો. શમ્સુદ્દીન ઠાઠમાઠ સહ ગુજરાત પહોંચ્યો અને મુલ્કની વ્યવસ્થામાં રોકાયો. પરંતુ કેટલાક દિવસ પછી એને માલૂમ પડ્યું કે વાયદો અદા કરવો મુશ્કેલ છે. તેથી તેણે હરેક તરફથી માલ દોલત સમેટવાનું શરૂ કર્યું અને બળજબરીથી લોકો પાસે વસૂલ કરવા માંડ્યું, મોટા મોટા સરદારો અને ખાસ કરીને સદ્દા અમીરો નારાજ થયા. તે પછી તેણે પરદેશી લોકોને છોડી દેશભાઈઓ સાથે સંબંધ બાંધ્યો. ઠાકોરો અને દેશીરાજાઓ સાથે સુલેહશાંતિ કરી ખુદમુખ્તારીનું સ્વપ્નું સેવવા લાગ્યો. એ જ ઈરાદાથી તેણે વાર્ષિક ખંડણી પણ દિલ્હી ન મોકલી અને પોતાની ખુદ મુખ્તારીની જાહેરાત કરી દીધી. ગુજરાતના મુસ્લિમો અને ખાસ કરીને સદ્દા અમીરો પહેલેથી જ નારાજ હતા અને જાહેરાતથી વધુ ઉશ્કેરાયા. મલેક શેખ ફૂલમાલ અને શેખ ફરીદુદ્દીન વગેરે વહેલી સવારે દરબાનની કતલ કરી ભાલા સાથે મકાનમાં દાખલ થયા અને દામગાનીની કતલ કરી.[૨] આ પહેલાં લોકોએ એક દરખાસ્ત પાદશાહ પાસે રવાના કરી દીધી હતી, જેમાં દામગાની વિશે શિકાયત કરી હતી. એ અરજી પાદશાહ આગળ પેશ કરવામાં પણ આવી ન હતી એટલામાં સદ્દા અમીરોના ઝડપી કાસિદે બળવાખોર દામગાનીનું મસ્તક બાદશાહ આગળ પેશ કર્યું. લોકોએ ખુદાનો આભાર માન્યો કે એ બળવો દિલ્હીથી ફોજ મોકલ્યા વગર દબાઈ ગયો. આ સમયે ગુજરાતની આમદની વાર્ષિક ૨૦ લાખ ટંકા હતી.[૩]

---

૧. ફીરોઝશાહી સિરાજ અફીફ પૃ. ૫૦૨ કલકત્તા. તબકાતે અકબરીના કર્તાએ એનાથી જુદું જ લખ્યું છે. અર્થાત્ દામગાનીએ સદ્દા અમીરોને મળી બળવો કર્યો અને દિલ્હીથી સુલતાની લશ્કરે આવી તેની કતલ કરી. એમાં કોઈપણ રીતે સત્યતા નથી. એનો સમકાલીન બદાયૂની પણ સંમત નથી. પરંતુ તે ફરિશ્તાનું અને ફીરોઝશાહી સમર્થન કરે છે.

૩. ઇલિયટનો ઇતિહાસ ભા. ૩, ૩૪૫-૩૮૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મલેક મુફર્રહ સુલતાની (ખિતાબ "ફરહતુલ્મુલ્ક")

ગુજરાતનો નાઝિમ (ઈ. સ. ૧૩૮૦ – હિ. સ. ૭૮૨)

શમ્સુદ્દીન દામગાનીની કતલ પછી મલેક મુફર્રહ નિઝામ શાહ સુલતાનીને 'ફરહતુલ્મુલ્ક'નો ખિતાબ આપી ગુજરાતનો નાઝિમ બનાવવામાં આવ્યો. ફરહતુલ્મુલ્કનું અસલ નામ રાસ્તીખાન બિન મલેક ફરહુલ્મુલ્ક હતું. તેણે ગુજરાતમાં આવી રાજ્યનો યોગ્ય બંદોબસ્ત કર્યો. સહુ અમીરોને રાજી કરી સુંદર મૈત્રી બાંધી. કોળીઓને પણ યોગ્ય શિક્ષા કરી. થોડા દિવસ પછી હરેક બાજૂએ શાંતિ નજરે પડવા લાગી અને મલેક મુફર્રહ આરામથી જિંદગી ગુજારવા લાગ્યો. એ સમયે હઝરત જલાલુદ્દીન જહાનિયાન જહાન ગશ્ત (રહ.) સોમનાથ નજીક આવેલા માંગરોળ બંદરે આવ્યા. બહુધા હઝરત સૈયદ સિકંદર (રહ.)ની મુલાકાત માટે આવ્યા હશે. ત્યાંસુધી માંગરોળમાં જામે મસ્જિદ પૂરી બંધાઈ ચૂકી ન હતી. આથી મારું માનવું છે, કે તેમણે એક બીજી નાની સરખી મસ્જિદ બનાવી રાખી હશે. આજકાલ તે "મસ્જિદે રહમત"ના નામથી ઓળખાય છે. તે ભાંગી તૂટી સ્થિતિમાં છે. વસ્તીથી પણ સહેજ દૂર છે. તે ઉપર જે શિલાલેખ છે તે નીચે પ્રમાણે છે; જે વાંચી નથી શકાયું ત્યાં ટપકાં મૂકવામાં આવ્યાં છે:– "આ મસ્જિદે રહેમત કાઝીઓના કાઝી...કાઝી... સૈયદોના સૈયદ, શેખોના શેખ, કુત્બુદ્દુનિયા, જલાલુલ્હક્ક વશરઅ વદ્દીન, મહાન સુલતાન, સખાવત અને ઉદારતાના માલિક...ખુદાની મહેરબાનીથી...અબુલ્ મુ�ઝફ્ફર ફીરોઝશાહુસ્ સુલતાન (ખુદા તેના રાજ્યને આબાદ કરો) હિ. સં. ૭૮૪," એ જ સમયે ઇડરનો રાજા રણમલ્લ નામનો હતો. મલેક મુફર્રહે તેની પાસે ખંડણી માગી હશે અને તેણે પોતાણી આદત મુજબ ઈન્કાર કર્યો હશે, અને આ બન્ને વચ્ચે લડાઇનું કારણ થયું હશે. "રણમલ્લછંદ"ના કર્તા શ્રીધર વ્યાસે (હિ. સ. ૮૦૦) મીઠું મરચું ભભરાવી એ હકીકતો લખી છે, તે એ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમયનો મશહૂર દરબારી શાએર હતો. તેણે લખ્યું કે "મલેક મુફર્રહે ઇડર ઉપર ચડાઇ કરી, પરંતુ રાજાએ તેને સખ્ત હાર આપી. તેણે પહેલાં શમ્સુદ્દીન દામગાનીને (પૃ. ૪) હરાવ્યો અને તે ઝફરખાન બીજા એટલે કે દરિયાખાનને પણ હાર આપી ચૂકયો હતો. (પૃ. ૬)"

મલેક મુફર્રહ સાથે લડાઈ થઇ અને તે હાર્યો. તે જ્યારે ઘણો જ હેરાન પરેશાન હતો ત્યારે તેનો આખરી સમય (લગભગ ઇ. સ. ૭૯૩ જેટલો) હશે. એ લડાઇમાં મોડાસાના થાણદાર મીર રેહમાન (પૃ. ૩) અને લશ્કરનો સરદાર ખવાસખાન (પૃ. ૮) તેની સાથે હતા. લડવામાં બંગાળી, મોગલ, મલેક, તુર્ક વગેરે હરેક જાતના લોકો હતા. (પૃ. ૯) જાનજી કમાલ અને ખિદમતખાન પણ કોઈ મશહૂર અમલદાર હતા. (પૃ. ૧૦) રાજાની મદદ માટે રાજા કહાનડ પણ સાથે હતો. તે રજપૂતાનાના સંભર નામના શહેરમાં રાજય કરતો હતો. શાએરનું કહેવું છે કે મુસલમાનો હારી ગયા અને સત્તર હજાર માણસો માર્યા ગયા (પૃ. ૧૨). એ ઉપરથી એમ પણ જણાય છે કે મુસલમાન સૈનિકો તે વખતે નમાઝ બરાબર પઢતા હતા. રણક્ષેત્રમાં પણ તેઓ નમાઝ ભૂલતા ન હતા. (પૃ. ૯) જંગમાં તરવાર, તીર, ભાલા ઉપરાંત મગદળોનો પણ ઉપયોગ થતો હતો.[૧] (મેં જે રિસાલો 'રણમલ્લ છંદ' ઉપર ટીકા રૂપે લખ્યો છે તેમાં આ બાબતનું વિગતવાર વર્ણન કર્યું છે તે ગુજરાતી ભાષામાં છાપવામાં આવ્યો છે.)

હવે ફીરોઝશાહ તગલક વૃદ્ધ અને અશકત થઇ ગયો હતો, તેણે રાજ્યનો તમામ કારભાર ખાને જહાન વઝીરને સુપ્રત કર્યો. વઝીર હરેક કામ પોતાની મરજી મુજબ કરવા લાગ્યો, આ કારણથી શાહઝાદા મોહમ્મદશાહ બિન ફીરોઝશાહ અને વઝીર વચ્ચે અણબનાવ થયો. વઝીરે પોતાની તાકતનો અંદાજ કાઢી એવો વિચાર કર્યો કે જો વચ્ચેથી શાહઝાદાને કાઢી મૂકવામાં આવે તો એ સલ્ત-

---

૧. રણમલ્લ છંદ—શ્રીધર વ્યાસ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નતના ગુલામમાં કાંટારૂપ રહેશે નહિ; આથી બાદશાહ આગળ વિનંતિપૂર્વક તેણે જણાવ્યું કે "મોહમ્મદશાહ કેટલાક ઉમરાવો સાથે મળી પોતે સલ્તનતનું તખ્ત હાંસિલ કરવાની કોશિશ કરી રહ્યો છે." આ સાંભળી બાદશાહને દીલગીરી થઈ. એ તમામને ગિરફ્તાર કરવાનું તેણે ફરમાન કર્યું. આથી ખાને જહાન વઝીરે ઘણા ઉમરાવોને યુક્તિ પ્રયુક્તિથી ગિરફ્તાર કર્યા. એ લોકોમાં ઝફરખાન બીજો નાઝિમ પણ શામેલ હતો. વઝીરે આખરે એ જ ધમાલમાં તેની કતલ કરી. પરંતુ શાહઝાદો મોહમ્મદશાહ કોઇપણ રીતે હાથમાં આવ્યો નહિ. તેને વઝીરની ખરાબ દિયાનતની ખબર પડી ગઇ હતી તેથી તેણે પોતાના અંગરક્ષણની વ્યવસ્થા સંપૂર્ણ રીતે રાખી હતી. કેટલાક દિવસ પછી પાલખીમાં બેસીને ફીરોઝશાહ પાસે પહોંચ્યો. ચોબદારોને તેણે કહી દીધું કે કોઈ રોકટોક કરે તો જણાવવું કે મોહમ્મદશાહની બેગમ સુલતાનને મળવા જાય છે. ટૂંકમાં મોહમ્મદશાહ બાદશાહની ખિદમતમાં સશસ્ત્ર પહોંચ્યો અને વિનંતિપૂર્વક કહ્યું કે વઝીર ખાને જહાન પંડે સલ્તનત પચાવી પાડવાની ઇચ્છા રાખે છે અને તેથી જ આપને મારી બાબતમાં શંકાશીલ કર્યા. ખાને જહાનને કતલ કરવાનો હુકમ કરવામાં આવ્યો. આથી એક દુકડીએ તેના મકાન ઉપર હુમલો કર્યો. તે પણ પુષ્કળ લડયો અને આખરે જખ્મી થઈ અંદર ચાલ્યો ગયો. જ્યારે સ્થિતિ પ્રતિકૂળ લાગી ત્યારે મકાનના પાછલા દરવાજાથી નીકળી મેવાતના રાજા "કોકા ચૌહાણ" પાસે જઈ આશ્રય લીધો. મોહમ્મદશાહના લશ્કરે વઝીરનું મકાન માલ અને અસબાબ સહુ લૂંટી લીધું અને તેના પક્ષના ઉમરાવોને પણ તરવારથી કતલ કર્યા. એ બાબતથી શાંતિ કરી મોહમ્મદશાહ ફીરોઝશાહ પાસે ગયો. સુલતાન ફીરોઝશાહે તેને 'વઝીરે મુલ્લક' (સ્વતંત્ર વઝીર)ના ઓધ્ધા ઉપર નીમી, 'નાસિરૂદ્દુનિયા વદ્દીન'નો ખિતાબ આપ્યો. અને સલ્તનતનાં તમામ કાર્યો તેને સોંપી પોતે ખુદાની બંદગીમાં વખત ગાળવા લાગ્યો, શુક્રવારને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિવસે ખુત્બામાં બંનેનાં નામ પઢવામાં આવ્યાં. આ બનાવ હિ. સ. ૭૮૯ (ઇ. સ. ૧૩૮૭)ના શાબાન મહિનાનો છે.

મલેક યાકૂબ સિકંદરખાન

ગુજરાતનો નાઝિમ (ઈ. સ. ૧૩૮૭-હિ. સ. ૭૮૯)

મોહમ્મદશાહ બિન ફીરોઝશાહ તગલકે સલ્તનતનો કબ્જો લીધો ત્યારે પોતાના પક્ષના ઉમરાવોને ખિતાબો અને જાગીરો આપ્યાં તેઓમાં મલેક યાકૂબ મોહમ્મદ હાજી પણ હતો, જેને 'સિકંદરખાન'નો ખિતાબ આપી ગુજરાતનો નાઝિમ બનાવવામાં આવ્યો. સિકંદરખાનને એક ફોજ આપી ગુજરાત મોકલ્યો અને તેને તાકીદ કરી કે તમારે ખાને જહાન વિશેનો બંદોબસ્ત મેવાતમાં કરતા જવું. આથી સિકંદરખાને મેવાત પહોંચી જંગનો પાયો નાખ્યો. મેવાતના રાજાએ જોયું કે બીજાઓને લીધે નકામી બલા માથે વહોરવી પડે છે તેથી ખાને જહાનને પકડી સિકંદરખાનની પાસે તેને મોકલ્યો. સિકંદરખાને કતલ કરી તેનું માથું મોહમ્મદશાહ પાસે મોકલ્યું. સિકંદરે આ વાતથી ફારેગ થઈ ગુજરાત તરફ જવાનો ઇરાદો કર્યો. એક પછી એક મંઝીલ કાપતો તે ગુજરાત પહોંચ્યો, પરંતુ ફરહતુલમુલ્કે સૂબાનો કબ્જો સોંપવાનો ઇન્કાર કર્યો અને લડાઈ માટે તૈયાર થઇ ગયો. ઊંડો વિચાર કરવાથી એ વાત સાફ જણાઈ આવે છે કે ફરહતુલમુલ્ક ખાને જહાનની તરફદારી કરનારાઓમાંનો એક હતો, અને તેથી સિકંદરખાનનું આવવું તેને ગમ્યું નહિ. ફરહતુલમુલ્કની વ્યવસ્થા પાકી હતી અને સદ્ધા અમીરો તેનો પક્ષ ખેંચતા હતા, રૈયતનું તેને પીઠબળ હતું, આથી બંનેની લડાઈમાં ફરહતુલમુલ્ક જીત્યો અને સિકંદરખાન માર્યો ગયો. મોહમ્મદશાહ જ્યારે શિકાર કરતો હતો ત્યારે તેને આ બનાવની ખબર પડી. દિલ્હી પાછા આવી ફરહતુલમુલ્ક ઉપર વેર લેવાની તેણે કંઈ પણ કોશિશ ન કરી, પરંતુ ઐશઆરામમાં મશગૂલ થયો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી રાજ્યના ઉમરાવોને અવિશ્વાસ થયો અને તેની વિરુદ્ધ કાવતરું કર્યું. પરિણામે બળવો થયો. ખરી વસ્તુસ્થિતિથી વાકેફ થઈ મોહમ્મદશાહે ફોજી શક્તિથી તે દબાવવાની ઇચ્છા કરી, પરંતુ પાણી માથા ઉપરથી પસાર થઇ ગયું હતું. આખરે લાચાર થઈ ફોજી સત્તાનો ઉપયોગ શરૂ કર્યો. લડાઇ થઈ. દુશ્મનોની હાર થઈ. તેમણે ફીરોઝશાહ તગલક પાસે જઈ આશ્રય લીધો. એ દિવસ પર્યંત દુશ્મનો કે જેઓમાં ફીરોઝશાહના ગુલામોનો મોટો ભાગ હતો તેઓ હારની લડાઈ લડ્યા અને આખરે કંટાળી ફીરોઝશાહ તગલકને તખ્ત ઉપર બેસાડી બહાર લાવ્યા. લોકોએ રણક્ષેત્રમાં બાદશાહને છત્ર નીચે શાહી પોશાકમાં ઊભેલો જોયો ત્યારે મોહમ્મદશાહને છોડી તમામ પાદશાહના તરફદાર થયા. આવી રીતે વિજેતા હાર્યો. મોહમ્મદશાહ કેટલાક સાથીઓ સાથે સરમૂરના પહાડ તરફ નાસી છૂટ્યો. બાદશાહ દિલ્હી પાછો આવ્યો અને 'તગલકશાહ બિન ફતહખાન બિન ફીરોઝશાહ તગલક' એટલે કે પોતાના પૌત્રને 'ગિયાસુદ્દીન'નો ખિતાબ અર્પણ કરી, તખ્તનશીન કર્યો. આ બનાવ ઈ સ. ૧૩૮૮ (હિ. સ. ૭૯૦) નો છે. હિ. સ. ૭૯૦ (ઇ. સ. ૧૩૮૮) ના રમઝાનની ૧૮ મી તારીખે ફીરોઝશાહ તગલકે આ ફાની દુનિયામાંથી કૂચ કરી[૨] અને તગલકશાહ દિલ્હીનો સ્વતંત્ર બાદશાહ થયો. ફીરોઝશાહનો સમય એક મુબારક જમાનો હતો. જ્યાંસુધી સલ્તનતની લગામ ખુદ તેના હાથમાં રહી ત્યાંસુધી મુલકમાં ભાગ્યેજ અશાંતિ જણાતી. કોઇપણ શખ્સને તેના તરફથી નાહક તકલીફ ન થાય તે માટે એ બને તેટલી કોશિશ કરતો હતો. પોતાના રાજ્ય દરમિયાન સલ્તનતના જુદા જુદા ખૂણા તરફ એ લક્ષ આપતો. "ફુતૂહાતે ફીરોઝી"નો અભ્યાસ કરવાથી એ બાબત ઉપર પૂરતો પ્રકાશ પડે

---

૧. તબકાતે અકબરી પૃ. ૧૧૯ નવલકિશોર.

૨. કેટલાક લોકોએ રમઝાનની ૧૩ તારીખ લખી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. અનાજ વગેરેના ભાવ માટે પણ તેણે એક કાયદો કર્યો હતો. અને નીચે પ્રમાણેના ભાવ તેણે મુકરર કર્યા હતાઃ

			નોંધ
અનાજ	જીતલ	દર મણ	જીતલ એટલે હાલનો પૈસો,
ઘઉં	૮	,,	અને એક મણ ૧૪
જવ-જુવાર	૪	,,	પાકા શેરનો.
ચણા	૪	,,	
ભરડો	૪	,,	
ઘી	૨½	દર શેર	
ખાંડ	૩½	દર શેર	
દ્રાક્ષ	૧	દર શેર	

આવી રીતે મુલ્કની આબાદી માટે પણ હંમેશાં કોશિશ કરતો રહેતો; ખાસ કરીને ગુલામોની એક મોટી સંખ્યા તેની પાસે જમા થઇ ત્યારે બીજા મુલ્કોની માફક ગુજરાતમાં પણ ઘણાંખરાં શહેરોમાં તેમનો વસવાટ કરાવ્યો અને જાગીરો આપી, તેમજ તેમના ગુજરાન માટે યોગ્ય બંદોબસ્ત કર્યો; આથી ગુજરાતની વસ્તીમાં ઘણો વધારો થયો. જેમકે ફીરોઝશાહીમાં જણાવવામાં આવ્યું છે કેઃ—

" અને કેટલાકને સામાના અને કેટલાકને ગુજરાત અને આવી રીતે જુદા જુદા ભાગોમાં વસવાટ માટે મોકલ્યા. અને આમ બીજા સૂબાઓમાં જાગીર અને વઝીફા આપી વસાવ્યા. "[૧] કેટલાક લોકો એવા પણ હતા જેને માસિક પૈસા મળતા હતા. જેમકે કેટલાકને એકસો, કોઈને પચાસ અને કેટલાકને ૨૫ ટંકા મળતા.[૨] અને કોઇપણ શખ્સને ૧૦ ટંકાથી ઓછી રકમ મળતી નહિ. આ પ્રમાણે ગણતાં તદ્દન અદના આદમીને પણ ૨૫ રૂપિયા માસિક પગાર મળતો હતો.

૧. સિરાજ અફીફની તારીખે ફીરોઝશાહી પૃ. ૨૭૦ પ્રેસ કલકત્તા
૨. મજકૂર કિતાબ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફીરોઝશાહના[૧] સમયના સિક્કા નીચે પ્રમાણે છે :

એક બાજૂ	બીજી બાજૂ
અમ્મસુલ્તાનુલ્આઝમ	ફી ઝમનિલ્ ઈમામ
ઐફ્ અમીરૂલ્ મોમિનીન	અમીરૂલ્ મોમિનીન
અબુલ્મુઝફ્ફર ફીરોઝશાહિસ્	અબૂલ્ફત્હ
સુલ્તાની ખલ્લદન મુલ્કુહુ	ખલ્લદત ખિલાફતોહુ.

ગિયાસુદ્દીન તગલકશાહ બિન ફતહખાન બિન ફીરોઝશાહ

તગલક હિ. સ. ૭૯૦ (ઈ. સ. ૧૩૮૮) શવ્વાલ

તગલકશાહ એક બિનઅનુભવી નવજવાન હતો. તેણે પોતાનો ઘણોખરો સમય એશઆરામમાં ગાળ્યો. તે સલ્તનના કારભારમાં બેપરવા હતો. આ જોઈ તેના ભત્રીજા અબૂ બક્ર બિન ઝફરખાને યુક્તિ રચવાનું શરૂ કર્યું. નાયબ વઝીર મલેક રુકનુદ્દીન અને બીજા ઉમરાવોને મળી બળવો કરવાની તૈયારી કરી. મોટા મોટા ઘણા ઉમરાવોની કતલ કરી. આખરે તગલકશાહનો વારો આવ્યો. ખાને જહાન અને તગલકશાહે જ્યારે જાણ્યું કે સમય હાથથી ગયો છે ત્યારે જમના નદી તરફના દરવાજાથી નાસી છૂટયા, પરંતુ નાયબ વઝીર મલેક રુકનુદ્દીન મોતના ફરિસ્તાની જેમ આવી સામો ઊભો રહ્યો. તેણે બંનેને પકડી મારી નાખ્યા અને ચેતવણીરૂપે તેમનાં માથાં

---

૧. નોંધઃ—ફીરોઝશાહ તગલકના જમાનામાં નીચેના અબ્બાસી ખલિફાઓ મિસરમાં રહેતા હતા :

૨. અબુલ્ અબ્બાસ અહમદ અલ્હાકિમ બેઅમ્રિલ્લાહ

૩. અબુલ્ફત્હ (અબૂ અબ્દુલ્લાહ) અલ મોઅતઝિદ બિલ્લાહ. સિક્કાના નામો :

૧. ચહલોહસ્તગાની, (૨) બીસ્તો પન્જગાની, (૩) બીસ્તો ચહારમાની, (૪) દવાઝદાગાની, (૫) હશ્તગાની, (૬) શશગાની, (૭) જીતલ, (૮) અદ્ધા, (અર્ધો જીતલ), (૯) બીગા (૧/૩ જીતલ), (૧૦) ટંકા (જે સોનું અને ચાંદી બંનેના બનતા હતા.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરવાજા ઉપર લટકાવ્યાં. આ બનાવ હિ. સ. ૭૯૧ (ઇ. સ. ૧૩૮૮)ના સફર મહિનાની ૨૧મી તારીખનો છે. ગિયાસુદ્દીને નાઝિમોમાં કંઈક ફેરફારો તો કર્યા, પરંતુ ગુજરાતપ્રાંત ઉપર ફરહતુલ્-મુલ્કને કાયમ રાખ્યો આથી તેણે વધુ બેપરવાઈથી શાહી અમલદારો સાથેનું વર્તન શરૂ કર્યું.

તગલકશાહના સિક્કા

	એક બાજૂ	બીજી બાજૂ
૧	તગલકશાહ સુલ્તાની ઝુરેઅત બેહઝરતે દિલ્હી	નાયમ અમીરુલ મોમિનીન સન ૭૯૦
૨	તગલકશાહ સુલ્તાની	અબૂ અબ્દુલ્લાહ સન ૭૯૦

સુલતાન અબૂ બક્ર બિન ઝફરખાન તગલક બિન ફીરોઝશાહ

(હિ. સં. ૭૯૧) (ઇ. સ. ૧૩૮૮)

તગલકશાહને મારી નાખવામાં આવ્યો ત્યારપછી અબૂ બક્ર બિન ઝફરખાન તખ્તનશીન થયો અને મલેક રુકનુદ્દીને વિઝારતની કલમદાન સંભાળી. તેની સલ્તનત દિલ્હીમાં મજબૂત થઈ ગઈ તેમ છતાં સામાનાના સદ્દા અમીરોએ બળવો કર્યો અને નગરકોટમાં આશ્રય લઈ રહેલા મોહમ્મદશાહને આગ્રહપૂર્વક બોલાવી બાદશાહ બનાવ્યો. મોહમ્મદશાહે ઘણીવાર ફોજ તૈયારી કરી હુમલા કર્યા, પરંતુ હરેક વખતે અબૂ બક્રે હાર આપી તેની ફોજને વિખેરો નાખી. આખરે સુલતાની દરવાનની દગાબાજીથી મોહમ્મદશાહે તખ્તનો કબજો લીધો અને અબૂ બક્ર મેવાત નાસી છૂટ્યો. સુલતાન મોહમ્મદશાહે તેનો પીછો પકડી ગિરફતાર કર્યો. મીરઠના કેદખાનામાં તે મરી ગયો. આ બનાવ હિ. સ. ૭૯૨ (ઇ. સ. ૧૩૮૯)ના ઝુલ્હજ્જની ૨૦મી તારીખનો છે. એ અરસા દરમ્યાન પણ રાસ્તીખાન ફરહતુલ્મુલ્ક ગુજરાતનો નાઝિમ રહ્યો. તેણે આ ખાનાજંગીનો ઘણો લાભ ઉઠાવ્યો. તેણે પોતાની સલ્તનત મજબૂત કરવામાં કંઈ કમી રાખી નહિ. હવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેના દિમાગમાં ખુદમુખ્તારીની હવાએ રસ્તો કર્યો. મોટા મોટા ઉમરાવો અને ખાસ કરીને સદ્ર અમીરોને રાજી કરી સામાન્ય વર્ગના લોકોને પણ મનાવી લેવાની તેણે કોશિશ શરૂ કરી. જેમકે આમ લોકોની હમદર્દી હાંસિલ કરવા માટે ગેર મુસ્લિમોની અયોગ્ય તરફદારી શરૂ કરી. અને ધીમે ધીમે એ બાબતમાં એટલી બધી હદે ગયો કે હિંદુ રૈયતને માટે મુસલમાન રૈયતને નારાજ કરી.

ફતહખાન તો ૨૫ વરસની ઉમરે પિતાની પૂર્વે અવસાન પામ્યો હતો. ફીરોઝશાહ બિન ઝફરખાન એટલો બધો મશહૂર નથી કે ઇતિહાસમાં પણ એનું નામ રાખે. મિરાતે અહમદીમાં ગિયાસુદ્દીન તગલક બિન ફતહખાન વિશે લખવામાં આવ્યું છે કે તે પણ ફીરોઝશાહ કહેવાતો હતો, પરંતુ કોઇ પણ ઇતિહાસમાં એ વાતને સમર્થન મળતું નથી. ફતહખાનના સિક્કા ઉપર એક જગ્યાએ હિ. સ. ૭૯૧ છે અને એ જ સાલ અબૂ બક્ર બિન ઝફરખાનની છે, તેથી કયાં તો એમ માનવું પડશે કે ફીરોઝશાહ બિન ઝફરને પણ કેટલાક દિવસ માટે બાદશાહ બનાવવામાં આવ્યો હતો, અથવા તો અબૂ બક્રનું બીજું નામ તખ્તનશીની પછી ફીરોઝશાહ રાખવામાં આવ્યું હતું. અને એ જ વધારે સંભવિત છે.[૧]

એ સિવાય બીજી કંઈજ નથી કે તે વારસ હતો અને સલ્તનતના કારભારમાં ઘણું જ માથું મારતો હતો તેથી સિક્કા અને ખુત્બા તેના નામથી ફીરોઝશાહ તગલકે જારી કર્યા હશે. જેમકે આખરી અવસ્થા દરમિયાન મોહમ્મદશાહ બિન ફીરોઝશાહ સાથે થયું. મૌલવી ઝકાઉલ્લાએ પોતાની તારીખે હિંદમાં પણ એમ જ લખ્યું છે.

---

૧. **નોંધ**:—ફીરોઝશાહના સિક્કા મેં જોયા તે એક ફતહખાન બિન ફીરોઝશાહનો અને બીજો ફીરોઝશાહ બિન ઝફરખાન બિન ફીરોઝશાહ તગલકનો, પરંતુ ઇતિહાસોમાં એ બંનેની સલ્તનત વિશે એક શબ્દ પણ લખવામાં આવ્યો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાસિરુદ્દીન મોહમ્મદશાહ તઘલક

(ઇ. સ. ૧૩૮૯–હિ. સ. ૭૯૨)

નાસિરુદ્દીન મોહમ્મદશાહને હરેક પ્રકારની શાંતિ હાંસિલ થઈ ત્યારે સલ્તનતના મામલા તરફ ધ્યાન આપ્યું. પ્રથમ તો ફીરોઝશાહી ગુલામોનું જડમૂળ કાઢી નાખવાને કમર કસી. તેઓ બેહદ તોફાની અને બળવાખોર થઈ ગયા હતા. જ્યારે એ દિશામાં પણ શાંતિ મળી ત્યારે બીજી બાબતો તરફ લક્ષ આપ્યું. ગુજરાતની નિઝામત તે સમય પર્યંત ફરહતુલ્મુલ્ક રાસ્તીખાનના હાથમાં હતી, તેના સમયમાં જ બૈતુલ્લાહની હજ તથા ઝિયારતના ઇરાદાથી હઝરત મખ્દૂમ શેખ અહમદ ખટ્ટૂ પાટણ (નહરવાલા) આવ્યા[૧] અને રાસ્તીખાનના પિતા મલેક ફતહુલ્મુલ્કને મળી ખંભાત ગયા,[૨] અને ત્યાંથી સમુદ્રમાર્ગે મક્કા મોઅઝમા ગયા. રાસ્તીખાને ગુજરાત ઉપર બાર વરસ હકૂમત કરી. ફીરોઝશાહી ખાનદાનની માંહોમાંહેની તકરારનો લાભ લઈ તે મીન્જી થઇ ગયો. એણે અહીંના ઠાકોરો અને રાજાઓને મળી આપખુદીનું સ્વપ્નું જોયું. તે મલેક યાકૂબ સિકંદરખાનની ફોજને તે હરાવી ચૂકયો હતો અને તેનો બદલો લેવાને માંહોમાંહેની તકરારને લઈ ને દિલ્હીથી એક પણ ફોજ આવી નહિ, તેથી તેણે ધાર્યું કે મધ્યસ્થ હકૂમતમાં હવે મારો મુકાબલો કરવાની તાકત રહી નથી; તેથી તે સમયથી તેણે નક્કી કરેલ ખંડણી દિલ્હી મોકલવાનું બંધ કર્યું અને ત્યાંના હુકમોનો અમલ કરવાનો ઇન્કાર કર્યો. ગુજરાતના આમ મુસલમાન આ આપખુદીથી નારાજ હતા, બલ્કે પોતાની જાની અને માલી હિફાઝત માટે દિલ્હીની સત્તા નીચે રહેવું પસંદ કરતા હતા. આ કારણથી ફરહતુલમુલ્કે તેમના ઉપર સખ્તી કરવાનું શરૂ કર્યું. ખાસ કરીને ખંભાતના

૧. ખટ્ટૂ, નાગોર જિલ્લામાં એક સ્થળનું નામ છે.

૨. મિરાતે અહમદીનું પરિશિષ્ટ, પ્રેસ, મુંબઈ. પૃ. ૨૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેપારીઓને બહુ સતાવ્યા અને તેમના વિરુદ્ધ હિંદુ (ગુજરાતી)-ઓને રાજી કરવાને કમર કસી, આથી મુસલમાનો ઘણા જ ઉશ્કેરાઈ ગયા અને આખરે તેઓએ એક અરજી મોહમ્મદશાહ તગલક બિન ફીરોઝશાહની ખિદમતમાં દિલ્હી રવાના કરી, તેમાં ફરહતુલમુલ્કના જુલ્મો અંગે ન્યાયની માગણી કરી. ગુજરાતના જુલ્મ-પીડિત લોકો જે આ અરજ લઈ આવ્યા હતા તેમણે ઘણી ખરી હકીકતો ઝબાની પણ કહી. આખરે બાદશાહે વિચાર કરી પોતાના વડા ઉમરાવોમાંથી ઝફરખાનની પસંદગી ગુજરાતની નિઝામત સોંપવાને કરી. ફરહતુલમુલ્કને પૂરતી સજા કરી મુલ્કમાં સુલેહશાંતિ કાયમ કરવાનો તેણે ઈરાદો કર્યો. આ બનાવ હિ. સ. ૭૯૩ (ઇ. સ. ૧૩૯૦)ના રબીઉલ અવ્વલની ત્રીજી તારીખનો છે.[૧]

ઝફરખાન, ગુજરાતનો નાઝિમ

(ઈ. સ. ૧૩૯૦–હિ. સ. ૭૯૩)

સુલતાન મોહમ્મદશાહ બિન ફીરોઝશાહ તગલકે ઝફરખાનને "આઝમ હુમાયૂન"નો ખિતાબ તથા શાહી નિશાનો જેવાં કે સફેદ છત્ર અને લાલ તંબૂ અર્પણ કરી ગુજરાતની નિઝામતનો બોજો તેની મજબૂત ખાંધ ઉપર મૂકી રવાના કર્યો. ઝફરખાન દિલ્હીથી નીકળી બહાર હોજે ખાસની નજીક તંબૂ ઊભો કરી સામાન તૈયાર કરવામાં રોકાયો. બીજે દિવસે બાદશાહે પોતાની મુલાકાતનો લાભ આપી તેને વર્ધમાન કર્યો અને પંડે હોજે ખાસમાં આવી એકાંતમાં વાતો કરી; તે પછી ખાસ ખિલાત અર્પણ કરી ગુજરાત તરફની સફર માટે રુખસદ આપી. તેણે તેના પુત્ર તાતારખાનને દત્તક રાખ્યાને બહાને ઝમાનત માટે પોતાની પાસે રાખ્યો. ઝફરખાન કૂચ ચાલુ

૧. ફક્ત ફરિશ્તાએ રબિઉસ્સાનીની ૩જી તારીખ લખી છે. ભા. ૨ જો, પૃ. ૨૪૬ નવલકિશોર. મિરાતે મોહમ્મદીમાં (પૃ. ૪૬) ભૂલથી ફરિશ્તાને બદલે તબકાતે અકબરીનું સમર્થન કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખી, ગુજરાત તરફ રવાના થયો. પ્રવાસ દરમ્યાન તેને ખબર મળી કે તાતારખાનને ત્યાં પુત્રનો જન્મ થયો છે જેનું નામ અહમદ-ખાન રાખવામાં આવ્યું છે. આ ખુશ ખબર સાંભળી ઝફરખાનને અતિ આનંદ થયો અને એ ખુશીમાં એક મેળાવડો કર્યો. લશ્કરના સિપાઈઓને ઇનામ અને ખિલાત સરફરાઝ કર્યા. નાગોર પહોંચ્યો ત્યારે ખંભાત બંદરના લોકો ઝફરખાનને મળ્યા. તેઓ ફરહતુલમુલ્ક રાસ્તીખાનના જુલ્મની ફરિયાદ લઈ આવ્યા હતા. ઝફરખાને તેમને બેહદ સાંત્વન આપ્યું અને કૂચ કરતો કરતો ગુજરાતની સરહદ ઓળંગી નહરવાલા પાટણ પહોંચ્યો. ત્યાંથી એક પત્ર રાસ્તીખાન ઉપર લખ્યો, જેમાં નીચે પ્રમાણે લખ્યું હતું:—"મોહમ્મદશાહના દરબારમાં એમ જણાવવામાં આવ્યું છે કે મલેક મુફર્રહ નિઝામે ગુજરાતની ખંડણી વસૂલ કરી પોતે જ તેનો ઉપયોગ કર્યો છે અને એક પાઈ પણ શાહી ખજાનામાં ભરવામાં આવી નથી. આ હિંમત કર્યા છતાં ગુજરાતના લોકોને રાજી રાખતો નથી, બલકે હરેક રીતે તેમના ઉપર જુલ્મ ગુજારવામાં આવે છે અને નાહક તેમને સતાવે છે. આથી ઘણી વખત લોકો ફરિયાદ કરવાને દિલ્હી પહોંચ્યા છે. તેથી હવે આ મુલ્કની વ્યવસ્થા મને સોંપવામાં આવી છે. આટલી સાલની બાકી ખંડણી સત્વર તમારા તરફથી દિલ્હી રવાના કરી દો જુલ્મ-પીડિતોને દિલાસો તેમજ સાંત્વન આપી, તમે પંડે પણ દિલ્હી તરફ કૂચ કરી જાઓ." ફરહતુલમુલ્કે જવાબ આપ્યો કે "આટલું અંતર કાપી આપ જ્યાં આવ્યા છો ત્યાં થોભી જાઓ અને આગળ વધવાની તકલીફ ન લો. હું ત્યાં જ આવી હિસાબ આપી દઉં છું. પરંતુ શરત એ કે આપ ફરિયાદીને મને સોંપી દો." ફરહતુલમુલ્ક ખાનેજહાન પક્ષનો હતો અને મોહમ્મદશાહ તરફ તેની કંઈ હમદર્દી ન હતી. વળી આ બનાવ અગાઉ મોહમ્મદશાહના એક અમીર સિકંદરખાનને તેણે મારી નાખ્યો હતો. માંહોમાંહેની તકરારને લઈને મોહમ્મદશાહે એનું વેર વાળ્યું નહતું. આથી ફરહ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તુલમુલ્કને એમ થયું કે ઝફરખાનને પણ એ જ રીતે મારી નાખીશ. આ કારણથી તેણે ઝફરખાનને ચોક્કસ જવાબ ન આપતાં ગોળગોળ શબ્દોમાં જવાબ આપ્યો. તેમાં નમન અને વિરોધ બંને બાબતો મોજૂદ હતી. 'હિસાબ ચૂકવી દેવો' એટલે કે ખંડણી ભરી દેવાનો વાયદો કરે છે અને સાથે સાથે ધમકી પણ આપે છે કે–ખબરદાર હવે આગળ વધ્યો તો. વળી એક પ્રકારની માગણી પણ કરે છે કે "જેમણે મારી વિરુદ્ધ ફરિયાદ કરી છે તેમને મને હવાલે કરી દો." જે આશ્રિતોએ દિલ્હી જઈ ફરિયાદ કરી તેમને પૂરતી સજા કરવાની ઇચ્છા રાખે છે. ફરહતુલમુલ્ક બહુધા તે વખતે રાજ્યમાં પર્યટન કરતો હતો. તે બાર હજારનું એક લશ્કર લઈ ઝફરખાનને મળવાને નીકળ્યો. આ બાજૂએ ઝફરખાન પણ કૂચ કરતો કરતો અસાવલ પહોંચ્યો. બે ચાર દિવસ જાય તે પહેલાં ઝફરખાનને ખબર પડી ગઈ હતી કે એક લશ્કર લઈ લડાઈ કરવાના ઈરાદાથી ફરહતુલમુલ્ક રવાના થઈ ચૂક્યો છે. ઝફરખાને તે પછી એક એલચી સુલેહ કરવા માટે પાટણ (નહરવાલા) મોકલ્યો, ત્યાં નિઝામ મુકર્રહ પહોંચી જઈ ઝંગી ઈનાયતમાં રોકાયેલો હતો એલચી મારફત તેણે પેગામ મોકલ્યો કે "પોતાના માલિક અને રાજ્યના વારસનો વિરોધ કરવો એ કંઈ સારી વાત નથી. ગુજરાતી લશ્કર ઉપર વિશ્વાસ મૂકી તમે તમને પોતાને ન છેતરો. લડાઈ વખતે એ ઉપયોગમાં આવશે નહિ. અને આવી રીતે તમારી પોતાની જિંદગી ખરાબ ન કરો. બહેતર એ છે કે દિલ્હી જઈ તમારે સુલતાન મોહમ્મદના દરબારમાં હાજર થઈ જવું અથવા તો મારી પાસે આવી રહેવું, જેથી કરીને તમને અમીર ઉમરાવની હરોળમાં મૂકી દઉં. તમારે કોઈ પણ પ્રકારનો વસવસો દિલમાં રાખવો નહિ." ફરહતુલમુલ્કે એલચીને સખ્ત જવાબ આપ્યો અને કડક શબ્દોમાં–તેને સંભોળ્યો. નાઈલાજે ઝફરખાને પણ તૈયારી કરી. તે વખતે તેની પાસે ફક્ત ચાર હજાર સવાર હતા. ઝફરખાન તેમને લઈ ચાલ્યો. ફરહતુલમુલ્ક પણ આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહોંચ્યો. ટૂંકમાં બંને ફોજોએ "કાંભોર[૧]" આગળ સામસામા પડાવ નાખ્યા. આ સ્થળ પાટણ (નહરવાળા)થી ૧૨ કોસને અંતરે આવેલું છે. હિ. સ. ૭૬૪ (ઈ. સ. ૧૩૬૧)ના સફર મહિનાની ૭ મી તારીખે લડાઈ શરૂ થઈ. બંને ફોજો પુષ્કળ લડી. જંગ દરમ્યાન ફરહતુલમુલ્કે પસંદગીના સવારોની એક ટુકડી લઈ ઝફરખાનની તલાશ શરૂ કરી. તેનો ઇરાદો ઝફરખાનની કતલ કરી લડાઇ જલ્દી ખતમ કરવાનો હતો, પરંતુ કર્મસંજોગે ઝફરખાનના એક ચોદ્ધાએ તેનો પીછો પકડયો અને પાછળથી એવો ઘા કર્યો કે તે ઘોડાની જીન ઉપરથી જમીન ઉપર પટકાયો. સૈનિકોએ સત્વર તેનું માથું ધડથી જુદું કર્યું અને ઝફરખાન પાસે લાવી આગળ ધર્યું. આની ફોજ ઉપર ખરાબ અસર થઈ. નિઝામ મુફર્રહ–અર્થાત્ રાસ્તીખાનનું લશ્કર હાર ખાઈ વિખેરાઈ ગયું અને વિજેતા ઝફરખાને નહરવાલા (પાટણ)માં પ્રવેશ કર્યો. જે જગ્યાએ ઝફરખાનને જીત મળી હતી ત્યાં તેણે એક ગામ વસાવ્યું અને તેનું નામ "જેતપુર" રાખ્યું. એ ગામ મિરાતે સિકંદરીના કર્તાના જમાના (હિ. સ. ૧૦૨૭) પર્યંત આબાદ હતું. ઝફરખાને પાટણમાં પહોંચી સલ્તનતની વ્યવસ્થા શરૂ કરી. હરેક ઠેકાણે ગુમાસ્તા મોકલ્યા. ઠેકઠેકાણે ચોકી મુકરર કરી. આ રીતે

૧. આ સ્થળનું અસલ નામ શું છે તે ચોક્કસપણે જણાયું નથી. મિરાતે સિકંદરીમાં "સન્હુ" લખ્યું છે, ફરિશ્તાએ "કાંથુ" જણાવ્યું છે. પ્રોફેસર દહેલવીએ તારીખે ઈસ્લામમાં "કીથુ" લખ્યું છે. મિરાતે મોહમ્મદીના કર્તાએ "કંભુ" જણાવ્યું છે. તબકાતે અકબરી અને મિરાતે અહમદીમાં "કાંભુ" છે. મિરાતે અહમદીનો કર્તા શાહી દીવાન હતો તેથી ખંડણી વસૂલ કરવાની જરૂર રહેતી હોવાથી બીજા ઇતિહાસકારો સાથે સરખાવતાં ગામોનાં ચોક્કસ નામોની માહિતી તેને વધારે હતી. આથી તેણે આપેલા નામને મેં વધુ પસંદગી આપી. હું ધારું છું કે ફરિશ્તામાં લહિયાની ભૂલથી શબ્દોમાં ફરક પડયો છે અને સંભવિત છે કે મિરાતે સિકંદરીના જમાનામાં એનું એ નામ હોય અને મિરાતે અહમદીના સમયમાં બદલાયું હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક પ્રકારની શાંતિ થઈ ત્યારે ઈ. સ. ૧૩૯૨ (હિ. સ. ૭૯૫)માં ખંભાત તરફ તેણે કૂચ કરી, કારણ કે માંહોમાંહેની તકરારનો લાભ લઈ નાલાયક લોકોએ વેપારીઓ અને આમ રૈયતને બેહદ હેરાન પરેશાન કરી મૂકી હતી. ત્યાં પહોંચી જુલ્મ-પીડિતોની દાદ સાંભળી ન્યાય આપ્યો, અને લોકોની શિકાયત દૂર કરી; સામાન્ય રૈયતને સાંત્વન અને દિલાસો આપ્યાં અને એક લાયક હાકેમને વ્યવસ્થા માટે મૂકી પાછો ફર્યો. અસાવલમાં થોડા દિવસ રહી ત્યાંનો પણ યોગ્ય બંદોબસ્ત કર્યો. ત્યાંથી ઠંડે કલેજે નહરવાલા (પાટણ) પાછો આવ્યો. ઈ. સ. ૧૩૯૩ (હિ. સ. ૭૯૬) માં ખબર થઈ કે ઇડરના રાજાએ બળવો કર્યો છે.[૨] ઝફરખાને એક બળવાન લશ્કર અને જંગી હાથી સાથે ઈડર ઉપર હુમલો કર્યો. ઝફરખાન એટલી બધી ઝડપથી તેના ઉપર આવી પડયો કે વધુ જંગી તૈયારીનો મોકો તેને મળી શકયો નહિ. ઘણા દિવસ પર્યંત લડાઈ જારી રહી, અને આખરે લાચાર થઈ રાજાએ કિલ્લામાં આશ્રય લીધો. ઝફરખાને તેને ઘેરો ઘાલ્યો અને ઘેરામાં એટલી બધી સખ્તાઈ વાપરી કે થોડા જ દિવસમાં કિલ્લામાનાં લોકો ગભરાઈ ગયા. કૂતરાં, બિલાડાં સુધ્ધાંત લોકોએ ન છોડયાં. આખરે ઈલાજ ન રહેતાં પોતાના પુત્રોની મારફત શરણાગતનો પેગામ મોકલ્યો, હરેક પ્રકારની માફી માગી, અને રહેમત માટે વિનંતિ કરી. સફાઇથી કહ્યું કે "જો નામ અને ઈજ્જત માટે તમારી સાથે

---

૧. ફરિસ્તાના બ્યાન મુજબ રાસ્તીખાન માર્યો ન ગયો, પરંતુ હારી જઇ પાટણ ચાલ્યો ગયો, જેથી કિલ્લામાં ભરાઇ જવાય. પરંતુ કોઈપણ ઇતિહાસમાં એનું સમર્થન મળતું નથી.

૨. રાજા રાવ રણમલ્લ ઈડરનો રાજા હતો, મારવાડ રાજ્યના સ્થાપક શિવાજી રાઠોડના બીજા પુત્ર સુંગજીના વંશમાં એ એક બહાદુર રજપૂત થઇ ગયો છે. તેણે જલોરના રાજા વીસલદેવની વિધવા રાણી અને બંને પુત્રોને આશ્રય આપી જાગીર અર્પણ કરી હતી. તેઓને કંઈ સગપણ હતું. તારીખે પાલણપુર પૃ૦ ૫૬.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમો લડયા નહોત તો લોકોમાં અમારી નામોશી થાત. હવે અમે લાચાર થયા છીએ ત્યારે તમો બદલો લેવા ઇચ્છતા હો તો ગરદન આ રહી અને જો માફ કરો તો આપની રહેમદિલી અને ઉદારતા છે." ટૂંકમાં ઝફરખાને તમામને ખુલ્લા દિલથી માફી આપી, અને ખંડણી અને નજરાણું લઇ જીત મેળવી પાછો ફર્યો. એક સાલમાં એટલે કે હિ. સ. ૭૯૬ (ઈ. સ. ૧૩૯૩)માં રબીઉલ અવ્વલની ૧૭ મી તારીખે મોહમ્મદશાહ તગલકનું અવસાન થયું.

સિકંદરશાહ તગલક

હિ. સ. ૭૯૬ (ઈ. સ. ૧૩૯૩) રબીઉલ અવ્વલની ૧૯ મી તારીખે સુલતાન મોહમ્મદશાહ તગલકનો વડો પુત્ર હુમાયૂનખાન "અલાઉદ્દીન સિકંદર" નામ ધારણ કરી તખ્તનશીન થયો. તેના સમયમાં લગભગ હરેક સૂબાના હાકેમ પોતપોતાની જગ્યા પર હતા તેમ રહ્યા. અફસોસની વાત છે કે સિકંદરશાહ એવા રોગોથી પીડાતો હતો કે મુક્ત થઇ શકયો નહિ અને હિ. સ. ૭૯૬ (ઈ. સ. ૧૩૯૩) ની જમાદિઉલ અવ્વલની ૫ મી તારીખે તેનું અવસાન થયું.

સુલતાન નાસિરુદ્દીન મહમૂદ તગલક

(ઈ. સ. ૧૩૯૩–હિ. સ. ૭૯૬)

હિ. સ. ૭૯૬ (ઈ. સ. ૧૩૯૩) ના જમાદિઉલ અવ્વલની ૧૯ મી તારીખે મોહમ્મદશાહનો બાળપુત્ર 'મહમૂદ નાસિરુદ્દીન'નો ખિતાબ ધારણ કરી તખ્તનશીન થયો. તેણે પણ ગુજરાતના અમલદારોમાં કંઇપણ ફેરફાર ન કર્યો. ઝફરખાન ગુજરાતના હાકેમ તરીકે રહ્યો. તેના પુત્ર "તાતારખાન"ની દિલ્હીમાં સુલતાનના મહાન ઉમરાવોમાં ગણત્રી થતી હતી.

તાતારખાનનાં ગુજરાતમાં નાસી આવવાનાં કારણો :— સુલતાન નાસિરુદ્દીન મહમૂદ તગલકની તખ્તનશીનીથી જો કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજ્યના ઉમરાવોમાં એક પ્રકારની શાંતિ થઈ ગઈ તેમ છતાં એ ઘણા જ કમજોર દિલનો બાદશાહ હતો. આથી પાછળથી રાજ્યમાં ઘણી જ અવ્યવસ્થા ફેલાઈ ગઈ. કોઈપણ પ્રકારનો તેનો પ્રભાવ કોઈપણ અમીર ઉપર રહ્યો નહિ. આથી દરેક અમીરની એવી ઇચ્છા હતી કે બાદશાહને પોતાના કબજામાં રાખી પોતે સલ્તનતનાં તમામ કામો પોતાની મરજી પ્રમાણે કરે. એ બાદશાહના સમયમાં પ્રથમ પૂર્વના પ્રાંતોમાં બળવો થયો. ખાનજહાન વઝીરને એક લશ્કર આપી રવાના કરવામાં આવ્યો અને તેણે જોનપુર, કનોજ, બિહાર વગેરે જીત્યાં, અને આગળના રિવાજ મુજબ અંગાળામાંથી ખંડણી વસૂલ કરી. બાદશાહે તેને "મલેકુશશર્ક" નો ખિતાબ આપી એ સૂબાનો નાઝિમ બનાવ્યો. તેણે જોનપુરને પાયતખ્ત નક્કી કરી એક સ્વતંત્ર હકૂમતનો પાયો નાખ્યો. અને પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ લગામ પોતાના હાથમાં લઈ હકૂમત કરવા લાગ્યો.

એક પછી એક બનાવોનો ઉલ્લેખ કરું તે પહેલાં દરબારના ઉમરાવો જે જુદા જુદા સૂબા ઉપર કામ કરતા હતા તેમનાં નામની એક ફેહરિસ્ત લખું છું, જેથી સહેલાઈથી વાંચતી વખતે દરેકની હકીકત ધ્યાનમાં આવે, કારણ કે તેમને લીધે જ બાદશાહ બિનસત્તાવાળો હતો અને રાજ્યમાં કલેશ હતો તેમજ મુલ્કમાં સુલેહશાંતિનો અભાવ હતો.

૧. મલેકુશશર્ક ખાનજહાન, વઝીર.
૨. મુકર્રબુલમુલ્ક મકર્રબખાન અમીરૂલ ઉમરા, નાયબ મલેક.
૩. અબ્દુર્ રશીદ સા'દતખાન બાર્બક.
૪. મલેક સારંગ સારંગખાન, દીબાલપુર (દેવપાલપુર)નો હાકેમ.
૫. મલેક દોલતખાન, સલ્તનતનો મંત્રી.
૬, આદિલખાન (કે આલીખાન) સારંગખાનનો ભાઈ, લાહોરનો હાકેમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. મલેક ઈકબાલખાન મલ્લુખાન (સારંગખાનનો ભાઇ), સીરી (પુરાણા દિલ્હી નજીક) કિલ્લાનો હાકેમ
૮. મલેક અલાઉદ્દીન, ધારવાડનો હાકેમ.
૯. મલેક તાજુદ્દીન, દીબાલપુરનો નાયબ હાકેમ.
૧૦. મલેક અલી, ઉચ્છ (સિંધ)નો હાકેમ.
૧૧. ગાલિબખાન, સામાનાનો હાકેમ.
૧૨. ખવાસખાન, કર્નાલ (પાણીપત નજીક)નો હાકેમ.
૧૩. ખિઝરખાન, મુલતાનનો હાકેમ.
૧૪. મુબારકખાન હલાજુન બિન મલેક રાજૂ.
૧૫. મલેક અલ્માસ (કે ઈલિયાસ)
૧૬. ફઝલુલ્લાહખાન કત્લગખાન બલ્ખી.
૧૭. શિહાબ નાહેર
૧૮. બહાદુર નાહેર
૧૯. રાય કમાલ
૨૦. મુખ્તસખાન
૨૧. તાતારખાન, પાણીપતનો હાકેમ.
૨૨. ઝફરખાન, ગુજરાતનો હાકેમ.
૨૩. નસીરુલમુલ્ક (તાતારખાનનો સંબંધી).

સુલતાન મહમૂદ તગલક "મુકર્રબુલ મુલ્ક"ને દિલ્હીમાં મૂકી પોતે ગ્વાલિયર અને બિયાના તરફ ગયો અને સા'દતખાનને સાથે રાખ્યો. ગ્વાલિયાર પહોંચ્યો ત્યારે મલેક અલાઉદ્દીન અને મલ્લુખાન સાથે મળી મુબારકખાને સા'દતખાનને મારી નાખવાનું કાવતરું રચ્યું, પરંતુ સા'દતખાનને એ બાબતની જાણ થઇ ગઈ અને તેણે અલાઉદ્દીન અને મુબારકખાનને મારી નાખ્યા. મલ્લુખાને નાસી છૂટી દિલ્હી મુકર્રબુલમુલ્ક પાસે જઈ આશ્રય લીધો. બાદશાહ દિલ્હી આવ્યો ત્યારે મુકર્રબુલમુલ્કે શાનદાર આદરસત્કાર કર્યો, પરંતુ મુકર્રબખાનને એમ જાણી ચિંતા થઈ કે મલ્લુખાનને આપેલો આશ્રય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાદશાહને નાપસંદ છે; તેથી શહેરમાં આવી તે કિલ્લામાં ભરાયો અને લડાઈ શરૂ કરી. ત્રણ માસ પર્યંત બંને વચ્ચે જંગ જારી રહ્યો. આખરે ગોઠિયાઓએ બાદશાહને સમજાવ્યો કે આ લડાઈ તમારી સામે નથી, તેથી લડાઈમાં સા'દતખાન સાથે રહેવું નકામું છે. બાદશાહને પણ એ સલાહ ઠીક લાગી. હિ. સ. ૭૯૭ (ઈ. સ. ૧૩૯૪)ના મોહરૂરમ મહિનામાં તક જોઈ બાદશાહ મુકર્રબુલમુલ્ક પાસે દિલ્હી ચાલ્યો ગયો. કિલ્લાની મજબૂતી તથા વરસાદના કારણે સા'દતખાન પોતાની ફોજ સાથે ફીરોઝાબાદ ચાલ્યો ગયો અને બીજા અમીરોની સલાહથી નુસ્રતખાન બિન ફતહખાન બિન ફીરોઝશાહને મેવાતથી બોલાવી (જેણે ત્યાં આશ્રય લીધો હતો) બાદશાહ બનાવ્યો અને પોતે સલ્તનતનો તમામ કારભાર પોતાના હાથમાં લઈ લીધો. કેટલાક દિવસ પછી સા'દતખાનનાં સખ્તાઈ તથા અવિચારી કાર્યોથી લોકો કંટાળ્યા અને બાદશાહ નુસ્રતશાહ પણ દુઃખી થઈ ગયો; એટલી હદ સુધી કે મોકકો જોઈ તેણે સા'દતખાન ઉપર હુમલો કર્યો. તે આ ઓચિંતી આફતથી વાકેફ નહતો તેથી મુકાબલો કરી શકયો નહિ અને ત્યાંથી નાસો છૂટી પોતાના દુશ્મન મુકર્રબુલમુલ્ક પાસેથી રક્ષણ લઇ દિલ્હીમાં રહેવા લાગ્યો. પરંતુ થોડા જ દિવસ પછી મુકર્રબુલમુલ્કે તેની કતલ કરાવી દીધી. ફીરોઝાબાદના ઉમરાવો અને નુસ્રતશાહ પાસેથી ફરીથી વફાદારીના સોગંદ લેવડાવ્યા અને ઘણા મુલકોનો કબજો લીધો. આ વખતે બે બાદશાહ હતા : નાસિરુદ્દીન મહમૂદ તગલક મુકર્રબુલમુલ્કની હિમાયત નીચે, અને નુસ્રતશાહ બિન ફતહખાન તગલક તાતારખાનની હિમાયત નીચે. પહેલો દિલ્હીમાં રાજ કરતો હતો અને બીજો ફીરોઝાબાદમાં. દરબારના ઉમરાવોમાં પણ બે પક્ષો હતા. નુસ્રતશાહના પક્ષમાં નીચેના અમીરો હતા :

૧. મોહમ્મદ તાતારખાન–વઝીર, માણીપતનો હાકેમ;
૨. શિહાબ નાહેર–શિહાબખાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. ફઝલુલ્લાહ કત્લગખાન બલ્ખી.
૪. મુખ્તસખાન.
૫. સા'દતખાન (જેને મુર્કરબુલ્મુલ્કે મારી નાખ્યો).
૬. ગાલિબખાન, સામાનાનો હાકેમ.
૭. મલેક અલ્માસ (કે ઇલિયાસ).
૮. રાય કમાલ.

બાકીના ઉમરાવો મહમૂદ તગલકની તરફદારી કરતા હતા. સીરીના હાકેમ મલ્લુખાન ઇકબાલખાન અને જૂની દિલ્હીના હાકેમ બહાદુર નાહેર બિનપક્ષી હતા. ત્રણ વરસ પર્યંત બંને બાદશાહો વચ્ચે લડાઈ ચાલુ રહી અને કંઈપણ ફેંસલો થઇ શકેયો નહિ. ઈ. સ. ૧૩૯૫ (હિ. સ. ૭૯૮) માં દીપાલપુરના હાકેમ મલેક સારંગે ખિઝરખાન પાસેથી મુલતાન છીનવી લીધું અને ઈ. સ. ૧૩૯૬ (હિ. સ. ૮૦૦) માં આલીખાન (આદિલખાન) સાથે લડી સામાનાનો પણ કબજો લીધો. સામાનાનો હાકેમ નુસ્રતશાહના તાબામાં હતો, તે નાસવું પસંદ કરી પાણીપતમાં તાતારખાનને મળ્યો. નુસ્રતશાહે મદદ માટે લશ્કર તાતારખાનની સરદારી નીચે મોકલ્યું. તાતારખાન મલેક ઇલિયાસ (અલ્માસ) હિ. સ. ૮૦૦ (ઇ. સ. ૧૩૯૭) ના મહોર્રમની પમી તારીખે કેટલા ગામ પાસે સારંગખાન સાથે લડ્યો. મલેક સારંગ હાર્યો, અને મુલતાન તરફ નાસી છૂટયો. તાતારખાન તલોંડી પર્યંત પીછો પકડી ગયો. પછી રાય કમાલને પૂંઢ પકડવાનું સોંપી પોતે પાછો ગયો. એ જ સમયે જો અમીર તૈમૂરનું આગમન થયું નહોત તો તાતારખાન નક્કી જ સારા પંજાબ તેમજ સિંધનો કબજો લઈ લેત અને તેમ કરી મજબૂત થઇ દ્વિમુખી રાજ બંધ કરી નુસ્રતશાહને તખ્ત ઉપર કાયમ કરત અને હરીફને પૂરી હાર મળત. મલ્લુ ઇકબાલખાન આ સમય પર્યંત બિનપક્ષી રહ્યો હતો, પરંતુ હવે તેણે જોયું કે નુસ્રતશાહનું પલ્લું ભારી થતું નજરે પડે છે ત્યારે તે હિ. સ. ૮૦૦ (ઈ. સ. ૧૩૯૭) ના શવ્વાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહિનામાં નુસ્રતશાહ પાસે આવ્યો અને શેખ કુતબુદ્દીન બખ્તિયાર કાકી (રહ.) ની કબર ઉપર કુરાને શરીફ સામે રાખી શરણાગતિ અને મોહબ્બતનો એકરાર કર્યો. ત્યારપછી નુસ્રતશાહને સાથે લઈ દિલ્હી આવ્યો, પરંતુ ત્રીજે જ દિવસે આ નિમકહરામે કુરાને શરીફને ગોખમાં મૂકી નુસ્રતશાહ ઉપર હુમલો કર્યો. નુસ્રતશાહ પોતાનામાં કમતાકાત જણાતાં ત્યાંથી ફીરોઝાબાદ ચાલ્યો આવ્યો, પરંતુ તમામ સાધનસામગ્રી છોડી દેવી પડી. ઇકબાલખાને ફીરોઝાબાદમાં પણ જઈ લડાઈ કરી. આખરે બાદશાહે પાણીપતમાં તાતારખાન પાસે જઈ આશ્રય લીધો. ઇકબાલખાન ફીરોઝાબાદ ઉપર પણ કબજો કરી દિલ્હી તરફ ફર્યો અને તેણે મુકર્રબુલમુલ્કનો કાંટો કાઢી નાખવાનો વિચાર કર્યો. એ મહિના પર્યંત લડાઈ કરતો રહ્યો, પરંતુ ફતેહમંદ ન થયો. આખરે કેટલાય ઉમરાવોએ વચમાં પડી બને વચ્ચે સુલેહ કરાવી એઉ એક બીજાના મિત્ર થઈ ગયા અને વખતોવખત દિલ્હી જવા આવવા લાગ્યા. એક દિવસ દગાબાઝ ઇકબાલખાને મોકો જોઈ મુકર્રબુલમુલ્ક પર હુમલો કરી તેને મારી નાખ્યો અને હવે મહમૂદ તગલક લાચાર થઈ ઇકબાલખાનના હાથમાં શેતરંજનો શાહ થઈ રહ્યો. ઇકબાલખાને જોયું કે દિલ્હી અને તેની આજુબાજુ તો એક પ્રકારની શાંતિ છે અને લગભગ તમામ મહાન મહાન દાવાદાર અમીરો કતલ થઈ ચૂકયા છે, તેમજ નુસ્રતશાહના તરફદારોમાં હવે ફક્ત તાતારખાન રહી ગયો છે તેથી તેનું પણ નિકંદન કાઢવું જોઇએ. આથી મહમૂદ તગલક સાથે એક ફોજ લઇ પાણીપત પહોંચ્યો અને તેને ઘેરો ઘાલ્યો. તાતારખાને જોયું કે આ અચાનક આવેલી બલા ટાળવી મુશ્કેલ છે, તેથી તેણે એક બીજી જંગી ચાલ એ કરી કે એક ફોજ સાથે પાણીપત છોડી દિલ્હી આવ્યો કે જેથી દિલ્હીનું રક્ષણ કરવાને ઇકબાલખાન ત્યાં પાછો આવે તો પછી સામાના વગેરે પાસેથી મદદ લઇ તે ઇકબાલખાનને શિક્ષા કરે. પરંતુ અફસોસ કે એ ખયાલી દુરંદેશી કંઇ કામ આવી નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇકબાલખાને પાણીપત સહર કર્યું અને તાતારખાનનો તમામ સમાન લૂંટી લીધો. ઇકબાલખાનને પાણીપતની યોગ્ય વ્યવસ્થા કરી દિલ્હી પાછા ફરવું મુનાસિબ લાગ્યું. ત્યાં તાતારખાને ઘણું જોર બતાવ્યું, પરંતુ દિલ્હીનો કિલ્લો મજબૂતાઈ તેમજ ઇકબાલખાનની સંપૂર્ણ વ્યવસ્થાને લઈને જિતાયો નહિ. ઇકબાલખાન દિલ્હી આવ્યો ત્યારે લાચાર થઈ તાતારખાનને ઘેરો ઉઠાવી લેવો પડ્યો. આ સમય તાતારખાન માટે મુસીબતનો હતો. ઇકબાલખાનનું પર્યટન લાંબું હતું. જો તૈમૂરી ફોજોએ પંજાબ અને મુલતાનને પાયમાલ ન કર્યાં હોત તો સિંધ પર્યંત ફતેહનો ડંકો વગાડતો દિલ્હીનો બાદશાહ બની ગયો હોત તો કંઈ તાજુબીની વાત નહતી. તાતારખાન દરેક રીતે નિરાશ અને પરેશાન થઈ ગયો તેથી પોતાના પિતા ઝફરખાન પાસેથી મદદ લઈ ઇકબાલખાનને હરાવી દિલ્હીનો તાજ શિર પર રાખવાના ઇરાદાથી ગુજરાતમાં આવ્યો. નુસ્રતખાને નાસી છૂટી કોઈ સ્થળે આશ્રય લીધો અને તૈમૂર સુલતાનના ગયા પછી જૂની દિલ્હીનો કબજો લીધો, પરંતુ ઇકબાલખાને તેને ત્યાંથી કાઢી મૂક્યો. તે પછી ગાયબ થઇ કોઇ ઠેકાણે મરણ પામ્યો એમ મનાય છે. આ બનાવ ઈ. સ. ૧૩૯૮ (હિ. સ. ૮૦૦) નો છે,

નુસ્રતશાહ તગલકનો સિક્કો

નુસ્રતખાનનો ફક્ત એક સિક્કો મળ્યો છે જે નીચે પ્રમાણે છે :

" નુસ્રતશાહે સુલતાની નાયબ અમીરૂલ મોમિનીન. "

અમીર તૈમૂર ચૂરગાની ઈ. સ. ૧૩૯૭ (હિ સ. ૮૦૦)માં પોતાના પાયતખ્તમાંથી જીતના ઇરાદાથી હિંદમાં આવ્યો. ઈ.સ. ૧૩૯૮ (હિ. સ. ૮૦૧)માં સિંધુ નદી ઓળંગી મુલતાન પહોંચ્યો. હિ. સ. ૮૦૧ (ઇ. સ. ૧૩૯૮) જમાદિઉલ આવલ મહિનાની પાંચમી તારીખે જમના નદી ઓળંગી તે દિલ્હી તરફ વધ્યો અને (હિ. સ. ૮૦૧ ઇ. સ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩૯૮)ની જમાદીઉલ અવ્વલની ૭મી તારીખે મલ્લુ ઇકબાલખાનને હાર આપી તેણે દિલ્હીમાં પ્રવેશ કર્યો અને હિ. સ. ૮૦૧ (ઈ. સ. ૧૩૯૮)ના જમાઉલ અવ્વલની ૧૬મી તારીખે તેણે દિલ્હી લૂંટી તેનો વિનાશ કર્યો[૧] અને એવી જ રીતે લૂંટમાર કરતો હિંદુસ્તાનમાંથી પાછો ગયો. મલ્લુ ઇકબાલખાન "અરન" તરફ નાસી છૂટયો, અને મહમૂદ તગલક મદદ માટે ગુજરાતમાં ઝફરખાન પાસે આવ્યો. ઝફરખાને હરેક યોગ્ય રીતે મહેમાનગીરી કરી, પરંતુ અમીર તૈમૂરની વિરુદ્ધ મદદ કરવાને ના પાડી. આ બનાવ ઈ. સ. ૧૩૯૮ (હિ. સ. ૮૦૦)નો છે. મહમૂદ નિરાશ થઈ માળવા ગયો અને ઇકબાલખાનની વિનંતિને માન આપી દિલ્હી આવ્યો. બાબનજહાનના મરણને લઈને ઇકબાલખાને જોનપુરની સલ્તનતનો કબજો લેવાનો ઇરાદો કર્યો અને મહમૂદને લઈ કનોજ સર કર્યું. જોનપુરનો શાહ મુકાબલો કરવાને આવ્યો. મહમૂદ તગલકે વિચાર કર્યો કે જોનપુરનો શાહ મારા પુરાણા આશ્રિતોમાંનો છે તેની સાથે મળી જઉં તો બાદશાહ મને સત્તા અપાવશે. તે શિકાર કરવાના બહાને તેના લશ્કરમાં ચાલ્યો ગયો. ઇકબાલખાન આ જોઈ પાછો આવ્યો અને જોનપુરના શાહે મહમૂદની મહેમાનગીરી પણ ન કરી, આથી મહમૂદ પાછો આવ્યો અને કનોજનો કબજો લઈ એણે સંતોષ માન્યો. એ વખતે હિંદુસ્તાન ઉપર ઘણા અમીરો આપખુદીથી હકૂમત કરી રહ્યા હતા અને માંહોમાંહેના ટંટાથી એકબીજાને ગળી જવાની કોશિશમાં રોકાયા હતા.

---

૧. શિહાબુદ્દીન મોહમ્મદ ગોરીના સમયથી આ સમય પર્યંત હિંદની દોલત બરાબર હિંદમાં જ રહી. ૨૦૦ વરસના અરસામાં મોગલોએ વારંવાર હુમલા કર્યા, પરંતુ હિંદના સુલતાનોની બહાદુરી અને દેશભક્તિને લઈને મોગલો જમાવટ કરી શકયા નહિ. ૨૦૦ વરસ પછી તગલક અમીરોની માંહોમાંહેની તકરારને લઈને તૈમૂરને હિંદુસ્તાન ઉપર હુમલો કરવાનો મોકો મળ્યો અને અફસોસ કે આ નકામી બાના જંગીને લઈને હિંદુસ્તાનની અઢળક દોલત હિંદની બહાર ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમીર તૈમૂરની રવાનગી પછીના હિંદુસ્તાનના આપમુદી ઉમરાવો

દિલ્હી અને દોઆબ વચ્ચેનો પ્રદેશ	ઇકબાલખાન
ગુજરાત	ઝફરખાન
મુલતાન, સિંધ, દેવપાલપુર અને લાહોર	ખિઝરખાન
કાલ્પી	મહમૂદખાન
જોનપુર, અયોધ્યા, બિહાર	ખ્વાજા જહાન
માળવા	દિલાવરખાન
સામાના	ગાલિબખાન
બિયાના	શમ્સખાન
ગ્વાલિયર	રાય નરસિંગ

જતી વખતે અમીર તૈમૂરે મુલતાનના પહેલાંના હાકેમ ખિઝરખાનને લાહોરથી સિંધ પર્યંતનો હાકેમ બનાવ્યો. આ સત્તાથી તે એ ભાગનો કબજો લઇ તાકતવર થઇ ગયો. ઇકબાલખાન ઈ સ. ૧૪૦૫ (હિ. સ. ૮૦૮) પર્યંત દિલ્હી, ગ્વાલિયર, ઇટાવા, સામાના વગેરે તરફથી શાંતિથી લાહોર અને મુલતાન સર કરવાનો વિચાર કરી આગળ વધ્યો. ખિઝરખાને પણ પૂરજોશમાં તેનો મુકાબલો કર્યો. હિ. સ. ૮૦૮ (ઈ. સ. ૧૪૦૫) ની જમાદિઉલ અવ્વલની ૧૯મી તારીખે ઇકબાલખાન માર્યો ગયો. અને મહમૂદ બચી ગયો. મહમૂદ દોલતખાન લોદીના બોલાવ્યાથી કનોજથી દિલ્હી આવ્યો અને થોડા દિન બાદ જોનપુરની સલતનત ઉપર હુમલો કર્યો. જોનપુરનો સુલતાન કનોજ ઉપર કબજો કરી એક પછી એક હાર આપતો આપતો દિલ્હી પહોંચ્યો, પરંતુ ગુજરાતનો હાકેમ ઝફરખાન જોનપુર ઉપર હુમલો કરવાના ઈરાદાથી આવી રહ્યો છે એવી અફવા સાભળી તે જોનપુર પાછો ગયો. આ બાજુ સુલતાન મહમૂદ શિકાર અને બાનાજંગીમાં રોકાયો હતો, પરંતુ પંજાબ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંધનો હાકેમ બિઝરખાન ઇકબાલખાનને હાર આપ્યા પછી પોતાની તાકત બરાબર વધારતો વધારતો ધીમે ધીમે દિલ્હી તરફ વધ્યો, એટલે સુધી કે ઘણી વખત દિલ્હીને ઘેરો ઘાલ્યો, પરંતુ મહમૂદ તગલકની ખુશ કિસ્મતીથી અમુક કારણોસર ઘેરો ઉઠાવી લેવો પડયો. ઈ. સ. ૧૪૧૨ (હિ. સ. ૮૧૫) માં મહમૂદ તગલક શિકાર કરી પાછા ફરતી વખતે બીમાર થઈ ગયો અને ઝુલકાદા મહિનામાં આ ફાની દુનિયામાંથી કૂચ કરી ગયો. તે દિવસથી તગલક ખાનદાનનો હંમેશ માટે અંત આવ્યો અને ગુજરાત ઉપર દિલ્હીની શહેનશાહતના હક્કો જતા રહ્યા. ઝફરખાનના ખાનદાનના હાથમાં ગુજરાતની મુદ્દમુખ્તાર હકૂમત આવી.

તગલક ખાનદાન

નોંધઃ—પરંતુ ઝફરખાન વિશે બદાયૂની ઇતિહાસકારે ફતહખાન બિન ફીરોઝશાહ તગલકનો પુત્ર હતો એમ લખ્યું છે.

	પાદશાહનું નામ	સાલ
૧	ગિયાસુદ્દીન તગલક (પહેલો)	૭૨૦
૨	મોહમ્મદશાહ તગલક ,,	૭૨૫
૩	ફીરોઝશાહ	૭૫૨
૪	તગલકશાહ બિન ફતહખાન બિન ફીરોઝશાહ	૭૯૦
૫	અબૂ બક્ર બિન ઝફરખાન બિન ફીરોઝશાહ	૭૯૧
૬	મોહમ્મદશાહ (બીજો) બિન ફીરોઝશાહ તગલક	૭૯૨
૭	સિકંદરશાહ બિન મોહમ્મદશાહ બીજો	૭૯૬
૮	નુસ્રતશાહ	થોડા માસ
૯	મોહમ્મદ તગલકશાહ	૭૯૬ થી ૮૧૫ પર્યંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

તગલક વંશ



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

पुस्तक वितरण की तिथि नीचे अङ्कित है। इस तिथि सहित १५ वें दिन तक यह पुस्तक पुस्तकालय में वापिस आ जानी चाहिए अन्यथा ६ नये पैसे प्रतिदिन के हिसाब से विलम्ब दण्ड लगेगा।

19 DEC 1961	६१२/२	

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar